રાતરાણી સાંસ્કૃતિક ટ્રસ્ટ ગ્રંથમાળા - ૫



મગનભાઈ
દેસાઈ

ગુજરાતમાં વિશ્વ-સાહિત્ય ભલે પધારો!

સંપાદક :
પુ. છો. પટેલ

ગોપાળદાસ
પટેલ

શતરાણી સાંસ્કૃતિક ટ્રસ્ટ ગ્રંથમાળા – ૫

ગુજરાતમાં વિશ્વ-સાહિત્ય ભલે પધારો!

સંપાદક
પુ૦ છો૦ પટેલ

"આપણે સાહિત્ય કોને માટે રચીશું? કસ્તુરભાઈ ઍન્ડ કંપની માટે કે અંબાલાલભાઈ માટે કે સર ચિનુભાઈ માટે? એમની પાસે તો પૈસા છે; એટલે ગમે તેટલા સાહિત્યકારો રાખી શકે છે, ગમે તેટલાં પુસ્તકાલયો વસાવી શકે છે. પણ પેલા કોશિયાનું શું?"

ગુજરાતી સાહિત્ય પરિષદ – ૧૯૩૬] ગાંધીજી

પ્રકાશક
શતરાણી સાંસ્કૃતિક ટ્રસ્ટ
સત્યાગ્રહ છાવણી, રાજપથ ક્લબ સામે,
સેટેલાઈટ, અમદાવાદ–૧૫

પ્રકાશક
અનંતભાઈ ડી. પટેલ
મંત્રી
રાતરાણી સાંસ્કૃતિક ટ્રસ્ટ
સત્યાગ્રહ છાવણી, રાજપથ ક્લબ સામે,
સેટેલાઈટ, અમદાવાદ-૧૫
ફોન : ૬૮૬૧૧૭૪ : ૬૮૬૧૫૭૮

મુદ્રક
રાજેન્દ્ર પટેલ
પ્રકૃતિ જીવન પ્રેસ
રાતરાણી, સત્યાગ્રહ છાવણી,
સેટેલાઈટ, અમદાવાદ-૧૫

© રાતરાણી સાંસ્કૃતિક ટ્રસ્ટ

પહેલી આવૃત્તિ । પ્રત ૧૦૦૦

મુખ્ય વિક્રેતા
વિશ્વ-સાહિત્ય કિતાબ ઘર, ફૂલવાડી આશ્રમ, રાજપથ ક્લબ સામે,
સેટેલાઈટ, અમદાવાદ-૧૫
તથા
નવજીવન ટ્રસ્ટ, અમદાવાદ-૧૪

કિં. ૧૦૦ રૂપિયા

તા. ૨૮-૪-૨૦૦૩
ગોપાળદાસ પટેલની જન્મ-જયંતી

પ્રકાશકનું નિવેદન

"ગુજરાતમાં વિશ્વ-સાહિત્ય ભલે પધારો!" એ પુસ્તક પ્રસિદ્ધ કરતાં અત્યંત આનંદ અને ગૌરવનો અનુભવ થાય છે.

આનંદ એ વાતનો કે, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ ૧૯૩૬ની સાહિત્ય પરિષદના મંચ પરથી મશહૂર અંગ્રેજ લેખક ચાર્લ્સ ડિકન્સનું નામ દઈ જેની જાહેર માગણી કરેલી તેવાં સુંદર, સચિત્ર અને સુરમ્ય પુસ્તકોનો ધોધ શ્રી. ગોપાળદાસ પટેલે ગુજરાતમાં પરિવાર સંસ્થા દ્વારા વહેવડાવ્યો છે. બાપુએ કહ્યું હતું, "પોતાની ભાષા છોડીને પરભાષા દ્વારા બધો વ્યવહાર ચલાવે એવો કોઈ કંગાળ મુલક છે કે? એટલે જ આપણો મુલક કંગાળ રહ્યો અને આપણી ભાષા રાંડીરાંડ રહી. અંગ્રેજીમાં તો, એક પુસ્તક ફ્રેન્ચ કે જર્મન ભાષામાં એવું ન હોય કે જે બહાર પડ્યું કે થોડી જ વારમાં એનું અંગ્રેજી ભાષાંતર ન થયું હોય. એટલું જ નહિ, ત્યાં તો બાળકોને માટે પણ ઉત્તમ પુસ્તકોના અઢળક સંક્ષેપો તૈયાર થાય છે. ડિકન્સને બચ્ચાંઓ વાંચી શકે? છતાં ત્યાં તો બચ્ચાંઓને માટે પણ ડિકન્સના ગ્રંથોમાંથી સરળ ભાષામાં સાહિત્ય આપવામાં આવે, જેથી બાળપણથી ભાષાની રસિકતાનો ખ્યાલ તેને આવવા માંડે, મને બતાવો, આવું ગુજરાતીમાં શું છે? જો હોય તો હું તેનાં ઓવારણાં લઉં."

અને ગૌરવ એ વાતનું કે, ક્રાન્તદર્શી ગાંધીવાદી સ્વતંત્ર વિચારક, 'સત્યાગ્રહની મીમાંસા' અને ગીતા-ઉપનિષદોના લેખક, રાષ્ટ્રીય કેળવણીકાર, અને "સત્યાગ્રહ" પત્રના વિદ્વાન તંત્રીશ્રી મગનભાઈ પ્રભુદાસ દેસાઈની પ્રેરણાથી શ્રી. ગોપાળદાસ પટેલ, શ્રી. મણિભાઈ વાઘજીભાઈ પટેલ, શ્રી. ધુરંધર, શ્રી. કમુબહેન પટેલ, શ્રી. પુ૦ છો૦ પટેલ અને તેમના મિત્રો અને સાથીઓના ઉત્સાહથી ઈ.સ. ૧૯૬૨માં વિશ્વ-સાહિત્ય ગુજરાતી ભાષામાં ઉતારવાની પ્રવૃત્તિ સેવા-ભાવનાથી શરૂ થઈ. 'લે-મિઝેરાબ્લ', 'નાઈન્ટી થ્રી', 'લાફિંગમૅન', 'ટૉઈલર્સ ઑફ ધી સી', 'હંચબૅન્ક ઑફ નોત્રેદામ', 'પર્લ', 'એ ટેલ ઑફ ટૂ સિટીઝ', 'ઑલિવર ટ્વિસ્ટ', 'નિકોલસ નિકલ્બી', 'પિકવિક ક્લબ', 'ડોમ્બી ઍન્ડ સન' 'બ્લીક હાઉસ' 'ધી ઑલ્ડ ક્યુરિયોસીટી શૉપ', 'ડોન કિવક સોટ', 'રિઝરેક્શન', 'ક્રાઈમ ઍન્ડ

પનિશમેન્ટ', 'થાઈ', 'કવેન્ટિન ડરવાર્ડ', 'આઈવન હો', 'ધી બોન્ડ્મૅન', 'ધી ફ્યૂચર શૉક', 'કેલિનવર્થ', 'ધી હાર્પ ઑફ સંત ફ્રાન્સિસ', 'પંજગ્રંથી', 'કબીરની વાણી', 'નાનકની વાણી', 'દાદૂ ભગતની વાણી', 'મલૂકદાસની વાણી', 'દરિયા ભગતની વાણી', 'ઓશો વાણી', 'ગીતાનું પ્રસ્થાન', 'બુદ્ધિયોગ — ૧-૨-૩-૪', 'ઉપનિષદો', 'આરોગ્ય ગ્રંથાવલિ' તથા અલેક-ઝાન્ડર ડૂમાની 'થ્રી મસ્કેટિયર્સ' જૂથની મશહૂર પાંચ વાર્તાઓ અને 'મોન્ટે-ક્રિસ્ટો.' એ પરિવાર સંસ્થાની ગુજરાતી વાચકને ઉમદા ભેટ છે. માતૃભાષા, સ્વદેશી તથા રાષ્ટ્રભાષા બાબતની આપણી આજની પ્રતિક્રાંતિની સ્થિતિમાં શ્રી. મગનભાઈ દેસાઈ, શ્રી. ગોપાળદાસ પટેલ અને શ્રી. પુ૦ છો૦ પટેલ અને તેમના સાથી મિત્રોનું સાહિત્ય-જગતમાં આ ઉમદા કાર્ય છે. ભાઈ પુ૦ છો૦ પટેલની આ ચોપડીનું પ્રકાશકનું નિવેદન લખવાને નિમિત્તે જગતના મહાન સાહિત્ય સમ્રાટોની કથાઓનું ચિંતન-મનન કરવાની જે સુંદર તક મળી, તેને માટે આભારપૂર્વક, તે સૌ મહાન માનવ કથાકારો અને તેને ગુજરાતી ભાષામાં સુંદર રીતે ઉતારનાર શ્રી. ગોપાળદાસ પટેલને મારી કૃતાંજલિ અર્પણ કરું છું. વિશ્વ-સાહિત્યનાં આવાં બધાં પરદેશી પુસ્તકો માતૃભાષા દ્વારા વાંચવા મળે છે, ત્યારે માના ધાવણ જેવાં વધુ મીઠાં-મધુરાં વાચકને લાગે છે.

અમદાવાદમાં જોધપુર હીલની તળેટીમાં — સેટેલાઈટ વિસ્તારમાં — સરખેજ — ગાંધીનગરના ધોરી માર્ગ પર રાજપથ કલબ સામે — "રાતરાણી" સંકુલમાં શ્રી. મગનભાઈ દેસાઈ અને શ્રી. ગોપાળદાસ જીવાભાઈ પટેલની પવિત્ર સ્મૃતિમાં વિશ્વ-સાહિત્યનું એક ગ્રંથાલય તથા રામનામ કુદરતી ઉપચાર કેન્દ્ર પણ અમારી સંસ્થા દ્વારા ચલાવવામાં આવે છે. આ ગ્રંથાલય તથા ઉપચાર કેન્દ્ર સેટેલાઈટ વિસ્તારના ગામડાઓના સાંસ્કૃતિક, શૈક્ષણિક, સામાજિક, રચનાત્મક અને આધ્યાત્મિક કેન્દ્ર તરીકે પણ કાર્ય કરે છે. તથા કુદરતી અને પ્રાકૃતિક શુદ્ધ ખાદ્ય દ્રવ્યોનું કેન્દ્ર પણ ટ્રસ્ટ તરફથી ચલાવવામાં આવે છે. તેમાં ગાયનું ઘી, મધ, ગોળ, ખજૂર, તેલ, અનાજ તથા પુસ્તકોનું વેચાણ કરવામાં આવે છે.

ગરવી ગુજરાતની યુવાન પેઢી આ વિશ્વ-સાહિત્ય તરફ આકર્ષાય અને તેમાં રહેલા અમૂલ્ય વારસાના ઉપભોક્તા બને, એ અમારા ટ્રસ્ટનો નમ્ર પ્રયાસ છે. વિશ્વ સાહિત્યમાં આ પુસ્તકોની લોકપ્રિયતા અપ્રતિમ છે. ગુજરાતી વાચકને પણ ગુજરાતના વિદ્વાન અને સમર્થ લેખકોની સાત્ત્વિક પ્રસાદી આરોગતાં અપૂર્વ રસબોધ સાથે આત્મતૃપ્તિ થશે.

ગુજરાતી ભાષામાં જગતના સાહિત્ય-સમ્રાટોને ઉતારવાનો નમ્ર પ્રાસય અમારી સંસ્થાએ આદરેલો છે, હજુ તો સિંધુમાં બિંદુ જેટલું જ કામ થયેલું છે, આ ઉમદા કાર્યને યુવાન સાહિત્યકારોએ પ્રેમપૂર્વક ઉત્સાહથી આગળ ધપાવશે એવી શ્રદ્ધા છે.

આ પુસ્તક વિશ્વ-સાહિત્યના રસિયાઓ માટે મનનીય છે. સંતો અને જગતના સાહિત્ય-સમ્રાટોની પાવન પ્રસાદી આરોગવા મળવી એ એક અમૂલ્ય લહાવો છે. એ સૌને અમારા કોટી કોટી વંદન!

શ્રી. મગનભાઈ દેસાઈના સાથી મિત્ર અને વિશ્વ-સાહિત્યના રસિયા અભ્યાસી એવા શ્રી. કંચનલાલ સી. પરીખે આમુખ લખી આપવાની અમારી વિનંતી સ્વીકારી, તથા ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ શ્રી. નવલભાઈ શાહ અને ડૉ. એમ. એમ. ભમગરાએ પોતાની શુભાશિષ – આશીર્વાદ અમારા આ પ્રકાશન પર વરસાવ્યા એ બદલ એમના ખાસ આભારી છીએ. અમારા આ કાર્યને સંતશ્રી કિરીટભાઈજી અને યોગાચાર્ય આદિત્ય યોગીજીના આશીર્વાદ મળ્યા છે, તેથી ધન્યતા અનુભવીએ છીએ. તથા નવજીવન ટ્રસ્ટના પણ ખાસ આભારી છીએ.

ડૉ૦ વિહારી પટેલે અને તેમના પરિવારે અમોને જે સહકાર અને ઉત્સાહ આપ્યો છે, તે માટે તેમના પણ ખાસ ઋણી છીએ.

આવું સુંદર પુસ્તક પ્રસિદ્ધ કરીને ગુજરાતી વાચકની સેવા બજાવવાની અમોને સુંદર તક મળી છે તે માટે ધન્યતા અને સંતોષ અનુભવીએ છીએ. વિશ્વના સાહિત્ય-સમ્રાટોની આ પવિત્ર વાણીનું મૂલ્ય ગુજરાતની નવી પેઢી સમજતાં શીખે તથા સાચી રીતે તેની આરાધના કરે એ જ પ્રાર્થના.

છેવટે અમારાં પુસ્તકોને બિરદાવનાર રસિયા ગુજરાતી વાચકોને અમારે ખાસ યાદ કરવા ઘટે છે. માતૃભાષાથી સુસજ્જ એવા તે વાચકો વિના આવાં પ્રકાશનોનું આયોજન કે નિયોજન શક્ય નથી. આજનો ગુજરાતી વાચક ઝડપભેર ખીલતી જતી ગુજરાતી ભાષાનું સંતાન છે. તેની કસોટીમાંથી પાર ઊતરી તેની યત્કિંચિત્ સેવા બજાવવાની અમે અભિલાષા સેવીએ છીએ. તેનો આનંદ જ અમને આગળ ધસવા માટે પ્રેરણા પૂરી પાડે છે. ગુજરાતનો વાચક સુખી – સંસ્કારી, સંપન્ન વર્ગ આવી ઉત્તમ કલાતીત ચોપડીઓ ગુજરાતીમાં પ્રકાશિત થયે જાય તે માટે એક યા બીજી રીતે જોઈતો ટેકો ટ્રસ્ટને પૂરો પાડશે, એવી આશા સાથે વિરમું છું.

રાતરાણી સાંસ્કૃતિક ટ્રસ્ટ
રાજપથ ક્લબ સામે, અમદાવાદ-૧૫

અનંતભાઈ ડી. પટેલ
પ્રકાશક

"૧૬૮ તીર્થોમાં સ્નાન કરીને પાવન થાવ"

[સંપાદકનું નિવેદન]

ગાંધી-યુગના રાષ્ટ્રીય કેળવણીકારો, સ્વતંત્ર વિચારકો અને સંનિષ્ઠ રચનાત્મક કાર્યકરો તરીકે શ્રી. મગનભાઈ દેસાઈ, શ્રી. વિઠ્ઠલદાસ કોઠારી અને શ્રી. ગોપાળદાસ જીવાભાઈ પટેલનાં નામો ગુજરાતમાં ખૂબ જાણીતાં છે. ગૂજરાત વિદ્યાપીઠની તેમની ક્રાંતિકારી — પ્રાણવાન અને યશસ્વી કામગીરી, તેમનાં પ્રેરક પુસ્તકો અને પોતાના વિદ્યાર્થીઓ સ્નાતક-સેવકો ગુજરાતમાં ડાંગથી સાબરકાંઠા અને દેશ-વિદેશ સુધી રોપી દઈને જનતા જનાર્દનની અમૂલ્ય સેવા કરી છે.

સને ૧૯૫૦ના અરસામાં એક દિવસ શ્રી. મગનભાઈ દેસાઈએ મને બોલાવીને કહ્યું, "પુ૦ છો૦ પટેલ! પચાસ વર્ષ બાદ અંગ્રેજી અને બીજી વિદેશી ભાષાઓ સારી રીતે જાણનારા ગુજરાતમાં બહુ ઓછા લોકો હશે. વિદેશી ભાષાઓમાં જે ઉત્તમ સાહિત્યનો ખજાનો પડેલો છે, તેને આપણે ભાવિ પેઢીઓ માટે ગુજરાતમાં લાવવો જોઈએ. એ બધું વિશ્વ-સાહિત્ય ઉત્તમ રીતે ગુજરાતીમાં લાવવા માટે તમો શ્રી. ગોપાળદાસ પટેલની સેવા લઈ શકો છો. તેઓ વિશ્વ-સાહિત્યની કથા-કલામાં સિદ્ધહસ્ત નીવડેલા સ્વતંત્ર મિજાજના લેખક — અનુવાદક છે. આ કાર્યમાં તમને યશભરી સફળતા, સંતોષ અને પરમ આનંદ મળશે. તથા તમારું અને સાથી કાર્યકરોનું જીવન ધન્ય ધન્ય થઈ જશે."

આમ શ્રી. મગનભાઈ દેસાઈની પ્રેરણાથી આવ્યું "પરિવાર પ્રકાશન મંદિર" જેણે ગીતા, ઉપનિષદ, વિવિધ ધર્મગ્રંથો, સંતોની વાણી, ગાંધીજી, સરદાર અને ગોવર્ધનરામના સાહિત્ય ઉપરાંત વિશ્વ-સાહિત્યનાં ગણનાપાત્ર પુસ્તકોના અનુવાદોનો ઢગલો વાળી દીધો.

જેમ વૃક્ષ પોતાનાં ફૂલોમાં ઝરી જાય છે, તેમ શ્રી. મગનભાઈ દેસાઈ અને શ્રી. ગોપાળદાસ પોતાના વિદ્યાર્થીઓ અને પુસ્તકોમાં ઝરી ગયા છે. જેને પોતાની અંદર પડેલી વીણાને ઝંકૃત કરવી છે, તેમણે આ બધું સાહિત્ય રસથી જોવું જોઈએ. આજના નવજુવાનને પરિવાર જેવું સુંદર સાહિત્ય બીજે

શોધવું મુશ્કેલ પડશે. વિકટર હ્યૂગો, ચાર્લ્સ ડિકન્સ અને ટૉલ્સ્ટૉયથી હું અને મારા સાથીઓ સારી રીતે પ્રભાવિત થયા છીએ. ગાંધીજી, ઓશો અને સરદારની તો અમને મસ્તી જ ચડી છે. માનવધર્મને જેણે પીધો હોય તેવા વિશ્વના મહાપુરુષોના મસ્તીના સર્વશ્રેષ્ઠ તરંગો આ સાહિત્યમાં પડેલા છે. જે તરસ્યો છે, તથા જેને પોતાની તરસ છીપાવવાની આતુરતા છે, તે તો માત્ર એટલું જ કહે છે કે, અમે તો તરસ્યા છીએ, અમારે તો આ બધું સાહિત્ય વધુને વધુ જોઈએ. ગુજરાતના લેખકોને આ મોટો પડકાર છે. ગાંધીજીએ ૧૯૩૬માં સાહિત્ય પરિષદના મંચ પરથી આવા સાહિત્યની જાહેર માગણી કરી હતી. ગુજરાતે પોતાનું વહેણ લક્ષ્મી તરફથી ફેરવી સાહિત્ય કળા અને સંસ્કૃતિ તરફ વાળવું જોઈશે.

જગતના મહાન કથાકારોમાં ટૉલ્સ્ટૉય, હ્યૂગો, ડૂમા, ડિકન્સ, સ્કૉટ, ડસ્ટયેસ્કી, આનાતોલ, ગોવર્ધનરામ, કૃશ્ન ચન્દર, ઓશો, ગાંધીજી, કબીર, નાનક, દાદૂ, પલટૂ, દરિયા અને મલૂકદાસ મશહૂર સંતો કે લેખકો જ ન હતા; પરંતુ પરમ તત્ત્વ – પરમ સત્ય – પરમાત્માનું દર્શન કે સાક્ષાત્કાર કરનારા આર્ષદ્રષ્ટા ઋષિઓ હતા. તેમણે પોતાને થયેલું દર્શન અર્થાત્ પોતાને લાધેલું સત્ય અન્ય જીવોને અવગત કે ઉપલબ્ધ કરાવવા કથા-વાર્તાનું માધ્યમ સ્વીકાર્યું હતું.

એ સાહિત્ય-સમ્રાટો અને સંતોની વાણી દરેક પ્રજાના અમૂલ્ય વારસારૂપ તથા ખજાનારૂપ છે. દરેક પ્રજાએ એ અમૂલ્ય વારસો જીવંત રાખવા બધી રીતના પ્રયત્ન કરી જવા જોઈએ. તેમાંની એક રીત તે મહા માનવકથાઓને જે તે લોકભાષામાં અનુવાદ કરવાની છે.

આ મહાન સાહિત્ય સમ્રાટો અને સંતોની વાણી-બુદ્ધિનો – અંતરનો મેલ ધોઈ કાઢવા માટે સાબુરૂપ છે. તે વાણીમાં તે મહાપુરુષોનું અંતર ઠલવાયેલું હોય છે. તેનો જેટલો સંગ કરીએ તેટલો ઓછો. વિવિધ દેશોના જુદા જુદા મહા-માનવોએ પોતાને ત્યાં પ્રચલિત પ્રાચીન પ્રાદેશિક ભાષામાં આ મહાકથાઓ રચી છે. ગુજરાતી વાચકને તે મહા-કથાઓનો ભાવ સમજવો સુગમ થાય તેવી સુંદર રીતે આ કથાઓના સંક્ષેપો શ્રી. ગોપાળદાસ જીવાભાઈ પટેલે ગુજરાતની પ્રજાને સુલભ કરી આપ્યા છે. આજના યુગમાં આવી કૃતિઓ વધુને વધુ લોકપ્રિય થતી જાય છે. એ બતાવે છે કે, માનવ-કલ્પનામાંથી ઉદ્ભવેલી સર્વોત્કૃષ્ટ કૃતિઓ એ સમગ્ર માનવજાતનો મહાન વારસો છે. અને તેમાંય આવાં બધાં પરદેશી પુસ્તકો માતૃભાષા દ્વારા વાંચવા મળે

છે, ત્યારે માના ધાવણ જેવાં વધુ મીઠાં-મધુરાં લાગે છે. આ બધી પ્રસાદી શ્રી. મગનભાઈ દેસાઈ, શ્રી. ગોપાળદાસ પટેલ અને તેમના સાથીઓના તપની – યજ્ઞની પવિત્ર પ્રસાદી છે. તેને ગુજરાતી વાચકે ભરપટ્ટે આરોગવી જોઈએ.

મોટે ભાગે આ મહા-કથાઓની પ્રેરક અને રસિક પ્રસ્તાવનાઓ ગાંધી-યુગના વિદ્વાન અને સમર્થ પુરુષો શ્રી. કાકાસાહેબ કાલેલકર, શ્રી. મગનભાઈ દેસાઈ, શ્રી. ઠાકોરભાઈ દેસાઈ. શ્રી. કલ્યાણજીભાઈ મહેતા, શ્રી. વાસુદેવ મહેતા, શ્રી. નિરંજનભાઈ ધોળકિયા, શ્રી. વજુભાઈ શાહ, ડૉ૦ મોતીભાઈ પટેલ, શ્રી. એમ. પી. ઠક્કર અને શ્રી. એસ આર. ભટ્ટે લખેલી છે. તે અને સંપાદક તથા પ્રકાશકનાં નિવેદનો આ પુસ્તકમાં ટૂંકાવીને રજૂ કર્યાં છે. તે જોઈને આજનો ગુજરાતી નવજુવાન જે તે મૂળ પુસ્તકો વાંચવા પ્રેરાશે એવી આશા અને શ્રદ્ધા છે.

ગાંધીયુગે માતૃભાષા ગુજરાતીના ખેડાણને જે વેગ આપ્યો છે, અને તેને ઉચ્ચ શિક્ષણનું માધ્યમ બનાવી તેને માટે ઉચિત ખેડાણનાં જે દ્વાર મોકળાં કરી આપ્યાં છે, તે લાભ દેશની બીજી કોઈ ભાષાને હજી મળ્યો નથી. શ્રી. મગનભાઈ દેસાઈ અને શ્રી. ગોપાળદાસ પટેલે વિશ્વ-સાહિત્યની મુખ્ય મુખ્ય કૃતિઓ ગુજરાતી વાચકને ભેટ આપીને બહુ મોટો ઉપકાર કર્યો છે. આવા બધા તપસ્વી સેવકોને લીધે ગુજરાતી ભાષા સૌ દેશભાષાઓમાં સહેજે આગળ રહી છે — અને રહો! આવા મહા-માનવો સાથે કામ કરવાનો અને તેમનો આજીવન સત્સંગ સેવવાનો અલભ્ય લાભ મને મળ્યો છે, તે માટે પરમાત્માને ધન્યવાદ આપું છું અને તે સૌને કોટી કોટી વંદન કરું છું.

પરિવાર પ્રકાશન મંદિરે જે પાયાની પ્રશંસનીય કામગીરી કરી છે, તેનો લાભ સમસ્ત પ્રજાને સુલભ કરી આપવા 'રાતરાણી સાંસ્કૃતિક ટ્રસ્ટે' મંગલ-પ્રારંભ કર્યો છે. તેનું આ પાંચમું સુગંધીદાર પુષ્પ છે. આ પુસ્તકનું પ્રકાશન કરનાર પ્રકાશક શ્રી. અનંતભાઈ પટેલ અને સંસ્થાનો ખાસ આભારી છું. આવા ઉપયોગી પ્રકાશન માટે ગુજરાતી વાચક પ્રકાશન સંસ્થાને ધન્યવાદ આપશે. તથા વિશ્વના સાહિત્ય-સમ્રાટોનો હૃદયથી આભાર માનશે.

ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ શ્રી. નવલભાઈ શાહ, શ્રી. કંચનલાલ સી. પરીખ, ડૉ. એમ. એમ. ભમગરા અને યોગાચાર્યશ્રી આદિત્ય યોગીજીએ પોતાના આશીર્વાદ આ પુસ્તક પર વરસાવ્યા છે, એ માટે એમનો ખાસ આભારી છું.

નવજીવન ટ્રસ્ટ, પ્રકૃતિ જીવન પ્રેસના કર્મચારીઓ તથા આ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા કલાકારો શ્રી. રજની વ્યાસ, શ્રી. લાલુ પટેલ, અન્ય મિત્રો અને રાતરાણી પરિવારના સાથ અને સહકાર વિના આ પુસ્તક આવા સુઘડ સ્વરૂપે બહાર ન પાડી શકાત.

આજનાં ગુજરાતી વાચકને ટૉલ્સ્ટૉય, ડિકન્સ, ડૂમા અને ફ્યોડર ડસ્ટયેસ્કીનો આછો પરિચય પણ આપવો જોઈએ :

ટૉલ્સ્ટૉય

ગાંધીજીના ગુરુ તરીકે ગુજરાતી પ્રજા ટૉલ્સ્ટૉયને સારી રીતે જાણે છે. રશિયન પ્રજાને આત્મપરિચય અને આત્મજાગૃતિની દીક્ષા આપનાર સમર્થ પુરુષોમાં પણ ટૉલ્સ્ટૉયનું સ્થાન બહુ ઊંચું હતું. રાજનીતિમાં અને ધર્મ-નીતિમાં મહાન ક્રાન્તિ સૂચવનાર લોકોત્તર મનીષી ટૉલ્સ્ટૉય, કળા અને સાહિત્યના આદર્શોમાં પણ ક્રાન્તિ કરી બતાવી. બધી જાતના વિલાસના અનુભવ કર્યા છતાં એની આદર્શનિષ્ઠા દબાઈ ન ગઈ, ચગદાઈ ન ગઈ. 'જીવનનો અનુભવ લેતો જાય અને જીવનનું રહસ્ય શોધતો જાય' આ જાતની જીવનસાધનાને અંતે એને જીવનનું જે રહસ્ય જડયું તે એણે પોતાના જીવનપ્રયોગોમાં અને વિશાળ સાહિત્યમાં નોંધ્યું છે. ગાંધીજી, ઓશો રજનીશ અને મગનભાઈ દેસાઈ તો તેમના પુસ્તકો પર ફીદા હતા.

चार्ल्स डिकन्स

[૧૮૧૨ થી ૧૮૭૦]

ચાર્લ્સ ડિકન્સનો જન્મ, તા. ૭–૨–૧૮૧૨ના રોજ ઇંગ્લૅન્ડમાં ગરીબ ઘરમાં થયેલો.

બચપણના સમયમાં તથા ગરીબાઈની પરાકાષ્ટામાં કઠણ જીવન ગુજારતાં ડિકન્સના ચિત્તમાં જે અનુભવ – સંસ્કારો ઊતરેલા, તે પંદર વર્ષની ઉંમરે જ સાહિત્ય-લેખ દ્વારા પ્રગટ થવા માંડયા અને થોડા વખતમાં તો – અર્થાત્ પચીસ-ત્રીસ વર્ષની ઉંમરે પહોંચતાં સુધીમાં તો આખી અંગ્રેજ પ્રજા તેની કૃતિઓ ઉપર ફીદા થઈ ગઈ. ડિકન્સની કલમમાં એટલી બધી તાકાત હતી કે પોતાનાં લખાણો દ્વારા, ડિકન્સ પાર્લામેન્ટ પાસે સમાજનાં દૂષણો દૂર કરાવનારા કાયદા પણ ઘડાવી શકેલો. ટૉલ્સ્ટૉયે ડિકન્સને વિશ્વ-સાહિત્યકાર

તરીકે ગણાવીને તેને શેકસપિયર કરતાં પણ ઊંચે દરજ્જે મૂકયો છે. ટૉલ્સ્ટૉયનું આ મૂલ્યાંકન ડિકન્સની પરિવારની ચોપડીઓ વાંચ્યા પછી યોગ્ય લાગે છે.

अलेक्ज़ान्डर ड्रूमा

[૧૮૦૨ થી ૧૮૭૦]

ડૂમાની કીર્તિનો મુખ્ય આધારસ્તંભ તો તેની 'થ્રી મસ્કેટિયર્સ' નવલકથા છે. ૧૮૪૪માં તેની આ ઐતિહાસિક નવલકથા બહાર પડી. આ અદ્ભુત અને રોમાંચક નવલકથામાંથી ડૂમાની કીર્તિ ફ્રાંસની સરહદો ઓળંગી દૂર યુરોપ અને ખાસ કરીને ઇંગ્લૅન્ડમાં પ્રસરી. જગતની શ્રેષ્ઠ કૃતિઓમાં આની ગણના થાય છે. માનવી માટે લગભગ અશક્ય ગણાય તેટલું બધું તેણે ચાલીસ વર્ષમાં લખ્યું છે.

'કાઉન્ટ ઑફ મોન્ટે-ક્રિસ્ટો' પણ તેની મશહૂર નવલકથા છે.

फयोडर डस्टयेस्की

૧૮૪૪માં રશિયન ખેત-મજૂરોની આઝાદી માટેની હિલચાલમાં તે સક્રિય બન્યો. ૧૮૪૯માં તે સમાજવાદી સ્ટડી-સર્કલમાં જોડાયો.

કહેવાય છે કે જગતમાં જેટલાં અને જે પ્રકારનાં દુ:ખો-વિષમતાઓ અસ્તિત્વ ધરાવે છે, એ બધાંનો ડસ્ટયેસ્કીને અનુભવ થઈ ચૂકયો હતો. પણ એ તમામ દુ:ખો અને વેદનાઓ એની હામ હણી શકયાં નહિ. ઊલટું તે બધાંથી તેની આંતરિક ગૂઢ શ્રદ્ધા અને શાંતિ વધુ તેજસ્વી — વધુ ઊંડી બનતી ગઈ. અને પરિણામે જગતને સાહિત્યના ક્ષેત્રમાં 'જાયન્ટ્સ — વિરાટ પુરુષ'ની ભેટ મળી.

સહૃદયી અને રસિયા ગુજરાતી વાચકોને આ 'ગુજરાતમાં વિશ્વ-સાહિત્ય ભલે પધારો!'થી જે આહ્‌લાદક હૂંફ, સંતોષ કે આનંદ મળે, એ જ છેવટે આ પ્રકાશનની ખરી કૃતાર્થતા હશે. આ કાર્યમાં મદદ પહોંચાડનાર સૌનો અંત:કરણપૂર્વક આભાર માનું છું અને આ બધા સાહિત્ય-સમ્રાટો અને તેને માતૃભાષા ગુજરાતીમાં ઉતારનારને હૃદયથી કોટી કોટી વંદન કરું છું.

ધરતી પે અપના ડેરા, સત્યાગ્રહ છાવણી, — પુ૦ છો૦ પટેલ
અમદાવાદ-૧૫
તા. ૨૮-૪-૨૦૦૩

ઍક વિશિષ્ટ સાહિત્ય-સંપુટને હાર્દિક આવકાર

તા. ૨૭મી એપ્રિલ ૨૦૦૩ના દિવસે જાણીતા સાહિત્યકાર અને સદ્ગત શ્રી. ગોપાળદાસ જીવાભાઈ પટેલની જન્મ-જયંતી પ્રસંગે 'રાતરાણી સાંસ્કૃતિક ટ્રસ્ટ' તરફથી "શ્રી મગનભાઈ દેસાઈ અને શ્રી. ગોપાળદાસ પટેલ સ્મૃતિ ગ્રંથાલય"ના મંગળ પ્રારંભની સાથે સાથે **"ગુજરાતમાં વિશ્વ-સાહિત્ય ભલે પધારો!"** (સંપાદક: શ્રી. પુ૦ છો૦ પટેલ; ને પ્રકાશક: શ્રી. અનંતભાઈ ડી. પટેલ) એ નામે એક વિશિષ્ટ પ્રકાશનના વિમોચનનું આયોજન કર્યું છે તેથી એક પ્રકારનો સુવર્ણ — સુરભિયોગ સધાયો છે. ગુજરાત વિદ્યાપીઠમાં પાંચ દાયકા સુધી સહસેવકો તરીકે અને તે પછી પણ કામ કરતા રહીને મગનભાઈ અને ગોપાળદાસની બેલડીએ શિક્ષણ, સાહિત્ય, સમાજસેવા, આમપ્રજાના સંસ્કાર-ઘડતર અને ચિંતનના ક્ષેત્રોમાં ગુજરાત અને તેની પ્રજાની સંનિષ્ઠ અને સમર્પિતભાવે જે સેવા કરી છે તેની યોગ્ય કદર કરવાનું કામ ગુજરાતની શિક્ષણ અને સાહિત્યની સંસ્થાઓ તેમજ કૃતજ્ઞ સમાજને માટે હજુ બાકી રહ્યું છે એમ મારું માનવું છે. તેવે વખતે સેટેલાઈટ વિસ્તારમાં એક નવા ગ્રંથાલય સાથે એ બે મહાનુભાવોનું નામ જોડાય છે તે સુખદ ઘટનાને ગુજરાતનો સુશિક્ષિત સમાજ કૃતજ્ઞતાપૂર્વક આવકારશે એ નિ:શંક છે.

"ગુજરાતમાં વિશ્વ-સાહિત્ય ભલે પધારો!" — આ પ્રકાશન એ અનેક રીતે જોતા એક વિશિષ્ટ સંપુટ બની રહે છે. પ્રત્યેક પુસ્તકના પ્રકાશનની સાથે તેની પ્રસ્તાવના કે પુરોવચન જોડવામાં આવે છે એ સામાન્ય શિરસ્તો છે. પરંતુ મૂળ પુસ્તક અને તેની પ્રસ્તાવના મળીને તેનું એક સળંગ એકમ બને છે. પુસ્તકને તેની પ્રસ્તાવનાથી સામાન્ય રીતે જુદી પાડીને જોવાતી નથી. બર્નાડ શૉના નાટકોની પ્રસ્તાવનાઓ મૂળ નાટક કરતાં પણ કદીક વધુ લાંબી અને વધુ અર્થપૂર્ણ અને ગહન રહેતી હતી; પણ તેની સાહિત્યિક ગુણવત્તાને કારણે શૉની નાટ્ય પ્રસ્તાવનાઓનો જ એક અલાયદો સંગ્રહ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. આ પુસ્તક પણ કેવળ પ્રસ્તાવનાઓનો જે સંગ્રહ છે અને જે કેટલીક પસંદ કરાયેલ વિશ્વ-સાહિત્યની કૃતિઓને તે

સ્પર્શે છે તે વધુ વિશદ્ રીતે સમજવામાં તેમજ તેનું રસદર્શન માણવામાં અને મૂળ કૃતિનું હાર્દ પામવામાં મોટી સહાય પૂરી પાડે તેવી આ પ્રસ્તાવનાઓ છે, એટલું જ નહિ પરંતુ મૂળ કૃતિ વાંચવા માટે પ્રેરી શકે તેવી અભ્યાસશીલતા અને મર્મહીતાક્ષર લખાયેલ છે. બીજા શબ્દોમાં કહીએ તો એ પ્રસ્તાવનાઓનું પોતાનું જ સાહિત્યમૂલ્ય ઘણા ઊંચા પ્રકારનું છે.

આ પ્રસ્તાવનાઓ અંગે વાત કરવામાં સરળતા પડે તે હેતુથી તેને બે જુદા જુદા વિભાગોમાં વહેંચવી જોઈએ. પ્રથમ વિભાગમાં પરદેશી સાહિત્યકારો વિષે વાત કરીએ તો તેમાં અંગ્રેજી સાહિત્યકારો ચાર્લ્સ ડિકન્સ (૧૮૧૨–૧૮૭૩)-ની ચાર વિશ્વ-વિખ્યાત નવલકથાઓ ("A Tale of Two Cities", "Olivor Twist", "Nicholas Nickleby" અને "Dombey and Son") તથા જાણીતા ઐતિહાસિક નવલનવેશ સર વૉલ્ટર સ્કૉટ (૧૭૭૧–૧૮૩૨)ની પ્રખ્યાત નવલકથા "Ivanhoe"નો સમાવેશ થાય છે તો વિશ્વ-વિખ્યાત ફ્રેન્ચ સાહિત્યકારો વિક્ટર હ્યુગો (૧૮૦૨–૧૮૮૫)ની જગવિખ્યાત નવલકથાઓ "Les Miserables" અને "Laughing Man", એલેકઝાન્ડર ડૂમા અને તેની વિશ્વવિખ્યાત કૃતિ "The Three Musketeers" અને એનેતોલ ફ્રાન્સ અને તેની લોકપ્રિય કૃતિ "Thais"નો સમાવેશ થાય છે, અને રશિયન સાહિત્યકારો ટૉલ્સ્ટૉય (૧૮૨૮–૧૯૧૦) અને તેની વિશ્વવિખ્યાત નવલકથા "Ressurection", દોસ્તોવસ્કી અને તેની મહાન નવલકથા "Crime and Punishment"ના તેમજ સ્પેનિશ સાહિત્યકાર સર્વાન્ટીસની જગવિખ્યાત કટાક્ષિકા "Don Quixote"નો સમાવેશ થાય છે. ભારતની સ્વાતંત્ર્યપ્રાપ્તિ અને તેની પાર્શ્વભૂમિમાં બનેલી ઘટનાઓનું નિરૂપણ કરતું દસ્તાવેજી (Documentary) પ્રકાશન "Freedom at Midnight"નો સમાવેશ થાય છે. આ સઘળી સાહિત્યકૃતિઓના વ્યક્તિગત 'ગુણદોષ' અંગે વિગતવાર સમીક્ષા કરવા માટે પ્રસ્તાવનાઓની આ પ્રસ્તાવનામાં સ્વાભાવિક જ અવકાશ નથી, તો પણ એટલું તો અવશ્ય નોંધવું જોઈએ. સ્થળ અને કાળની કપરી કસોટી પર તે સૌ કૃતિઓ પાર ઉતરીને વિશ્વ-સાહિત્યમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરી શકી છે. એ પ્રત્યેક કૃતિ, તેની પાત્રસૃષ્ટિનું વૈવિધ્યપૂર્ણ નિરૂપણ, કલાત્મક વસ્તુગૂંથણી, સમકાલિન સમાજ અને તેનાં વિવિધ રૂપોનું દર્શન, મુખ્ય મુખ્ય પાત્રોની સ્વભાવગત ખૂબીઓ અને ખામીઓનું યથાર્થ નિરૂપણ અને જે તે સાહિત્યકારની લાક્ષણિક લેખનશૈલીને કારણે આ સઘળી સાહિત્યકૃતિઓએ વિશ્વસાહિત્યમાં પોતાનું સ્થાન અંકે કરી લીધેલું છે.

જગતની ઉત્તમોત્તમ સાહિત્યકૃતિઓ ગુજરાતની પ્રજાને તેમની પોતાની જ ભાષામાં હાથવગી કરી આપવાનો સ્તુત્ય સંકલ્પ અને પુરુષાર્થ આજથી લગભગ પાંચ દાયકા પૂર્વે સદ્ગત શ્રી. મગનભાઈ દેસાઈ, શ્રી. ગોપાળદાસ પટેલ અને ગુજરાતી પ્રજાના અનેક હિતચિંતકોએ આદર્યો હતો અને તેમને એ કાર્યમાં શ્રી. પુO છોO પટેલ અને તેમનાં ધર્મપત્ની સુશ્રી કમુબહેને ભારે નિષ્ઠા અને ખંતથી સદૈવ સહાય કરતાં રહ્યાં છે. ડૉ. વિહારીદાસ, શ્રી. ધુરંધર, શ્રી. રજનીભાઈ વ્યાસ, શ્રી. લાલુભાઈ પટેલ, શ્રી. અનંતભાઈ પટેલ અને પ્રકૃતિ જીવન પ્રેસના કલાકારોની પણ અદ્ભુત સેવાઓ છે. તે સૌને પણ ગુજરાતી વાચકના ધન્યવાદ ઘટે છે. તેના ફળસ્વરૂપે ગુજરાતની પ્રજાને ઘેર બેઠાં આંતરરાષ્ટ્રીય પરિમાણ ધરાવતી કેટલી બધી વિશ્વની ઉત્તમોત્તમ સાહિત્ય-કૃતિઓ મળી શકી છે! શિક્ષણના માધ્યમ તરીકે સ્વભાષાના ચુસ્ત આગ્રહી મગનભાઈ દેસાઈનાં વિવિધ સેવાકાર્યોનું યોગ્ય મૂલ્યાંકન ગુજરાતનો શિક્ષિત સમાજ યથાર્થ રીતે હજુ સુધી કરી શક્યો નથી, એટલું જ નહિ પણ ગુજરાતી માધ્યમને "મગન-માધ્યમ"નું કટાક્ષયુક્ત નામાભિધાન આપીને જાણ્યે-અજાણ્યે તેમને અન્યાય કરી બેઠો છે. એમ થવાનું એક કારણ કદાચ એ પણ છે કે માધ્યમના પ્રશ્ને મગનભાઈ પોતે અત્યાગ્રહી હતા અને કશી પણ બાંધછોડ કરવા માટે તૈયાર નહોતા એટલું જ નહિ પણ તે તેમના પોતાના વિષે ઊભી થયેલી વ્યાપક ગેરસમજને "निन्दन्तु निपुणा यदि वा स्तुवन्तु"માં વ્યક્ત થયેલ નિંદા સ્તુતિના બંધનથી તેઓ સર્વથા મુક્ત હતા. આ સંદર્ભમાં વિશ્વ-સાહિત્યનો ખુલ્લા હાથે સત્કાર કરનાર શ્રી. મગનભાઈએ શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષાની પ્રતિષ્ઠા અવશ્ય કરી હતી; પણ તેમને બધી ભાષાઓ દેશની અને પરદેશની – માટે પણ ભારે આદર હતો એ હકીકત અત્યંત ધ્યાનાર્હ છે. વધુમાં એક આંતરરાષ્ટ્રીય ભાષા તરીકે અંગ્રેજીનો (અને અન્ય કોઈ પણ ભાષાનો) અભ્યાસ ભારતના વિદ્યાર્થીઓએ સારી રીતે કરવા જોઈએ એમ પણ તેઓ માનતા હતા. વિશ્વસાહિત્યની ઉત્તમોત્તમ કૃતિઓ ગુજરાતની પ્રજાને હાથવગી થાય તે માટે પણ તેઓ પ્રવૃત્તિશીલ હતા. તેમના સામે અન્ય ભાષાઓ માટે છોછનો કોઈ આક્ષેપ બેબુનિયાદ હતો. એ જે કોઈ જોઈ ન શકે તેમની સમક્ષ એક હકીકત તરીકે રજૂ કરવાની આ તક હું લઉં તો મારે જણાવવું જોઈએ કે ગુજરાતના જુદા રાજ્યની રચનાં થયા પછી રાજ્ય સરકારે એસ. એસ. સી.ની પરીક્ષામાં અંગ્રેજી ભાષાને ફરજિયાત વિષય તરીકે ન ગણવાનો નિર્ણય કર્યો ત્યારે પણ ગુજરાત યુનિવર્સિટીએ મગનભાઈ દેસાઈના કુલપતિકાર્ય દરમ્યાન વિનયન, વિજ્ઞાન

અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં અંગ્રેજી એક ફરજિયાત વિષય તરીકે ચાલુ રાખવાનો નિર્ણય કર્યો હતો.

સ્વ. શ્રી. ગોપાળદાસ પટેલનું ઋણ ગુજરાત ક્યારેય પણ પૂરેપૂરું ચૂકવી શકશે નહિ એમ તેમણે સંપન્ન કરેલ વિશ્વસાહિત્યની ત્રીસ કરતાં પણ વધુ કૃતિઓના શ્રધ્ધેય અનુવાદો, સંક્ષેપો (તેમાં ગો. મા. ત્રિપાઠી કૃત ગુજરાતની પ્રશિષ્ટ નવલકથા "સરસ્વતીચંદ્ર"નો પણ સમાવેશ થાય છે) રસાળ, વિશદ અને સુભોગ્ય શૈલીમાં તૈયાર કરવાનું ભગીરથ કાર્ય એકલે હાથે, અને તે પણ છેલ્લાં થોડાંક વર્ષો દરમ્યાન તેમની અસ્વસ્થ, લગભગ પથારીવશ સ્થિતિમાં ભારે કૌશલ્ય અને ધીરતાપૂર્વક, એકલે હાથે, ગ્રીનીઝ બૂક ઑફ વર્લ્ડ રેકૉર્ડઝમાં શ્રી. ગોપાળદાસને ગૌરવવંતુ સ્થાન અપાવી શકે તેવી વિપુલતા અને ગુણવત્તા ધરાવતું આ મહાકાર્ય સંપન્ન કરેલ છે. ઉત્તમ કક્ષાના અનુવાદક માટે સ્વ. કાકાસાહેબ કાલેલકરે "સવ્યસાચી" શબ્દપ્રયોગ યથાર્થ રીતે જ વાપર્યો છે. બેઉ ભાષામાં ઉચ્ચ પારંગતતા અને અનુવાદ સંક્ષેપના વિષયને આત્મસાત કરવાની કળા સિદ્ધ કર્યા સિવાય આવાં કાર્યો થઈ શકતાં નથી એ દેખીતું છે. સ્વ. ગોપાળદાસ પટેલ ખરે જ ગુજરાતી સાહિત્ય-જગતના "સવ્યસાચી" હતા.

સદ્ગત મુ. શ્રી. મગનભાઈ દેસાઈ અને સદ્ગત મુ. શ્રી. ગોપાળદાસ પટેલને વિનમ્રભાવે મારી કૃતજ્ઞ શ્રદ્ધાંજલિ સમર્પવાની આ તક હું લેવા ઈચ્છું છું.

ડૉ. વિહારીદાસ પટેલ અને તેમનો આખો પરિવાર આ કાર્યમાં ઉત્સાહથી રસ લઈ પોતાના પિતાશ્રીના અમૂલ્ય વારસાનો લાભ ગુજરાતની પ્રજાને આપે છે, તે માટે તેમને પણ અંતરથી ધન્યવાદ આપું છું.

વિદેશી સાહિત્યકૃતિઓ ઉપરાંત ભારતની કેટલીક સાહિત્યકૃતિઓનો પ્રસ્તાવનાઓનો સમાવેશ સંપુટમાં કરવામાં આવેલ છે, તેમાં નીચેની મુખ્ય છે.

ક્રમાંક	પુસ્તકનું નામ	લેખક
૧.	ગીતાનું પ્રસ્થાન	શ્રી. મગનભાઈ દેસાઈ
૨.	કુટુંબ પરિવાર	ગુરુદત્ત
૩.	પ્રેમનાથ	ગુરુદત્ત
૪.	ભ્રષ્ટાચારને માર્ગે	ગુરુદત્ત
૫.	ધન અને ધરતી	ગુરુદત્ત
૬.	ગંગાજળ	ગુરુદત્ત

૭.	ભૂલ કોની?	ગુરુદત્ત
૮.	અમરવેલનાં પુષ્પો	કમુબહેન પટેલ
૯.	ગાંધીજીનો જીવનમાર્ગ	મગનભાઈ દેસાઈ
૧૦.	મારી જીવન દષ્ટિ	વિજયશંકર ભટ્ટ
૧૧.	સંત ફ્રાન્સિસનું જીવનગાન	પ્રો. ધનજીભાઈ ફકીરભાઈ
૧૨.	એક ગધેડાની આત્મકથા	શ્રી. કૃશ્ન ચન્દર

"અમરવેલનાં પુષ્પો" એ સુશ્રી કમુબહેન સંપાદિત સુવિચારોના સંગ્રહની પ્રસ્તાવનામાં ('સત્યાગ્રહ સાપ્તાહિકમાં વિચારકલિકા રૂપે રજૂ કરવામાં આવેલા સાપ્તાહિક સુવિચારોનો સંગ્રહ છે.) શ્રી. મગનભાઈ દેસાઈએ નોંધ્યું છે : "આ ફૂલગૂંથણીના પુષ્પોની મહેક જ એવી છે કે, એને આ વિલાયતી ફૂલ જેવી નિર્ગંધ પ્રસ્તાવનાની જરૂર ખરી?" તેમાં થોડોક ફેર કરીને હું પણ માત્ર એટલું કહીને મારી આ પ્રસ્તાવના સમાપ્ત કરું?

વિશ્વ-સાહિત્યના ઉદ્યાનમાં જે તે સાહિત્યિક કૃતિઓની અનુવાદ/સંક્ષેપની વિદ્વાન અને શ્રાદ્ધેય વ્યક્તિવિશેષોએ લખેલી પ્રસ્તાવનાઓની મહેક જ એવી જબરી છે, કે એને આ વિલાયતી ફૂલ જેવી મારી નિર્ગંધ પ્રસ્તાવનાની જરૂર ખરી?

આ અનુવાદો/સંક્ષેપોની મોટાભાગની પ્રસ્તાવનાઓ શ્રી. મગનભાઈ દેસાઈએ પોતે જ લખી છે એ કેટલી અભ્યાસપૂર્ણ અને મર્મગ્રાહી છે એ વાચકો પોતે જ જોઈ શકશે. બીજી કેટલીક પ્રસ્તાવનાઓ માટે જે અન્ય વિદ્વાનો અને સહૃદયી સાહિત્ય-પ્રેમીઓની કલમપ્રસાદીનો લાભ મળ્યો છે તેમાં મુખ્ય છે : કાકાસાહેબ કાલેલકર, કલ્યાણજીભાઈ મહેતા, શ્રી. એમ. પી. ઠક્કર, ડૉ. મોતીભાઈ પટેલ, શ્રી. નિરંજનભાઈ ધોળકિયા, શ્રી. વજુભાઈ શાહ, શ્રી. વાસુદેવ મહેતા, શ્રી. ઠાકોરભાઈ દેસાઈ અને શ્રી. એસ. આર. ભટ્ટ છે.

અનુવાદો/સંક્ષેપોની પ્રસ્તાવનાઓ વાચકને મૂળ કૃતિ/અનુવાદ/સંક્ષેપ વાંચવા માટેની ભૂખ ઉઘાડવાનું કામ અવશ્ય કરશે. તેમાં મારી આ પ્રસ્તાવનાને આંગળી ચીંધ્યાનું પુણ્ય મળશે તો પણ મને એથી મોટો સંતોષ થશે,

તા. ૧૬-૪-૨૦૦૩ — કુંજનભાઈ સી. પરીખ

ધન્યશ્રી સાહિત્ય સમ્રાટો! ધન્યશ્રી ગોપાળદાસ!

"આજનો નવયુવાન વિશ્વ-સાહિત્યમાંથી કંઈ જ ન વાંચે અને માત્ર મહાત્મા ગાંધીજીની 'આત્મકથા', અને 'હિંદ-સ્વરાજ', શ્રી. મગનભાઈ દેસાઈનું 'સત્યાગ્રહની મીમાંસા' ગોવર્ધનરામનું 'સરસ્વતીચંદ્ર', વિક્ટર હ્યૂગોનું 'લે-મિઝેરાબ્લ', અલેક્ઝાન્ડર ડૂમાનું 'થ્રી મસ્કેટિયર્સ', ચાર્લ્સ ડિકન્સનું 'ઑલિવર ટ્વિસ્ટ', ડસ્ટયેસ્કીનું 'ક્રાઈમ ઍન્ડ પનિશમેન્ટ', ટૉલ્સ્ટૉયનું 'રિઝરેક્શન', સર્વાંટીસનું 'ડૉન કિવક્સોટ', સર વૉલ્ટર સ્કોટનું 'ક્વેન્ટિન ડરવાર્ડ', સર આલ્બર્ટ હાવર્ડનું 'સૉઈલ ઍન્ડ હેલ્થ', ઓશોનું 'બૂક આઈ હેવ લવ્ડ' અને પુ૦ છો૦ પટેલનું "ગરવી ગુજરાતમાં વિશ્વ-સાહિત્ય ભલે પધારો!" એ પુસ્તકો વાંચે, તો પણ જીવન ધન્ય ધન્ય થઈ જાય."

"વિશ્વના આ સાહિત્ય-સમ્રાટોની પ્રસાદી સીલસીલાબંધ શિષ્ટ, સરળ અને શુદ્ધ માતૃભાષા – ગુજરાતીમાં સુંદર છપાઈ, સચિત્ર અને ઉઠાવ સાથે આપીને ગુજરાતી વાચક પર શ્રી. ગોપાળદાસ જીવાભાઈ પટેલ, શ્રી. મગનભાઈ દેસાઈ અને તેમના સાથીઓએ મોટો જાદુ કર્યો છે. તે સૌને હૃદયના અભિનંદન ઘટે છે. આ સાહિત્ય-સમ્રાટોની સુંદર કથાઓનો સત્સંગ કરવાની તક ભાઈ પુ૦ છો૦ પટેલે મને આપી તે માટે તેમને ધન્યવાદ આપું છું.

પરદેશથી જ્ઞાન-વિજ્ઞાન શીખીને આવેલાઓ તેજસ્વી નવજુવાન વિદ્વાનો શ્રી. ગોપાળદાસ પટેલની માફક પોતપોતાની માતૃભાષામાં પુસ્તકો લખે અને ગુજરાતની જનતાને લાભ આપે, એ બહુ જરૂરી છે. આવી સુંદર કૃતિઓ ગુજરાતી વાચકને વધુ ને વધુ મળો! એ જ શુભેચ્છા અને આશીર્વાદ. શ્રી. મગનભાઈ દેસાઈ, શ્રી. ગોપાળદાસ પટેલ અને તેમના સાથી-મિત્રોની સેવા-ભાવના અને શુભ શક્તિને વંદન! ધન્યશ્રી વિશ્વના સાહિત્ય સમ્રાટો! ધન્ય શ્રી ગોપાળદાસ પટેલ!

તા. ૧૮–૧૦–૨૦૦૨

નવલભાઈ શાહ
કુલપતિ
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪

शुभेच्छा

आज के परिवेशमें जो गुजराती में विश्व-साहित्य के प्रकाशन का कार्य रातराणी सांस्कृतिक ट्रस्ट के द्वारा किया जा रहा है। वह सराहनीय तथा गुजराती जनमानस के लिये ज्ञानवर्धक गौरवपूर्ण कार्य की दिशामें एक धार्मिक –वैज्ञानिक प्रयोग है। इस संस्थान को ऐसे कार्यों के लिये मैं साधुवाद देता हूं।

ता. १०–३–२००३

आचार्य श्री आदित्य योगी
गंगोत्री, हिमालय

બે બોલ

વિશ્વ-સાહિત્યનો ગુજરાતીઓમાં પ્રચાર થાય એ માટે શ્રી. મગનભાઈ પ્રભુદાસ દેસાઈ, શ્રી. ગોપાળદાસ જીવાભાઈ પટેલ અને શ્રી. પુ૦ છો૦ પટેલે જે ઉત્સાહ દાખવ્યો છે, અને જે મહેનત કરી છે, તે ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં સોનેરી અક્ષરે નોંધાશે એમાં કોઈ શંકા નથી-

૧૯૫૦થી શરૂ કરી આજ સુધી અનેક નવલકથાઓ, નિબંધો, પ્રેમ-શૌર્યની વાર્તાઓ જે અંગ્રેજ, ફ્રેન્ચ કે અમેરિકન કુળના જગમશહૂર લેખકોની કલમે લખાઈ હતી તેનો અનુવાદ કરવાનો અને કરાવવાનો તેમ જ છપાવવાનો, પ્રકાશિત કરવાનો શ્રમ લેનાર આ મહાનુભાવોનું ઋણ ચૂકવવું ગુજરાતી ભાષાના પ્રેમીઓ માટે મુશ્કેલ છે – કદાચ અશક્ય છે.

"રાતરાણી સાંસ્કૃતિક ટ્રસ્ટ ગ્રંથમાળા"ના મહાનુભાવો નજીકના ભૂતકાળમાં લખાયેલી અંગ્રેજી કૃતિઓ – નવલકથાઓ જ નહિ, મહાકાવ્યો, તત્ત્વવિજ્ઞાન ગ્રંથો, સ્વાસ્થ્ય – વિજ્ઞાન સાહિત્ય વગેરેનું પ્રકાશન હાથમાં લેશે તો ગુજરાતી ભાષા વધુ સમૃદ્ધ બનશે એમાં શંકાને સ્થાન નથી. આમ-ગુજરાતીને ફક્ત એક જ પ્રકારની ચોપડીની સમૃદ્ધિમાં રસ છે, જેને 'પાસ-બૂક' કહેવામાં આવે છે. એવાં મહેણાં સાંભળવાં ન પડે તે માટે વાચક-વર્ગનો વિસ્તાર થાય એ જોવાની ફરજ તો અલબત્ત આપણ સૌની છે જ છે.

"ગુજરાતમાં વિશ્વ-સાહિત્ય ભલે પધારો!" અમે એનું સ્વાગત કરીએ છીએ.

હેલ્થ સાયન્સ ટ્રસ્ટ,
૧૯, રવિ સોસાયટી, લોણાવાલા.
તા. ૮–૪–૨૦૦૩

ડૉ. એમ. એમ. ભમગરા

અનુક્રમણિકા

	પ્રકાશકનું નિવેદન		૩
	૧૬૮ તીર્થોમાં સ્નાન કરીને પાવન થાવ	પુ૦ છો૦ પટેલ	૬
	આવકાર	કંચનલાલ સી. પરીખ	૧૧
	ધન્યશ્રી સાહિત્ય સમ્રાટો!	નવલભાઈ શાહ	૧૬
	શુભેચ્છા	આચાર્યશ્રી આદિત્ય યોગી	૧૭
	બે બોલ	ડૉ. એમ. એમ. ભમગરા	૧૭
૧.	જીવનધર્મ કયો?	કાકાસાહેબ કાલેલકર	૧
૨.	કૃતાંજલિ — યુગોને	મગનભાઈ દેસાઈ	૩
૩.	ગુજરાતમાં કોઈ ડૂમા નહિ પાકે? (થ્રી મસ્કેટિયર્સ)	કલ્યાણજી વિ. મહેતા	૮
૪.	ગુનો અને સજા — ડસ્ટયેવ્સ્કી	નિરંજન વા. ધોળકિયા	૧૬
૫.	પાપ અને પ્રાયશ્ચિત — 'રિઝરેકશન'	મગનભાઈ દેસાઈ	૨૦
૬.	સરદારશ્રીનો વિનોદ	કલ્યાણજી વિ. મહેતા	૨૪
૭.	લાફિંગ મૅન	વજુભાઈ શાહ	૨૯
૮.	ડોમ્બી ઍન્ડ સન	ડૉ. મોતીભાઈ પટેલ	૩૫
૯.	આશાના બે બોલ — સરસ્વતીચંદ્ર	મગનભાઈ દેસાઈ	૪૧
૧૦.	ગોવર્ધનરામનો સાહિત્ય-જગતમાં પ્રવેશ	કમુબહેન પુ. છો. પટેલ	૪૨
૧૧.	કુટુંબ-પરિવાર — 'गुण्ठन'	મગનભાઈ દેસાઈ	૪૭
૧૨.	પ્રેમનાથ — 'प्रवंचना'	મગનભાઈ દેસાઈ	૫૨
૧૩.	પરિવારની શિક્ષાપત્રીઓ	કમુબહેન પુ૦ છો૦ પટેલ	૫૬
૧૪.	વિચારકલિકા	કાકાસાહેબ કાલેલકર	૫૬
૧૫.	તરસ-લાડુ અને ભૂખ-લાડુ	કાકાસાહેબ કાલેલકર	૫૭
૧૬.	અમરવેલનાં પુષ્પો	મગનભાઈ દેસાઈ	૫૮
૧૭.	અભિનંદન	મગનભાઈ દેસાઈ	૬૦
૧૮.	મધરાતે આઝાદી	વાસુદેવ મહેતા	૬૧
૧૯.	મહાત્મા ગાંધી	પુ૦ છો૦ પટેલ	૬૮
૨૦.	ગાંધીજીનો જીવનમાર્ગ	મગનભાઈ દેસાઈ	૭૧
૨૧.	કળા એટલે શું?	મગનભાઈ દેસાઈ	૭૨
૨૨.	જિજ્ઞાસુના પ્રશ્નો	મગનભાઈ દેસાઈ	૭૩

૨૩.	નવી યુનિવર્સિટીઓ	પુ૦ છો૦ પટેલ	૭૪
૨૪.	માર્ટિન લ્યૂથર કિંગ	ગોપાળદાસ પટેલ	૭૬
૨૫.	એક ગધેડાની આત્મકથા	એમ. પી. ઠક્કર	૮૩
૨૬.	પ્રેમભક્તિની સંજીવની – 'થાઈ'	મગનભાઈ દેસાઈ	૯૧
૨૭.	કીર્તિનું કારુણ્ય — 'એ ટેલ ઑફ ટૂ સિટીઝ'	મગનભાઈ દેસાઈ	૯૫
૨૮.	સામાજિક ભંગારની કથા – ઑલિવર	મગનભાઈ દેસાઈ	૧૦૧
૨૯.	न मे भक्तः प्रणश्यति — 'નિકોલસ નિકલ્બી'	મગનભાઈ દેસાઈ	૧૦૬
૩૦.	પિકવિક ક્લબ	પુ૦ છો૦ પટેલ	૧૦૯
૩૧.	'ધી ઓલ્ડ ક્યુરિયોસીટી શોપ'	પુ૦ છો૦ પટેલ	૧૧૧
૩૨.	'ધી બૉન્ડમૅન'	પુ૦ છો૦ પટેલ	૧૧૪
૩૩.	યોગ અને સાચું પર્યાવરણ-વિજ્ઞાન	ગોપાળદાસ પટેલ	૧૧૭
૩૪.	ડૉ. ભમગરા	સુરેશ દલાલ	૧૨૧
૩૫.	માણસ કુદરતનું મોટામાં મોટું પ્રદૂષણ !	ડૉ. એમ. એમ. ભમગરા	૧૨૯
૩૬.	કુદરત તરફ પાછા ફરો	વરધીભાઈ ઠક્કર	૧૩૦
૩૭.	કટોકટી રાષ્ટ્રના આરોગ્યની	પુ૦ છો૦ પટેલ	૧૩૪
૩૮.	સર્વાંગીણ વ્યાયામ	રમણલાલ ઍન્જિનિયર	૧૪૦
૩૯.	આરોગ્યને લગતાં પુસ્તકો	રમણલાલ ઍન્જિનિયર	૧૪૨
૪૦.	મગનભાઈનું ગ્રંથસ્થ વાઙ્મય	પુ૦ છો૦ પટેલ	૧૪૫
૪૧.	ગુ. યુનિ.ના ક્રાન્તદર્શી કુલપતિ	કંચનલાલ સી. પરીખ	૧૪૭
૪૨.	સત્ય માટે મરી ફીટનારા	બલવંતસિંહ	૧૪૯
૪૩.	માનવોમાં રાજવી સમા	સી. સી. દેસાઈ	૧૫૦
૪૪.	શ્રી સુખમની	ગાંધીજી	૧૫૧
૪૫.	શ્રી જપજી	ગાંધીજી	૧૫૨
૪૬.	ગીતાનું પ્રસ્થાન	મગનભાઈ દેસાઈ	૧૫૪
૪૭.	બુદ્ધિયોગ — ૧-૨-૩-૪	મગનભાઈ દેસાઈ	૧૫૫
૪૮.	જ્ઞાની ભક્તની પ્રતિભા	મગનભાઈ દેસાઈ	૧૫૬
૪૯.	મિડલ સ્કૂલ : "અદકેરું અંગ"	ઠાકોરભાઈ મ. દેસાઈ	૧૫૭
૫૦.	'ગાંધી' ફિલમની કહાણી	પુ૦ છો૦ પટેલ	૧૫૯
૫૧.	ગાંધીજીનું હજાર મુખે સ્તવન	પાલખીવાલા અને અન્ય બીજા	૧૬૨
૫૨.	ભૂલ કોની ?	પુ૦ છો૦ પટેલ	૧૬૬

૫૩. શ્રી ગુરુદત્ત	ગોપાળદાસ પટેલ	૧૬૮
૫૪. કમુબહેન પટેલ	ડૉ. પ્રજ્ઞા પટેલ	૧૬૮
૫૫. 'પંજગ્રંથી'	ગોપાળદાસ પટેલ	૧૭૦
૫૬. જપ-માળા	ગોપાળદાસ પટેલ	૧૭૧
૫૭. દાદૂ ભગતની વાણી	પુ૦ છો૦ પટેલ	૧૭૧
૫૮. સંત પલટૂદાસની વાણી (સંત સેવતાં સુકૃત વાધે)	પુ૦ છો૦ પટેલ	૧૭૫
૫૯. બાબા મલૂકદાસની વાણી (મસ્તીનું ધર્મ-સરોવર)	પુ૦ છો૦ પટેલ	૧૭૮
૬૦. સર વૉલ્ટર સ્કૉટ	ગોપાળદાસ પટેલ	૧૮૩
૬૧. આશા અને ધીરજ	પુ૦ છો૦ પટેલ	૧૮૭
૬૨. પ્રેમ-શૌર્ય અંકિત કથા – આઈવન હો	એસ. આર. ભટ્ટ	૧૮૯
૬૩. પાગલ હો ગયે કયા?	આચાર્યશ્રી જે. બી કૃપલાની	૧૯૨
૬૪. ડૉન ક્વિક્સોટ	મગનભાઈ દેસાઈ	૧૯૩
૬૫. ઇન્દુચાચાની આત્મકથા	ધનવંત ઓઝા	૧૯૪
૬૬. સંત ફ્રાન્સિસનું જીવનગાન	પ્રો. ધનજીભાઈ ફકીરભાઈ	૧૯૫
૬૭. ધુરંધરનાં પુસ્તકો	અનંતભાઈ પટેલ	૧૯૫
૬૮. ઉદ્યોગ-ધંધામાં સફળતાની વ્યૂહરચના	ડૉ. વિ. જી. પટેલ	૧૯૬
૬૯. દાંતના રોગો અને માવજત	કાન્તિલાલ ન. લંગાલિયા – ડૉ. પટ્ટણી	૧૯૭
૭૦. દાંતનું સંપૂર્ણ આરોગ્ય	ગોપાળદાસ પટેલ	૧૯૮
૭૧. વિશ્વવિખ્યાત વ્યક્તિઓની જીવનદૃષ્ટિ	વિજયશંકર મં. ભટ્ટ	૧૯૯
૭૨. 'ફ્યૂચર શૉક'	ઑલ્વિન ટોફલર	૨૦૫
૭૩. ગોપાળદાસ પટેલ	યોગીનીબહેન વિ. પટેલ	૨૦૯
૭૪. ક્રાંતિ કે ઉત્ક્રાંતિ? – યાને નાઈન્ટી થ્રી	ગોપાળદાસ પટેલ	૨૧૦
૭૫. 'હંચબેક ઑફ નોત્રદામ'	ગોપાળદાસ પટેલ	૨૧૧
૭૬. 'ટોઈલર્સ ઑફ ધ સી'	ગોપાળદાસ પટેલ	૨૧૨
૭૭. વિક્ટર હ્યુગો	પુ૦ છો૦ પટેલ	૨૧૩
૭૮. 'પુસ્તકો – જે મને ગમ્યાં છે'	ઓશો રજનીશજી	૨૧૪
૭૯. અન્ય પ્રકાશનો	પુ૦ છો૦ પટેલ	૨૧૫
૮૦. જેનું છેવટ રૂડું, તેનું આખું રૂડું	પુ૦ છો૦ પટેલ	૨૧૬

લે-મિઝેરાબ્લ
ઉર્ફે
દરિદ્રનારાયણ

વિક્ટર હ્યુગો
અનુ: ગોપાળદાસ પટેલ

૧૭૦, સત્યાગ્રહ છાવણી,
અમદાવાદ-૧૫

કિં ૧૭૫-૦૦

[વિક્ટર હ્યુગોનાં પાંચ પુસ્તકોની પ્રસાદી ગુજરાતી વાચકને પરિવાર સંસ્થાએ પીરસી છે. તેને શ્રી કાકાસાહેબ કાલેલકર, શ્રી મગનભાઈ પ્રભુદાસ દેસાઈ અને અન્ય મહાનુભાવો અને ગુજરાતી વાચકે સુંદર આવકાર આપ્યો છે. નવી પેઢીને આ પુસ્તકોનો પરિચય થાય તે દૃષ્ટિએ પ્રસ્તાવના આવકાર અને પ્રકાશકના નિવેદનનો કેટલોક ભાગ અહીં ટૂંકાવીને રજૂ કર્યો છે. બાળકો માટે વિક્રમ સંક્ષેપ "લે-મિઝેરાબ્લ ઉર્ફે પતિતપાવન" નામથી પ્રસિદ્ધ થયો છે. કિંમત ૧૦૦.

શ્રી. ગોપાળદાસ પટેલ વિશ્વ-સાહિત્યની કથાકલામાં સિદ્ધહસ્ત, જાહીમોના દુશ્મન અને ગુજરાતી વાચકના આશક હતા. તેમણે અને પરિવાર સંસ્થાએ ગુજરાતી વાચકની કીમતી સેવા બજાવી છે.]

જીવનધર્મ કયો!

[કાકાસાહેબના અભિનંદન]

'લે મિઝેરાબ્લ' આ નવલકથાએ વિશ્વસાહિત્યમાં ક્યારનું સ્થાન મેળવ્યું છે. નવલકથા અને નવલકથાકાર બંનેની શતાબ્દી ઊજવવાનો આ સમય છે.

આ નવલકથા વાંચીને જ મારા મનમાં એક વિચાર જાગ્યો તે મેં અનેક ઠેકાણે વાપર્યો છે.

દરેક નવલકથામાં નાયક નાયિકા ઉપરાંત એક મંગલમૂર્તિની પણ આવશ્યકતા હોય છે. 'લે મિઝેરાબ્લ'માં નાયક ઉપર પોતાની ક્ષમાયુક્ત

ઉદારતાની અમીટ અસર પાડનાર એક બિશપ પ્રારંભમાં આવીને ગાયબ થઈ જાય છે. ફરી એનાં દર્શન તો શું, ઉલ્લેખ પણ મળે નહીં. અને છતાં એ મંગલમૂર્તિ બિશપની અસર આખી વાર્તામાં આખર સુધી દેખાય છે.

રવિબાબુની 'ઘરે બાહિરે'માં નાયક નાયિકાના જીવન ઉપર નત નયને અનિમિષે આશીર્વાદ રેડનારા અધ્યાપક એ મંગલમૂર્તિ છે.

મહાભારતમાં શ્રીકૃષ્ણ ભગવાન, વ્યાસ અને વિદુર એ ત્રણેને આપણે મંગલમૂર્તિ ગણી શકીએ. રામાયણ માટે 'કઠોરગર્ભા' સીતાને આશ્રય આપનાર અને એમનાં બાળકોનું સંગોપન કરનાર વાલ્મીકિ પોતે જ મંગલમૂર્તિ છે.

આ નવલકથાને કારણે એનો નાયક જૉં વાલજૉં ઐતિહાસિક વ્યક્તિ જેવો થઈ ગયો છે.

જીવનમાં સર્વશ્રેષ્ઠ શું? ત્રાજવાનો અણિશુદ્ધ કાનૂની ન્યાય? કે માણસાઈની અપાર ઉદારતા, ક્ષમા અને પ્રેમ? આ વાર્તામાં ચળકતો પોલીસ ઑફિસર કાનૂનમાં માને છે. ત્યાં એ હાર્યો ત્યારે એને અણગમતો ઉદારતાનો ધર્મ સ્વીકારવાને બદલે એ આત્મહત્યા કરે છે. એની સ્વધર્મ-નિષ્ઠા અને એના ધર્મની વિફલતા બંને આપણા હૃદય ઉપર અંકાઈ જાય છે.

આવી વિશ્વમાન્ય નવલકથા ઉત્તમ રીતે ગુજરાતીમાં આણી આપનાર મારા જૂના સાથી શ્રી ગોપાલદાસભાઈને હાર્દિક અભિનંદન.

૧૨-૧૦-'૬૩ काका कालेलकर

કૃતાંજલિ

[મગનભાઈ દેસાઈની પ્રસ્તાવના]

જગ-વિખ્યાત ફ્રેન્ચ સાહિત્યકાર વિકટર હ્યૂગોની આ મશહૂર અમર કૃતિનો પ્રવેશક પરિચય આપવાની જરૂર ન હોય.... ભાઈ ગોપાળદાસે, મારી સૂચનાથી, હ્યૂગોના આ પુસ્તકનો કિશોરભોગ્ય સંક્ષેપ 'ગુનો અને ગરીબાઈ' નામથી અગાઉ બહાર પાડયો છે. મોટા ટાઈપમાં, ક્રાઉન-કદનાં ૨૦૮ પાનમાં એ સમાવાયો હતો, એ પણ એક સંક્ષેપ-વિક્રમ જ ગણાય. હ્યૂગોની આ કથા એવી છે કે, સર્વ-વયીઓને તેમાં રસ પડે; એટલું જ નહિ, વારંવાર વાંચતાંય થાક ન લાગે – બલ્કે ફરી ફરી વાંચવા મન થાય. આથી કરીને, મોટી ઉંમરના સામાન્ય વાચકને માટે, કદમાં કંઈક મોટો એવો આ બીજો સંક્ષેપ ભાઈ ગોપાળદાસે તૈયાર કર્યો, એ સારું થયું છે. ગુજરાતી વાચકોએ તે માટે એમનો આભાર માનવો ઘટે છે.

વિકટર હ્યૂગો નવલકથાકાર ઉપરાંત નાટયકાર અને કવિ તરીકે પણ નામાંકિત હતો. ફ્રાંસના ૧૯મા સૈકાનો એક અગ્રગણ્ય સાહિત્ય-સ્વામી તે ગણાય છે. એનો જીવનકાળ એટલે ૧૮૦૨ થી ૧૮૮૫. ફ્રાન્સના તે યુગની રોમાંચક — 'રોમૅન્ટિક' સાહિત્યપ્રવૃત્તિનો નાયક એ હતો. તે તરીકે તેણે વિશ્વસાહિત્યમાં સ્થાન પામે એવી કેટલીક કૃતિઓ જગતને આપી છે, તેમાં 'લે મિઝેરાબ્લ' એક અનોખી ભાત પાડે છે. તેની ઉત્તરાવસ્થાની આ કૃતિ છે. દારિદ્ર્યનું મહાભારત કહેવાય એવી મહાન કથા એમાં એણે આપણને કહી છે. માનવ હૃદયનો ઊંડામાં ઊંડો અને પાવકતમ ભાવ દુ:ખ-દયા છે — દુ:ખીને માટે દિલમાં સદ્ભાવભરી સહાનુભૂતિ જન્મે એ છે. આવી પરદુ:ખ-ભંજની વૈષ્ણવી વૃત્તિ આ કથાનું ચિરંજીવ રસબીજ છે.

૧૯મા સૈકાનું યુરોપ એટલે, એક બાજુએ, ત્યાંના દેશોની અંદર રાષ્ટ્રધર્મી રાજ્યોદયનો યુગ; અને બીજી બાજુએ, તેની જ બીજી પાંખ પેઠે કામ કરતો, યુરોપ બહાર એશિયા આફ્રિકામાં ફેલાતો સામ્રાજ્યધર્મી પરરાજ્યો-દય યુગ. આથી કરીને, એક તરફ દુ:ખ-દારિદ્ય અને દીનતા, તો બીજી બાજુએ અર્થલોભ, ગૃધ્યા, ભોગવિલાસ, અને સત્તાબળના ભાવો ફેલાતા હતા. અને સામ્રાજ્યભોગી યુરોપનાં રાષ્ટ્રધર્મી રાજ્યોમાં, પરધન-શોષણ વડે માતબર

બની માતંગા થતા સત્તાધારી વર્ગો અને ગરીબાઈમાં સબડતો બહોળો આમ-મજૂર-ખેડૂત-વર્ગ, — એમ બે નોખા તફા પેદા થતા હતા. તે સમયના આવા રંગનું દર્શન યુરોપના અનેક વિચારકો, સાહિત્યકારો, અને સમાજવિદો કરતા હતા. તેવા ધુરંધરોમાં, સાહિત્યક્ષેત્રે જોતાં, ડિકન્સ, ટૉલ્સ્ટૉય, હ્યૂગો, ઝોલા, રસ્કિન વગેરે જાણીતા છે. સામાજિક ફિલસૂફી અને ઇતિહાસ-ક્ષેત્રોના વૈજ્ઞાનિકો અને વિચારકોમાં કાર્લ માર્ક્સ જોવા આવે. આ લોકોએ પોતપોતાને સ્થાનેથી અને પોતપોતાની વિશેષ પ્રતિભા અને કલા કુશળતા દ્વારા, પોતાના દેશકાળમાં પ્રવર્તતી થયેલી આ સ્થિતિનું ચિત્ર રજૂ કર્યું.

એમના બે ચોખ્ખા માર્ગ કે દિશાઓ પડી જાય છે. તેમાં સાહિત્ય-કલા માર્ગનો પ્રતિનિધિ ગ્રંથ આ છે. તેના દષ્ટાઓ સમા હ્યૂગો વગેરેએ ખ્રિસ્તી દયાભાવમાં આ સ્થિતિનો ઉકેલ જાણ્યે-અજાણ્યે ચીતર્યો, એમ કહી શકાય. તેનું હાર્દ સમજવા માટે, ગીતાની પરિભાષામાં જોઈએ તો, यज्ञ-दान-तपःकर्म કે જે पावनानि मनिषिणाम् માનવને પાવન પવિત્ર કરે છે. તેની સનાતન સામાજિક તારણશક્તિનો સ્થાયી ભાવ લોકોની નજર આગળ આ સાહિત્ય-કલાકારોએ ખડો કર્યો.

આને માટે હ્યૂગોએ આ કથામાં જીન વાલજીનનું એક કમાલ પાત્ર સર્જ્યું છે. આમ ગુનેગાર ગણાય તેને દયાળુ ઉદ્યોગપતિ, પરગજુ નાગરિક અને સેવાભાવી મેયર વગેરે પેઠે કામ કરતો ચીતર્યો છે. પ્રેમયજ્ઞમાં સતત આહુતિ આપતો રહેતો કર્મયોગી જાણે ન હોય! ગીતાકારનું બિરદ છે કે, પાપી પણ જો ભક્ત બને તો તરે, એનું જાણે જીવંત દષ્ટાન્ત એ હોય!

પણ આની બીજી બાજુ છે: આવા વ્યક્તિગત વિચારની સમુદાયગત બાજુ છે. તે એમ પૂછે છે કે, આમ પવિત્ર સાધુ-જીવન ગાળવાથી, માનો કે, તે તે જીવાત્માનું ભલું થતું હોય; પરંતુ દુઃખમાં સપડાતા સામ્રાજ્યયુગીન સમાજના કલ્યાણનું શું? એવા સમાજના ભોગ બનતા ગરીબ વર્ગોનો ઉદ્ધારનો માર્ગ શો? શું આવી વ્યક્તિઓ વડે તે સધાશે? કે પછી એને માટે કાંઈક જુદો અને સામુદાયિક રૂપે કામ કરતો ને અસરકારક એવો કોઈ માર્ગ લેવો કે ખોળવો પડે? ૧૯મા સૈકા અગાઉના જગતમાં દુનિયાનો વ્યવહાર એવો સામૂહિક અને જટિલ તથા સંમિશ્ર નહોતો ત્યારે કદાચ આવા વૈયક્તિક જીવન દ્વારા તરણોપાય પૂરતો થતો હોય; પરંતુ ૧૯મા સૈકામાં આવતાં, પાર્થિવ જ્ઞાન-વિજ્ઞાનની વૃદ્ધિ થતી ગઈ; લોકોની વૃત્તિઓ વધુ ને વધુ બહિર્મુખ અને આક્રમણશીલ તથા પરિગ્રહી બનતી ગઈ; રાષ્ટ્રધર્મી સ્વાર્થોની એકાંગિતાનો નવો જુસ્સો વધતો ગયો; તેમ તેમ તે વડે ભોગ અને ઐશ્વર્ય પામતા વર્ગોના

હિતવાદો જાગતા ગયા ને સ્વાર્થી જોર પકડવા લાગ્યા. ઈર્ષા, અસૂયા અને મત્સર પણ વધતાં ગયાં. આમ જગત ૧૯મા સૈકામાં આગળ જતાં, તેની સ્થિતિ એમ પલટાતી ગઈ. તેવા જગતનાં દુ:ખદારિદ્યનો ઈલાજ શો?— એ પ્રશ્ન ઊઠે.

આના જવાબમાં કહેનાર કહી શકે કે, 'આવો પ્રશ્ન તમે સમાજશાસ્ત્રીને, ફિલસૂફને, રાજ્યશાસ્ત્રીને, કે તેવા લોકોને પૂછી શકો; કલાકારો અને સાહિત્ય-સ્વામીઓને એને માટે ભાગ્યે યોગ્ય પાત્ર ગણાય. માનવ હૃદયના ભાવો અને સમાજ-માનસના રંગોના પારખુ એવા એ લોકો એનો જવાબ જે રીતે આપી શકે, તે રીતે જ આપશે અને એ રીત એમની કલાકૃતિ હશે. એમાંથી જેને જેવો જડે તેવો જવાબ ભલે જુએ. શાસ્ત્રીય પ્રશ્નોના શાસ્ત્રયુદ્ધ ઢબે તર્કશુદ્ધ ઉત્તર આપવા તેઓ બંધાતા નથી. તેમનાથી એ બની ન શકે. તેમનું સર્જન-સાધન જુદી ઢબે કામ કરે છે.' એટલે હ્યૂગોની આ દરિદ્રનારાયણ કથાના મહાભારતમાં આ પ્રશ્નનો ઉત્તર ખોળી શકાય ખરો? કે પછી એ ઉત્તરને માટે તો આપણે એના સમકાલીન માર્ક્સ જેવા લોકોની પાસે જ જવું પડે? માર્ક્સ જેવા વિચારકો નવા સામાજિક દુ:ખદારિદ્યની એ જ પરપીડા જાણીને દ્રવવાની પ્રેરણાથી મનોમંથનમાં પડ્યા હતા. એમનું નિદાન અને ડિકન્સ, હ્યૂગો કે ટૉલ્સ્ટૉય જેવા સાહિત્યકારોનું નિદાન—બે વચ્ચે સામ્ય કે મેળ જોવો ખરો? કે બેને તદ્દન ભિન્ન કોટીના ઉપાય સમજીને ચાલવું?

કદાચ આવો પ્રશ્ન પેદા કરવો—કળાકૃતિ અંગે ઉપસ્થિત કરવો, એ જ ઠીક ખરું? કેમ કે, કવિ, કલાકાર કે સાહિત્યકારો વિચારક-ફિલસૂફ કે વિજ્ઞાનીની ઢબે કે રીતિથી કામ કરતા નથી. કળાનો ન્યાય અને શાસ્ત્ર કે વિજ્ઞાનનો ન્યાય જુદા હોય છે. હ્યૂગો તેની આ કથા વડે—માર્ક્સ તેના 'કૅપિટલ' દ્વારા ચાહતો હતો તેમ,—એને મળતો કાંઈ ઉદ્દેશ્ય કે ઈરાદો મનમાં કલ્પીને ચાલ્યો ન હોય. પોતાના યુગના લોકજીવનને કલા-સમાધિમાં જેવું જોયું, તેવું તેણે આલેખ્યું. એમાં શાસ્ત્રના ન્યાયે નુકતેચીની ન કરવી ઘટે; શાસ્ત્રની તર્ક-કસોટી પર કલાકૃતિને બહુ ચડાવવી ન જોઈએ. શ્રુતિ અને સ્મૃતિમાં જેવો ભેદ છે, કવિ અને ફિલસૂફ કે જ્ઞાનીમાં જેવો ભેદ છે, તેવો ભેદ અહીંયાં પણ સમજવો જોઈએ.

આમ છતાં કલાકૃતિનો આસ્વાદક, પોતાના ખ્યાલમાં આવે એ રીતે તેને નાણવા ને તપાસી જોવા મુખત્યાર છે.

માર્ક્સવાદીઓની રીત શી હતી? સમાજ અને રાજ્યને તેમણે વ્યક્તિ અને તેના ધર્મ કરતાં ચડિયાતું દૈવત માન્યાં. તે વડે સૌને માટે સમાનતાપૂર્વક

સુખી જીવનની જરૂરિયાતો પૂરી પાડવાની વ્યવસ્થા કરનારું બળ રચવું; તેના સંગ્રહ દ્વારા ગરીબાઈ અને ગુનો ઇ૦ દાબવાં – દૂર કરવાં – નામશેષ કરવાં; એમ વર્ગ – વર્ગની વિષમતા વિનાનો સામ્ય-સમાજ રચવો. માનવ હૃદયમાં રહેલા પ્રેમ, ધર્મ, આસ્તિક્ય, ઇ૦ જેવા ભાવોને, આ કામ કરવાનું, ઇતિહાસે, આજ પૂર્વેનાં બધાં સૈકાંમાં સોંપેલું. તેમાં એ બધા દેવાળું કાઢી પરવાર્યા છે; તેમને ભરોંસે હવે ન રહી શકાય. આ રીતના ભાવોને પોષે એવું સાહિત્ય, એવાં કળાં-કૌશલ્ય અને જ્ઞાન વિજ્ઞાન સાચી દિશાવાળાં; બીજાં ખોટાં ને ચિત્તભ્રામક – એમ તે સૂચવે. લોકોમાં જેમને માટે જરૂરી લાગે તેટલાનાં આવાં ચિત્તની શુદ્ધિ પણ નિષ્ઠુર કે કઠોર બનીનેય કરવી, એમ પણ તે કહે.

રાજ્યની આવી સમાજશક્તિમાં અમુક વ્યવસ્થાબળ રહેલું છે, એમ કેટલાક માને છે. કેટલાક લોકો તે સામે – તેના નિંદક એવા અરાજકવાદીઓ પણ પડેલા છે. હ્યૂગોએ આ શક્તિના પ્રતીક રૂપે પોલીસ ઇન્સ્પેક્ટર જાવર્ટ આપણને આલેખી આપ્યો છે. એમાંથી આપણે આ શકિતની શક્તિમત્તા અને એની અશક્તિ બંને જોઈ શકીએ. ૧૯મા સૈકાના યુરોપીય સમાજનું ચિત્ર આપણને વીશીવાળો થેનારડિયર અને તેના શોષણના ભોગ બનતાં સ્ત્રી-બાળક ઇ૦ પાત્રો વડે હ્યૂગો બતાવે છે. આ પાત્રો પરથી જ કથા તેનું નામ પામે છે. ૧૯મા સૈકાનો યુરોપીય સમાજ નવી જ ગરીબાઈ પેદા કરે છે. તેની જ સાથે લોકના શ્રમને ચૂસીને માતબર બનતા નવા ધંધા પણ પેદા કરે છે; અને એ બધાની ભૂમિકા યુરોપનો ૧૯મી સદીનો સામ્રાજ્ય યુગ છે, – જોકે હ્યૂગો એનું ચિત્ર તેની વાર્તામાં નથી દોરતો.

ડી૦ નગરીના બિશપ પરથી એમ માની શકાય કે, માનવહૃદયની મંગલશક્તિ સત્ય ધર્મપાલન દ્વારા પ્રગટ કરી શકાય, તો એમાં કેવું તરણ-તારણ-બળ અને સમાજજીવન-ઉદ્ધારક સામર્થ્ય સંતાયેલું છે, – એ વિષે હ્યૂગો શ્રદ્ધાળુ છે. આ બળ અને તે વડે સર્જાઈ શકતું સામાજિક સામર્થ્ય રાજ્યશક્તિ પર કલ્યાણમય પ્રભાવ પાડી શકે, એમ પણ આપણે આ વાર્તામાં જોઈ શકીએ છીએ. છેવટે કળા એ ચેતન-પૂજા છે, તેની તુલનામાં વિજ્ઞાન એ વસ્તુતાએ જડપૂજા છે. ચેતન વ્યક્તિ પ્રેમગુણ પ્રેરી અને એના અભાવરૂપ દ્વેષ-અસૂયા પ્રત્યે ઘૃણા પ્રેરી અને વ્યક્ત કરી શકે; જડ વસ્તુ પોતાને અંગે ભોગ-અને-પરિગ્રહ-બુદ્ધિ અને ગૃધ્યા પ્રેરી તેને વ્યક્ત કરી શકે. આ બે વચ્ચે મજાનો ગજગ્રાહ ચાલે. હ્યૂગો માનવહૃદયના ચેતનબળની વિલાસ-કથા કહે છે; માર્ક્સ જેવા સમાજવિજ્ઞાનીઓ રાજ્ય, યંત્રબળ ઇ૦ જડ બળોનો સંગ્રહ કરી તેમના વડે લોકોનું ભલું થઈ શકે, એની રાજ્યશાસ્ત્ર-કથા કહે છે.

અહીંયાં એ નોંધવું પડે કે, રાજ્ય, યંત્રબળ ઈ૦ જડ સાધનો પણ, અંતે જોતાં ચેતન એવા માનવો વડે જ સતેજ કે સક્રિય બની શકે. અરે, જેવો સરમુખત્યાર તેવું જ તેનું તાનાશાહી ચિત્ર બનશે ને? આમ વિચારતાં, કલાની ચેતનપૂજા બલવત્તાર ગણાય; વિજ્ઞાનની વસ્તુપૂજા, છેવટે જોતાં, મોટી સવડ જ ગણાય.

હ્યૂગોની આ કથા આજના યુગમાં પણ ખૂબ રસથી અને લાભપૂર્વક વંચાય છે, તે બતાવે છે કે, વ્યક્તિ અને વસ્તુ વચ્ચે જ પસંદગી કરવાની હોય, તો વ્યક્તિ જ ચડે; કેમ કે, પસંદગી વ્યક્તિ જ કરે છે. વસ્તુ વ્યક્તિ માટે છે, નહીં કે વ્યક્તિ વસ્તુ માટે, આજના જડવાદો વ્યક્તિને વસ્તુ માટે બતાવીને દુનિયાનો ધાર્યો ઘાટ ઉતારવા તાકે છે, એમ ખરું. છતાં, તે સિદ્ધાન્તના પિયેર રૂપ એવા રશિયામાં પણ ટૉલ્સ્ટૉય ઈ૦ જેવા સાહિત્ય-સ્વામીઓ રસપૂર્વક પાછા વંચાય છે. એ બતાવે છે કે, માનવહૃદય છેવટે છે તેવું જ છે. તેનો પ્રેમ અન્ય માટે છે; પ્રેમપાત્ર જનોને સારુ ઘસાઈ મરવાને માટે તે હૃદયમાં ઊંડી ભાવના પણ છે જ. આ તે કાયદા-કાનૂન દ્વારા તેમાં ભાગ્યે ફેરફાર કરી શકાય. ગરીબાઈ ઈ૦ ગુનો નથી; પરંતુ આવા માનવપ્રેમ કે હૃદયધર્મનો દ્રોહ એ મૂળ ગુનો છે. આવા પ્રેમધર્મની સાક્ષાત્ વફાદારીનું આ કથાચિત્ર વાંચતાં અપૂર્વ સંતોષ અને આત્મતૃપ્તિ થાય છે. ભાઈ ગોપાળદાસની આ બીજી ચોપડી માટે કાંઈક લખવાને વિષે હ્યૂગોની આ કથાનું ચિંતન-મનન કરવાની જે તક મળી, તેને માટે આભારપૂર્વક, તે મહાન માનવકથાકાર માટેની આ મારી કૃતાંજલિ પૂરી કરું છું.

૨૪-૧૦-૧૯૬૩ મગનભાઈ દેસાઈ

અલેકઝાન્ડર ડૂમા કૃત

"થ્રી મસ્કેટિયર્સ"

સંપાદક : ગોપાળદાસ જીવાભાઈ પટેલ

વિશ્વના સાહિત્ય સમ્રાટોની કૃતિઓ વાંચીને પરિપુષ્ટ થાવ

[સાચા પ્રેમ-શૌર્યના પ્રસંગોના રત્નજડિત આભૂષણથી ઓપતી અલેકઝાન્ડર ડૂમાની પાંચ નવલકથાઓનું જૂથ સ્વ. ગોપાળદાસ જીવાભાઈ પટેલે ત્રણ દાયકા પહેલાં ગુજરાતી વાચકને ભેટ ધર્યું હતું. વર્ષોથી આ નવલકથાઓ અપ્રાપ્ય છે. ગોપાળદાસ પટેલના શતાબ્દી પર્વમાં તેમની અપ્રાપ્ય કૃતિઓ ફરીથી છપાવવાની યોજના વિચારવામાં આવી છે. એ પુસ્તકની પ્રથમ આવૃત્તિના આવકારના 'બે બોલ' સ્વ. કલ્યાણજી વિ. મહેતાએ લખેલા તેને ટૂંકાવીને સાભાર અહીં ઉતાર્યા છે.]

ડૂમાની વિશ્વવિખ્યાત નવલકથાઓ

થ્રી મસ્કેટિયર્સ – ૧ યાને પ્રેમશૌર્યના રાહે !	૧૫૦.૦૦
થ્રી મસ્કેટિયર્સ – ૨ યાને વીસ વર્ષ બાદ !	(પ્રેસમાં)
થ્રી મસ્કેટિયર્સ – ૩ યાને કામિની અને કાંચન	(પ્રેસમાં)
થ્રી મસ્કેટિયર્સ – ૪ યાને પ્રેમ-પંક	૧૫૦.૦૦
થ્રી મસ્કેટિયર્સ – ૫ યાને દગા કિસીકા સગા નહિ !	૧૫૦.૦૦
'કાઉન્ટ ઑફ મૉન્ટેક્રિસ્ટો' યાને આશા અને ધીરજ	૩૦.૦૦

ગુજરાતમાં કોઈ ડૂમા નહિ પાકે ?

[બે બોલ]

પ્રેમ-શૌર્યના રાહે માથાં મૂકીને વિચરનારા ફ્રાંસના રાજા ૧૩મા લૂઈના ત્રણ શૂરવીર તલવારિયાઓની જયગાથા તે "થ્રી મસ્કેટિયર્સ."

જગતના સાહિત્ય-સમ્રાટોમાં અલેકઝાંડર ડૂમાનું નામ જાણીતું છે. એમણે ફ્રેન્ચ ભાષામાં લખેલી અદ્ભુત નવલકથાઓએ લાખો માણસોને આકર્ષ્યા છે.

અને અનેક ભાષાઓમાં તેમનાં રૂપાંતર થયાં છે. આ અને એવા બીજા નામી સાહિત્ય-સમ્રાટોનાં કેટલાંક પુસ્તકો અત્યાર પહેલાં ગુજરાતીમાં પણ ઊતર્યા છે પરંતુ બધાંની અથવા એમાંનાં મુખ્ય મુખ્યની પ્રસાદી સીલસીલાબંધ શિષ્ટ, સરળ અને શુદ્ધ ગુજરાતીમાં સુંદર છપાઈ અને ઉઠાવ સાથે આપવાનું બીડું તો પરિવાર પ્રકાશન સહકારી મંદિરે જ ઝડપ્યું છે. તે માટે એના સંસ્થાપક –ઉપપ્રમુખ સ્વ૦ મણિભાઈ વાઘજીભાઈ પટેલ, મંત્રી ભાઈ પુ૦ છો૦ પટેલ અને એનું ગુજરાતી રૂપાંતર કરનાર ભાઈશ્રી ગોપાળદાસ જીવાભાઈ પટેલને અભિનંદન ઘટે છે.

કથાપ્રવાહ એવો સરસ વહે છે કે, જાણે આપણે કોઈ રૂપાંતર કે અનુવાદ નથી વાંચતા પણ મૌલિક કથા જ વાંચીએ છીએ, એમ લાગે છે. કોઈ ઠેકાણે કશો ખાડો ટેકરો નડતો નથી. ૫૦૦ કરતાં વધુ પાનામાં સમાવાયેલો આ સંક્ષેપ પણ એવી ખૂબીથી કરવામાં આવ્યો છે કે, કશી ત્રુટી અનુભવાતી નથી કે રસની ક્ષતિ પણ થતી નથી. આવી સરસ અને સુરેખ અનુવાદની હથોટીને માટે ભાઈ ગોપાળદાસ વિશેષ અભિનંદનના અધિકારી છે.

આપણા દેશમાં સ્વામી-ભક્ત શૂરવીરો, શુદ્ધ પ્રેમના ઉપાસકો તથા શિર સાટે ક્ષાત્રવટ સાચવનારાઓની તેમ જ તેમનાં પરાક્રમો અને સ્વાર્પણના દૃષ્ટાંતોની અછત નથી અને તેમને બિરદાવનારા પણ નથી મળ્યા એમ નથી. પરંતુ તેમને વિશેષ ઝળકાવવા માટે કોઈ "ડૂમા"ની કલમની અપેક્ષા તો રહે છે જ.

"થ્રી મસ્કેટિયર્સ"માંના ત્રણ બરકંદાજો – પરાક્રમી તલવારિયાઓ ઍથોસ, પૉર્થોસ, ઍરેમીસ તથા ચોથો બરકંદાજ થવાની મહત્ત્વાકાંક્ષા ધરાવનાર (અને પાછળથી એ પાર પાડનાર) ફ્રાંસના ગ્રામપ્રદેશ ગાસ્કનીનો દાર્તેનો, —આપણને તેમનાં અભૂતપૂર્વ પરાક્રમો, હૈયા-ઉકલત અને છાતીથી દંગ કરી નાખે છે. એ પુસ્તકમાં ફ્રાંસ, ઈંગ્લૅન્ડ તથા પાડોશી દેશોના સત્તરમી સદીના રાજકારણની અને રાજમહેલની તથા સત્તાવાંછુઓની ખટપટોની હૂબહૂ છબી ઉપસાવવામાં આવી છે.

આ પુસ્તકના "બે બોલ" લખવાનું મારું ગજું નથી. કારણ કે હું નથી નવલકથાકાર, નથી વિવેચક કે નથી તો નવલકથાઓનો ખાસ રસિયો. છતાં ગાંધીયુગની લડતોના એક સૈનિક તરીકે મારે "બે બોલ" લખવા એવી ભાઈ પુ૦ છો૦ પટેલની ઈચ્છાને અવગણી નહિ શકવાથી જ છેવટે બે શબ્દ લખવાનું મેં સ્વીકાર્યું છે.

આ પુસ્તકોનું હાર્દ છે પ્રેમ-શૌર્ય. એ શબ્દને આપણે ત્યાં ચલણી સિક્કાનું રૂપ આપ્યું આપણા વીર નર્મદે :

"ધ્વજ પ્રકાશશે ઝળળળ કસુંબી પ્રેમ-શૌર્ય અંકિત,
તું ભણવ ભણવ નિજ સંતતિ સહુને પ્રેમ-ભક્તિની રીત,
ઊંચી તુજ સુંદર જાત, જય જય ગરવી ગુજરાત."

કવિઓને દ્રષ્ટા પણ કહ્યા છે. નર્મદે ઉપરની પંક્તિઓ રચી તે પછી થોડા જ દાયકામાં ગુજરાતની સંતતિને, અરે ગુજરાતની જ નહિ, સારા ભારતની સંતતિને અને આગળ વધીને કહીએ તો દુનિયાના સંસ્કૃત મનાતા ખંડો તથા અંધારા પ્રદેશોની સંતતિને પણ પ્રેમ અને શૌર્યના અનોખા પાઠ અનોખી રીતે પઢાવનાર અને એ અનોખી રીત બતાવનાર ગાંધી ગુજરાતમાંથી જ પાકશે અને ભારતમાતાની શૃંખલા એ જ તોડાવશે, એવું કોણે કલ્પ્યું હતું ?

"પૈસા-ઘડુ"નું અળખામણું નામ પામેલા ગુજરાતમાંથી પણ ગાંધીજીના થોકબંધ બરકંદાજો જિલ્લે જિલ્લે પાકશે અને તેઓ આ કથાના પેલા બરકંદાજોની પેઠે યુદ્ધના આહ્વાનને ઝીલી લેશે કે માથે લીધેલી જવાબદારી અદા કરતાં મોતના મોઢામાં પણ લેશમાત્ર થડકાટ વિના ઝુકાવી દેશે અને પોતાના સેનાપતિના અણસારા માત્રથી લાઠી કે ગોળીબારો, કારમા જેલવાસનાં આમંત્રણો અને મિલ્કતોની ફનાગીરી રૂંવાડું પણ ફરકવા દીધા વિના સહર્ષ ઝીલી લેશે, એવું કોણે કલ્પેલું ?

નાનાં નાનાં દૂધમલ બાળકો, અબળા મનાતી સલૂણીઓ, વરણાગિયા યુવાનો, રીઢા આધેડો, અને નિવૃત્તિ ઝંખતા વાનપ્રસ્થીઓની પણ વણઝારો બલિદાન માટે વણથંભી ચાલી નીકળશે, એવું ભવિષ્ય કયા નજૂમીએ ભાખેલું ?

ગુજરાતના બે નામચીન બહારવટિયા – વિઠ્ઠલભાઈ અને વલ્લભભાઈ. વિઠ્ઠલભાઈની હિંમત અને રાજકારણ-પટુતા; વલ્લભભાઈનો વજ્રસંકલ્પ અને ગાંધીજી તથા દેશ પ્રતિની અનન્ય ભક્તિ અને આદર્શ માટે સર્વસ્વનો ઉલાળિયો કરવાની વીર વૃત્તિ, જેને પરિણામે અશોકના કાળમાંયે ન હતું એવું એકસૂત્રિત ભારત લોહીનું એક ટીપુંય પાડ્યા વિના અને ચપટી વગાડીએ એટલા સમયમાં સરજી દેવાયું ! જગતભરના ઇતિહાસમાંથી આવી સિદ્ધિનો જોટો કોઈ શોધી આપશે ?

વેંત ભોંય માટે માજણ્યાંનાં ગળાં કાપવા તૈયાર થનાર અને હાઈકોર્ટ સુધી લડીને મમતમાં ખુવાર થનારા સમાજના કળણમાંથી બહાર નીકળી આવી,

હસતે મોંએ પોતાનું નાનકડું રાજપાટ ભારતમાતાને ચરણે ન્યોછાવર કરી દેનાર દરબાર દંપતી (ગોપાળદાસ અને ભક્તિબા); ક્રાંતિના ભેખધારી નરસિંહકાકા ને "ડુંગળીચોર"નું બિરુદ પામેલા મોહનલાલ પંડયા, ચાલવાનું રમત માનનારા, ધારાળાના ગોર રવિશંકર મહારાજ; ગુજરાતના છોટા સરદાર, આજીવન લડવૈયા ડૉ. ચંદુભાઈ અને પુરાણી બંધુઓ; ખેડાના ગોકળદાસ બાપુ અને ફુલચંદભાઈ શાહ; સૌરાષ્ટ્રના સમર્થો બલ્લુભાઈ મહેતા, મણિલાલ કોઠારી અને અમૃતલાલ શેઠ;

—સત્યાગ્રહ આશ્રમનાં રત્નો ઈમામ સાહેબ અને મગનલાલ ગાંધી; સમર્થ વિદ્વાન કાકા કાલેલકર અને વિનોબા ભાવે; મહાદેવભાઈ અને મશરૂવાલા; નરહરિભાઈ અને નારાયણ ખરે; નારણદાસ ગાંધી અને પ્યારેલાલ; મામા ફડકે અને છોટેલાલજી; સ્વામી આનંદ અને સૌમ્યમૂર્તિ સુરેન્દ્રજી; રમણિકભાઈ મોદી અને છગનલાલ જોષી; હઠયોગી ભણસાળી અને લક્ષ્મીદાસ આસર;

—એ સિવાય સૌરાષ્ટ્રના રાષ્ટ્રીય શાયર, મેઘાણી અને દુલા કાગ; શિવજીભાઈ અને રાયચૂરા; ફૂલચંદભાઈ અને શિવાનંદજી; કેળવણીકાર નાનાભાઈ ભટ્ટ અને ગિજુભાઈ બધેકા; હરભાઈ ત્રિવેદી અને મનુભાઈ પંચોળી; શામળદાસ ગાંધી અને રતુભાઈ અદાણી; ઢેબરભાઈ અને વજુભાઈ; રસિકભાઈ પરીખ અને જાદવજી મોદી; સોપાન અને કથાકાર રામનારાયણ પાઠક; કચ્છના પ્રેમજી પટેલ અને પ્રેમજી ઠક્કર અને અંતાણી;

—સાબરકાંઠાના વયોવૃદ્ધ મથુરદાસ ગાંધી અને તેમનો પરિવાર;

—અમદાવાદનાં મજૂર મહાજનનાં અગ્રણીઓ અનસૂયાબહેન અને શંકરલાલ બૅંકર; ગુલઝારીલાલ નંદા અને ખંડુભાઈ દેસાઈ; સોમનાથ દવે ને શ્યામપ્રસાદ વસાવડા; અને મોહનભાઈ વ્યાસ; માવલંકર દાદા અને લાલા કાકા; હરિપ્રસાદ ડૉક્ટર અને હરિપ્રસાદ મહેતા; ઈન્દુલાલ યાજ્ઞિક અને નંદલાલ શાહ; ડૉ. મોતીભાઈ; મૂળદાસ વૈશ્ય;

—વિદ્યાપીઠના આચાર્યો ગિદવાણીજી અને કૃપલાણીજી; રામનારાયણ પાઠક અને મગનભાઈ દેસાઈ; મુનિ જિનવિજયજી અને પંડિત બહેચરદાસજી; પંડિત સુખલાલજી અને ગોકુળભાઈ ભટ્ટ; વિઠ્ઠલદાસ કોઠારી અને જેઠાલાલ ગાંધી;

—વિદ્યાપીઠનું ધાવણ પામેલા રંગ અવધૂત અને મંગળભાઈ મહેતા; ચુનીભાઈ મોટા અને ભક્ત કવિ સુંદરમ્; અમૃતલાલ નાણાવટી અને ચંદ્રશંકર શુક્લ;

—કવિઓ ઉમાશંકર જોષી અને ઝીણાભાઈ સ્નેહરશ્મિ; અછૂતો અને પદદલિતોના સેવકો પરીક્ષિતભાઈ અને ડાહ્યાભાઈ નાયક; વીર-પુત્રીઓ મણિબહેન પટેલ, સંસ્કારમૂર્તિ ઈન્દુમતી શેઠ અને પઠાણી મિજાજનાં મૃદુલા સારાભાઈ; વિવિધ ક્ષેત્રે નામ કાઢનારા ઠાકોરભાઈ દેસાઈ અને ગોરધનદાસ ચોખાવાલા, રામલાલ બક્ષી અને ગોપાળદાસ પટેલ; ચાંપાનેરિયા અને દિનકર મહેતા; કરીમભાઈ વોરા; પ્રભુદાસ ધોળકિયા;

—મર્દ માસ્તરો બલ્લુભાઈ ઠાકોર ને જીવણલાલ દિવાન; ઠાકોરભાઈ ઠાકોર અને દામુભાઈ શુક્લ; તેજીલા તોખારો અર્જુનલાલા અને રમણલાલ જાની; રામપ્રસાદ કોન્ટ્રાક્ટર અને ડાહ્યાભાઈ મહેતા; કે. ટી. અને કાશી પારેખ; સેવાદળના ઈનામદાર ને મનુભાઈ પટેલ;

—પટેલો મગનભાઈ ર૦ અને મગનભાઈ ભી૦, વીર વણિકો શોધન અને વાડીલાલ મહેતા; વક્રોક્તિવિશારદ જયંતી દલાલ અને 'ચેઈનસ્મોકર'; ભવાનીશંકર મહેતા અને છોટાભાઈ ડૉક્ટર; મેયર મણિભાઈ ચતુરભાઈ;

—'નવજીવન'ના જીવણજી દેસાઈ અને ધીરુભાઈ નાયક; ધોળકા-ધંધુકાના સેવક ડાહ્યાભાઈ પટેલ, માણેકલાલ શાહ અને આણંદજીવાળા; આશ્રમના કુરેશી અને માણેકલાલ વખારિયા રાધનપુરી;

—પાલનપુરના ડાહ્યાભાઈ મહેતા અને જી જી.; મહેસાણાના વિજય-કુમાર ત્રિવેદી ને રામચંદ્ર અમીન; સાંકળચંદ અને પુરુષોત્તમ પટેલ; મોહન-ભાઈ અને માનસિંહ પૃથ્વીરાજ; આણંદના ભાઈકાકા અને ભીખાભાઈ; ઈશ્વરભાઈ પટેલ અને રાવજીભાઈ અખાડિયન;

—પંચમહાલના વીર વામનરાવ; ડૉક્ટર માણેકલાલ અને માણેકલાલ ગાંધી; ભીલોના ઉદ્ધારક ઠક્કરબાપા; શ્રીકાંતભાઈ; સુખદેવ ત્રિવેદી; વડોદરાના બુઝર્ગ યુવાન અબ્બાસ સાહેબ અને ડૉ. સુમંત મહેતા; સૂતરિયા; નીકતે અને ચૂનીભાઈ શાહ; મુનશી અને લલિત દિવાનજી; મગનભાઈ પટેલ અને ચિમનભાઈ અમીન;

—ભરૂચના હરિભાઈ અમીન અને દિનકરરાવ દેસાઈ; મોતીલાલ વીણુ અને શિવશંકરભાઈ; ચંદ્રશંકર ભટ્ટ અને લજપતરાય; છોટુભાઈ પટેલ; અંબાશંકર અને વિનોદચંદ્ર શાહ;

—ચરોતરના ડૉ. ભાસ્કરભાઈ પટેલ અને રાવજીભાઈ નાથાભાઈ; શિવાભાઈ આશાભાઈ અને શિવાભાઈ ગો૦; દેસાઈભાઈ પટેલ અને બબલભાઈ મહેતા; માધવલાલ શાહ અને બાબુભાઈ પટેલ; રાસના આશા-

ભાઈ પટેલ અને શૂરા શામળભાઈ; બદલપોરના અંબાલાલ પટેલ અને બોરસદના ભોગીલાલ ચોકસી; ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના સાથી રાવજીભાઈ મણિભાઈ; કપડવણજના હરિલાલ દેસાઈ અને શંકરલાલ શાહ;

—કોમી એકતાના પ્રતીક સમા શહીદો વસંત અને રજબ; ગુજરાત કૉલેજના ખમીરવંતા વિનોદ કિનારીવાળા અને અડાલજમાં છાતીમાં ગોળીઓ ઝીલનાર કૉલેજિયનો; કળાગુરુ રવિશંકર રાવળ અને બચુભાઈ;

—સુરત જિલ્લાના દલુ અને કલુ, કુંવરજીભાઈ અને પરાગજીભાઈ; ખુશાલભાઈ અને કેશવભાઈ; ભડવીર મોરાર પટેલ અને મકનજી સોમા; સિકેરના ડાહ્યાભાઈ અને કલ્યાણજી વહાલજી; જુગતરામભાઈ અને ચુનીભાઈ મહેતા; ચિમનભાઈ ભટ્ટ અને ગોરધનબાપા તથા મકનજીબાપા; ચીખલીના વલ્લભભાઈ અને જીવણજીભાઈની તળપદી જોડી;

—બારડોલી વાલોડના કપિલરામ વ્યાસ અને રમણીકલાલ વ્યાસ; વરાડના ટેકીલા છીતાદાદા અને એક કાળે સરકારના થાંભલા મનાતા પણ નાકરના અગ્રણી બની વન વન ભટકેલા નારણજી કુંવરજી; પૂણીના ભીમભાઈ, છોટુભાઈ અને વિનોદી છગનભાઈની ત્રિપુટી; બે બંધુની જોડીઓ ઓલપાડના પ્રમોદભાઈ અને હિતુભાઈ, કતારગામના લલ્લુભાઈ અને ભીખુભાઈ; પાટીદાર આશ્રમની કાંઠાની પાણીદાર પ્રભુ ત્રિપુટી (પી. એસ., પી. સી. અને પી. એમ.); ઝીણાભાઈ સૅન્ડો અને છગન પટેલ; કરાડીના અડીખમ પાંચા પટેલ અને કાંઠાના નવલોહિયા ગોસાંઈભાઈ; સિસોદરાના કેશવરામ ત્રિવેદી અને મણિભાઈ પટેલ; હિજરત વખતે જેનું ઘર છાવણી બનેલું તે ગુલાબભાઈ ઝવેરી અને કાશીભાઈ પટેલ; ચાંદોરીકર અને તામણકરની મહારાષ્ટ્રિયન જોડી; લાલભાઈ નાયક અને લલ્લુભાઈ મ૦ પટેલ; છોટુભાઈ વકીલ અને ડૉ. ખડુભાઈ; વસંત દેસાઈ અને રામભાઈ પટેલ; વલસાડના બરજોરજી વિકાજી અને નાથુભાઈ દેસાઈ; વકીલો મનુભાઈ અને ગોપાળજીભાઈ; ડાક્તરો મદનજીત અને જેટલી; નાગરદાસ ગોળવાળા અને નિછાભાઈ ગોવિંદજી; પારડીના ડૉ. ઉત્તમલાલ મહેતા અને દીવાવાલા; મહાદેવથીયે મોટા છોટુભાઈ દેસાઈ અને સુશીલચંદ્ર જોષી; અંબાલાલ અને ડાહ્યાભાઈ પટેલ; માંડવી મહુવાના પ્રેમશંકર ભટ્ટ અને નવનીત શુક્લ; વ્યારાના પંડિત ગોવિંદરાવ અને કાલિદાસ ભક્ત,

—ચીખલીના છોટુભાઈ દેસાઈ અને બાલુભાઈ; ધીરુભાઈ મણિભાઈ અને મણિભાઈ ભગવાનજી; નૂરમિયાં અને વસનજીભાઈ; વાંઝણાના દુર્લભભાઈ અને ભૂલાભાઈ; ડૉ. ગુલામભાઈ અને ધીરુભાઈ દેસાઈ; સુરતના ડૉ. લિસા

અને ચિનાઈ; નરમાવાળા અને કાળાબાવા; મારફતિયા અને લોખંડવાલા; ત્રિમૂર્તિ ઈશ્વરલાલ, વીમાવાલા અને વેરાગીવાલા; ખાંડવાલા અને સરૈયા; જરીવાલા અને તમાકુવાલા તથા અનાવિલ આશ્રમના દલપતભાઈ દેસાઈ અને પાટીદાર આશ્રમના ભાઈલાલભાઈ – નરોત્તમભાઈ અને એ સૌના શિરમોર કાનજીભાઈ અને મોરારજીભાઈ; રઘનાથજી નાયક; ઉત્તમચંદ શાહ; સન્મુખલાલ શાહ; ભજનિક ઉમેદરામ;

—મુંબઈના ગુજરાતી સમાજના અગ્રણીઓ ધારાશાસ્ત્રી ભુલાભાઈ દેસાઈ અને કનૈયાલાલ મુનશી; નગીનદાસ માસ્તર અને મંગળદાસ પકવાસા; અભ્યાસીઓ અશોક મહેતા અને યુસુફ મહેરઅલી; સેવકો ભાનુભાઈ અને ગણપતિશંકર; ભવાનભાઈ અને ડૉ. જીવરાજભાઈ મહેતા; જેલવાસીઓના યજમાન જે. પી. ત્રિવેદી સાહેબ અને પર્ણકુટિરવાળાં પ્રેમલીલાબહેન ઠાકરશી; સૌજન્યમૂર્તિ વૈકુંઠભાઈ મહેતા અને સંસ્કારી ગગનવિહારી મહેતા; કે. કે. શાહ અને ડૉક્ટર ગિલ્ડર; કાકુભાઈ અને જેરાજાણી; ઓઝા ને કાપડિયા; રતિભાઈ અને દિલખુશભાઈ;

—પારસી અગ્રણીઓ નરીમાન અને બરજોરજી ભરૂચા; સોલી બાટલીવાલા અને બહેરામ મહેતા; મુસ્લીમ રાષ્ટ્રવાદીઓ ઝાબીરઅલી અને આબીદઅલી; સ્ત્રીરત્નો હંસાબહેન અને જયશ્રીબહેન; પેરીનાબહેન અને નરગીસબહેન; લીલાવતીબહેન અને કપિલાબહેન; મણિબહેન નાણાવટી અને મણિબહેન દેસાઈ;

—તે જ રીતે ગુજરાતની સ્ત્રીશક્તિમાંથી પણ કસ્તુરબાને પગલે મીઠુબહેન પીટીટ અને સરલાબહેન સારાભાઈ; જ્યોત્સ્નાબહેન અને વસુમતીબહેન; રોહિણી અને હમીદા; વડોદરાનાં કુસુમબહેન અને ભરૂચનાં હેમલતા; ખેડાનાં ડાહીબહેન અને પુષ્પાબહેન; અમદાવાદનાં નંદુબહેન કાનૂંગા અને પુષ્પાબહેન મહેતા; વિજયાબહેન દેસાઈ અને ગંગાબહેન ઝવેરી; આશ્રમનાં દુર્ગાબહેન અને મણિબહેન પરીખ; રમાબહેન જોષી અને ગંગાબહેન વૈદ્ય; સુરતના પાટીદાર આશ્રમમાંથી ચીંથરાંભેર નાનાં બાળકો સાથે બહાર કાઢેલાં ગંગા પટલણ અને સુરતના સિંહ દયાળજીભાઈનાં માતુશ્રી અનાવિલ આશ્રમવાળાં ગંગાબહેન દેસાઈ;

—આ બધાં અને એવાં બીજાં અનેકાનેક : ગાંધીજીના બરકંદાજોનો ફાલ (જેવો તેવો નહિ અને નાનો સૂનો પણ નહિ) : એમાંના કેટલાંયના જીવન તો સમૂળી ક્રાંતિથી પલટાયાં. આ સૌનાં દેશપ્રેમ, શૌર્ય અને દિલેરીને ગૂંથી દેનાર કોઈ ડ્રામા ગુજરાતમાં નહિ નીકળે?

આ પુસ્તકના વાચન પછી અને ફ્રાંસ તથા ઈંગ્લૅન્ડની વીસ વર્ષ પછીની સ્થિતિની તુલના સાથે આપણા દેશની આઝાદીના સમયની અને તે પછીનાં ૧૮ વર્ષો પછીની આપણી સ્થિતિની તુલના કરનાર આ પુસ્તકના અનુવાદકની હૃદયબળતરા સમજી શકશે.

પ્રકાશકના નિવેદનમાં ભાઈ મણિભાઈએ લખ્યું છે કે, "આ નવલકથા છપાઈને બહાર પડશે ત્યારે શી સ્થિતિ હશે કે થશે, તેની કલ્પના ન કરી શકાય એવા દુઃખદ પલટા આપણા દેશનાં બધાં ક્ષેત્રોમાં આવવા લાગ્યા છે. અને મારા જીવનની આથમતી સંધ્યાએ, આ લખતી વેળા મારું મન શંકાગ્રસ્ત થઈ જાય છે."

આ શબ્દો કેટલા સાચા પડયા! ગાંધીજીનો મોટામાં મોટો વારસ ને જગન્માન્ય જવાહર પંચત્વ પામ્યો અને તેનાં અસ્થિ-ફૂલો આજે ભારતનાં ખેતરોમાં એકાકાર થયાં. વળી આ પુસ્તકનું પ્રકાશન જોવા એના પ્રકાશક ભાઈ મણિભાઈ પણ ન રહ્યા, એ કુદરતનો કેવો સંકેત!

વર્ષો પહેલાં મેં લખેલી અને અસહકાર યુગમાં શહેરે શહેર અને ગામે ગામ અનેક કંઠે ચઢી ગયેલી "દીવાલો દુર્ગની ફાટે"માંની –

"હજારો રોગની જ્વાળા દવાના બુંદના વિના
બુઝાશે શાંતિ સિંચાશે તમારી આત્મશ્રદ્ધા તો."

આ પંક્તિના શ્રદ્ધા-ગાન સાથે આપણે સ્વ૦ મણિભાઈના શબ્દોથી સમાપ્તિ કરીશું: "ભારત ભૂમિ કદી વિભૂતિ-વિહોણી રહી નથી, અને રહેવાની નથી."

કસ્તુરબા સેવાશ્રમ, મરોલી, — કલ્યાણજી વિ૦ મહેતા
જવાહર અસ્થિ વિસર્જન દિન,
તા. ૮-૬-૧૯૬૪

ગુનો અને સજા

[‘ક્રાઈમ ઍન્ડ પનિશમેન્ટ’]

લે૰ ફ્યોડર ડસ્ટયેસ્કી સંપા૰ ગોપાળદાસ પટેલ

ઉપોદ્‌ઘાત : નિરંજન વામનરાવ ધોળકિયા કિં૰ ૧૨–૦૦

ઉપોદ્‌ઘાત

જૂના ગાઢ સંબંધને લીધે અને જરા પક્ષપાત હોવાથી આ અમર કૃતિના વિદ્વાન સંપાદક મુરબ્બીશ્રી. ગોપાળદાસ પટેલે તેના ઉપોદ્‌ઘાત તરીકે, આવકારના બે બોલ લખી આપવા મને આજ્ઞા કરી અને ભાઈશ્રી પુ૦ છો૦ પટેલે પ્રેમથી દબાણ કર્યું તેથી હું જરા મૂંઝવણમાં મુકાઈ ગયો. સાહિત્યક્ષેત્રે મારો કોઈ દાવો હતો નહિ અને છે નહિ. ફક્ત થોડોઘણો સાહિત્યનો પ્રેમી અને ભોક્તા હું છું એટલું જ.

પરંતુ મારી મૂંઝવણ બાજુએ રાખી તેમની પ્રેમાળ આજ્ઞાને વશ થઈ, વિશ્વ-સાહિત્યમાં અમર થયેલી આ રશિયન કથા ગુજરાતીમાં સુંદર સ્વરૂપે ઊતરતી જોઈને તેને સહર્ષ આવકાર આપવા પૂરતા આ બે બોલ ઉપોદ્‌ઘાત તરીકે લખવાની ધૃષ્ટતા, મારી મર્યાદાઓ સમજતો હોવા છતાં, મેં કરી છે, તેની શરૂઆતમાં જ હું સ્પષ્ટતા કરી લઉં છું.

જગત-સાહિત્યમાં કેટલીક કૃતિઓ તેમનું સ્થાન ચિરકાળ સુધી પ્રાપ્ત કરી લે છે. આધુનિક જગત-સાહિત્યની આવી કૃતિઓમાં “ક્રાઈમ ઍન્ડ પનિશમેન્ટ” એ નવલકથાએ તેનું અનોખું અને આગવું સ્થાન મેળવી લીધેલું છે, તેવો સર્વમાન્ય અભિપ્રાય છે. લગભગ દરેક ભાષામાં આ મહા-નવલનો અનુવાદ થયેલો છે.

આધુનિક જગત-સાહિત્યમાં ફ્રાંસ અને રશિયાએ મહાન અને સમર્થ સાહિત્ય-સ્વામીઓ આપ્યા છે. અને તે પૈકીના એક તે ફ્યોડર ડસ્ટયેસ્કી. તેમનો જન્મ મૉસ્કોની એક સામાન્ય હૉસ્પિટલમાં થયેલો. તેમના પિતા એક ડાકટર હતા.

૨૩ વર્ષની વયે ડસ્ટયેસ્કીએ પહેલવહેલી "પુઅર ફોક" નામની નવલકથા લખી. ત્યાર પછી જે સર્જનો થયાં તેમાં "ક્રાઈમ ઍન્ડ પનિશ-મેન્ટ"-ને શિરમોર તરીકે ચોક્કસ ગણાવી શકાય. તેમનું જીવન અનેક વિટંબણાઓ અને મુશ્કેલીઓમાંથી પસાર થયેલું. ઓમ્સ્કમાં પણ તેમણે ૧૮૪૯ થી ૧૮૫૪ સુધી ક્રાંતિકારી પ્રવૃત્તિઓ સારુ કારાવાસ ભોગવેલો. સને ૧૮૮૧માં તેમનું અવસાન થયું ત્યાં સુધી આર્થિક મુશ્કેલીઓ ઘેરાયેલી જ રહેલી. આવી વિષમ પરિસ્થિતિમાંથી આ મહાન સાહિત્યસ્વામીએ જગતને અદ્ભુત સાહિત્ય પીરસ્યું છે.

"ક્રાઈમ એન્ડ પનિશમેન્ટ"નાં જે બે પાત્રો વાચકના ચિત્ત-તંત્રમાં હંમેશને માટે અંકાઈ રહે છે, તે કથાનાયક રાસ્કોલ્નિકોવ અને સોનિયા. કથાનાયક ખૂન કરી બેસે છે. પરંતુ પકડાતો નથી. પોતાના ગુના સારુ બચાવો શોધે છે. પોતાના ગુના સારુ સબળ કારણ છે, એવી દલીલો કરે છે. બુદ્ધિનો વ્યભિચાર આદરે છે. ઈશ્વરમાં તેને અશ્રદ્ધા છે. ગરીબાઈને લીધે સમાજ પ્રત્યે એક પ્રકારનો દ્વેષ છે. પરંતુ વાસ્તવિકતાએ એ નબળો, ગાભરૂ છે. જીવન-સંગ્રામમાં પડવાને તૈયાર નથી. પોતાનાં અપકૃત્યો અને પોતાની નિષ્ફળતાઓ સારુ બીજાને દોષિત ગણવાની મનોવૃત્તિ સેવ્યા કરે છે. આ નિર્માલ્યતાનું કારણ શું છે? એ પ્રશ્ન આ નવલમાં ઊભો થાય છે. એનો જવાબ તેની અંદર જ સમાયેલો છે. કથાનાયક સ્વાર્થી છે. ચારિત્ર્યનું બળ એની પાસે નથી. નીતિનો અભાવ એને સમર્થ બનાવી શકતો નથી. કાંઈ પણ સિદ્ધાંત ઉપર એનું જીવન ઘડાયું નથી.

આવા પુરુષને બળવાન બનાવી શકાય? ખમીરવંતો બનાવી શકાય? જીવનસંઘર્ષમાં ઊભો રહે એવો બનાવી શકાય? આ એક જૂનો કોયડો છે. અનેક સંસ્કૃતિઓમાં આ પ્રશ્ન ઊભો થયો છે. રશિયાના યુવાન વર્ગની તે સમયની માનસિક પરિસ્થિતિનું આ પાત્ર દ્યોતક છે.

આ મુશ્કેલ કોયડાનો ઉકેલ આ મહાન સાહિત્યસ્વામીએ આપ્યો છે. અને તે અત્યંત કુશળતાથી, અપાર કરુણાથી અને માનવ ચિત્તના અંતસ્તલમાં ડૂબકીઓ મારીને.

એક સીધી સાદી ભોળી અને ધર્મભીરુ સ્ત્રીનો પ્રેમ આ ચમત્કાર સર્જે છે — આ ભાગી ગયેલા પુરુષનો હૃદયપલટો કરે છે, જેથી તે પોતાનાં અપકૃત્યોનું ફળ સ્વેચ્છાથી ભોગવવા તૈયાર થઈ જાય છે; સત્ય અને નીતિનો

મર્મ સમજે છે; અને પંગુપણું છોડી દે છે. સોનિયાનો અખૂટ પ્રેમ, કરુણા, નમ્રતા અને ઈશ્વર ઉપરની અપાર શ્રદ્ધા આ પલટો કરે છે. એક માનવનું અદ્ભુત પરિવર્તન પ્રેમ અને કરુણા જ કરી શકે, તેવો સંદેશ આ મહાનવલ મૂકી જાય છે.

ક્રિશ્ચિયાનિટિનો ઝોક પ્રેમ અને કરુણા ઉપર વિશેષ છે. મહાત્મા ઈશુ એટલે પ્રેમ અને કરુણાની મૂર્તિ. મનુષ્યના આ બે પ્રબળ ભાવોનો વિજય થાય છે. કથાનાયક પોતાના ગુનાની સજા – પરિણામ ભોગવવા હસતે મોંએ તૈયાર થાય છે. પોતાના ગુનાનો તે એકરાર કરે છે, અને સજા ભોગવવા સાઈબિરીયા જાય છે. આની પાછળ સોનિયાનો પ્રેમ, કરુણા અને નીતિનો વિજય ડોકિયાં કરી રહ્યો છે. અંતે સત્યનો વિજય છે, તે આ કથાની ફલશ્રુતિ છે.

એક બીજા મહાન સાહિત્યસ્વામી ટૉલ્સ્ટૉયે "રિઝરેક્શન" નવલની ભેટ આપી. બંને લેખકોએ હૃદયપલટાનું વસ્તુ લઈને મહાનવલો આપી છે. બંનેની શૈલી જુદી, વ્યક્તિત્વ જુદાં. ટૉલ્સ્ટૉયનું વ્યક્તિત્વ અત્યંત પ્રભાવશાળી અને તેમનું સ્થાન ઊંચું તે વાત ચોક્કસ. પરંતુ વેધકતા અને સચોટ દર્શનમાં ડસ્ટયેસ્કીએ પોતાની નિજી અને આગવી પ્રતિભા દર્શાવી છે. પરંતુ માનવ તરીકે બંનેને માનવ જીવનમાં અપાર શ્રદ્ધા હતી, માનવોના કલ્યાણ સારુ અપૂર્વ ઝંખના હતી, પીડિત જનતા ઊંચી કેમ નથી આવતી તેનો પરિતાપ તેમને બંનેને હરહંમેશ સતાવતો. બંનેએ પોતાનો સંદેશ અનોખી રીતે આપ્યો છે; પરંતુ તેમનું ધ્યેય તો માનવ કલ્યાણ જ રહ્યું છે. અને આ રીતે એ બંને સાહિત્ય-સ્વામીઓની મંઝિલ એક જ છે.

આ મહાનવલે સાહિત્યની અપ્રતીમ સેવા કરી છે અને તે એક સીમા-ચિહ્નરૂપ બની ગઈ છે. કાળનો બાધ તેને નડતો નથી. પૃથ્વી ઉપર માનવ જીવન પાંગરે છે ત્યાં સુધી આવી કૃતિઓ ચિરંજીવ રહેવા સરજાયેલી છે. આ મહા નવલકથાના નિચોડરૂપે નીચેનાં અવતરણો હું ટાંકું છું. સોનિયાને પગે પડીને કથાનાયક કહે છે, "I do not bow to you, personally but to suffering humanity in your person." (—હું તને પગે નથી લાગતો, પરંતુ દુ:ખદર્દમાં કચરાતી માનવતાને તારી મારફત પગે લાગું છું.)

સમગ્ર પીડિત માનવજાત પ્રત્યેની અખૂટ કરુણા અને તેના ઉત્કર્ષ માટેની તીવ્ર અભિલાષા, એ આ સાહિત્યસ્વામીનો જીવનમંત્ર છે: આ અવતરણમાંથી તે શબ્દે શબ્દે ટપકે છે. સંસારનું કેન્દ્ર માનવ છે એમ એ

ખચીત માને છે, અને તેમાંથી વિચલિત થવા માગતો નથી. બીજે પ્રસંગે સોનિયા કથાનાયકને ટપારે છે અને એક આધ્યાત્મિક ભૂમિકા ઉપરથી એક વાક્ય તેને મુખે કથાસ્વામી બોલાવે છે—

"બસ આ ક્ષણે જ તમે બહાર ચકલામાં જઈ, ઘૂંટણિયે પડી, જે ધરતીને તમારાં પગલાંથી અપવિત્ર કરી છે, તે ધરતીને ચુંબન કરો, અને પછી આખા જગતને નમસ્કાર કરો, અને સૌ માણસોને પોકાર કરીને કહો કે, 'હું ખૂની છું'; પછી પરમાત્મા તમને નવું જીવન પાછું બક્ષશે. તો તમે જાઓ છો?"

ચારિત્ર્યની પ્રચંડ તાકાત આ વાક્યમાં છે. પરિણામ ભોગવવાની પરિપૂર્ણ તૈયારી છે. તે આગળ કહે છે, "તમે આ ગુનાની સજા વહોરી પ્રાયશ્ચિત્ત કરો : એ જ તમારે માટે એકમાત્ર હિતકર માર્ગ છે."

ચારિત્ર્યના બળ વગર માનવજીવન નિરર્થક છે, પંગુ છે; અને તે જ આખરે તો આ જીવનસંગ્રામમાં અને સંસારયાત્રામાં સાચો સાથ દે છે, તેવો સ્પષ્ટ સંદેશો આ મહાન સાહિત્યસ્વામી મૂકી જાય છે.

મુ૦ શ્રી. ગોપાળદાસ પટેલે પોતાની જૈફ ઉંમરે વિશ્વસાહિત્યમાંથી વીણેલી કેટલીક ઉત્તમોત્તમ કૃતિઓ ગુજરાતીમાં સુંદર રીતે ઉતારીને ગુજરાતમાં વિશ્વસાહિત્યનો ધોધ વહેવડાવી ખરેખર એક આવશ્યક ઉપયોગી સેવા બજાવી છે. જગતના મહાન સાહિત્ય-સમ્રાટોની કૃતિઓને આ રીતે સામાન્ય ગુજરાતી વાચક માટે સુલભ કરી આપવા માટે તેમનો અને પ્રકાશન-સંસ્થાનો જેટલો આભાર આપણે માનીએ તેટલો ઓછો છે.

આ ઉપોદ્‌ઘાત લખવાને નિમિત્તે ડસ્ટયેસ્કીની આ ઉમદા – ચિરંજીવ કથાનું ચિંતન-મનન કરવાની જે અમૂલ્ય તક શ્રી. પુ૦ છો૦ પટેલે પૂરી પાડી, તે માટે તેમનો તથા પ્રકાશન-સંસ્થાનો આભાર માનું છું; તથા આવી ઉમદા કૃતિ સરળ રોચક અને સુઘડ રીતે ગુજરાતીમાં ઉતારનાર તેના વિદ્વાન સંપાદક મુ૦ શ્રી. ગોપાળદાસ પટેલને અભિનંદન આપું છું. અને આ અમર કથા સર્જીને આપણને કાયમના ઋણી બનાવનાર મૂળ લેખક ડસ્ટયેસ્કીને અદબ-પૂર્વક મારા પ્રણામ પાઠવીને મારી આ અંજલિ પૂરી કરું છું.

આવી સુંદર કૃતિઓ મુ૦ શ્રી. ગોપાળદાસ પટેલની કલમે ગુજરાતી વાચકને વધુ ને વધુ મળો!

તા. ૧૦–૩–'૭૫ નિરંજન વામનરાવ ધોળકિયા

‘ રિઝરેક્શન ’

હૃદયપલટો યાને પુનરુત્થાન

લેo ટૉલ્સ્ટૉય સંપાo ગોપાળદાસ પટેલ

પ્રસ્તાવના : મગનભાઈ દેસાઈ કિં. ૨૫-૦૦

પાપ અને પ્રાયશ્ચિત્ત

ટૉલ્સ્ટૉયની આ નવલકથા ૧૯૨૩-૨૪માં પહેલી મારા વાંચવામાં આવી. ત્યારની એની મારા પર થયેલી અસર આજે આ તેનો સારાનુવાદ (કે, ખરું જોતાં, તેને સારરૂપ ગુજરાતી અનુલેખ કહેવો ઘટે. કેમ કે તે અનુવાદ કે ભાષાંતર નથી) વાંચતાં તાજી થઈ. પોતાના લખાણથી ધારી અસર ન કરે તો તે ટૉલ્સ્ટૉય નહીં : તેમાંય આ તેની ચોપડી તો, એક દૃષ્ટિએ જોતાં, તેની કૃતિ અને શૈલીનો ઉત્તમ નમૂનો છે.

કથાવાર્તા લખવાનું સાહિત્યિક કામ ટૉલ્સ્ટૉયની ૫૦ ઉંમર સુધીના પૂર્વજીવનમાં બહુધા પૂરું થયું હતું. તે પછી તેણે યુરોપીય સુધારાની સ્થિતિનો અભ્યાસ કરી, ધર્મ, સમાજ, અર્થશાસ્ત્ર, નીતિ, કળા, યુદ્ધ વગેરે ગંભીર વિષયો પર ચિંતનાત્મક પ્રબંધો અને નિબંધો લખ્યા. આ કથા તેમાં એ રીતે અપવાદ છે કે, તે તેનાં છેલ્લાં વરસોમાં લખાઈ છે. તો તેથી એમેય થયું છે કે, લેખકને જીવનમાં લાધેલા અનુભવનો અને અર્વાચીન યુરોપીય ને ખ્રિસ્તી જગતના પોતાના ઊંડા આજીવન નિરીક્ષણ અને અભ્યાસનો નિચોડ તેના આ કથાનકમાં સહેજે ઊતર્યો છે. એમ ટૉલ્સ્ટૉયના ચિંતનાત્મક નિબંધોનું વસ્તુમાત્ર – કહો કે, તેના દીર્ઘજીવનનો અનુભવસાર, તેની આ કથામાં યથાસ્થાને યથાપ્રમાણ સહેજે ઊતર્યાં – આલેખાયાં છે; અને છતાં, તેની કળાની ખૂબી છે કે, કથા તે અર્થે લખાઈ છે તેમ નથી લાગતું. પરંતુ જીવનમાં જે બધું ઘૂંટાઈ ઘૂંટાઈને આત્મસાત્ બની રહેલું, તે આ સમર્થ કથાકારની પ્રતિભામાંથી એક જોશીલી કથા રૂપે એમાં પ્રગટ થયું છે.

અને તે કથાનું રસબીજ પણ એવું જ પ્રબળ અને માનવજીવન વિશે મૌલિક મૂલ્યવાન છે. માણસ તેના કર્મથી ચડે છે કે પડે છે. તેમાં પડવાનો

અસુરમાર્ગ તો જાણીતો છે; ચડવાનો રાજમાર્ગ સર્વ ધર્મો, સર્વ પેગંબરોએ તત્ત્વત: એકસરખો જ બતાવ્યો છે: ભૂલ થાય – પાપ થાય, તે તો કાળા માથાના માનવીથી બને; – ચાહે ને તે ગમે તે હોય. પરંતુ તે સુધારવી, પશ્ચાત્તાપપૂર્વક પાપનું પ્રાયશ્ચિત્ત કરવું, તો એ તેને તેમાંથી ઉગારશે, ઉન્નત કરશે. આ પુસ્તકના કથાનકનું બીજ આ છે – પોતાના કર્મની પૂરી જવાબદારી પોતે ઉઠાવવી જોઈએ, તેના માઠા ફળથી સામું જણ બચવું જોઈએ. આ જ પરમ ધર્મ અહિંસા પણ કહે છે ને?

આ પુસ્તકમાં આ બીજ આમ તેનો નાયક નેખ્લ્યૂદોવ એક પ્રસંગે કહે છે:

"... પણ, પણ સૌથી અગત્યનું કાટુશા પ્રત્યે આચરેલા પોતાના પાપકર્મનું પ્રાયશ્ચિત્ત શી રીતે કરાય? પોતે તેને એક વખત સાચા દિલથી પ્રેમ કર્યો હતો; તો પછી કુંવારી અવસ્થામાં તેને ભ્રષ્ટ કર્યા બાદ, તેના હાથમાં કેવળ સો રૂબલ પકડાવી દેવાથી શી રીતે તેના પ્રત્યેની જવાબદારી-માંથી મુક્ત થઈ શકાય?" (પૃ૦ ૯૦)

અને એ પાપનું ઋણ ચૂકવવા તે આખું જીવન વલોવી નાખે છે. એક રીતે જોતાં, આ વસ્તુ ટૉલ્સ્ટૉયની પોતાની જીવનયાત્રાની સ્વકથા જેવી જ છે. તેથી કથાવસ્તુ એટલી જોશદાર અને સત્યનિષ્ઠ શૈલીમાં ગૂંથાયું છે કે, તેમાં ક્યાંય ખાસ ખટકો નથી લાગતો. હા, છેવટનો કથાભાગ ઝટ પૂરો થાય છે, પૂર્વભાગ જેવી કલાત્મક પ્રવાહિતા, વચ્ચે જ જાણે સરસ્વતી નદી પેઠે, ઉતાવળની રેતીમાં, અંદર ઊતરી જાય છે. (અને એ વસ્તુની ટીકા વિવેચકોએ કરી છે. ટૉલ્સ્ટૉયની કથા-કલા જેવી પૂર્વની 'એના કેરેનિના' જેવી કથામાં દીપે છે, તેવી આમાં નથી દીપતી, એમ તેઓએ કહ્યું છે.) પરંતુ, તેથી કરીને, આ કથા એના વાચકના હૃદય પર જે પ્રભાવ પાડે છે, એમાં ક્ષતિ નથી આવતી અને કલા-કૃતિની ફલશ્રુતિ જો આવી મર્મસ્પર્શી ધારી વેધકતા કે સચોટતા હોય, તો તેમાં આ કથા ઓછી ન ઊતરે, બલ્કે, તેના લાઘવને લઈને તે વધારે તેજીલી બને છે.

છેલ્લે નેખ્લ્યૂદોવને નવું જીવન લાધે છે; તે શું અને કેવું, એ આ કથામાં નથી આવ્યું. અને એ જ એમાં ઉતાવળ લાગે છે. પરંતુ કદાચ એનું વિવરણ ભાગ્યે લાંબું કે પતિત-ઉદ્ધારણ જેવું રસમય બને. છતાં ટૉલ્સ્ટૉય જેવા સમર્થ કલાકાર વિષે એવું તો કેમ જ કહેવાય? તેણે જો આ કથામાં તેમ કર્યું હોત, તો કથા-કલામાં એક અદ્વિતીય દૃષ્ટાન્ત એ બનત. પરંતુ

જેવી છે તેવી પણ આ કથા સોંસરી દિલમાં પહોંચે છે. અને તેથી જ ટૉલ્સ્ટૉયનો ચરિતકાર મૉડ સાચું કહે છે કે,

"It will not tell its story; for it is a book not to read about, but to read. It is probably as strenuously moral a novel as was ever written....

"It is not a book primarily written to please, but one which deliberately aims at infecting the reader with the author's sympathies and antipathies.... but because they ooze out naturally the work retains its full artistic quality in spite of its didactic intent.

"Of necessity the book ends where its hero, — after seeking thc evils of army service, of court life, society, the church and the law, — reads the Sermon on the Monnt, notes its injunction not to resist him that is evil and begins a new life....

"'Resurrection' is truly a wonderful book, extraordinarily truthful...."

"હું એની વાર્તા અહીં કહી જવા માગતો નથી; કારણ કે, એ પુસ્તક એવું નથી કે જેને વિશે વાંચવું જોઈએ; પણ એ પુસ્તક એવું છે, જેને વાંચવું જોઈએ. કદાચ એ પુસ્તક કદી પણ લખાઈ ન હોય એવી જુસ્સાદાર નૈતિક નવલકથા છે....

"એ પુસ્તક કેવળ મનોરંજન માટે નથી લખાયું; પરંતુ એ પુસ્તક તો લેખકની સહાનુભૂતિઓ અને નફરતોનો ચેપ વાચકને લગાડવાના સીધા હેતુથી લખાયેલું છે... છતાં એ બધું સ્વાભાવિક ક્રમે નીતરી આવતું હોવાથી, એનો બોધાત્મક હેતુ છતાં, એનો કલાત્મક ગુણ કાયમ રહે છે.

"વાર્તાનો નાયક લશ્કરી નોકરીનાં, રાજદરબારી જીવનનાં, સમાજનાં ધર્મતંત્રનાં અને કાયદાનાં અનિષ્ટોનું દર્શન કરી લીધા બાદ, બાઈબલમાંથી ગિરિપ્રવચનવાળો ભાગ વાંચે છે, અને તેમાં આવતા પાપી પ્રત્યે પણ ક્ષમાભાવ દાખવવાના આદેશની નોંધ લે છે અને પોતે નવજીવન શરૂ કરે છે....

"'રિઝરેક્શન' પુસ્તક એ ખરેખર એક અદ્ભુત ચોપડી છે — અસાધારણપણે સત્યનિષ્ઠ છે...."

અને એ જો સાચી કલાનું લક્ષણ હોય, તો આ કથા કલા-દૃષ્ટિએ પણ માગ મુકાવે એવી ઠરે. પરંતુ, કેટલાક તેની બોધાત્મકતાના ગુણને ટોકે

છે અને કહે છે કે, 'આ કલા ન હોય.' 'કલાને ખાતર કલા'નો એક સૌંદર્યવાદ રસમીમાંસકોમાં ચાલુ છે. ટૉલ્સ્ટૉયે એની સામે 'કલા એટલે શું?' – એ ગ્રંથ લખીને કલાનું જે લક્ષણ નિરૂપણ કર્યું છે, તેનો ઉત્તમ નમૂનો આ તેની કથા છે.

નવલકથાકલાની મીમાંસા ટૉલ્સ્ટૉયના સમયથી અમુક એવી રીતમાં સરતી ગઈ છે કે, તેણે તેને 'ડિકેડન્ટ આર્ટ' (સડતી કળા) કહેલી. કલા-મીમાંસા અંગેનો આ મુદ્દો ત્યાર પછી દિવસે દિવસે વળી વણસતો જ રહ્યો છે; તેમાં જુનવાણી બોધાત્મક 'નીતિ'નો વિરોધ તો હોય છે, પરંતુ તેની સાથે અને તેની આડમાં અમુક નવી 'નીતિ'ની ગુમસુમ હિમાયત પણ ખસૂસ હોય છે. એટલે, ખરું જોતાં, કલાને નામે કહેવાતો વાંધો કથાની બોધાત્મકતા અંગે કરતાં તેના અમુક બોધ કે નીતિ-પ્રકાર પરત્વે, – અને પોતાને પસંદ નીતિ-પ્રકારની દૃષ્ટિથી હોય છે: અને આ પ્રકારને 'નૂતન નીતિધર્મ' ('ન્યૂ મૉરેલિટી') કે નવમતવાદ કહેવાય છે. આ વિશે એક જોવા જેવું વચન, – ઑરવિલ પ્રેસકૉટ નામે એક જાણીતા અમેરિકન કલાવિવેચકનું, – આમ છે:

"In more recent years we have had novels about the 'new morality' which seems to be only the absence of morality: novels which glorify depravity, vice, perversion of every sort, as if those who practise sexual abominations were more interesting, even more human, and somehow more admirable than those who remain decent; novels of despair and hate, of the absurd and of intellectual incoherence. Although some of these fictional aberrations are sincere enough, nearly all of them are crashing bores."

('સ્વરાજ' ૪-૩-'૬૭માંથી)

"તાજેતરનાં છેવટનાં વર્ષોમાં 'નૂતન નીતિધર્મ' ('ન્યૂ મૉરેલિટી') અંગેની નવલકથાઓ આપણને મળી છે; ખરી રીતે તેમાં નૈતિક તત્ત્વનો અભાવ જ હોય છે. એ નવલકથાઓમાં ભ્રષ્ટાચાર, દુરાચાર, તથા દરેક પ્રકારની વિપરીતતાને બિરદાવવામાં આવે છે; – જાણે કે, કામભોગની બાબતમાં તિરસ્કારપાત્ર વ્યવહારો અપનાવનારાઓ જ સંયમ ધારણ કરનારા સ્વચ્છ લોકો કરતાં વધુ રસપૂર્ણ, વધુ માનવ અને કોઈક પ્રકારે વધુ પ્રશંસાપાત્ર ન હોય! હતાશા અને દ્વેષભરી એ નવલકથાઓ અર્થહીન હોય છે તથા બૌદ્ધિક સુસંગતતાનો લવલેશ તેમાં હોતો નથી. અલબત્ત, એમાંની કેટલીક પાગલ-

કલ્પનાઓ સાચા દિલથી રચાઈ હશે, પરંતુ લગભગ બધી જ તદ્દન ત્રાસદાયક કંટાળો આપનારી હોય છે."

અધિક સંપત્તિ અને ઐશ્વર્યદાયી વિજ્ઞાનવાદથી ઉશ્કેરાતી કામ-ભોગવૃત્તિ ઈતિહાસના જે જે યુગમાં જે જે પ્રજાને વરે છે, ત્યારે ત્યારે કદાચ તદ્યુગીન સમાજનો સુધારો આ પ્રકારનો જ નવો વળાંક લે છે, એમ નથી લાગતું? ૧૯મા સૈકાનો યુરોપીય સામ્રાજ્યવાદી સમાજ આ વસ્તુનો ભોગ બનતો હતો. એ તેની એબના દ્રષ્ટા તરીકે ટૉલ્સ્ટૉય અદ્વિતીય પુરુષ હતા. તેમના આ દર્શનને નિરૂપતી આ કથા, તેથી જ કરીને, સનાતન પ્રેરણાદાયી બની શકી છે. એનો આ નાનકડો સારાનુવાદ ગુજરાતી વાચકને મળે છે, એ સારી વાત છે. તે વાંચતાં વાચકને તેમાં આવતાં અપરિચિત રશિયન નામો નડશે; તે સિવાય વાર્તાનો પ્રવાહ સરળ સહજતાથી વહેતો લાગશે. ભાઈ ગોપાળદાસ આ પ્રકારની કથાકલામાં હવે સિદ્ધહસ્ત થઈ ગયા ગણાય. જગત-સાહિત્યની ઉત્તમ કથાકૃતિઓ તે વેગભેર ગુજરાતી વાચકને આપે છે, એ માટે તેમને ને તેમની પ્રકાશક સંસ્થાને મુબારકબાદી.

૨૫-૭-'૬૭ મગનભાઈ દેસાઈ

સરદારશ્રીનો વિનોદ

[સરદારશ્રીની વિનોદ શક્તિને વંદન!]

કલ્યાણજી વિ. મહેતા : મુકુલભાઈ કલાર્થી કિં. રૂ. ૨-૦૦

ભાઈ મુકુલ કલાર્થી તંદુરસ્ત વાચનસામગ્રી પીરસનાર તરીકે ગુજરાતને જાણીતા થઈ ચૂકયા છે. જાતજાતના અને જેના ભારથી દબાઈ મરાય એવા બોજા સદા વીંઢારીને ફરનાર પોતામાં રહેલા વિનોદથી અને સામાની રમૂજ તથા વ્યંગને ખેલદિલીથી ઝીલવાની વૃત્તિથી હળવાફૂલ થાય છે અને તાજગી મેળવી વધુ કામોનો બોજ ઉપાડવા શક્તિ પ્રાપ્ત કરે છે.

ગાંધીજીની વિનોદવૃત્તિ જાણીતી છે. ગમે તેવા ગંભીર પ્રશ્નોની ચર્ચા વખતે કે ભારે માંદગીના બિછાને પડેલા હોય ત્યારે પણ વિનોદ કરી લઈને હળવા થવાની કળા એમની આગવી હતી.

ગંભીર અને કડક દેખાતા સરદારની વિનોદવૃત્તિનો આસ્વાદ પણ મહાદેવભાઈએ એમની ડાયરીમાં કરાવ્યો છે. તેઓ વિદ્યાર્થી હતા ત્યારે, ગોધરા બોરસદમાં વકીલાત કરતા ત્યારે, અને પછી ગુજરાતના પાટનગરમાં પહોંચી વિવિધ ક્ષેત્રે એમણે ઝંપલાવ્યું ત્યારે, એમના સંબંધમાં જેઓ આવેલા, તેઓ સૌને એમની રમૂજનો ઠીક ઠીક અનુભવ થયો છે.

ભાઈ મુકુલે સરદારના વિનોદના ૬૫ પ્રસંગો વીણીને પરિવાર પ્રકાશન દ્વારા સાદર કર્યા છે; તે બદલ તેમને — સંગ્રાહક-પ્રકાશક બંનેને — અભિનંદન ઘટે છે.

ગાંધીજીના દક્ષિણ આફ્રિકાથી થયેલા આગમન પહેલાં જેમ અને જુસ્સો વ્યક્ત કરવા ગુજરાતી ભાષા પાંગળી ગણાતી. અને એની કિંમત 'શું થાં પૈસા ચાર' લેખાતી. એક સમય એવો હતો કે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે ગાંધીજીના નામનું સૂચન ઉપહાસપાત્ર થયેલું; જો કે તેમણે તો વર્ષો સુધી "इन्डियन ओपिनियन"નું તંત્રીપદ સંભાળેલું, તથા "हिंद स्वराज" નામનું પ્રસિદ્ધ પુસ્તક અને આરોગ્ય વિષેની પુસ્તિકા પણ લખેલાં. ત્યારે, જેણે પુસ્તક તો શું પણ એકે લેખ પણ ભાગ્યે લખ્યો હોય, તેવા વલ્લભભાઈની તો સાહિત્ય-પ્રેમીઓની દુનિયામાં ને તેમની નજરે 'કિસ ગિનતી'!

પરંતુ એ જ વલ્લભભાઈએ બારડોલીની ૧૯૨૮ની જમીન-મહેસૂલ-વધારા સામેની લડતમાં જે ઓજસ પ્રકટાવ્યું અને ગુજરાતી ભાષાનો જ કાયાકલ્પ કર્યો, તેની કદર સાહિત્ય-સ્વામીઓએ પણ કરી છે. અને વલ્લભ-વાણીને વીર-વાણી તરીકે બિરદાવી છે. ગુજરાતના એક સમર્થ સાહિત્ય-સ્વામી અને સાહિત્ય પરિષદના રણીધણી સમા શ્રી. કનૈયાલાલ મુનશીએ બારડોલીની લડત વખતે તે તાલુકાની મુલાકાત લઈને વલ્લભવાણીનો સાક્ષાત્કાર કર્યા પછી "સાહિત્ય સંસદ," જેના તેઓ સ્થાપક અને પ્રમુખ હતા, તેની ૧૯૨૮ની વાર્ષિક સભામાં જે "मूल्य परिवर्तन"નું સમ્યગ દર્શન સમર્થ રીતે કરાવેલું, તેમાંથી જ થોડાં અવતરણ ટાંકીશ :—

"એ પોતાને 'ગુજરાતનો સૂબો' કહાવે છે; ગુજરાતનું દુઃખ પોતાને માથે વહોરવા, તેનો ભાર પોતાને હાથે વિદારવા, તેની કીર્તિ પોતાને પરાક્રમે વધારવા તે તત્પર છે. ગયે વર્ષે પ્રકૃતિ કોપી (રેલસંકટ આવ્યું), ત્યારે તે તેને શમાવવા મથ્યો. આજે રાજા કોપ્યો ત્યારે તેને ડારવા તૈયાર થયો. 'ગુજરાતનું કોઈ નામ લેશો મા,' — એ એનો કીર્તિલેખ. જે ગુજરાતની અસ્મિતા આપણે માત્ર સાહિત્ય દ્વારા મેળવીએ છીએ, તેને એ કર્તવ્ય દ્વારા સેવે છે.

* * *

"મહાત્માજી પાસે એ શિષ્ય આવે છે; એમની કાબરચીતરી મૂછોના ફરકાટની આજે જુદી જ દેખાતી ગતિના, મૂંગે મોઢે પુછાયલા કારણના જવાબમાં સૂબો કહે છે :—

'બારડોલી — આપણા પ્રિય બારડોલીના ખેડૂતો પર અન્યાય થયો છે. અસાધારણ મહેસૂલનો ભાર પડયો છે. મહેસૂલ એટલે મરાઠી ચોથનો અર્વાચીન અવતાર! દાદ નહિ, ફરિયાદ નહિ. આપો, નહિ તો રાજની મિલકત ખાલી કરો. ભીમભાઈ પ્રાર્થી પરવાર્યા, દાદુભાઈ વિનવી પરવાર્યા — મને હવે નિમંત્રે છે. મારા છતાં ગુજરાતમાં આ આપત્તિ! મહાત્માજી! આજ્ઞા કરો.'

કીમિયાગર હસ્યા: 'ના બાપુ, ના. સમય સાનુકૂળ નથી. હિંદુ ને મુસલમાન લઢે છે. સાઈમન આક્રમણ કરવાનો છે. હમણાં આ ક્યાં?'

'હું તો આશિષ માગવા આવ્યો છું.'

ગુરુ સમજે છે. 'જા વિજય કર.'

"સૂબાનું શાસન ફરી વળ્યું. સત્યાગ્રહ કાજે મરણપથારીએ જ સદા સૂતેલા ગૂર્જર વીરોએ બારડોલીનો રસ્તો લીધો.

* * *

"શિષ્ય, ગુરુના મંત્રથી, જૂનાં મૂલ્યને નવાં મૂલ્ય આપવા માંડે છે. જૂનાં મૂલ્ય શાં તેની આપણને ક્યાં ખબર નથી? ઈતિહાસકાળમાં હિંદુ ખેડૂતે કોઈ પણ વિજેતાને ચોથની ના કહી નથી; 'લેવું હોય તે લે અને જીવતો જવા દે' એ જ એનો પેઢીધર ઈતિહાસ. તેમાં આ વ્યવસ્થિત વિદેશી રાજ્યચક્રના સત્તાધીશોનો પડતો બોલ ઉઠાવનાર આ ખેડૂત. તે અવતાર આખો વેતરું કરે, ભૂખે મરે, રાજ્યનું દાણ ચૂકવે, અને માલકી વગરની જમીન 'મારી મારી' કરી મરે. એનો જીવનક્રમ — ખાવું, પીવું, વેતરું કરવું, દાણ ભરવું — તેનો ઉથલાવનાર આજે આ પાકયો. 'રાજ્યસત્તા પર ખેડૂતનો આધાર નથી, ખેડૂત પર રાજ્યસત્તા ટકે છે.' 'રાજ્યસત્તાની આજ્ઞા પ્રજામાન્ય નથી, પ્રજાનો સંકલ્પ રાજમાન્ય છે.' 'મરવું ભલું, પણ દાણ ભરવું ખોટું.' ભયંકર વિપ્લવકારક સૂત્રો! જે હિંદમાં સુણાયાં નહોતાં, તે બારડોલીમાં સંભળાય છે. ગામે ગામ સત્યાગ્રહનો સંકલ્પ કરે છે!

"અઠવાડિયા પહેલાં બારડોલી એટલે નિર્માલ્ય ગુજરાતનો એક તાલુકો; આજે બારડોલી એટલે ગુજરાતનું જીવંત મહાકાવ્ય!

"અજબ માણસ છે — આ ગુજરાતનો સ્વયંનિર્ણીત સૂબો! દીવાની અને ફોજદારી કજિયા; મ્યુનિસિપલ અને જાહેરજીવનનો કારભાર; કૉન્ફરન્સ ને કૉંગ્રેસો; અમદાવાદનાં લોહિયાળ બંડો અને નાગપુરનો શાંત સત્યાગ્રહ;

રાજકીય ખટપટ અને મહાત્માજીનો અહિંસાત્મક અસહકાર — આ બધામાં રમી રમીને પાકો પરેશાન થઈ રહ્યો છે. રાજસત્તા અને લોકપ્રાબલ્ય એ બંનેની નિર્બળતા જાણે છે ને બંનેને પચાવવામાં કુશળ છે. આ કૌશલ્યને કીમિયાગરના કીમિયાનો પાશ લાગ્યો છે. છતાં તે ઓછું થયું નથી. એનો ગાંધીવાદ ગાંધીજીના વાદથી જરા જુદો છે. — મહાયાન બૌદ્ધ ધર્મ બુદ્ધના પોતાના સિદ્ધાંતોથી જુદો હતો તેમ.

*　　　*　　　*

"આ સૂબો ગામેગામ ફરે છે, અને હજારો સ્ત્રી-પુરુષો એને સાંભળવા આવે છે. બારડોલીમાં બોલી શકે તો તે એક. અને એ બોલી શકે છે. એ એના ગુરુનું બેસવામાં, અભિનયમાં, ઉચ્ચારણમાં આબાદ અનુકરણ કરે છે. પણ ગુરુની વાચા પર તપસ્વીનો સંયમ છે; તેના વાગ્વૈભવને અનુદ્વેગકર, સત્ય, પ્રિય-હિત થવાની મર્યાદાઓ છે. શિષ્યના વાક્પાટવમાં માનુષી રંગ-બેરંગીપણું છે. તે આક્ષેપ મૂકે છે, તિરસ્કારે છે, હસાવે છે, ચોંટે એવી ચોપડે છે; ખેડૂતોને સુગમ એવો ગ્રામ્ય ટકોર કરે છે; તોછડાઈથી તે તિરસ્કારે છે ને ઉચ્ચારણની અવગણના કરે છે.

"ગુજરાતના વાક્પાટવનો ઈતિહાસ ગઈ કાલે શરૂ થયો. પચ્ચીસ વર્ષ પર (૧૯૨૮ પહેલાં) ગુજરાતીમાં ભાષણ કરવું અશક્ય લેખાતું. અટકી અટકી, ચાવી ચાવી બોલતા અંબાલાલ સાકરલાલ અને ધીમે ધીમે વાચન કરતા હોય એમ બોલતા રમણભાઈ ગુજરાતમાં એક વખત પ્રખર વક્તા મનાતા! એ સમયમાં અપવાદરૂપ આક્ષેપાત્મક વાક્પાટવના અગ્રેસરો સંઘવી અને મહારાણીશંકર. ત્યાર પછીના જમાનામાં ચંદ્રશંકર, વિભાકર, અને જમનાદાસ દ્વારકાદાસનાં શબ્દશોભાથી મુગ્ધ કરતાં ભાષણો. ત્યાર પછીના આ પ્રચલિત જમાનાના અધિષ્ઠાતા ગાંધીજી, જેણે ગુજરાતી ભાષાના વાક્પાટવનાં ઘણાં અંગો ખીલવ્યાં. ભાષાની ઘણા પ્રકારની સમૃદ્ધિનો ઉપયોગ, શ્રોતાવૃંદ નચાવવાની જુદી જુદી ખૂબીઓ, સમયોચિત ભાવ પેદા કરવાની શક્તિ, શ્રોતાઓનાં હૃદય ભેદવાની અને આચાર ફેરવવાની કલા, પયગંબરી પ્રેરણાનું સ્વરૂપ, — આ બધાં જો ઉત્તમ વાક્પાટવનાં મુખ્ય અંગ હોય, તો આ વલ્લભભાઈનાં બારડોલીનાં વ્યાખ્યાનો ગુજરાતી વાક્પાટવના ઈતિહાસમાં સીમાચિહ્ન લેખી શકાય.

"એની કટાક્ષમયતા, એનો વિનોદ સચોટ છે — સામાને ભયંકર છે, પોતાનાંને પ્રોત્સાહક છે. એની ઠેકડીમાં હિંમત પ્રેરવાની અજબ શક્તિ છે.

દરરોજ લોકોની પ્રિય ભેંસો લૂંટાય છે, હરાજ થાય છે, કોઈ તે માટે આંસુ સારે તે પહેલાં ભેંસો પકડવાનો હુકમ કરનારને 'ભેંસોના વાઘ'નું બિરુદ આપી દે છે. ગુજરાતીઓએ 'માખીનો વાઘ' સાંભળ્યો હતો. પણ 'ભેંસોના વાઘ'નો ભાષામાં અને બારડોલીમાં જન્મ થયેલો સાંભળી બધા હસે છે, બીક જતી રહે છે, હિંમત પ્રગટે છે, અને સામાવાળા માટે તિરસ્કાર પ્રગટે છે. ઘરમાં, અંધારામાં મહિનાઓ થયાં રહેલી ભેંસો રોગિષ્ઠ થઈ સફેદ બને છે. માલિકોનાં હૈયાં આ રંગ જોઈ દ્રવે છે. બીજી ઠેકડી એ કરે છે: 'ગોરા સાહેબને કાળી ભેંસ ન ગમી તે મડમડી કરી નાખી!' ગામેગામ જિહ્વાએ જિહ્વાએ એ ઠેકડી સંભળાય છે, 'ભેંસોને સાહેબે મડમડી કરી નાંખી.' આ વિનોદરસ દરરોજ કંઈ નવું નવું કાઢે છે. દુઃખિયાં દુઃખ વીસરી નિર્બળતાનાં ભોગ થતાં અટકે છે. આ માણસની ઠેકડી શસ્ત્રથી પણ સબળ છે.

"હવે કોણ કહેશે 'શું શાં'ની કિંમત પૈસા ચાર છે?"

* * *

"સત્તાધીશોમાંનો શ્રેષ્ઠ (ગવર્નર) જેને સકારણ, 'સામંતચક્રચૂડામણિ' કહી શકાય, જેનાં નિમંત્રણોને મહાપુરુષો પણ મોક્ષ લેખે છે તે આવે છે. તેના નિમંત્રણનો કોઈને લોભ નથી. જેવો તે આવે છે તેવો તે પાછો જાય છે...... સત્તાધીશ ઉગ્ર પ્રકોપમાં સમશેર ખખડાવે છે, તોપના ધડાકાના પુરોગામી પડઘા પડે છે.

"જ્યાં મૂલ્યપરિવર્તન થયું નથી એવા પૂનામાં, જે નવાં મહાત્મ્ય સમજ્યાં નથી તેવાંનાં હૈયાં હોલવાઈ જવાની તૈયારી પર છે.

"સૂબો બારડોલીમાં પ્રતિશબ્દ કરે છે: 'તમારાં તોપો-શસ્ત્રો લાવો તો ખરા. અમે એને માટે પૈસા આપ્યા છે. એક વખત અમારાં ગામડાંમાં તેનાં દર્શન તો કરાવો.' બારડોલીમાં તોપના ધડાકાના પુરોગામી પડઘા સાંભળી બધા હસતા હતા."

—આ છે સરદારના મૂલ્યપરિવર્તનની, વીર વાણીની, વિનોદની, વ્યંગની, ઠેકડીની શક્તિની મુનશી-અર્પી અંજલી. બારડોલીની લડતનાં એ ભાષણોમાંથી થોડી વાનગી મુકુલભાઈના સંગ્રહની પૂર્તિ તરીકે આપી હોય તો ઠીક, એમ માની એ ભાગ મેં જુદા ખંડ રૂપે આ સંગ્રહ માટે ભાઈ પુ૦ છો૦ પટેલની આગ્રહભરી વિનંતીથી તારવી આપ્યો છે. સૌ વાચકોને એ રસપ્રદ થશે, એમ હું માનું છું.

મુકુલભાઈએ સંગ્રહેલા વિનોદો અને તેની પૂર્તિમાં રજૂ કરેલી સરદારની એ ઉક્તિઓ જેમાં ભારોભાર વિનોદ, કટાક્ષ કે વ્યંગ અને ઠેકડીનો પણ સમાવેશ થાય છે, તે વાંચીને, વિનોદ, કટાક્ષ કે વ્યંગ તો સરદારનાં જ, એમ લાગ્યા વિના રહેશે નહિ. જેમણે એમની વાણી પ્રત્યક્ષ સાંભળી છે, તે તો એની સચોટતા કદી ભૂલી શકશે નહિ. વિનોદો અને વ્યંગો ખેલદિલીથી લેવાય તેમાં જ એની મઝા છે. દિવેલિયા મોઢે કે હૈયાની બળતરા સાથે એનો આસ્વાદ માણી શકાય નહિ. સરદારની આ શક્તિને પણ વંદન!

કસ્તૂરબા સેવાશ્રમ, કલ્યાણજી વિ૦ મહેતા
મરોલી સ્ટેશન
૨૧-૬-'૬૪

લાફિંગ મૅન

યાને

ઉમરાવશાહીનું પોત અને પ્રતિભા

વિક્ટર હ્યૂગો
અનુ: ગોપાળદાસ પટેલ કિં. ૮-૦૦

[શ્રી. વજુભાઈ શાહની પ્રસ્તાવના]

આવકાર

૧

વિખ્યાત લેખક વિક્ટર હ્યૂગોનું નામ એની 'લા મિઝેરાબ્લ' ચોપડીને કારણે દુનિયામાં તેમ ગુજરાતમાં પણ સારી પેઠે જાણીતું છે. એ પછી એની 'નાઈન્ટી થ્રી' ('ક્રાન્તિ કે ઉત્ક્રાન્તિ') પણ ગુજરાતીમાં પ્રગટ થઈ અને હવે એ જ લેખકની એક વિશેષ વાર્તાકૃતિ ગુજરાતીમાં ઊતરી રહી છે એ આનંદની વાત છે. વિશ્વસાહિત્યની કેટલીક ઉત્તમોત્તમ કૃતિઓ ગુજરાતીમાં ઉતારવાનું કામ ઉપાડીને પરિવાર પ્રકાશન મંદિરે ખરેખર એક ઉપયોગી સાહસ હાથ ધર્યું છે. દુનિયાભરના મહાન લેખકોની કૃતિઓને આ રીતે સાધારણ ગુજરાતી સમાજ માટે સુલભ કરી આપવા માટે તેમને જેટલાં અભિનંદન આપીએ તેટલાં ઓછાં છે.

પ્રસ્તુત નવલકથા એ લેખકની એક લોકપ્રિય વાર્તા તરીકે યુરોપ અને બહાર બધે જાણીતી થઈ છે. આ વાર્તામાંથી સહેજ નિર્દેશ લઈને આપણા લોકકવિ સદ્ગત મેઘાણીભાઈએ 'વસુંધરાનાં વહાલાં દવલાં' લખેલી. કોઈ મનોરમ ચિત્ર જોતાં, તેની એકાદ બે રેખાઓ પકડી લઈને એના ઉપરથી કલાકાર કોઈ સ્વતંત્ર ચિત્ર દોરે, એના જેવું એ ગણાય. સંપૂર્ણ સોરઠી અને તળપદાં રૂપરંગવાળી એ સ્વતંત્ર કલાકૃતિ પણ એટલી જ સુંદર બની છે. સમાજને છેક નીચેને તળિયે અનેક પ્રકારની ગંદકી અને ગરીબીમાં સબડતાં લોકોની એક વિશાળ અને વાસ્તવિક સૃષ્ટિ જ એમાં આબેહૂબ ખુલ્લી કરી દીધી છે; એટલું જ નહિ પરંતુ, એ સૃષ્ટિમાં પણ કેવું હૃદય-સૌંદર્ય પડેલું છે એની સમૃદ્ધિનું દર્શન કરાવીને વાંચનારના દિલમાં ગરીબોની દુનિયા પ્રત્યે કરુણા, સહાનુભૂતિ અને આદર પ્રગટાવ્યાં છે. પણ એ વાત અહીં રહેવા દઈએ.

હ્યૂગોની આ વાર્તા ૧૮મા સૈકાના યુરોપનું – ખાસ કરીને ઇંગ્લૅન્ડના સમાજનું પણ એવું જ આબેહૂબ દર્શન કરાવે છે. વાંચનારને એ ક્ષણમાં જ વાસ્તવિક સૃષ્ટિમાંથી વાર્તાસૃષ્ટિમાં ખેંચી જઈને એની સાથે તદાકાર કરી દે છે; એટલું જ નહિ પરંતુ, એ વાર્તાસૃષ્ટિ, વાસ્તવિક સૃષ્ટિ કરતાંય વધુ વાસ્તવિક હોય એવો અનુભવ કરાવે છે. મહાન કૃતિઓની એ જ ખૂબી હોય છે. માનવજીવનના કેટલાક મૂળગત અને શાશ્વત ઉરધબકાર એમાં ઝિલાવાને કારણે એ કૃતિઓ સર્વ કોઈને હૃદયંગમ બની જાય છે. સ્થળ, કાળ, ભાષા કે વર્ણની મર્યાદાઓ એને બહુ નડતી નથી. એટલે જ તો કાળિદાસ અને શેક્સપિયર, શરત્ચંદ્ર, ડૂમા કે ડિકન્સ અથવા ટૉલ્સ્ટૉય, રોમે રોલાં કે રવીન્દ્રનાથ જેવાની કૃતિઓ દુનિયાભરમાં બધે જ અને બધે વખતે એકસરખા રસ અને આનંદથી વંચાય છે.

પ્રસ્તુત વાર્તા આવી એક કલાકૃતિ છે. હ્યૂગો જેવા કલાકારની વાર્તા-કૃતિમાં વાર્તારસ તો છલોછલ હોય એમાં શી નવાઈ! પરંતુ એની અન્ય નવલકથાઓના હિસાબે પ્રમાણમાં નાના ફલકમાં સમાયેલી આ વાર્તાકથામાં પણ વિચાર-મૌક્તિકો, ચિંતન-કણિકાઓ, તત્ત્વદર્શનનાં તેજકિરણો, ભાવનાના મનોહર રંગો વગેરે ભરપૂર ભરેલાં છે, વાંચનારના ચિત્તને પ્રકાશ અને પ્રેરણાથી ભરી દે છે. સાથે સાથે હૃદયને આંચકો આપે એવાં સામાજિક જીવનનાં કઠોર સત્ય વિધાનો તેમ જ ચોટદાર વ્યંગોક્તિઓ પણ ઠેરઠેર વેરાયેલ છે, જે વાંચનારને ઊંડો વિચાર કરતાં કરી મૂકે છે.

૨

પ્રસ્તુત કૃતિમાં મુખ્યત્વે ૧૮મા સૈકાના ઇંગ્લૅન્ડમાં અમીર-ઉમરાવોના જીવન-પ્રભુત્વના ઓછાયા નીચે સમાજ કેવી રીતે ગોઠવાયેલો હતો તેનું ચિત્ર જોવા મળે છે. સ્વરાજ પહેલાંના સો-બસો વરસના કાળમાં આપણે ત્યાં રજવાડી રિયાસતોમાં તેમ જ તાલુકદારી જાગીરદારી પ્રદેશોમાં જે અર્ધ-ગુલામી જેવી સ્થિતિ પ્રવર્તતી હતી, તેનું એ સ્મરણ કરાવે છે. ધન અને સત્તા અમુક જગાએ કેન્દ્રિત થાય, અને માનવી સંસ્કારનું પોત પાતળું પડી જાય, તો પછી નિરંકુશ સ્વેચ્છાચારી જીવનમાંથી આખા સમાજ માટે કેવા અનર્થો ઊભા થાય, તેનો આપણી રજવાડી પ્રજાને તાજો જ અનુભવ છે. પરંતુ હ્યૂગોની આ વાર્તામાં ઇંગ્લૅન્ડના એ વખતના સમાજનું જે ચિત્ર અંકિત કરવામાં આવ્યું છે, તેના કરતાં વધુ યથાર્થ, છતાં વધુ સચોટ ચિત્ર આલેખાયેલું બીજે ભાગ્યે જ જોવા મળી શકે. સત્તામદમાં ચકચૂર અને ધન-વૈભવમાં આળોટતા રહેતા એ ઉપલા વર્ગની અંદર કેવી જડતા, દયાહીનતા, ક્રૂરતા આવી જતી હોય છે અને એમનાં જીવન આખરે કેવાં અધમ અને પામર બની જતાં હોય છે, તેનો ખરો ખ્યાલ આમાંથી મળે છે.

આજના અંગ્રેજ સમાજને વિષે એનાં શિક્ષણ, સંસ્કાર, સાહિત્ય, લોક-તંત્રાત્મક રાજ્યવ્યવસ્થા તેમ જ માનવ આદર્શોને કારણે, દુનિયાભરમાં જે આદરદષ્ટિ ફેલાયેલી છે, તે જોતાં હજુ ૨૦૦ વરસ પહેલાં જ એ દેશની અંદર, આપણે ત્યાં ખરાબમાં ખરાબ કાળે પણ કદી નહોતી એવી ભયંકર સામાજિક સ્થિતિ પ્રવર્તતી હતી એની કલ્પના પણ કોને આવી શકે? દોરા-ધાગા, મંતરજંતર, ઊંટવૈદું, મેલી વિદ્યા, વહેમ, અજ્ઞાન, મિથ્યા કુલાભિમાન, દગલબાજી, રાજખટપટ, એક છેડે અતિવિલાસ તો બીજે છેડે દારૂણ ગરીબી, દુરાચાર, જડતા, ક્રૂરતા – આમ અતિ વિષમતામાંની નીપજતાં તમામ દૂષણો, પાપો અને વિકૃતિઓ ઇંગ્લૅન્ડ જેવા દેશમાં પણ કેવાં ફેલાયેલાં હતાં તેનો સચોટ ખ્યાલ શિક્ષિત સમાજને પણ આવી વાર્તાઓ વાંચ્યા વિના ભાગ્યે જ આવે.

આમ છતાં એ જ સમાજ આવી વિષમ અને વિકૃત અવસ્થામાંથી પણ આજની વિકસિત અવસ્થાએ પહોંચી શક્યો છે. ત્યાં દૈન્ય અને દારિદ્ય નિર્મૂળ થયાં છે. મનુષ્ય મનુષ્ય વચ્ચેના સમાન અધિકારોનો સ્વીકાર થયો છે અને માનવી વ્યવસ્થાએ સર્જેલી ભયંકર યાતનાઓ ભૂતકાળનું દુઃસ્વપ્ન બની ગઈ છે, એ પણ હકીકત છે. સમાજનાં મૂલ્યો અને એના

આધારે થયેલી રચના મનુષ્યના જીવન ઉપર કેટલી બધી અસર કરે છે, તેનો આ નમૂનો છે.

૩

વિચારકો અને લેખકો આપણને ભાન કરાવતા રહ્યા છે કે, મનુષ્ય સ્વભાવે ઊર્ધ્વગામી છે અને તેથી અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ, અશુભમાંથી શુભ તરફ અને સ્વાર્થમાંથી સર્વકલ્યાણ તરફ જવાની એની સહજ ગતિ હોય છે. પરંતુ સમાજ-વ્યવસ્થાને કારણે જે આવરણો કે અંતરાયો આવે છે, તો તેને લઈને એની ગતિ રૂંધાય છે; એટલું જ નહિ પરંતુ, કેટલીક વાર અવળી પણ થાય છે. હા, દરેક કાળે, દરેક સમાજમાં કેટલાંક મનુષ્યો એવાં અવશ્ય હોય છે કે, ગમે તેવા અંતરાયો છતાં પણ એમનો જીવનપ્રવાહ શુભ સંસ્કારો તરફ ઊર્ધ્વગામી જ રહે છે અને એઓ પોતાનો ચરમ વિકાસ પણ સાધી શકે છે. પરંતુ મોટા ભાગના લોકો અનુકૂળ સમાજ-વ્યવસ્થાની અંદર સહેજે ઊંચે ચડે છે અને પ્રતિકૂળ વ્યવસ્થા હોય તો સદ્‌ગુણો કેળવવાનું એમને માટે કઠણ પડે છે; એટલું જ નહિ પરંતુ, ભારે પ્રતિકૂળતા હોય તો હીન સંસ્કારોનો પણ તેઓ ભોગ બને છે. માનવસમાજે સામંતોને, રાજાઓને, ધનિકોને, સરમુખત્યારોને કેન્દ્રમાં રાખીને એમની આસપાસ જેટલી જેટલી સમાજ-વ્યવસ્થાઓ અજમાવી જોઈ, તે બધી વ્યવસ્થાઓમાં સાધારણ માનવીનું અનેકવિધ શોષણ થતું રહ્યું, એનું જીવન કચડાતું રહ્યું, એની સંસ્કારવેલ કદી પાંગરી શકી જ નહિ અને પરિણામે જગતમાં દુ:ખ, કલેશ, સંઘર્ષનો પાર ન રહ્યો. અને મનુષ્યનો મનુષ્ય તરીકેનો વિકાસ રૂંધાતો જ રહ્યો. એવો આજ સુધીનો લગભગ એકધારો અનુભવ રહ્યો છે અને તેથી જ માનવીના યોગ્ય નિરંતરાય વિકાસ માટે અનુકૂળ સમાજ-વ્યવસ્થા ઉપર ભાર મૂકવામાં આવે છે. જે વ્યવસ્થામાં મનુષ્યમાં ઉત્તમ ગુણો પ્રગટે અને વિકસતા રહે એવી વ્યવસ્થાને આજે માનવી ઝંખી રહ્યો છે. એને ખ્યાલ આવવા માંડયા છે કે, આવા પ્રકારની જ કોઈ સમાજ-વ્યવસ્થા આજના યુગની સમસ્યાઓનો — ગરીબાઈથી માંડીને યુદ્ધ સુધીની તમામ સમસ્યાઓનો — ઉકેલ કરી શકશે અને તેથી જ જાતિ. કુળ, વર્ણ, ધર્મ કે રાષ્ટ્રના ભેદભાવથી પર રહીને માનવી માનવી વચ્ચેની એકતા તેમ જ સમાનતાને પાયામાં રાખનાર સમાજવાદ જેવી સામાજિક વ્યવસ્થાઓ લોકપ્રિય થતી રહી છે. સાધારણ માણસને, મનુષ્ય તરીકે પણ ઊંચે ચડવા માટે અનુકૂળ સમાજ-વ્યવસ્થા અનિવાર્ય છે, એ વાત વિશેષ ને વિશેષ સ્પષ્ટ થતી જાય છે.

૪

પ્રસ્તુત વાર્તા ઉપરથી એક બીજી વાત પણ સમજવા નોંધવા જેવી છે. મહેલો, રાજભવનો, હવેલીઓ, બાગબગીચા, વસ્ત્રાલંકાર કે સારાં સારાં ખાનપાન – એ બધું સુખ આપનારું મનાયું છે. અલબત્ત, શરીરને માટે યોગ્ય ખાનપાન, વસ્ત્રો અને નિવાસ વગેરે સાધન-સામગ્રીની સૌને જરૂર પડે છે. તેનાથી માણસનાં સુખસગવડ પણ સચવાય છે એની ના નથી. પરંતુ સુખ આપવાની બાબતમાં આ બધી વસ્તુઓને મર્યાદા છે. ખાનપાન, વસ્ત્રાલંકાર કે આરામ-ભવનોમાંથી ગમે તેટલું સુખ મળતું હોય, તોયે સુખનો એ મૂળ આધાર નથી. જીવનમાં સુખનો ખરો આધાર તો મનુષ્યહૃદયનો પ્રેમ છે. જેને એ મળે છે તેના જેવું સુખી કોઈ નથી. આવું સુખ તો ઈશ્વરકૃપાથી સાધનહીન એવા અનેક ગરીબોના ભાગ્યમાં પણ હોય છે અને કયારેક કોઈ અતિશ્રીમંતોને પણ આવાં સુખથી વંચિત રહેવું પડે છે. કુદરતનો તો એ નિયમ જ છે ને કે જેના વિના જીવન અશકય હોય એવી અમૂલ્ય ચીજ એણે સર્વસુલભ બનાવી છે. તેથી હવાની જેમ પ્રેમ પણ કુદરતે સર્વસુલભ રાખ્યો છે. આથી જ તો ધનસંપત્તિ અને વૈભવવિલાસમાં આળોટતાં શ્રીમંત લોકોના કરતાં ઘણી વાર ગરીબી અને કંગાલિયતમાં સબડતાં દેખાતાં લોકો પણ આ બાબતમાં વધારે સુખી હોય છે. અને એ પ્રેમસુખને બળે જ આટલી મુસીબતો વચ્ચે પણ જીવનનો વિકટ રથ ખેંચી શકતા હોય છે. આ વાર્તાનો નાયક સમાજના સાવ નીચલા અને ઉપેક્ષિત સ્તરમાંથી એક વાર અચાનક ઇંગ્લૅન્ડના ઉમરાવ પદે પહોંચે છે. ઘડી બે ઘડી તો એને વિશાળ સત્તા, અઢળક સંપત્તિ અને રૂપયૌવનના સ્વર્ગનું ભારે આકર્ષણ પણ થાય છે. પરંતુ થોડી વારમાં જ એ સ્વર્ગ તેને નરક જેવું લાગવા માંડે છે ને એની પોતાની અસલ દુનિયા, – લક્કડગાડી, રીંછ, મદારી અને અંધ છોકરીવાળી દુનિયા, – એને સ્વર્ગ સમાન લાગે છે. લક્કડગાડીની મેલી અંધારી ઓરડી, ગોદડીના ગાભા કે રાબનાં હાંડલાંવાળી એ દુનિયામાં પરસ્પર સમર્પણની જે સંજીવની હતી, પ્રેમનો પારસમણિ હતો, તેનો તો પેલી ઊજળી ગણાતી ઉમરાવોની દુનિયામાં એને આભાસ પણ મળે તેમ નહોતો. હ્યૂગો જેવો કવિ-લેખક પોતાની કૃતિઓમાં ગરીબોની દુનિયાની આ અમૂલ્ય સંપત્તિને હંમેશાં બિરદાવતો રહ્યો છે; એને સર્વોપરિ મહત્ત્વ આપતો રહ્યો છે, તે સહજ જ છે. એ સમજે છે કે, ખુલ્લું આકાશ, સૂર્યનો પ્રકાશ,

વહેતું પાણી, નિર્બંધ હવા અને વૃક્ષની છાયાની જેમ મનુષ્ય-હૃદયનો પ્રેમ પણ કુદરતી દેન હોવાને કારણે, ઈશ્વરની પ્રસાદી હોવાને લઈને, સાધારણ જનસમાજને પણ એ નિરંતરાય મળી શકે છે; અને એમાં ગમે તેવી મુસીબતો અને સંકટોને પાર કરવાની ને નવા ઘાટ ઘડવાની શક્તિ પડેલી છે. કુટુંબ-જીવનની મર્યાદાઓ સુધી તો માણસને આનો અનુભવ થયો છે; કોઈ કોઈ વાર એથી સહેજ આગળનો અનુભવ પણ એણે કરી જોયો છે. પરંતુ વિશિષ્ટ સમાજના તમામ વિકટ કોયડાઓને પાર કરીને દુનિયાનો નવો ઘાટ ઘડવા માટે પણ એમાં જે અપાર સામર્થ્ય પડેલું છે, તેનો અનુભવ કરવાને આરે આજનું જગત આવી ઊભું છે, એક નવી જ દુનિયા આકાર પામવાને મથી રહી છે. સાધારણ માણસ પોતાનામાં રહેલી આ શક્તિને કેટલે અંશે ઓળખી શકશે, કેળવી શકશે ને વ્યાપક કરી શકશે, તેના પર નવી રચનાનો આધાર છે.

૫

તત્ત્વચિંતકો અને વિચારકો આપણને સમજાવી રહ્યા છે કે, આવતી કાલની આ દુનિયાની વિભૂતિ નથી કોઈ સમ્રાટ, નથી કોઈ સેનાપતિ કે નથી કોઈ ધનિક, સાધારણ મનુષ્ય એ જ આ નવી રચનાનું અધિષ્ઠાન બનવાનો છે. એથી આજના યુગનું સૌથી મોટું કામ દુનિયાના સાધારણ માણસમાં શક્તિ પ્રગટાવવાનું, એનામાં અભિક્રમ જગાડવાનું છે. સમાનતા, બંધુતા અને માનવપ્રેમના પાયા ઉપર નવો સમાજ રચાય, તે માટે એ તૈયાર થાય, એવી શક્તિ તેનામાં પૂરવાની છે. એમ કરવામાં એને જ્યાં જ્યાંથી સમર્થન મળે તેમ હોય તેવી કૃતિઓ ખૂબ ખૂબ વંચાય એ જરૂરી છે. તેથી વિશ્વસાહિત્યની આવી કૃતિઓ પોતપોતાની ભાષામાં ઊતરતી રહે એવા પ્રયાસ હંમેશાં આવકારને પાત્ર છે.

પ્રસ્તુત કથાકૃતિને આ રીતે ગુજરાતીમાં ઉતારવા માટે ભાઈશ્રી. ગોપાળદાસ પટેલને તેમ જ પ્રકાશન સંસ્થાને ગુજરાતી સમાજના ધન્યવાદ ઘટે છે.

તા. ૬-૨-'૬૬ વજુભાઈ શાહ

ડોમ્બી ઍન્ડ સન

યાને

"તવંગરનું સંતાન"

ચાર્લ્સ ડિકન્સ
અનુ : ગોપાળદાસ પટેલ

પ્રસ્તાવના : ડૉ૦ મોતીભાઈ પટેલ
કિં. ૧૨-૦૦

[ડૉ૦ મોતીભાઈ પટેલની પ્રસ્તાવના]

ધનિકશાહીની આફત

૧

પુસ્તકોની પ્રસ્તાવના લખવાનું કાર્ય સામાન્ય રીતે ડૉકટરો પાસે ઓછું આવે છે. પરંતુ પરિવાર સંસ્થાની અને તેમાંય વિખ્યાત અંગ્રેજ નવલકથાકાર ચાર્લ્સ ડિકન્સની આ મજેદાર કથા માટે મારે કંઈ લખવું એવી માગણી પરિવાર સંસ્થા તરફથી થઈ, ત્યારે હું એકદમ ના ન પાડી શકયો. ખાસ તો એ કારણે કે, પરિવાર સંસ્થાએ અત્યાર પહેલાં ડિકન્સનાં ગુજરાતીમાં ઉતારેલાં પુસ્તકો મેં જોયાં હતાં, અને મને એ કામ ગુજરાતી ભાષા અને સાહિત્ય માટે ઉપયોગી લાગ્યું હતું. તે માટે પરિવાર સંસ્થાના સંસ્થાપક સ્વ૦ શ્રી. મણિભાઈ વાઘજીભાઈ પટેલ તથા શ્રી. પુ૦ છો૦ પટેલ તથા તેના અન્ય કાર્યકારો, કલાકારો અને સંપાદકોને અભિનંદન ઘટે છે.

પરિવાર પ્રકાશન સંસ્થાએ અન્ય પ્રકાશન સંસ્થાઓથી સહેજ ફંટાઈને વિશ્વસાહિત્યને ગુજરાતીમાં ઉતારવાનો પુણ્યસંકલ્પ જે દિવસે કર્યો, તે દિવસે જ ગુજરાતની આખી ઊછરતી પેઢીને અને અંગ્રેજી નહીં જાણનાર એવા હજારો ગુજરાતી વાચકોને તેણે ઋણી બનાવ્યાં છે, એમ મને લાગે છે. આ સંસ્થાએ અત્યાર સુધીમાં નામી વિશ્વસાહિત્યકારોના એક ડઝન ઉપરાંત સફળ સંક્ષેપો દ્વારા વિશ્વસાહિત્યનો મહામૂલો વારસો ગુજરાતી વાચકોને સુલભ કરી આપ્યો છે અને ગુજરાતી સાહિત્યની મોટી સેવા કરી છે.

ગુજરાતી ભાષા વિશ્વસાહિત્યના વેગવાન રસને ઝીલી શકે તેવા ખમીર વાળી છે, એનો પરચો તો પરિવાર સંસ્થાના આ વિસ્તૃત સંક્ષેપો વાંચવા માંડીએ છીએ તેની સાથે જ થઈ જાય છે. વાચક જોઈ શકશે કે, આવા પરદેશી લેખકોની પરદેશી પાત્રોવાળી મોટી નવલકથાઓ પણ માતૃભાષામાં યથાયોગ્ય ઉતારવામાં આવે, તો તે આપણા વાચકોને, મૂળ કરતાં પણ વધુ આનંદ અને બોધ આપી શકે છે. મારા ગુજરાત યુનિવર્સિટીના છેલ્લા પંદર વર્ષના કામકાજના નિકટ અનુભવ પરથી હું કહી શકું છું કે, માતૃભાષા બધા ભાવો, બધી લાગણીઓ અને બધા વિચારો માટે સૂક્ષ્મ, સચોટ અને લચકદાર માધ્યમ પૂરું પાડી શકે છે. વિદ્યાર્થીઓને તેમનાં પાઠ્યપુસ્તકો અને આવાં વિશ્વસાહિત્યનાં બીજાં પરદેશી પુસ્તકો માતૃભાષા દ્વારા વાંચવા મળે છે ત્યારે વરસાદના પાણી જેવાં મીઠાં મધુરાં લાગે છે.

ડિકન્સ ઇંગ્લૅન્ડના હૃદયમાં છેલ્લા સવા સૈકાથી ચિરંતન સ્થાન પામેલો છે. તેની પ્રાસાદિક વાણી ઇંગ્લૅન્ડમાં ઘેર ઘેર ગુંજતી રહી છે. તે બધુ ઇંગ્લૅન્ડના વસવાટ દરમિયાન મેં નજરે જોયું છે. તેનાં કેટલાય પાત્રો અને પ્રસંગો આજ લંડનની શેરીઓમાં અમર થઈ ગયાં છે, એ જ આ મશહૂર લેખકની રસપૂર્ણ કલમનો પ્રતાપ અને અનન્ય લોકપ્રિયતા દર્શાવે છે. ડિકન્સને ટૉલ્સ્ટૉયે વિશ્વસાહિત્યકાર તરીકે ગણાવીને તેનો દરજ્જો શેકસપિયર કરતાં ઉપર મૂકયો છે, તે અભ્યાસ અને કસોટીની ઝીણી ચાળણીમાંથી ચાળ્યા બાદનું પરિણામ છે. ડિકન્સ માનવતાનું હાર્દ પકડે છે, અને તેનો આસ્વાદ એનાં સામાન્યમાં સામાન્ય પાત્રો દ્વારા પણ આપણને આપી શકે છે.

"ડોમ્બી ઍન્ડ સન" આ લાંબી વાર્તા આજના આપણા કેટલાક નવલકથાકારોની માફક, લોકોને કેવળ મનોરંજન પૂરું પાડી કમાણી કરવા ડિકન્સે નહિ જ લખી હોય. રાણી વિકટોરિયાના સમાજની વિવિધ ઊણપો પોતે એક માનવતાવાદી તરીકે જોઈ, તેમને ખુલ્લી કરી બતાવી, તેમની સામે પ્રબળ લોકમત કેળવવા જ તેમણે લખી હશે, એમ સ્પષ્ટ દેખી શકાય છે.

આ સંક્ષેપમાં પણ મૂળ લેખકની શૈલી તથા સુંદર પાત્રનિરૂપણ અદ્ભુત રીતે જળવાઈ રહ્યાં છે, તથા સંક્ષેપની શૈલી સરળ આહ્લાદક અને ભાવ-વાહી છે, એ પ્રથમ જ કહી લઉં. સુંદર અને સુઘડ છપાઈ, તે જમાનાનાં સુરમ્ય ચિત્રો, રસાળ અનુવાદ, ત્રિરંગી જૅકેટ અને સરસ બાંધણી, એ પરિવાર સંસ્થાને એક ઉજ્જવળ પ્રકાશન-સંસ્થાનું બિરુદ અપાવી શકે તેમ છે. એ રીતે ગુજરાતની અન્ય પ્રકાશન-સંસ્થાઓને પ્રકાશન-સેવાના ક્ષેત્રે પરિવાર સંસ્થાના નિષ્ઠાવાન પ્રયાસો, ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે.

૨

આ વાર્તામાં તેના મૂળ લેખકે બાપ-દીકરો, બાપ-દીકરી, ભાઈ-બહેન, ભાઈ-ભાઈ, પતિ-પત્ની, નોકર-શેઠાણી, વફાદાર કે નિમકહરામ શત્રુ મિત્ર, કાકા-ભત્રીજા વગેરે અનેક પ્રકારના કૌટુંબિક અને અન્ય સંબંધો અને વ્યવહારોનું આબેહૂબ ચિત્રણ કર્યું છે. અને એ એવી ખૂબી અને કસબથી કર્યું છે કે, વાર્તા લાંબી હોવા છતાં, વાચક પ્રેમથી તેને આગળ ને આગળ વાંચ્યે જ જાય છે. સફળ વાર્તાકારની આ જ ખરી ખૂબી કહેવાય.

વાર્તાની શરૂઆત મિ૦ ડોમ્બીને ઘેર પુત્રની પ્રસૂતિ થાય છે તે પ્રસંગથી થાય છે. આ સમયે તેને છ વર્ષની એક દીકરી છે; પરંતુ ડોમ્બી સાહેબને દીકરીની પરવા જ નથી. તેને તો દીકરો જ જોઈએ! એના જેવી વેપારી પેઢીને દીકરી રૂપી 'માલ'નો શો ખપ?

મિ૦ ડોમ્બી પોતે એક મોટી તવંગર પેઢીનો અભિમાની વારસદાર છે. કોઈ સ્ત્રીને તે પરણે તો તે સ્ત્રી ભાગ્યશાળી બને, એવું માનવા જેવો તેનો મિજાજ છે. તેની પ્રથમ પત્ની પુત્રના જન્મ પછી તરત જ મૃત્યુ પામે છે. તેની અસર તેના ઉપર એટલી જ થાય છે કે, તેના ઘરના સરસામાનમાંથી એકાદ ચીજ-વસ્તુ જાણે ઓછી થઈ! તેને પોતાની જિંદગીમાં કોઈ મિત્ર મળે નહીં અને તેને મિત્રની પરવા પણ હતી નહીં. દીકરાના નામ- અને દીક્ષા-વિધિ પછીના ખાણામાં આનંદને બદલે મરણ પછીનું ખાણું હોય તેવો દેખાવ તે થવા દે છે! બધા જ્યારે આનંદમાં હોય, ત્યારે તે પોતે એક મુડદાલ નિર્જીવ માણસ હોય તેમ, રશિયન મેળામાં વેચવાનો હોય તેવો ઠંડીમાં થીજી ગયેલો, લાગણી વિનાનો, અડિયલ ખચ્ચર જેવો જ બેસી રહે છે. તેના દેખાવ જેવો જ સ્ટાર્ચથી કડક કરેલો તેનો પોશાક છે; અને એ પોશાકમાં વધુ કડક થઈને તે બેસે છે.

પોતાની સગી દીકરી પ્રત્યે તો તેને તુચ્છકાર અને અણગમો હતો જ; પોતાની બીજી વખતની પત્ની સાથે પણ તે એવું જ તુચ્છ અને કડક વર્તન રાખે છે. એ નવી પત્ની પણ સ્વભાવે બહુ અભિમાની જ હતી; એટલે એ બે અભિમાનો સામસામે અથડાતાં કૌટુંબિક જીવનમાં કેવળ તણખા જ ઊડે છે અને આગ લાગે છે છેવટે એ બીજી પત્ની મિ૦ ડોમ્બીના અભિમાનને ધૂળભેગું કરવા ખાતર જ તેના લુચ્ચા મૅનેજર સાથે ભાગી જાય છે — ભાગી જવાનો દેખાવ કરે છે અને એ લુચ્ચા મૅનેજરને પણ હંમેશને માટે ખતમ કરે છે, — એ વળી જુદી વાત.

છેવટે 'ડોમ્બી ઍન્ડ સન' જ્યારે દેવાળું કાઢે છે, ત્યારે જ મિ૦ ડોમ્બી સહેજ નરમ અને ઢીલો પડે છે. તેના અભિમાનને એવડી મોટી ઠોકર તેની મર્માળી જગાએ એટલે કે ધનની બાબતમાં જ વાગવાની જરૂર પડે છે.

૩

ડોમ્બીના ધન વિષેના ખ્યાલ બહુ વિચિત્ર છે. આપણા સંસ્કૃત સુભાષિતની માફક બધા જ ગુણ કાંચનમાં છે, તેમ જ નાણાંથી દુનિયામાં જે કંઈ ધારીએ તે થઈ શકે છે, એવું તે માને છે. બધા નવા થયેલા ધનિકો એમ જ માનતા હોય છે. પરંપરાથી ધન પચાવીને ઊભી થયેલી ખાનદાની તેમનામાં હોતી નથી. કેવળ અછકલાપણું જ તેમનામાં હોય છે.

લક્ષ્મીની ચંચળતા, લક્ષ્મીની નબળાઈ, લક્ષ્મીમાંથી ઊભી થતી આશા અને નિરાશાઓ અને છેવટે તેમાંથી કશું જ કાયમી નીપજતું નથી તે તેને છેવટે સમજાય છે. ડૉ. એ. જે. શોમન દાક્તરી ધંધો છોડીને લેખક બનેલો, અને અઢળક ધન કમાયેલો. પણ છેવટે એ લખે છે, "મેં આ શું કર્યું? જો હું દાક્તર જ રહ્યો હોત, તો કોઈનું પણ કશુંક ભલું કરી શક્યો હોત; આ પૈસાથી હું શું કરી શકીશ? આ પૈસાથી હું શું કરીશ?"

મિ૦ ડોમ્બીની દીકરી ફ્લૉરેન્સનું પાત્ર સર્જીને ડિકન્સે પોતાની કલાની અવધિ કરી છે. ધનિક બાપની દીકરી હોવાને વાંકે જ ત્યજાયેલ અને તરછોડાયેલ એ છ વર્ષની નાની ઉંમરે જ પોતાની માતા ગુમાવે છે. પિતા તો તેને લેખામાં લેતા જ નથી. પોતાના નાના ભાઈ ઉપર તે અનન્ય પ્રેમ અને વાત્સલ્ય ધરાવે છે. જ્યારે તે બીજાં નાનાં બાળકોને પોતાનાં વહાલાં માબાપને ગળે વળગીને ગેલ અને આનંદ કરતાં જુએ છે, ત્યારે તે પોતે ગંભીરતાથી વિચારે છે કે, આ બધાં બાળકો પાસેથી હું શું શીખું કે જેથી હું પણ મારા પિતાનો પ્રેમ સંપાદન કરી શકું? પોતાની નવી મા એડિથ ઉપર પોતાના પિતા ખુશ છે એમ માની, તેની પાસેથી પણ પોતાના પિતાનો પ્રેમ શી રીતે જીતી શકાય એ કળા શીખવા માટે જ તે એને વળગતી જાય છે!

જે દિવસે તેની ઓરમાન મા ભાગી જાય છે, તે જ દિવસે તેનો બાપ તેને પણ એની સંતલસમાં રહેલી ગણી, લાફો મારી ઘરમાંથી કાઢી મૂકે છે. દુનિયાના કોઈ પણ સમાજમાં દીકરી પોતાના બાપને કે ભાઈને ઘેર જવા માટે આમંત્રણની અપેક્ષા રાખતી નથી. તે સ્વાભાવિક રીતે જ

માબાપ કે ભાઈને ઘેર જવા તલસે છે. દક્ષને ત્યાં પાર્વતી યજ્ઞ વખતે વગર બોલાવ્યે જાય છે. એવો સ્વભાવ અને નિર્દોષ પ્રેમ દીકરી માબાપ પ્રત્યે ધરાવે છે. આ સંસારમાં ભાઈ-બહેનનો પ્રેમ તદ્દન નિર્દોષ અલૌકિક અને ઉત્તમ પ્રકારનો છે. તે ફ્લૉરન્સના પાત્રમાં ચરિતાર્થ થાય છે. આ પાત્ર સર્જીને લેખકે કમાલ કરી છે.

'ડોમ્બી ઍન્ડ સન'ના મૅનેજર જૉન કાર્કરનું પાત્ર ખંધું અને લુચ્ચું છે. તે પોતાના શેઠને દગો દે છે. પોતાનાં ભાઈ અને બહેનને પણ ધુત્કારે છે, અને દુનિયામાં કોઈની પણ પરવા તે કરતો નથી. તે છેવટે પોતાની નીચતાની પરાકાષ્ઠાએ પહોંચે છે, અને પોતાને ઉચિત કારમા અંતને પામે છે. એ પાત્ર દ્વારા ડિકન્સ માનવ જીવનમાં મળતાં ખંધાઈ, લુચ્ચાઈ, દગો વગેરેને તાદૃશ કરી આપે છે.

મૅનેજર કાર્કરનો ભાઈ જેમ્સ અને બહેન હૅરિયેટ જ્યારે પોતાના ભાઈ જૉનના મરણ પછી મિલકત મેળવે છે, ત્યારે પોતાના શેઠ ડોમ્બીને ખબર ન પડે તેમ સિફતભેર નાણાંકીય મદદ કરે છે. મૅનેજર કાર્કરનો એ ભાઈ એક વખત પાપ કર્યા પછી પ્રાયશ્ચિત્ત કરી 'સાધુ'—સદાચારી બનનાર માણસનો નમૂનો છે. અને પોતાના એ ભાઈની એ હડધૂત દશામાં તેને સાથ આપવા જતાં પોતાના જીવનને હોડમાં મૂકનાર હૅરિયેટ એ ભાઈ-બહેનના પ્રેમનું બીજું અનોખું ઉદાહરણ રજૂ કરે છે.

હરેક જમાનામાં બધા સમાજમાં આવાં પાવનકારી દશ્યો જોવામાં આવે છે. આવી રીતે સામાન્ય લેખાતાં પાત્રોને પણ માનવતાના ગુણોનું આલંબન આપી લેખકે પોતાની કલમનો આપણા હૃદય પર જાદુ કર્યો છે.

૪

આ કથામાં રાણી વિકટોરિયાના વખતની સર્જરીનો પણ લેખકે આછો ખ્યાલ આપવા પ્રયત્ન કર્યો છે. કૅપ્ટનને બનાવટી હાથ જેમાં ફૉર્ક અને આંકડો બેસાડી શકાય તેવો કોઈએ બનાવી આપ્યો છે. ડોમ્બી જ્યારે ઘોડા પરથી પડી જાય છે અને તેને પાસેના પબ્લિક હાઉસમાં લઈ જવામાં આવે છે, ત્યારે ત્યાં આજુબાજુથી ડૉક્ટરો આવી પહોંચે છે,—જેમ રણમાં પડેલા ઊંટને ખાવા ગીધડાં ભેગાં થાય તેમ! અને જુદા જુદા ડાકટરો કમાવાની દૃષ્ટિએ ખ્યાલ કરી કોઈ ગામ તરફ તો કોઈ સીમ તરફ ખેંચે છે. કોઈ કહે છે કે, કંમ્પાઉન્ડ ફ્રૅક્ચર છે, કોઈ કહે નથી. આમાં લેખકે તે જમાનાની

ડૉકટરી સેવાનો આબેહૂબ ખ્યાલ રજૂ કર્યો છે. સેવાની પાછળ છુપાયેલ કમાવાની ઉત્કટતાનું વર્ણન સુંદર રીતે કર્યું છે. આજે ૧૨૫ વર્ષ બાદ પણ વિજ્ઞાન અને મેડિકલ સાયન્સ ખૂબ આગળ વધ્યું છે, પરંતુ તે જ ઝડપે ડૉકટરોની સેવાભાવનામાં ઝાઝો ફેર પડયો નથી.

તે જમાનામાં પણ દેખાવડી છોકરીઓનો ગરીબ અને તવંગર બંને વર્ગોમાં તેમનાં મા-બાપ વેપાર કરતાં. એડિથ તેની માને પણ આવા કામ માટે રોકડું પરખાવી દે છે. આવા ગોઠવાયેલા તંત્ર વચ્ચે તે ડોમ્બીને પરણે છે; પણ તે દિલથી તેને ચાહી શકતી નથી.

આમ તે વખતના વિલાયતી સમાજનું સુંદર ચિત્ર લેખકે આ વાર્તામાં રજૂ કર્યું છે. પરિવાર સંસ્થાની નવી ચોપડી માટે કાંઈક લખવાને નિમિત્તે ડિકન્સની આ સુંદર કથાનું વાચન-મનન કરવાની જે અણધારી તક મને મળી, તે નિમિત્તે તે મહાન કથાકારને મારી શ્રદ્ધાંજલિ અર્પું છું. આવી સુંદર કથા ઉચિત રીતે ગુજરાતી ભાષામાં ઊતરે છે, એ વળી સોના સાથે સુગંધ જેવો જોગ છે. હું આ સંક્ષેપને હૃદયપૂર્વક આવકારું છું, અને સંપાદક તથા પ્રકાશકને ધન્યવાદ આપું છું. આ નવલકથા ગુજરાતી ભાષામાંના ઓછા એવા સારા વાર્તા-સાહિત્યમાં જ નહીં પણ વિશ્વસાહિત્યના ગુજરાતી સફળ અનુવાદોમાં ઉચિત સ્થાન પામશે. આજે નવી બે યુનિવર્સિટીઓની શરૂઆત થઈ રહી છે અને તેમાંય માધ્યમનો સવાલ મહત્ત્વનો બન્યો છે, ત્યારે ચાલુ પેઢીને આ જાતનું સાહિત્ય ખૂબ ઉપયોગી નીવડશે. આ કાર્ય વધુ ને વધુ યશસ્વી થાય એ જ આશા અને પ્રતીક્ષા.

તા. ૧-૬-'૬૬ ડૉ૦ મોતીભાઈ દેસાઈભાઈ પટેલ

સરસ્વતીચંદ્રનો ગૃહત્યાગ

ગોવર્ધનરામ ત્રિપાઠી   સંપા૦ : કમુબહેન પુ૦ છો૦ પટેલ

પ્રસ્તાવના : મગનભાઈ દેસાઈ   કિં. ૧૨-૦૦

સરસ્વતીચંદ્ર

આપણી નવલકથા-સાહિત્યનો નગાધિરાજ

'પંડિતયુગનું મહાકાવ્ય'

આશાના બે બોલ

'સરસ્વતીચંદ્ર'ને, — અને તે પણ ગુજરાતમાં! — આવકારનો સવાલ જ કેમ હોઈ શકે? પરંતુ નવા પુસ્તકને આવું કાંઈક પ્રારંભે હોવું ઘટે, એ રિવાજ પ્રકાશકોએ પાડયો છે, તે પૂરતી જ આ થોડીક લીટીઓ છે.

સરકારી 'કૉપીરાઈટ'ની કાલમર્યાદા વટાવી ચૂકેલો આ નવલગ્રંથ, એટલાં વર્ષો વીત્યે પણ, આ પુસ્તક જેવા સારદોહનને પાત્ર રહ્યો છે; આ પ્રકારની સિફારસ ભાગ્યે બીજા કોઈ ગુજરાતી ગ્રંથને નસીબે હશે. આ અગાઉ બેએક આવાં સંપાદનો થયેલાં યાદ આવે છે. નવા આ ઉમેરાનો ભાર ખમી શકે એવી ધરખમ આ ગ્રંથની લોકપ્રિયતા છે જ.

ગ્રંથ વિષે તો શું જ કહેવાનું હોય? તે વસ્તુ-કાર્ય-કથા કરતાં વિચાર-કથા વિશેષે કરીને છે. હિંદના એક યુગનું વિવેચન એ છે. આથી વિવેચકોએ એના ઉપર જ ગ્રંથો લખ્યા છે, અને હજી લખાય છે. આમ છતાં, એક વાત લાગે છે ખરી :—

અંગ્રેજ યુગ બાદ નવો યુગ હિંદભરમાં બેસી ચૂકયો છે. 'સરસ્વતીચંદ્ર'-કાળની પેઢી પણ હવે વીતી ચૂકી છે. નવી પેઢીના ચિંતકોએ આ ગ્રંથનું, તેમની સૃષ્ટિની ભૂમિકામાં મૂલ્યાંકન કરવા જેટલી તાજગી અને નવજીવન-દૃષ્ટિ દાખવની જોઈએ. આ પુસ્તક મૂળ મહાગ્રંથનું નાનકડું દોહન હોઈ, સર્વ પ્રકારના વાચકવર્ગમાં ગતિ કરી શકશે — પહોંચશે, એવી આશા છે.

તા. ૧૬-૫-'૬૬   મગનભાઈ દેસાઈ

"સરસ્વતીચંદ્ર" દ્વારા શ્રી ગોવર્ધનરામે અર્વાચીન ગુજરાતી સાહિત્ય-જગતમાં પગ મૂક્યો.

'સરસ્વતીચંદ્ર'ના સંપાદકનું નિવેદન

મહાન લેખકોના મહાગ્રંથો એ સમગ્ર માનવજાતનો મહાન વારસો છે. ગુજરાતી મહા-નવલ 'સરસ્વતીચંદ્ર'ના લેખક સાક્ષરશ્રી ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી (ઈ. સ. ૧૮૮૫-૧૯૦૭) ગુજરાતી ભાષાના પંડિતયુગના સમર્થ પ્રતિનિધિ ગણાય. ઈ. સ. ૧૮૮૭માં 'સરસ્વતીચંદ્ર'નો પ્રથમ ભાગ પ્રસિદ્ધ થયો, ત્યારથી તેણે ગુજરાતને ઘેલું લગાડયું છે. આજ સુધીમાં તેની પંચોતેર હજાર ઉપરાંત નકલો વેચાઈ ગઈ છે, અને હજુ વેચાવી ચાલુ છે. આજે આટલાં વર્ષો પણ હજુ એના જોટાની બીજી મહા-નવલ ગુજરાતી ભાષામાં લખાઈ નથી.

પૂર્વ અને પશ્ચિમનાં બળોની તુલના કરતી અને બંનેના સુભાગ અંશોનો આદર કરતી આ નવલકથા ગુજરાતી ગદ્યસાહિત્યમાં એક સીમાસ્તંભ બની રહી છે. ગાંધીજીએ પણ કહ્યું છે કે, "(સરસ્વતીચંદ્ર)ના પહેલા ભાગમાં એમણે પોતાની શક્તિ ઠાલવી. નવલકથાનો રસ પહેલામાં ભરેલો છે. ચરિત્ર-ચિત્રણ એના જેવું કયાંય નથી; બીજામાં હિંદુ સંસાર સરસ ચીતરાયો છે; ત્રીજામાં એમની કળા ઊડી ગઈ અને ચોથામાં એમને થયું કે હવે મારે જગતને જેટલું આપવું છે તે આ પુસ્તક દ્વારા જ આપી દઉં તો કેવું સારું!" મહાત્માજીની આ ટીકામાં એ મહાનવલની ખૂબી અને મર્યાદા બંને સ્પષ્ટ થાય છે. ગુજરાતી પ્રજાને ઉત્તમ સાહિત્ય પીરસવાની મિશનરી ભાવનાથી અને નેમથી લખાયેલી એ નવલકથાએ ગુજરાતી સાહિત્યના વિકાસમાં પ્રશંસનીય ફાળો આપ્યો છે, એટલું જ નહિ પણ, ગાંધીજી અને સરદારશ્રીને કામ કરવા માટે ગુજરાતનું સાંસ્કૃતિક વાતાવરણ તૈયાર કરવામાંય એ નવલ-કથાએ ઠીક ઠીક ભાગ ભજવ્યો છે, એમ કેટલાક વિવેચકોનું માનવું છે.

આપણા મહાકવિ નાનાનાલે તો આ મહાકથાને બિરદાવતાં કહ્યું છે, "ગોઈથેનું 'વિલ્હેમ મિસ્ટર', 'અરબની રાત્રીઓ', હ્યૂગોનું 'લે-મિઝેરાબ્લ' ને ગોવર્ધનભાઈનો 'સરસ્વતીચંદ્ર': ચાર ચાર દિશાઓની દેવીઓ જેવી

દિશાઓને સિંહાસને એ ચાર કાદમ્બરીઓ વિરાજે છે. એ સહુ ઉપર આકાશ-કેન્દ્રે દેવલોકના ઝુમ્મર જેવી અનેકજ્યોત પાંચમી બાણભટ્ટની કાદમ્બરી લળેઢળે ને લૂમેઝૂમે છે. છઠ્ઠી એવી મહાકાદમ્બરી લખાશે ત્યારે પૃથ્વી તેને તેટતેટલા ભાવે પૂજશે. દિશામંડળનો ખૂટતો ચોક આજે તો ગુજરાતે પૂર્યો છે ...... ઈતિહાસ કહે છે કે, 'સરસ્વતીચંદ્ર' છપાયો એ મહાતિથિએ આપણા અર્વાચીન ગુજરાતી સાહિત્યે જગસાહિત્યમાં પગ મૂક્યો."

આ ઉપરાંત આજના અને પંડિતયુગના અગ્રણીઓ આનંદશંકર ધ્રુવ, બ. ક. ઠાકોર, વિજયરાય ક. વૈદ્ય – સૌએ આ નવલકથાને ટૉલ્સ્ટૉયની 'વૉર ઍન્ડ પીસ' (૧૮૮૬-૮૯) તથા રોમે રોલાંની 'ઝાં ક્રિસ્ટાફે' (૧૯૧૦-૧૨)ની સમકક્ષ ગણી છે.

આવી જુની અને જાણીતી નવલકથાનો વિસ્તૃત સંક્ષેપ આજના ગુજરાતી વાચકની સેવામાં નમ્રભાવે રજૂ કરતાં આનંદ થાય છે.

પરિવાર સંસ્થાએ વિશ્વસાહિત્યની કહી શકાય એવી જાણીતી મોટી નવલકથાઓના, પોતે વિચારી કાઢેલી એક ખાસ શૈલીમાં, 'વિસ્તૃત' અને 'સચિત્ર' સંક્ષેપો બહાર પાડ્યા છે. એ રીતે તૈયાર કરાયેલા મોટી મોટી નવલકથાઓના સંક્ષેપો ગુજરાતી વાચકને વિશેષ અનુકૂળ આવે છે, એવો અનુભવ છે.

વિદેશી ભાષાઓના કે અન્ય દેશોના નીવડેલા સાહિત્યના સંપર્કથી આપણા ગુજરાતી સાહિત્ય સર્જનને નવી પ્રેરણા અને સૂઝ મળે, એ ઉપરાંત વાચકોની સુરુચિ ખીલે; તથા દેશકાળથી અપરિસીમિત એવા માનવ સંસ્કારો, ભાવનાઓ અને આદર્શોના પરિચયથી પોતાના સંસ્કારો અને આદર્શોનું શોધન કરવાનું પણ તેમને માટે સહેલું બને, એ વાત નિર્વિવાદ છે.

એમાંથી આગળ વધી, સંસ્કૃત ભાષાની કાદંબરી જેવી મહાકથાઓ તથા ગુજરાતી ભાષાની જ મહા-કાદંબરી 'સરસ્વતીચંદ્ર'ના એવા વિસ્તૃત સંક્ષેપોની માગણી થવા લાગી. તેને પરિણામે 'આપણા નવલકથા-સાહિત્યના નગાધિરાજ'નો આ સંક્ષેપ રજૂ કરવાની પ્રેરણા મળી. એક રીતે જોઈએ તો આ મહાગ્રંથ આપણા સાક્ષર-જીવનના 'પંડિતયુગનું મહાકાવ્ય' છે. પરંતુ સંસ્કૃત ભાષાના બીજા મહાગ્રંથોની માફક તેનો વિદેશી ભાષામાં અનુવાદ થયો છે ખરો? ખરી વાત એ છે કે, એ મૂળ ગ્રંથનો વિદેશી ભાષાઓમાં અનુવાદ થવો અશક્ય છે. કારણ કે, એના સમર્થ અને ચિંતનશીલ લેખકે, મૂળ વાર્તાતંતુને આગળ વિકસાવવા જતાં, તેના ઉપર ત્રીજા અને ચોથા

ભાગમાં પ્રાચીન આર્ય રાજનીતિ અને લખ-અલખ-વાદી વેદાંત દર્શનનું ભારણ ભરપટ્ટે લાદી દીધું છે. એ બંને વસ્તુઓ તેના વિદ્વાન લેખકને ભલે આકર્ષક અને સુંદર લાગી હશે; પણ લખ-અલખ-વાદ ભારતવર્ષમાં જ કદી એક દર્શન તરીકે પ્રચાર પામ્યો ન હોઈ, તથા તેમણે વિચારેલું આર્ય રાજ-નીતિશાસ્ત્રનું વ્યવહારુ સ્વરૂપ પણ મલ્લરાજનાં ભવનો સિવાય બીજે ક્યાંય મૂર્તિમંત થયું ન હોઈ, તેનો અનુવાદ કરવા વિદેશી વિદ્વાનો પરિશ્રમ લે, એ શક્ય નથી.

હા, એ મહા-નવલના વાર્તાતંતુને એ બધા ભારણ નીચેથી જુદો તારવી આપવામાં આવે, તો એ મહા-નવલના વિદેશી અનુવાદો શક્ય બને ખરા.

એટલે ‘સરસ્વતીચંદ્ર’ના એવા સભર સંક્ષેપોનું કામ ગુજરાતી ભાષામાં જેટલું થાય તેટલું આવકાર્ય ગણાય. સાહિત્ય અકાદમી તરફથી ગુજરાતીમાં અને હિંદીમાં એના બૃહત્સંક્ષેપ પ્રસિદ્ધ થયા છે. (વર્ષો અગાઉ પ્રથમ બે ભાગની હિંદી અને મરાઠી અનુવાદો પણ છપાયા હતા.) ગુજરાતીમાં બીજા પણ સંક્ષેપો બહાર પડયા છે. એ સંક્ષેપો મુખ્યત્વે જુદી જુદી કક્ષાના વિદ્યાર્થીઓને લક્ષમાં રાખીને કરવામાં આવ્યા છે. પરંતુ માત્ર નવલકથા તરીકે કરાયેલા તેના આ સંક્ષેપને હજુ સ્થાન છે, એ રસિયા વાચકોને તરત સમજાઈ જશે.

આ પ્રયાસમાં નવલકથાના માત્ર વાર્તાતંતુને જ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. મૂળ સમર્થ લેખકની સુંદર, સુઘડ, શુદ્ધ ગુજરાતી ભાષાની છાપ, અનુભવસંચય, ચિંતન, ફિલસૂફી, સંસારમીમાંસા, તથા રસદૃષ્ટિની ખૂબીની ઝલક તેમાં ભારોભાર ઊતરે, એનો પૂરો પ્રયાસ કરવામાં આવ્યો છે. એનું કદ ક્રાઉન ચારસો પાનથી વધે નહિ, તો એક ચાલુ સુંદર નવલ-કથા તરીકે એ વધુ સ્વીકાર્ય બને, એમ માની લઈ, કદની એ મર્યાદામાં આખી મહા-નવલના વસ્તુને સમાવવા પ્રયત્ન કરવામાં આવ્યો છે. અને પરિણામે એમ લાગ્યું છે કે, વાર્તાનો રસ વધુ સુભોગ્ય અને આહ્‌લાદક બન્યો છે.

અલબત્ત, આ કરતાં પણ બીજા વધુ કે વિસ્તૃત સંક્ષેપ ન થઈ શકે એમ નથી; વસ્તુનાં જુદાં જુદાં અંગોને વધારે કે ઓછાં બહલાવીને જુદો જુદો ઘાટ અને રૂપ જરૂર ઉતારી શકાય. આમ આવા સંક્ષેપો પોતપોતાની જવાબદારીએ થયા પછી, એમાંનો કોઈ સંક્ષેપ કોઈ વિદેશી ભાષામાં ઉતારવો સહેલો બનશે, ત્યારે આપણી આ મહાન નવલકથા વિશ્વસાહિત્યમાં તેનું સમુચિત સ્થાન પ્રાપ્ત કરશે. જો કે, એ કામ પણ આપણો જ કોઈ

સાહિત્યસેવક કે સંસ્થા જાતજવાબદારી અને સેવાવૃત્તિથી કરશે તો જ જલદી થશે.

આ સંક્ષેપ તૈયાર કર્યા પછી, અમે ગુજરાતના કલાગુરુ અને શ્રિષ્ટ ચિત્રકાર શ્રી. રવિશંકર મ૦ રાવળને મળ્યા અને તેને સચિત્ર કરી આપવા વિનંતી કરી. તેઓશ્રીએ મુનશીની પાત્રસૃષ્ટિ ગુજરાતને ભેટ ધરી જ હતી; એટલે ગોવર્ધનરામના 'સરસ્વતીચંદ્ર'ની પાત્રસૃષ્ટિ રજૂ કરવાનું કાર્ય તેઓશ્રી જ પોતાના હાથમાં લે એ વધુ યોગ્ય કહેવાય. અમે એમને એ વિનંતી કરી ત્યારે અમને આનંદ અને આશ્ચર્ય સાથે એમ માલૂમ પડયું કે, એ વસ્તુ છેલ્લાં સાઠ વર્ષથી તેમની કલ્પનામાં હતી જ! પોતાની વિદ્યાર્થી અવસ્થામાં ૧૯૧૪-૧૫માં, તેમણે તેની શરૂઆત પણ કરેલી. પણ તે કામ પછી રહી ગયેલું. તેમણે અમારી માગણી સહર્ષ સ્વીકારી. પરંતુ આંખની બીમારી અને મોતિયાના ઑપરેશનના કારણે તે એને કાર્યાન્વિત કરી શકે તેમ ન હતું. તેમ છતાં તેઓશ્રીએ ગોવર્ધનરામની પાત્રાસૃષ્ટિ ઊભી કરવી હોય તો જરૂરી લાગતી વિગતોનું જે ટાંચણ કર્યું, તે તેઓશ્રીના હસ્તાક્ષરમાં અમારી પાસે મોજૂદ છે. ભવિષ્યમાં કોઈ ગુજરાતી ચિત્રાકારને એ બાબતમાં પોતાની પીંછી અજમાવવી હશે, તો તેને તે ઠીક ઠીક મદદરૂપ નીવડશે.

આ સુંદર મહા-નવલમાં લેખકે અંગ્રેજોના આગમન બાદ ઊભી થયેલી આપણી હિંદુ સંસાર-વ્યવસ્થાનું અને મનોદશાનું આબેહૂબ ચિત્ર રજૂ કર્યું છે. અંગ્રેજી કેળવણીને કારણે આપણા શિક્ષિત જુવાનો કેવા પોપલા, લાગણી-વાળા, વેવલા, રોતલ તથા 'રખડુ ફિલસૂફ' અને પુરુષાર્થહીન બની ગયા હતા, એનું તાદશ ચિત્ર આ નવલકથામાં જેવું રજૂ થાય છે, તેવું બીજે ભાગ્યે જેવા મળે. અંગ્રેજી રાજ્યની સમગ્રપણે ભારતીય પ્રજા ઉપર થયેલી ઘાતક અસર વિષે પણ તેઓશ્રી સજાગ છે. અંગ્રેજી રાજ્યના અહોભાવના એ જમાનામાં એ વસ્તુ ખાસ નોંધપાત્ર ગણાય.

બે દેશી રાજ્યોનો રાજ્યકારભાર અને ત્રાણેક મોટાં કુટુંબોનો ગૃહ-કારભાર આવરી લેતી આ મહા-નવલની પાત્રસૃષ્ટિ વિપુલ છે; તથા પ્રસંગોની ગોઠવણી આજકાલની રહસ્યમય નવલકથાઓની આંટીઘૂંટીને પણ આંટી જાય તેવી હોવાથી, આ નવલકથાની પાત્રાસૂચિ શરૂઆતમાં કક્કાવારીના ક્રમે ગોઠવીને આપી છે; જેથી આગળ આવી ગયેલા કોઈ પણ પાત્રની ઓળખ તરત તાજી કરી શકાય અને વાચનમાં રસક્ષતિ ન થાય. જરૂરી જણાયું ત્યાં તે તે પાત્રની વિશેષ ઓળખ જે પાન ઉપર મળી શકે તેમ છે તે પાનનો નંબર પણ નોંધવામાં આવ્યો છે.

પાત્ર-નામો જેટલાં જ સ્થળ-નામો પણ આ નવલકથામાં વિપુલ તથા અત્રતત્ર વેરાયલાં હોવાથી, વાચકની યાદદાસ્ત તાજી કરવામાં મદદરૂપ બને તે હેતુથી તેમને પણ પાત્રસૂચિમાં સામેલ કરવામાં આવ્યા છે.

ટૂંકમાં, આજના ગુજરાતી વાચકને આ મહાનવલની વાર્તાનું સૂત્ર સળંગ પકડાયેલું રહે તે રીતે આ સંક્ષેપ તૈયાર કર્યો છે. તેથી એક વાર્તા તરીકે એ મહાનવલ કેટલી બધી સફળ નીવડી શકે તેવી છે, તેનો ક્યાસ વાચકને આવી જશે. સમગ્ર નવલકથાને તેની વિપુલ વિચારસૃષ્ટિના પણ યથોચિત સંક્ષેપ સાથે રજૂ કરી શકાય; પણ એટલું યાદ રાખવું કે મૂળ નવલકથાનો મુખ્યત્વે ત્રીજો અને લગભગ આખો ચોથો ભાગ લેખકે એ માટે રોકેલો છે; એટલે એ સંક્ષેપ અત્યારે છે તેના કરતાં અઢીગણો તો થાય જ. ઉપરાંત નવલકથાની એ વિચારસૃષ્ટિનું ચિંતન-મનન અને વાર્તા-રસનો ઉપભોગ એ બે જુદી જ બાબતો હોઈ, તે બેને નાહક ભેગાં કરવાં ભાગ્યે જરૂરી કહેવાય. ઉપરાંત વાર્તાતંતુને આધારે જ એ વિચારસૃષ્ટિ પણ રજૂ થયેલી હોઈ, પાત્રોનાં કાર્યોમાં એ પ્રતિબિંબિત થાય છે જ; એટલે માત્ર વાર્તાતંતુને માણનારો વાચક પણ મૂળ ગ્રંથની વિચારસૃષ્ટિથી તદ્દન અસ્પૃષ્ટ નથી જ રહેતો.

આશા છે કે, અત્યારના વાચકને આ સંક્ષેપ તે મહા નવલનો રસાસ્વાદ કરાવવામાં ઠીક ઠીક સહાયભૂત નીવડશે.

પૂજ્ય શ્રી. મગનભાઈ દેસાઈએ આ સંક્ષેપ માટે 'આશાના બે બોલ' લખી આપી તેને પોતાનાં પ્રેમાશિષ સમર્પ્યાં છે. તેથી તેની ઉપયોગિતામાં વધારો થયો છે. તથા શ્રી. સોમાલાલ શાહે ગોવર્ધનરામની સુંદર પાત્રસૃષ્ટિ તૈયાર કરી આપી છે. તે માટે તેમના ખાસ ઋણી છીએ.

નવજીવન ટ્રસ્ટના કાર્યકર્તાઓ તથા આ પ્રવૃત્તિ સાથે સંકળાયેલા અન્ય કલાકારો અને મિત્રોના અદ્‌ભુત સાથ અને સહકાર વિના આ સંક્ષેપ આવા સુઘડ સ્વરૂપે બહાર પાડી ન શકાત. ખાસ કરીને શ્રી. મગનભાઈ દેસાઈ, શ્રી. ગોપાળદાસ જીવાભાઈ પટેલ તથા શ્રી. મણિભાઈ વાઘજીભાઈ પટેલ અને સંસ્થાના અન્ય કાર્યકર્તાઓ અને સાથીઓની પ્રેરણા અને જહેમતથી ઊભી થયેલી પરિવાર સંસ્થાનો ખાસ આભાર માનવો રહે છે. જોકે, છેવટે તો સહૃદયી અને સુજ્ઞ વાચકોને જે આહ્‌લાદ કે સંતોષ થશે, એ જ આ પ્રકાશનની ખરી કૃતાર્થતા હશે. આ સંક્ષેપ ગુજરાતના કદરદાન વાચકના હૈયાને અને અંતરને પ્રફુલ્લિત કરો, એ જ પ્રાર્થના.

તા. ૧૦-૯-'૭૫ કુસુમબહેન પુ૦ છો૦ પટેલ

કુટુંબ-પરિવાર

[શ્રી ગુરુદત્ત કૃત નવલકથા 'गुण्ठन']

અનુ : કુસુબહેન પુ૦ છો૦ પટેલ

પ્રસ્તાવના : **મગનભાઈ દેસાઈ** કિં. ૧૧-૦૦

[પરિવાર સંસ્થાએ શ્રી. ગુરુદત્તની છ વાર્તાઓ ગુજરાતીમાં ઉતારી છે. ૧. કુટુંબ-પરિવાર ૨. ધન અને ધરતી ૩. પ્રેમનાથ ૪. ભ્રષ્ટાચારને માર્ગે ૫. ગંગાજળ ૬. ભૂલ કોની?]

શ્રી. મગનભાઈ દેસાઈનો ઉપોદ્‌ઘાત

આ ગ્રંથની અનુવાદક તથા પ્રકાશક, અ૦ સૌ૦ ચિ૦ કમુબહેને, તેના આમુખ તરીકે, કાંઈક લખી આપવા મને કહ્યું, તે મારે માટે એક "પરિવાર"-પ્રેમના આદેશ સમાન હતું : હું તેની ના ન પાડી શક્યો; અને તે માટે ચોપડી વાંચવા માંડી. તે વાંચતાં આનંદ આવ્યો; અને મનમાં કમુબહેનનો આભાર માન્યો કે, એ વાંચવાની તક પેદા કરી.

આ પ્રકાશન-કામ મારા સ્વ૦ મિત્ર વિજયશંકર ભટ્ટનાં સ્નેહસ્મરણ અને પ્રીતિ અર્થે બહાર પડે છે. આ પુસ્તક (गुण्ठन) મૂળ હિંદીમાં એમણે પોતાના પરિવાર જોડે વાંચ્યું, અને તે એમને એવું ગમ્યું કે, તેનો અનુવાદ કરીને પ્રસિદ્ધ કરવા માટે મૂળ લેખકની પરવાનગી તેમણે માગી લીધી. ત્યાં જ તેમને મોટા ઘરનું તેડું આવ્યું. આ કામ મૂકીને તે ગયા. તે આમ સુંદર રીતે તેમની સ્મૃતિ રૂપે પાર પડે છે, તેમાં આ રીતે જોડાઈ શકું છું, એ મારે માટે એક કીમતી સંભારણું પણ છે.

ગ્રંથનો પ્રસન્ન કથાપ્રવાહ એકધારો ને સતત વહે છે : તેમાં કોઈ આડ-ફાંટા કે નાહકનું લંબાણ નથી, એ તેનું એક મોટું પ્રાસાદિક કારણ લાગ્યું. અને પ્રવાહની ગતિ પહાડોમાંથી ગંગાવતારે થતી અલકનંદા કે ભાગીરથી જેવી ધસતી કે ધોધમાર નથી; પણ મેદાન પર આવીને વહેતી ભરીભાદરી ગંગામાતા જેવી ધીરોદાત્ત છે.

અને એના એવા કથાપ્રવાહમાં તણાતાં સહેજે મને આપણો મહા નવલ-ગ્રંથ 'સરસ્વતીચંદ્ર' યાદ આવ્યો. એની કથા-વસ્તુ ખાસ યાદ આવી : ક્યાં એ મહાગ્રંથનું નાનકડું સાંસરિક વસ્તુ-કાર્ય અને ક્યાં આ લઘુગ્રંથનું લાબું ને વિપુલ કથાનક! બાહ્ય કદ અને તેમાં નિરૂપિત કથા-વસ્તુ વ્યસ્ત પ્રમાણમાં જ લાગે! અને વસ્તુની ચિત્રણકલામાં પણ એવી જ વ્યસ્ત-પ્રમાણતા લાગી.

પરંતુ 'સરસ્વતીચંદ્ર' યાદ આવવાનું કારણ એથી ઊંડું હતું : અને તે, 'કુટુંબ-પરિવાર' અને 'સરસ્વતીચંદ્ર'માં ચિત્રિત થયેલા સમાજમાં રહેલું અમુક દેશકાલનું મૌલિક સામ્ય — તેમની સમયુગીનતા અને કાંઈક અંશે વિષયસમાનતા. બંને કથાનો નિરૂપણ-વિષય અંગ્રેજ રાજ્યકાલમાં પ્રવેશતો અને અંગ્રેજી સંસ્કૃતિના સંસર્ગમાં આવતો હિંદુ ધર્મસમાજ અને તેની પલટાતી જતી કુટુંબ-વ્યવસ્થા છે. જોકે કાલ-દૃષ્ટિએ 'સરસ્વતીચંદ્ર' ૧૯મા સૈકાના ઉત્તરાર્ધને નિરૂપે છે, 'કુટુંબ-પરિવાર' ૨૦મા સૈકાનો પૂર્વાર્ધ-કાલ પકડે છે. આમ છતાં, મૂળ દેશકાલ અને સમાજકારણ એક જ અંગ્રેજ-રાજ્ય-યુગનાં છે.

અને એમાં મુખ્ય વિષય એ છે કે, પરદેશી પરપ્રજા — પરસંસ્કૃતિનું રાજ્ય થતાં, 'राजा कालस्य कारणम्' — ન્યાયે, આપણા પ્રાચીન-સંસ્કૃત દેશમાં સહજ સંકરતા રૂપે પરિવર્તન થવા માંડ્યું. બંને કથામાં આ યુગાન્ત-કારક વસ્તુ નિરૂપવાનો સમર્થ પ્રયત્ન થયો છે.

આ પરિવર્તન આપણા લોકજીવનનાં સર્વ ક્ષેત્રને આવરે એવું વ્યાપક હતું : કહો કે, પૂર્વ અને પશ્ચિમ દુનિયા — હિંદનો ધર્મસમાજ અને વિલાયતનો ખ્રિસ્તસમાજ પહેલવહેલા નિકટ સંપર્ક-સંઘર્ષ-સંઘાતમાં આવ્યા. તેની સાથે આપણી પ્રાચીન પ્રજાએ પહેલવારકો યુરોપીય સુધારાનો અનુભવ લીધો : નવી સમાજવ્યવસ્થા, નવી કુટુંબભાવના, નવી આહારવિહારરીતિ, નવી સેના-પદ્ધતિ, નવી રાજવહીવટકળા, નવા ઉદ્યોગધંધા અને વેપાર-રોજગાર; અને ખાસ કરીને તો, નવી ઢબની પરરાજ્યસેવા અને તેની નોકરી-ચાકરી તથા ધંધાપાણી. આ બધો વ્યાપક સંગ આપણા સમાજ પર પ્રભાવ પાડતો થયો, અને આ સંગ રાજ્યાસને આરૂઢ થયેલો હોઈને, અંગ્રેજ રાજકર્તા લોકદૃષ્ટિમાં આપોઆપ શ્રેષ્ઠ-શિષ્ટ-જન ઠર્યો; — यद्यदाचरति श्रेष्ठः तत्तदेवेतरो जनःનો ન્યાય આપણા આ કાળના લોકજીવનમાં પ્રવર્તવા લાગ્યો.

પરંતુ, એને મર્યાદા હતી; તે પૂર્વેના મુસ્લિમ સંસર્ગ જેવું નહોતું. કારણ, ગોરો ખ્રિસ્તી કેવળ પરાયો રહ્યો, સ્વદેશથી આવી પરરાજ્ય કરી

ખાવા જેટલો જ સંપર્કસ્વાર્થ તેણે કેળવ્યો : તે પ્રજાએ હિંદને ઘર ન કર્યું. છતાં તે રાજ્ય કરે, પછી સાવ કોરી તો કેમ જ રહી શકે? પરિણામે, દા.ત. ઍન્ગ્લો-ઇંડિયન સમાજ જેવો જાતિસંકર અને જીવન-સંકર થવા લાગેલો તે આજે જોવા મળે છે. પરંતુ આવા નર્યા આવજા-સંબંધને લઈને, આ સંપર્કને મોટી મર્યાદા સહેજે સાંપડી – આપણા દેશી સમાજના અમુક વર્ગોમાં જ આની અસર ઊતરી શકી. જેમ કે, જેઓ કામધંધો, નોકરી, શિક્ષણ ઇ૦ને કારણે રાજ્યકર્તા અંગ્રેજ ને તેની ભાષાના સંસર્ગમાં આવ્યા, તેઓમાં એમના સુધારાનો ધક્કો પહોંચ્યો. અને આવો વર્ગ વસ્તીનો એકાદ, બે ટકા જેટલો જ – તેથી ભાગ્યે વધારે – હતો. બાકીનો હિંદનો વિશાળ લોક-મહાસાગર તેની પૂર્વની પરંપરીણ જીવનપદ્ધતિ તથા દૃષ્ટિ-સૃષ્ટિમાં જ બહુધા ચાલુ રહ્યો. જોકે, રાજકર્તા તરીકે પ્રજા પર અવશ્ય પડતા તેના પ્રભાવમાંથી તો તે મુક્ત ન જ રહી શકે. પરંતુ પેલા અલ્પ-સંખ્યક વર્ગમાં જે આચારવિચાર-સંકરતાનું જીવનાંતર જન્મ્યું, તેવું ભાગ્યે તે બહાર ચોમેર તેને ઘેરીને પડેલા અફાટ જનસમુદાયમાં જોવા મળે. બહુ બહુ તો, તેઓ કાંઈક આશ્ચર્યવત્ એને જોતા હોય તો ભલે! અને એની શિષ્ટ ફૅશન બને ખરી.

'સરસ્વતીચંદ્ર' પેઠે આ કથા આ નાનકડા નવા વર્ગ અંગેના સામાજિક પરિવર્તનને વિષય કરે છે; અને તેમાં ખાસ કરીને કુટુંબક્ષેત્રે શું થયું તેને કેન્દ્રમાં લે છે. છેવટે જઈને જોઈએ તો, સમાજ તેની બે મુખ્ય સંસ્થાઓના સંસ્કાર-બળ વડે ઘડાય છે – કુટુંબ અને રાજ્ય. આ કથા તેમાંની કુટુંબ-સંસ્થાને લે છે, અને તે અર્થે પેલા નાનકડા વર્ગના એક કુટુંબની લગભગ ત્રણ પેઢી જેટલો લાંબો સમય આ કથામાં આલેખે છે. આથી, કાળબળે નીતરી ચૂકેલા કેટલાક ફેરફારો એના કથાવસ્તુમાં સ્પર્શાયા છે. અને કથાકારે એની ફૂલગૂંથણીમાં કમાલ કલાકુશળતા દાખવી છે, એમ લાગ્યા વગર રહેતું નથી. ૪૦૦ પાનના નાના વિસ્તારમાં એક આખા પરિવારનો (૬૦ વર્ષ ઉપરનો) સંસાર તેણે ભારે ખૂબીભેર રજૂ કર્યો છે! ક્યાંય કથા અધૂરી છોડેલી કે નકામી ફૂલેલી કે ફુલાવેલી લાગતી નથી. અને એવી જ પ્રવાહી ભાષામાં તે ઊતરી છે.

કથાનક એવું થોલબંધ છે કે, જો લેખક ધારત તો, 'સરસ્વતીચંદ્ર'માં જેવી ભાત ભાતની તર્ક-તરંગ-યાત્રાનો વિચારપ્રવાસ વિલસાવ્યો છે, તેમ તે સહેજે કરી શકત અથવા, આજે ટપકી પડેલી કામોપભોગની વાસ્તવવાદી

મનાતી અશ્લીલ કામરાગના ચીતરવાની શૈલીમાં પણ તે સડસડાટ વહી જઈ શકે, એવાં સ્થાનકોનીય ખોટ નથી. અરે, કથાનાયકના પાટવી પુત્ર વિનોદનું આખું પાત્ર જ એને પાત્ર સ્થાનો પૂરાં પાડે એવું છે. છતાં લેખકે જે સંયમ અને શ્લીલ-શિષ્ટત્વ દાખવ્યાં છે, અને કેવળ કથારસ તેના કાર્ય દ્વારા છલોછલ જમાવ્યો છે, તે કથાકલામાં એક જોવા જેવો નમૂનો પૂરો પાડી શકે.

કથા છે એક હિંદુ સંયુક્ત કુટુંબસંસારની. અંગ્રેજી રાજ્ય અને તેની કેળવણી પ્રસરતાં આ કુટુબસંસ્થા પર જે અસર પહોંચી, તેનો ચિતાર આપવા દ્વારા, આ સંસ્થાનો જે વિશેષ ગુણ છે તે, — નવા આવેલા વિચારો, ભાવનાઓ અને સંસ્કારોની તુલનામાં, — ઉપસાવી બતાવ્યો છે. અને તેની સાથે તેની એબોને પણ યથાસ્થાને યથાભાવે રજૂ કરી છે.

કુટુંબ-સંસ્થા માનવલોકમાં તેની સંસ્કૃતિ અને સમાજનું પારણું કે તેની ધાત્રી સમાન છે. ત્યાં પ્રેમનો અને ત્યાગનો પરસ્પર-ભાવ પ્રવર્તે છે: તેમાં કેવળ વ્યવહારનો કામહેતુક અર્થભાવ નથી, — કે જેવું સમાજવ્યવહારની અન્ય સંસ્થાઓમાં મુખ્યત્વે રહેલું જોવા મળે છે. તેથી જ કરીને, કુટુંબનો આવો પ્રેમ-ન્યાય સમાજના સર્વ ક્ષેત્રે આદર્શરૂપ ગણાય છે. સવાલ એ છે કે, કુટુંબ એટલે શું? તેમાં કોનો સમાવેશ થાય? ગોરો ખ્રિસ્તી સમાજ 'હતો-હતી-હતું'ની મર્યાદા સામાન્યપણે આંકે છે. અમુક ઉંમર બાદ પુત્ર-પુત્રીઓ અન્ય-પરિવાર જેવાં બને છે, કે જે હિંદુ ધર્મસમાજભાવનામાં નવું છે. પશ્ચિમી કુટુંબવ્યવસ્થા એવા પાયા પર રચાઈ છે. તેમાં તેણે સ્વરાષ્ટ્ર-કુટુંબ-ભાવનો એક નવો ઉમેરો (અર્વાચીન યુગમાં) કર્યો છે, — કે જેની કેળવણી આપણે તેના સંગમાંથી લીધી. (આ કથા તે અંશમાં નથી ઊતરતી.) આથી જ અંગ્રેજ રાજ્યકાળમાં, કુટુંબ અંગે 'સંયુક્ત' 'વિભક્ત' એવી પરિભાષા આવીને, તેવા રૂપે હિંદુ કુટુંબ વિષે વિચાર પેદા થયો. આ પુસ્તકની કથા નવઘટનાના આ અંશને ભારે ઝીણવટભેર ચર્ચે છે. તેમાં તે સરકારી નોકરી, નોકરશાહીની રીતરસમો, નવો રાજવહીવટ, ઇ૦ વિગતોને પણ સમાવી લે છે.

તેમ જ લગ્નવ્યવસ્થા અંગે પણ બનવા લાગ્યું. નવી પેઢીમાં ગોરી લગ્નવ્યવસ્થાના વિચારો ઊતરવા લાગ્યા. અને તેમાં કેવા કેવા પ્રકાર પેદા થવા લાગ્યા, તે પણ આ કથાનો સંસાર ભારે રસમયતાથી રજૂ કરે છે. અને તેમાં મુખ્ય નોંધપાત્ર બીના એ છે કે, આંતરજ્ઞાતીય જ નહીં, આંતર-ધર્મીય લગ્ન પણ થવા લાગ્યાં. (દા૦ત૦, વિનોદ અને તેની પત્ની નલિની

ઈ૦ દ્વારા) તે નવી વસ્તુ જે આ યુગમાં નીપજી, તે બતાવી છે. આ યુગમાં ધર્માંતર જ નહીં, સમાજાન્તર પણ જાગ્યું એ વસ્તુએ નવી એક અતિ વ્યક્તિનિષ્ઠ અને ભોગપરાયણ જીવનરીતિને જન્મ આપ્યો છે, કે જે એક નવી ધર્મ-સંસ્કૃતિ જેવી જ વસ્તુ ગણાય. આ વસ્તુ અર્વાચીનવાદ, વિજ્ઞાનવાદ ઈ૦ દાર્શનિક પરિભાષા દ્વારા આજે વર્ણવાય છે. આ કથામાં એને સ્પર્શતો અને કાર્યબદ્ધ કરી બતાવતો કથાભાગ મૌલિક વિચારપ્રેરક બને એવો પ્રભાવશાળી છે.

છેવટે જોતાં, દરેક વિશિષ્ટ સમાજને પોતાની પ્રકૃતિ કે સ્વભાવ હોય છે. ઊંડે ઊંડે, તેના ઘડતરમાં તેની ધર્મસંસ્કૃતિ અને અધ્યાત્મ-દષ્ટિ રહેલી હોય છે; તે એને આકાર આપે છે. યુરોપમાં આ સ્થાને આજે જે છે, તેની તુલનામાં હિંદનો સનાતન સમાજ નિહાળીએ, તો આ વસ્તુ ખાસ કરીને દેખાય. આ કથા આવી ગૂઢતાને સ્પષ્ટ કરવામાં સારી મદદરૂપ થાય એવી છે.

અર્વાચીન શિષ્ટ જગત એટલે બહુધા ગોરું જગત, કે જેનો ઈતિહાસ બેચાર સૈકાં જેટલો જ છે. તેણે રાષ્ટ્રવાદી સામ્રાજ્ય અને શસ્ત્રબલ-પરાયણ સ્વતંત્રતાનો આદર્શ લીધો. પરંતુ, ખરેખર માનવસમાજમાં વ્યક્તિનિષ્ઠ સ્વાતંત્ર્ય કે પારતંત્ર્ય જેવું માની શકાય? સમાજ એટલે જ પરસ્પરતંત્રતા, —તેનાં ઘટકોના વિવિધ સ્વાભિમાની સ્વાર્થો અને સામેવાળાના એવા જ અભિમાની પરાર્થો વચ્ચેના સંઘર્ષ-આભાસી પરસ્પરભાવ વગર સમાજ સંભવે નહીં. કુટુંબસંસ્થાની જો ખૂબી હોય તો તેનાં ઘટકોમાં સ્વ-પર-તંત્રતાની સ્વાર્થી કલહગાંઠ નહીં, પરંતુ પરસ્પરતંત્રતાની ત્યાગ અને સેવાપ્રેરક પ્રેમ-ગાંઠનું અધ્યાત્મબીજ રહેલું છે. વિનોદનું પાત્ર પહેલો પ્રકાર બતાવે છે; તેના પિતાનું પાત્ર બીજો પ્રકાર બતાવે છે. પહેલા પ્રકારનું ચરમ સ્થાન ગાંડાશ્રમ બને છે; બીજા પ્રકારનું ચરમ સ્થાન સ્વસ્થ આત્મતૃપ્ત ચિરનિદ્રા બનતી આ કથા બતાવે છે. કુટુંબ જેવી મૂળ માનવસંસ્થાની ખૂબી આ વસ્તુમાં રહેલી છે, જેને આધારે માનવ-સમાજ સંભવે છે અને ટકે છે. હિંદુ ધર્મસમાજે આ તત્ત્વને અપનાવી પોતાની કુટુંબ-ગૃહવ્યવસ્થામાં ઉતારવાનો પ્રયત્ન કર્યો છે. આ વસ્તુને જ ગીતાકાર દેવ-માનવ-પરસ્પર-ભાવરૂપી ‘યજ્ઞ’ કહીને જણાવે છે કે, તે જ માનવલોકની બ્રહ્મદત્ત કામધેનુ છે. આ દર્શન અને તે આધારે કુટુંબરચના એની વિશેષતા, અને પશ્ચિમના ધર્મસમાજોથી જણાતી તેની જુદાઈ કદાચ કહેવાય.

પૂર્વ અને પશ્ચિમ સમાજોનું મિલન અર્વાચીન યુગમાં હિંદમાં જેવું થયું, તેવો દાખલો, અર્વાચીન યુગમાં, ભાગ્યે બીજા કોઈ મહાન સમાજનો

મળે. તે મિલનનો કુટુંબક્ષેત્રે સુશ્લિષ્ટ ચિતાર આપતી આ કથા સમાજ-વિદ્યાના અભ્યાસીને માટે પણ મનનીય ગણાય. એથી હિંદુ ધર્મ-સમાજ-અને સંસ્કૃતિના વિદ્યાર્થીઓને એ એક રમ્ય કથારૂપે હોઈને, રુચિકર અને ઉપકારક થાય એમ માનું છું. પરિવાર પ્રકાશન સંસ્થાએ સરળ ભાષામાં તે ગુજરાતમાં ઉતારી આપી આપણા કથાસાહિત્યમાં કીમતી ઉમેરો કર્યો છે. તેને માટે અનુવાદિકા બહેનને ધન્યવાદ.

તા. ૧૮-૨-'૬૬ **મગનભાઈ દેસાઈ**

પ્રેમનાથ

[શ્રી. ગુરુદત્ત કૃત નવલકથા 'પ્રવંચના'નો અનુવાદ]

અનુ: **કસુબહેન પુ૦ છો૦ પટેલ**

પ્રસ્તાવના: **મગનભાઈ દેસાઈ** કિં. ૧૦-૦૦

ઉપોદ્ઘાત

પ્રખ્યાત હિંદી નવલકથાકાર શ્રી. ગુરુદત્તની આ બીજી કથા ગુજરાતી વાચકોને વાંચવા મળે છે, તે જોઈને આનંદ થાય છે. પહેલી કથા 'કુટુંબ-પરિવાર' નામે આ અગાઉ પ્રસિદ્ધ થઈ છે. તેની જેમ, આ બીજી કથા પણ મારા સદ્ગત મિત્ર શ્રી. વિજયશંકર ભટ્ટની અનુસ્મૃતિમાં, તેમના પરિવારની પ્રેરણા અને મદદથી પ્રસિદ્ધ થાય છે, તેને આવકાર આપતા 'બે બોલ' તેના ઉપોદ્ઘાત રૂપે આ લખું છું.

શ્રી. ગુરુદત્ત જેવા સમર્થ હિંદી ઉપન્યાસકારનો પરિચય ગુજરાતી વાચકોને કરાવવાનું બહુમાન સદ્ગત ભાઈ વિજયશંકરને જાય છે. તે એમની કથાઓ હિંદીમાં વાંચી તેના ગુણજ્ઞ બન્યા હતા: પોતાના પરિવારને પોતે વંચાવતા; એટલું જ નહિ, પોતે અનુવાદ કરવા પ્રેરાયા હતા. ત્યાં જ તેમનો દેહ પડતાં, તેમના પુત્રોએ પિતાનો અધૂરો સંકલ્પ પૂરો કરવાનું શુભ તર્પણ-કાર્ય હાથ ધર્યું. પહેલી કથા પેઠે જ આ બીજી કથા ભાઈ વિજયશંકરે જ પસંદ કરી હતી.

કથાનું મૂળ નામ 'પ્રવંચના' છે; તે ફેરવીને અનુવાદકે 'પ્રેમનાથ' કર્યું. તે કથાના મુખ્ય એક પાત્રના નામ પરથી લાગે છે. પ્રેમનાથ જે

મુખ્ય કથા-નાયક ગણો, તો તેનો પિતા અમરનાથ આ કથાનો મુખ્ય ખલ-નાયક છે.

જીવનમાં કુ-પિતા અને કુ-પતિ બનેલા તે માણસનું અભાગી નામ છોડીને તેના પરાક્રમી અને પુણ્યશીલ પુત્ર પ્રેમનાથનું નામ લેવામાં ઔચિત્ય અને સુરુચિ વરતાય છે.

મૂળ 'પ્રવંચના' નામ અમરનાથના પાત્ર પરથી લાગે છે. અંગ્રેજી કેળવણી પામીને, તેની ચરમ ટોચ રૂપ સિદ્ધિ મનાતું 'આઈ. સી. એસ.' પદ મેળવેલો તે માણસ અંગ્રેજી રાજ્યમાં ભ્રષ્ટ થઈ તદ્દન ઇંદ્રિયારામી બની જઈને પોતાની પ્રથમ દેશી પત્નીને (તેનાથી એ માણસને પુત્ર તેમ જ પુત્રી છે તે બધાંને) છેહ દે છે — ત્યજે છે; વિલાયતમાં ભણવા ગયો ત્યાં જૂઠું — પ્રથમનું એ લગ્ન છુપાવીને — એક અંગ્રેજ છોકરીને છેતરે છે અને તેની સાથે બીજું લગ્ન કરીને દેશમાં નોકરીએ ચડે છે. પહેલી પત્નીને તો ફેંકી જ દે છે, — બે બાળકો સાથે તે પોતાના ભાઈને આશરે જઈ એમને ઉછેરે છે અને પેલો પોતાની હરામખોરી ભરેલી — લાંચખાઉ નોકરીની રઝામાં બીજી ગોરી પત્નીથી પણ વંકાતો જઈ, છેવટે તેને કાઢી મૂકવાની અને લગભગ પૂરી કરવાની કાવતરાબાજીમાં પડે છે; જુગાર, રંડીબાજી ને શરાબખોરીમાં ખલાસ થઈ જઈને બદમાશોની ટોળીમાં રમતો રાચતો થાય છે; — અને એમ પોતાના કુલધર્મ, જાતિધર્મ, અને દેશધર્મને પણ દગો દે છે. આ બધાં પાપોનો ઘડો ભરાતાં તે એવો તો છેવટે ફૂટે છે કે, નોકરી તો જાય છે, પણ વરસોની જેલ મળે છે. અને ભંગાર થઈ, ગાંડો બનીને તે જેલ બહાર આવે છે, ત્યારે બે પત્નીના (દરેકનો એક એક) બે પુત્રો એવા કમનસીબ પિતાનો હવાલો જેલર પાસેથી મેળવે છે. દવાદારૂ કરતાંય ન સુધરે એવા તેના અસાધ્ય ગાંડપણને લઈને લાચારીથી છેવટે તેને પાગલખાનાને શરણે મૂકી આવે છે.

આમ પોતા સહિત સર્વની વંચના ભરેલું આવું ઘોર પાપી જીવન અમરનાથનું છે, તેમાં તે સ્વજન, સ્વકુલ, સ્વધર્મ, સ્વદેશ ઇ૦ સર્વ સ્વ-ત્વને જ, નહીં પોતાની જાતને પણ દગો જ દે છે! આવી ઘોર 'પ્રવંચના'ની કથા તે 'ગુણ'-વાચક નામે હિંદીમાં પ્રસિદ્ધ થઈ છે. તે જ ભાવમાં વિશેષ નામ પાડવું હોય તો તેને 'અમરનાથ' કહેવાય; પરંતુ એમાં તો 'અમરતા'ને પણ લાંછન જ ને! તેને બદલે 'પ્રેમનાથ' નામ ઉચિતકર છે; નામ પ્રમાણે પ્રેમનાથ કુટુંબ-વત્સલતાની પ્રેમ-મૂર્તિ છે.

અને કથાની મંગળમૂર્તિ પ્રેમનાથની માતા શાંતા છે. સ્ત્રીપાત્રના આલેખનમાં કથાલેખકને સારી ફાવટ છે, એમ કહેવાય. એક ભારતીય સન્નારી તરીકેનો આદર્શ શાંતા દ્વારા તે રજૂ કરે છે. તેની શોક અંગ્રેજ બાઈ ઍમિલી છે; સુશીલતા અને ભારતીય ધર્મસંસ્કૃતિનો પ્રેમ તે એવો ખીલવે છે કે, સપત્નીભાવ ત્યજીને સ્વસા-ભાવથી શાંતા જોડે છેવટે રહે છે. સરખાં જ પ્રવંચનાનાં ભોગ બનેલાં બંને સ્ત્રીપાત્ર અમરનાથથી જણેલા પોતપોતાના પરિવાર સાથે અંતે એક "કુટુંબ-પરિવાર" બનીને એક ઘરમાં ભેગાં થાય છે—ભેગાં રહેવા લાગે છે. પરંતુ ત્યારે 'અ-મરનાથ' તે જ વખતે પોતાના જ વંશવેલા માટે જીવતો મરી જાય છે—કોઈ ઉપાયે ભેગો ન રહી શકે એવો તે મહાપ્રચંડ 'પ્રવંચના-નાથ', બુદ્ધિ જ ખોઈ બેસીને, પાગલખાનામાં જ રહેવાને પાત્ર બની, 'જીવન્મૃત્યુનો દેહદંડ (કથાકારને હાથે) પામે છે.

ભારતીય સંસ્કૃતિનું—તેમાં જન્મેલું એક સંતાન (અમરનાથ) અંગ્રેજોના હિંદમાં રંગાતું જોઈ છેવટે પરિપાક પામતું કથાકાર આલેખે છે; તો બીજી બાજુ, એની આંગ્લ સંસ્કારી સ્ત્રી ઍમિલીને—એ જ સંસ્કૃતિના સંસર્ગમાં,—અરે, પોતાની સપત્નીના જ સંપર્કથી, ઉન્નત ઊર્ધ્વગામી થતી થતી આર્ય સંસ્કૃતિનું જીવન અપનાવતી બતાવે છે. આંગ્લ સંસ્કૃતિની અંગ્રેજિયત હિંદમાં આવી; તેણે અમરનાથને ભ્રષ્ટ કર્યો તો ઍમિલીને ઉન્નત કરી! આમાંથી બે સંસ્કૃતિઓ વિષે શી તુલના થઈ? તેમાંથી શું સમજવું?—સંસ્કૃતિ-સંઘર્ષનો એ કોયડો લેખક રજૂ કરે છે.

લેખક સંસ્કૃતિના કથાકાર છે. આ કથા પંજાબની છે. શીખ રાજ્ય નાબૂદ થઈ અંગ્રેજ રાજ્ય સ્થપાયું; તે પછી જેવો ભદ્ર ઉજળિયાત સમાજ આ સૈકાના પ્રારંભે હિંદમાં ચાલુ થયો, તેનો પ્રતિનિધિ પુરુષ કથાનાયક છે.

શીખધર્મ પછી પંજાબમાં નવું ધર્મોત્થાન આર્યસમાજ ગણાય. તેના પ્રભાવનું ચિત્ર—તેની સંસ્કાર-છાયા કથામાં ચોખ્ખી વરતાય છે. તે પછીનું પ્રબળ નવોત્થાન એટલે ગાંધીજીનાં જીવનદૃષ્ટિ અને કાર્ય. આ કથામાં તેના ઓળા પણ પડવા લાગેલા જોઈ શકાશે. જેમ કે, ભગવદ્ગીતા વિષેની ભક્તિ. આ બધાં પરિબળોથી પ્રગટેલા પંજાબી સમાજનો પરિચય ગુજરાતી વાચકને થાય છે, એ એક આ કથાનો સારો લાભ ગણાય.

વાર્તા ગૂંથવામાં આ લેખક ભારે કસબી છે. થોડાંક જ પાનાંમાં વરસો લાંબી—જમાનો નિરૂપતી કથાનું વસ્તુ, તેના સૂક્ષ્મ હાર્દ સહિત,—અરે!

તે સૂક્ષ્મતા જ ખાસ કરીને બતાવવા માટે! – એ રજૂ કરી શકે છે, તે વાચકનું ધ્યાન ખેંચ્યા વિના નહિ રહે. લેખકે આ સૂક્ષ્મ હાર્દ શું કલ્પ્યું છે, તે મૂળ ગ્રંથમાં પ્રારંભે જ પોતાની "ભૂમિકા"માં કહ્યું છે. તેમાં ભારતીય સંસ્કૃતિ માટેનું આર્યસમાજી અભિમાન કદાચ એમની જ કથાના વસ્તુથી ટીકા પામી મર્યાદિત બને છે કે, એક આર્યજન (અમરનાથ) તેનો વારસો ખુએ છે; ત્યારે એક આંગ્લ-સ્ત્રીજન, તેની જુદી સંસ્કૃતિ છતાં, પોતાના નવા પરિવારમાં સમાવાની માનવતા કેળવી શકે છે. ધર્મસંસ્કૃતિઓ અનેક છે; તેમની તુલના કોઈ શબ્દ-જડ સિદ્ધાંતો કે તત્ત્વોને આધારે ન થઈ શકે. તે તે સંસ્કૃતિ મુજબ પ્રત્યક્ષ જીવન જીવી જાણવાથી જ તેની ખૂબી જણાય – એની ઉન્નતકારી શક્તિ પ્રગટી શકે. અને એવી શક્તિ દરેક ધર્મસંસ્કૃતિ તેના અનુયાયીઓ માટે ધરાવે છે. એમાં તમોગુણી નહિ પણ સાત્ત્વિક અભિમાન જ ઉચિત છે. આ કથામાં શાંતા અને ઑમિલી આ વસ્તુ પ્રત્યક્ષ જીવી બતાવે છે; અને પરિણામે તેઓ સપત્નીઓ છતાં દ્વંદ્વ-સ્પર્ધા નહિ, પણ પરસ્પર એકત્વને સાધે છે. અને પિતા પુત્ર – પ્રેમનાથ અમરનાથની જોડી ભારતીય એક સંસ્કૃતિમાં નવા અંગ્રેજ યુગથી કેવું દ્વૈતીકરણ સંભવે છે, તેની એવી જ રસમય દૃષ્ટાન્ત-કથા ગણાય. એમ બે સ્ત્રી અને બે પુરુષનાં દ્વંદ્વ જીવનની આ કથા આપણા નવલ-સાહિત્યમાં અચ્છો ઉમેરો કરે છે.

એક સમર્થ કલાકારની આ બીજી કથા ગુજરાતીમાં ઉતારવાને માટે પ્રકાશક સંસ્થાને અભિનંદન.

તા. ૨૫-૨-'૬૭ મગનભાઈ દેસાઈ

સદ્‌વિચારોની

પરિવારની આઠ શિક્ષાપત્રીઓ

વિચાર-માળા	સંપા૦ કમુબહેન પુ૦ છો૦ પટેલ	૦–૭૫
['સત્યાગ્રહ' પત્રની પ્રથમ વરસની વિચારકલિકાઓ]		
ચિંતન-મણિમાળા	સંપા૦ કમુબહેન પુ૦ છો૦ પટેલ	૧–૦૦
['નવજીવન'માં અપાયેલાં સુવાકયોનો સંગ્રહ]		
વિચાર-મણિ-માળા	સંપા૦ કમુબહેન પુ૦ છો૦ પટેલ	૨–૦૦
[પ્રેરક વિચારકલિકાઓ]		
અમરવેલ	સંપા૦ કમુબહેન પુ૦ છો૦ પટેલ	૨–૦૦
[દેશ દેશનાં ડાહ્યાં સ્ત્રી-પુરુષોનાં વિચાર-મૌક્તિકો]		
આત્મ-શોધનમાળા	સંપા૦ કમુબહેન પુ૦ છો૦ પટેલ	૨–૦૦
[આત્મસંશોધનને લક્ષમાં રાખીને ચૂંટેલાં સુભાષિતો]		
પારસમણિ	સંપા૦ કમુબહેન પુ૦ છો૦ પટેલ	૨–૦૦
[વિચારસૃષ્ટિનું શોધન કરનારાં સુવાકયો]		
અવળ-વાણી	સંપા૦ કમુબહેન પુ૦ છો૦ પટેલ	૨–૦૦
[ચાબખા, કોરડા અને કડવી-વાણી જેવાં સુવાકયો]		
મોતી-માળા	સંપા૦ ભવાનીદાસ મોતીવાલા	૨–૦૦
[સુભાષિત-સંગ્રહ]		

विचारकलिका

જેમાં બોધ કરતાં સૂચન વધારે છે તે જ સાહિત્ય ઉત્તમ ગણાય છે. વિચારકલિકામાં એ તત્ત્વ વિશેષ હોય છે એટલે જ તેને કલિકા કહે છે. અને કલિકાની સુગંધ વધતી જ જાય છે એ પણ એનું મુખ્ય આકર્ષણ છે. જેને સુગંધ માણતાં આવડે છે તે કલિકાના સેવનમાં મસ્ત થવાનો જ.

काका कालेलकर

२९–९–६२

જીવનવીરો માટે

[કાકા કાલેલકર]

લોકવાર્તાનો રાજપુત્ર જ્યારે એકલો એકલો, છૂપે વેષે વિજયયાત્રાએ ઊપડ્યો, ત્યારે એની માએ એનાં ઓવારણાં લીધાં અને એને આશીર્વાદ આપતાં કહ્યું — 'દીકરા મુસાફરીમાં ત્રોજો ન વધે અને છતાં તરસ કે ભૂખની પીડા તને ન થાય એટલા ખાતર મારે હાથે બનાવેલા આ તરસ-લાડુ અને ભૂખ-લાડુ આપું છું. સાથે રાખીશ તો તને કોઈ કાળે મૂંઝવણ નહીં રહે.'

જીવનયાત્રાએ ઊપડતા જીવનવીરો માટે સંકલનકારે આ નાનકડી ચોપડીમાં એવા જ તરસ-લાડુ અને ભૂખ-લાડુ ભરી દીધા છે. મૂંઝવણ વખતે જરૂર કામ આવશે.

રામનવમી : ૩૧-૩-'૬૬, અમદાવાદ — કાકા કાલેલકર

આવકાર

[મગનભાઈ દેસાઈ]

'સત્યાગ્રહ' સામાહિક એક વર્ષ પૂરું કરીને બીજામાં પ્રવેશ કરે છે. ગયા વર્ષમાં આ પત્રે વિવિધ વાચન-સામગ્રી પીરસી હતી. તેમાં 'વિચાર-કલિકા' રૂપે રજૂ કરાતો સામાહિક સુવિચાર ખાસ ભાત પાડે એવી સામગ્રી ગણાઈ. મારી વિદ્યાર્થિની સૌ. કમુબહેન પટેલે તેની માળા ગૂંથી વાચકોના ઉપભોગને માટે આપી છે તે બદલ તેમને ધન્યવાદ ઘટે છે.

આ સુવાક્યો સહેજે 'સત્યાગ્રહ'ને માટે પસંદ થતાં હતાં. તેમાં કોઈ અમુક વિષય કે વસ્તુ આયોજન-પૂર્વક પકડવાનો હેતુ નથી રખાતો. અંક તૈયાર કરતાં, અઠવાડિયા દરમિયાન થતા ફુટકળ વાચનમાંથી તે વીણી લેવાય છે, અને 'વિચારકલિકા' તરીકે અપાય છે. તેથી તેમાં રસ તથા વસ્તુનું વૈવિધ્ય સહેજે સધાઈ રહે છે.

સુવિચારની માળાનાં આવાં પુસ્તકો એક રીતે જપમાળા જેવાં પણ બને છે. જેમ ભક્તિને માટે તેનો ઉપયોગ, તેમ જ વાચનને માટે આવી

વિચારમાળાઓનો ઉપયોગ કરી શકાય. હળવું વાચન આ નથી એમ ખરું; પરંતુ એની વિવિધતા મગજને જોઈતી હળવાશ સહેજે આપી શકે છે. રસનું અને મનોરંજનનું લક્ષણ નવી નવી વસ્તુના વારાફરતી પલટા દ્વારા મગજને એવા આટાપાટા ખેલવામાં રોકવામાં રહેલું છે. આવી પુસ્તિકાઓ એની ગરજ સારી શકે. સુવાચનના શોખીનોને તો એ ખાસ આકર્ષશે એમ માનું છું. ચોપડીનું કદ પણ માફકસર રાખવામાં આવ્યું છે તે તેની આવી ઉપયોગિતા અને ઔચિત્યમાં ઉમેરો કરે છે.

છેવટે અંગત રૂપે આનાં સંકલનકાર, તથા પ્રકાશક વગેરેનો પણ આભાર માનવો જોઈએ કે તે દ્વારા તેમણે મારા પત્રની કદર કરી છે. આ પુસ્તક વાચકોને પ્રિય થશે એવી આશા છે.

તા. ૨૯-૯-'૬૨ મગનભાઈ દેસાઈ

અમરવેલનાં પુષ્પો

[મગનભાઈ દેસાઈ]

અ૦ સૌ૦ ચિ. કમુબહેનની આ ફૂલગૂંથણીનાં પુષ્પોની મહેક જ એવી જબરી છે કે, એને આ વિલાયતી ફૂલ જેવી નિર્ગંધ પ્રસ્તાવનાની જરૂર ખરી? પરંતુ, વરસેક ઉપર તેમણે ગુજરાતના વાચકોને 'વિચારમાળા' ગૂંથી આપેલી, ત્યારનો જ મારો અંગૂઠો આ 'મણિમાળા' માટેય પડાવી લીધેલો; એટલે ફરી તો કેમ જવાય! એટલા પૂરતું જ આ લખું છું.

સાચું સુભાષિત, દેશ અને કાળ તથા રંગ કે જાતિ ઇ૦ના ભેદભાવોથી પર એવા વિશ્વસાહિત્યની અમરવેલના પુષ્પ સમાન છે. માનવજીવનના મૌલિક અનુભવોનો નિચોડ, એવી જ સારરૂપ ભાષામાં, – કાવ્યની પેઠે ઊર્મિ જેમ પ્રગટ થઈને – સુભાષિત રૂપે સંઘરાય છે. તેથી તેની સુવાસ સર્વદેશીય સર્વકાલીન હોય છે. એવાં પુષ્પોને વીણતા રહેવું, અને સૌને તેની માળા અર્પતા રહેવું, એ એક શોખ કેળવવા જેવો છે. લેખિકાબહેને એ શોખ કેળવ્યો છે, તેને માટે ગુજરાતનો વાચક એમનો આભાર માનશે.

તથા, વરસ ઉપર આપેલી 'વિચારમાળા' ટૂંક વખતમાં વેચાઈ ગઈ, એ આવી કૃતિઓની ઉપયોગિતાનો પુરાવો છે; તેમ જ ગુજરાતી વાચકની રુચિનું પણ એ એક નોંધપાત્ર લક્ષણ ખરું ને! આ 'મણિમાળા' તેવો જ આવકાર પામશે એમ માનું છું.

લેખિકાબહેને (મારા સંપાદિત પત્ર) 'નવજીવન'માંથી આ 'ચિંતામણિ' વીણ્યા છે, એ એક રીતે મારે માટે અભિમાનથી ફુલાવે એવી વસ્તુ ગણાય. સુવાચનમાં પણ સુભાષિત માટેનો પ્રેમ ખાસ કેળવવા જેવો છે. એને માટેની રુચિ ચિત્તના આરોગ્યને માટે જરૂરી છે એટલું જ નહિ, સાહિત્યનો સુશ્લિષ્ટ આસ્વાદ પણ એ વડે અનોખી રીતે કેળવાય છે ને પોષાય છે.

સુભાષિત કેવળ બોધાત્મક જ હોય, એમ ન મનાય. આ સંગ્રહ એ પણ બતાવશે. ચાતુરીભરેલી ચબરાક ઉક્તિ પણ પોતાનો અમુક બોધ (એટલે કે, ચિત્તની ઉપયોગી સ-રસ કેળવણી) આપી શકે છે; અને વિનોદ પણ એક પ્રબળ રસ છે એમ પણ ખરું. આ સંગ્રહમાં એવા નમૂના પણ ઊતર્યા છે, એ તેની એક નોંધપાત્ર તારીફ છે.

થોડા ચુનંદા શબ્દો વડે છતાં, ઘણું અને સચોટ કામ લેવાની સાહિત્ય-શક્તિ, કાવ્ય પેઠે જ, સુવાકય કે સુભાષિતમાં છે; પરંતુ તે કોરીકટ સૂત્ર જેવી નહીં. આથી જ સુભાષિત કળાકૃતિ બને છે, — કે જેવું સૂત્ર માટે ન કહી શકાય. તેથી કરીને સુભાષિત-મણિમાળાઓની માગ હંમેશ રહે છે, અને તેનાં ભાષ્ય કે સમજૂતી પણ જરૂરી નથી હોતાં. તેમનું મનન કરતા રહેવાથી, આપણું જ જીવન, આપણા જ અનુભવો તેમાં અર્થ અને સમજનું ગાંભીર્ય પૂર્યા કરે છે. આવા મનનકાર્યને માટે આ મણિમાળા ચિંતામણિવત્ ઉપયોગી નીવડો.

૨૬-૫-'૬૪ મગનભાઈ દેસાઈ

અભિનંદન

[મગનભાઈ દેસાઈ]

વિચાર-મણિ-માળાને આવકારની જરૂર સંભવે? તેનું આદરપૂર્વક સન્માન જ સહેજે જગતભરમાં થતું આવ્યું છે.

આ નાનકડી માળા 'સત્યાગ્રહ' પત્રમાં આવેલા 'વિચારમણિ'ને વીણીને તૈયાર થઈ છે; એ રીતે એ સાપ્તાહિકની અણધારી કદર થઈ એ તો ઠીક, પણ એટલી સાહિત્યસેવા અજાણમાં તે પત્ર વાટે થઈ એ સંતોષની વાત છે.

ચિ૦ સૌ૦ કમુબહેને આવી માળાઓ ગૂંથવાનો શોખ કેળવ્યો છે, તે માટે મુબારકબાદી. આ અગાઉ તેમની ચાર માળા "વિચાર-માળા," "ચિંતન-મણિમાળા," "અમર-વેલ" અને "આત્મ-શોધનમાળા"–બહાર પડી ચૂકી છે. તેમાં આ ઉમેરો એવો જ આવકારપાત્ર બને, એવી આશા છે.

વિશેષમાં, આ વિચાર-મણિ-માળા હવેથી મારા મિત્ર સ્વ૦ મણિભાઈ વાઘજીભાઈ પટેલની પુણ્ય-સ્મૃતિ રૂપે ચાલશે, એવો ઠરાવ પરિવાર પ્રકાશન સહકારી મંદિરે કર્યો છે, એ આનંદની વાત છે. આથી, અણધારી કે આડકતરી રીતે, તેના નામનું 'મણિ-માળા' પદ સાર્થક બને છે.

ભાઈ મણિભાઈએ તેમના વિલમાં એક કલમ એવી મૂકેલી કે, રૂા. ૫૦૦૦ મગનભાઈ દેસાઈને આપવામાં આવે; તે એમની ઇચ્છા મુજબ, તેનો ઉપયોગ કરી શકે. આની રૂએ, તેમના વારસોએ મને તે રકમ પહોંચાડી. મેં આ રકમ "પરિવાર પ્રકાશન"ને સોંપીને સૂચવ્યું કે, સ્વર્ગસ્થના નામથી સ્મારક ગ્રંથમાળા ચલાવો, તો તે પેટે આ રકમ તમને સોંપું. તેણે આ સૂચન સ્વીકારી, આ માળા તેમના સ્મારક રૂપે ચાલુ રાખવા ઠરાવ્યું, તે માટે તેનો આભારી છું.

એમાં અમુક ઔચિત્ય પણ છે. સ્વ૦ મણિભાઈ સદ્વિચારપ્રેમી સન્નિષ્ઠ ગૃહસ્થ હતા. સ્વાધ્યાય રૂપે સદ્‌ગ્રંથોનું વાચન કરવાનો તેમનો વ્યાસંગ જબરદસ્ત હતો. કૅન્સરથી થયેલા પોતાના મરણના દિવસ સુધી એમનું ગ્રંથવાચન બરોબર ચાલતું હતું. આ તેમના ગુણને શોભે એવી રીતે ગ્રંથમાળાના મણકા પ્રયોજાશે, એવી આશા રાખું છું. આ માળા તેમના જીવનકાળ

દરમિયાન અને પ્રકાશન સંસ્થાની એમની જ અધ્યક્ષતામાં—એમના સૂચન પરથી હતી. તે જ વસ્તુ તેમનું સ્મારક બને છે, એથી પ્રકાશન મંદિરને માટે પણ ધન્યાનંદની વાત ગણાય. આ મણકો વાચકોને આદરપાત્ર બનશે એવી આશા છે.

૫-૮-'૬૭ મગનભાઈ દેસાઈ

મધરાતે આઝાદી

યાને

ગાંધીજીની હત્યાની કહાણી

લેરી કોલિન્સ અને દોમિનિક લાપિયેર કિં. ૨૫-૦૦

સંપા૦: ગોપાળદાસ પટેલ

આવકાર: વાસુદેવ મહેતા

આવકાર

[શ્રી. વાસુદેવ મહેતાની પ્રસ્તાવના]

પોતાના રાષ્ટ્રનું નિર્માણ કયા પ્રકારે થયું એ જાણવાનો દરેક નાગરિકનો ધર્મ છે. હિંદુસ્તાનના ભાગલા અને સ્વતંત્ર તથા સાર્વભૌમ ભારત રાષ્ટ્રનો જન્મ અસામાન્ય સંજોગોમાં થયેલો છે. આઝાદીનો ઇતિહાસ ૧૯૪૬ના અંત સુધીનો વાંચનારને ૧૯૪૭ના બનાવોનો તાળો મેળવવા માટે આ પુસ્તક વાંચવું પડશે.

આઝાદીનાં પૂર્વાપર વર્ષોના બનાવો વિષે ઘણાં પુસ્તકો છે. રચાતા ઇતિહાસનાં પાત્રોએ પોતાના અનુભવ પ્રમાણે એ લખ્યાં છે. એ બધાનો સમન્વય કરીને સંપૂર્ણ ઇતિહાસની રચનાને ઘણો સમય લાગશે. તે દરમ્યાન 'ફ્રીડમ ઍટ મીડનાઈટ'નો આ સંક્ષિપ્ત અનુવાદ આપણી ઊગતી પેઢીની બૌદ્ધિક સજ્જતામાં યોગ્ય પુરવણી કરશે. શ્રી. ગોપાળદાસ પટેલે સંક્ષેપ એવી કુશળતાથી કર્યો છે કે, અસલ પુસ્તક વાંચી જવાની પ્રેરણા મળે અને એમ ન બની શકે તો અસલ વાંચ્યું હોય એવો ઓડકાર પણ આવે.

આચાર્યશ્રી જે. બી. કૃપલાની અને મગનભાઈ દેસાઈ મેમોરિયલ ટ્રસ્ટ, અમદાવાદ-૫૪ દ્વારા શ્રી. પુ૦ છો૦ પટેલ આવું પથ્ય સાહિત્ય લોકો માટે

સુલભ બનાવી સમાજને નિર્મળ રાખવાનું કામ સાત્ત્વિક ધગશથી કરે છે, એ આજની ખરાબ પરિસ્થિતિમાં પણ પાછલી રાતના ઉજાસ જેવું લાગે છે.

આવી સુંદર કથા ગુજરાતી વાચક માટે ઊતરે છે, તેને ધન્ય વસ્તુ માનું છું; તેના હૃદયપૂર્વક આવકાર કરતાં આનંદ અનુભવું છું, અને સંપાદક તથા પ્રકાશક સંસ્થાને ધન્યવાદ આપું છું.

વાસુદેવ મહેતા

૧૮-૫-'૮૪

પ્રકાશકનું નિવેદન

૧

૧૯૪૭ની ૧૪મી ઑગસ્ટની મધરાત, જ્યારે ભારત આઝાદ થવાની જાહેરાત કરવામાં આવી, અને ૧૯૪૮ના જાન્યુઆરીની ૩૦મી તારીખ, જે દિવસે ગાંધીજીની હત્યા થઈ, તે બે પ્રસંગોની કહાણી આધુનિક ભારતના ઈતિહાસમાં લોહિયાળ અક્ષરોએ અંકિત થયેલી છે, પહેલી કહાણી ભાઈએ ભાઈનું લોહી રેડીને અંકિત કરેલી છે, ત્યારે બીજી કહાણી ભારતના ગરીબમાં ગરીબ માણસ સાથે સ્વાત્મભાવ અનુભવી તેને ફરી સ્વમાનભેર જીવન જીવતો કરવા જીવનભર અપરિગ્રહ-વ્રત ધારણ કરનાર મહાત્માને રિવૉલ્વરની ત્રણ ગોળીઓથી ઠાર કરીને રેડેલા લોહીથી અંકિત થયેલી છે.

અને એ બે કહાણીઓ લોહી રેડીને અંકિત થયેલી છે, તેથી જ તેમને ભૂલી ગયે કે તે માટે ભારોભાર પ્રાયશ્ચિત્ત કર્યા વિના પોતાને મળેલી આઝાદી ભોગવવા તાકનાર ભારત-ઉપખંડના બંને ભાગલાઓનો વર્તમાન તેમ જ ભવિષ્યનો ઈતિહાસ કેવો કલંકિત અને અધોગતિના વમળમાં જ અટવાયેલો બની રહ્યો છે અને બની રહેવાનો છે, તે તો બે આંખવાળા અને સહેજ પણ વિચારશક્તિ ધરાવનાર કોઈને પણ તરત દેખાઈ આવે તેવું છે.

મુસલમાનો માટે જુદું રાષ્ટ્ર માગનાર અને મેળવનાર પાકિસ્તાનમાં ૪૦ વર્ષોથી લશ્કરી સેનાપતિઓ જ સર્વસત્તાધીશ બની બેઠા છે; એટલું જ નહિ તે દેશમાં શિયા-સુન્ની, તથા ભારતમાંથી ગયેલા મુસલમાનો તથા ત્યાંના મૂળ પંજાબીઓ અને પઠાણો વચ્ચે જે હુલ્લડો અને ખુનામરકી કાયમ ચાલ્યા કરે છે, તે જોઈ કબરમાં પોઢેલા મહંમદઅલી ઝીણાને પણ ભાગ્યે શાંતિ વળતી હશે. અને ભારતમાં? ગાંધીજીનો કાંટો દૂર થતાં નેહરુએ તથા નેહરુ-વંશીઓએ આઝાદીના લડવૈયાઓએ ઘડેલા રાજ્ય-બંધારણમાં ૬૫ સુધારાઓ

તો કરી નાખ્યા છે; તથા તેમના રાજ્ય હેઠળ વહીવટી-તંત્ર, પોલીસ-તંત્ર, ન્યાય-તંત્ર, લશ્કરી-તંત્ર, અર્થ-તંત્ર અરે શિક્ષણ-તંત્ર પણ ભ્રષ્ટાચારની એવી ચરમ કક્ષાએ પહોંચી ગયાં છે કે, રાષ્ટ્રગીતમાં રોજ ગવાતા ભારત-ભાગ્ય-વિધાતા પણ દેશનું શું ભાવી દેખી કે વિચારી રહ્યા હશે, તેની કલ્પના કરી શકાતી નથી. પ્રજાના દરેક માણસના હાથપગને કામ અને રોજગાર મળી રહે. પ્રજાના દરેક માણસને રોટી મળી રહે તે માટે ગાંધીજીએ હસ્ત-ઉદ્યોગ, કુટિર-ઉદ્યોગ, ગૃહ ઉદ્યોગ અને ગ્રામ-ઉદ્યોગની યોજના આપી હતી. તેને ફગાવી દઈને નેહરુવંશીઓએ પરદેશી યંત્ર-વિજ્ઞાન અને ટેકનોલૉજી દેશમાં પધરાવીને ચપટીક લખપતિ-કરોડપતિ-અબજપતિ ઊભા કરી, દેશની અર્ધોઅર્ધ વસ્તીને ગરીબીની રેખા હેઠળ જીવતી કરી મૂકી છે. દેશમાં લોકશાહીને નામે ચૂંટણીઓ થાય છે, પણ તેમાં ઉઘાડો ભ્રષ્ટાચાર અને અનાચાર આચરવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો આજે ભારતમાં જન્મવું એ જાણે ઈશ્વરે ઘોરમાં ઘોર પાપ કર્યાની સજા કર્યા બરાબર થઈ રહ્યું છે. કારણ કે, આ દેશમાં જન્મેલા પ્રમાણિક, સદાચારી અને જાતમહેનતનું સ્વચ્છ જીવન જીવવા ઈચ્છનાર માણસને ભાગ્યે ક્યાંય આવકાર કે સ્થાન મળે. પહેલાં મનુષ્ય-જન્મ પામવો અને તે પણ ભારતવર્ષમાં — એ પરમ સદ્ભાગ્ય મનાતું; આજે તે વસ્તુ શાપરૂપ બની રહી છે.

અત્યારના ભારત દેશના શિક્ષિત યુવાનને જોઈએ, તો તેનું વિચિત્ર — વર્ણસંકર — ઘડતર જોઈને હેરાન થઈ જવાય. રાષ્ટ્રમાં બનતા કે બનેલા મહત્ત્વના બનાવો કે ફેરફારોની તેને જિજ્ઞાસા કે જાણકારી નથી. દેશને લગતા પ્રાણપ્રશ્નો જેવા કે — દેશની કારમી ગરીબાઈ, જીવરાપણાથી થનગનતાં જુવાન સ્ત્રી-પુરુષોની બરબાદી ઊભી કરનાર ભયંકર બેરોજગારી, કરોડોની નિરક્ષરતા, બીમારી તથા દેશની પ્રાચીન સંસ્કૃતિ અને ઇતિહાસ વગેરે કશાની તેને માહિતી હોતી નથી કે નથી હોતી તેની સાથે કશી નિસબત "ગાંધી" ફિલ્મ ન આવી હોત, તો દેશની ૮૦ ટકા નવી પ્રજા ગાંધીજીના જીવનકાર્યથી તલમાત્ર પણ પરિચિત હોત કે કેમ તેની શંકા છે. અરે ગ્રેજ્યુએટ થયેલા ૯૯ ટકા જુવાનિયાઓને ગાંધીજીની 'આત્મકથા' નામનું પુસ્તક છે એની પણ જાણ નહિ હોય. તો પછી આઝાદીની લડતનો સુવર્ણાક્ષરે લખાયેલો અને 'મધરાતે' મેળવેલી આઝાદીનો લોહિયાળ અક્ષરે લખાયેલો ઇતિહાસ તો તે ક્યાંથી જાણતા હોય?

પરંતુ 'મધરાતે' મેળવેલી આઝાદીએ ભારતમાતાનો અંગચ્છેદ કરી નાખ્યો એટલું જ નહિ પણ સાથે સાથે ભારતમાતાના પનોતા સપૂત ગાંધીજીની

હત્યા પણ તે કારણે જ થઈ – એ બે હકીકતો ભારતની પ્રજાએ હંમેશાં યાદ રાખવી પડશે, અને તેનું પ્રાયશ્ચિત્ત પણ કરતા રહેવું પડશે. આધુનિક ભારતીય ઇતિહાસનો એ તકાજો છે.

૨

પોતાના દેશની આર્થિક, નૈતિક અને આધ્યાત્મિક અવનતિ કરનાર અંગ્રેજોના રાજ્યની ગુલામીમાંથી દેશબંધુઓને મુક્ત કરવા માટે ગાંધીજીએ 'આખરી ફેંસલા'ની અને છેવટે 'ક્વિટ ઇન્ડિયા'ની જોરદાર ચળવળો – લડતો – ઉપાડી હતી. અને એ લડતો એવી જોરદાર બનતી ચાલી કે, છેવટે અંગ્રેજોએ કૂટનીતિનો છેલ્લો પાસો ફેંક્યો – 'ભાગલા પાડો અને રાજ કરો!' અર્થાત્ માતૃભૂમિનાં બે સંતાન – હિંદુ અને મુસલમામ, જે સેંકડો વર્ષથી તાણા-વાણાની જેમ સંકળાયેલાં ચોમેર એક સાથે – ભેગાં – રહેતાં આવ્યાં હતાં, તેમનામાં જુદે જુદે પ્રકારે વિખવાદનું ઝેર રેડી એકબીજાનાં વિરોધી બનાવી મૂકવાં. યોજના એવી હતી કે, મુસલમાનો જ્યાં ત્યાં હુલ્લડ મચાવે, તોફાનો કરે, હિંદુઓની કતલ કરે અને તેમની માલમિલકત બાળે-લૂંટે; જેથી અંગ્રેજો કહી શકે કે, 'અમે ન હોઈએ તો તમે બંને કોમો અંદરોઅંદર લડી મરો – કપાઈ મરો – બરબાદ થઈ જાઓ; – એટલે બ્રિટિશ સરકાર હિંદુસ્તાન છોડીને ચાલ્યા જવાનું વિચારી શકે જ નહિ.'

પરંતુ ગાંધીજીએ ઉપાડેલી અહિંસક સત્યાગ્રહ રૂપી આઝાદીની લડત જેમ જોર પકડતી ગઈ, તથા તેમની આગેવાની હેઠળ હિંદુસ્તાનના લોકો સ્વપ્ને પણ ન કલ્પેલી એવી કુરબાનીઓ આપવા તૈયાર થતા ગયા તેમ તેમ, તથા બીજા વિશ્વયુદ્ધ બાદ ઇંગ્લૅન્ડમાં કૉન્ઝર્વેટિવ પક્ષને બદલે મજૂર-પક્ષ સત્તા ઉપર આવ્યો ત્યારે, હિંદુસ્તાનને કંઈક પ્રકારની યા તો ઓછી-વત્તી આઝાદી આપવી જ પડશે એવું બ્રિટિશ સરકાર માનતી તથા વિચારતી થઈ. એટલે પછી જુદાં જુદાં ('સાઈમન' વગેરે) કમિશનો, (સ્ટૅફર્ડ ક્રિપ્સ વગેરેની) 'યોજના'ઓ તથા 'રાઉન્ડ-ટેબલ-કૉન્ફરન્સો'ની હારમાળા શરૂ કરવામાં આવી.

અંગ્રેજો હવે દેશને આઝાદી આપવા તરફ વળ્યા છે, એ જોઈને, મુસલમાનોના મહંમદઅલી ઝીણા વગેરે આગેવાનોએ કોમી હુલ્લડો અને કત્લેઆમની ભયંકર ચળળ જોરદાર બનાવી, જેથી અંગ્રેજોને દેશના ભાગલા પાડવા જ પડે.

છેવટે ઝીણા કેવી રીતે સફળ થયા અને કોંગ્રેસી આગેવાનો ઢીલા પડ્યા – એટલે સુધી કે તેમણે દેશના ભાગલાનો વિરોધ કરનારા ગાંધીજીને

કૉંગ્રેસ પક્ષમાંથી પણ હાંકી કાઢયા – એ બધા ઈતિહાસથી પ્રજાનો કોઈ માણસ અણજાણ રહે, એ ગંભીર ગુનો જ ગણાય. કારણ કે, એ વખતે દેશના નેતાઓએ દેશને જે છેહ દીધો, એનાં ફળ – અતિ માઠાં ફળ – હવે કાયમને માટે દેશના બંને ભાગલાઓને વેઠવાનાં થયાં છે – વેઠવાં પડવાનાં છે.

ઉપરાંત, વધારે ભૂંડું કામ તો નેહરુ-વંશીઓએ પછીથી કર્યું. અંગ્રેજોએ હિંદુ અને મુસલમાન એવા બે ભાગલા પાડવા જેટલો જ ભારતમાતાનો અંગચ્છેદ કર્યો હતો. તેઓ હરિજનોને અલગ મતાધિકાર આપી ત્રીજો ભાગલો પાડવા તાકતા હતા એ ખરું; પરંતુ ગાંધીજીએ આમરણાંત ઉપવાસ કરીને હિંદુ કોમમાં અંગ્રેજોએ પાડવા ધારેલો એ કાયમનો ભાગલો રદ કરાવ્યો. પરંતુ આઝાદ ભારતના રાજ્ય-બંધારણના ઘડવૈયાઓએ પછાત વર્ગો માટે દશ વર્ષની મુદતબંધી સાથે કેળવણી તથા સરકારી નોકરીઓમાં જગાઓ અનામત રાખવાની જે જોગવાઈ રાખી હતી, તેને નેહરુવંશીઓએ પછાત વર્ગોના મત મેળવવાના લોભમાં લગભગ કાયમની કરી દીધી. પરિણામે આજે ભારતદેશ ખાસ હકો અને લાભો માટે કાયમ ખેંચાતાણ કરતા પછાત-વર્ગોના હરિજન, આદિવાસી, જનજાતિ અને બક્ષીપંચે મંજૂર રાખેલા બીજા સેંકડો 'પછાત' નામધારી ભાગલાઓનો દેશ બની રહ્યો છે. માતૃભૂમિની ઉન્નતિ કે વિકાસ માટેના એક ધ્યેયથી કે ભાવનાથી સંકળાયેલી અને સુગઠિત એવી 'એક' ભારતીય પ્રજા ઊભી થાય એવી એક શકયતા જ હવે રહી નથી.

૩

સેંકડો વર્ષોથી પરદેશીઓની ગુલામી, અત્યાચાર અને અન્યાય સહન કરતી આવેલી ભારતીય પ્રજામાં અન્યાય–અત્યાચારનો પ્રતીકાર કરવાની આજે શક્તિ તથા વૃત્તિ પણ રહી નથી. બધું ઝટ ભૂલી જવાની – ઝટ ગળે ઉતારી જવાની આપણને જાણે કુટેવ જ પડી ગઈ છે. શ્રીકૃષ્ણે ગીતામાં 'અન્યાય-અત્યાચારનો વિરોધ તથા સામનો કરવા (સગાં તથા ગુરુજનો સામે પણ) યુદ્ધ કરવાનો તારો ધર્મ છે, તારું કર્તવ્ય છે,' એવું અર્જુનને સંભળાવી દીધા બાદ ગંગા-જમનામાં ઘણાં પાણી વહી ગયાં. ત્યાર પછી તો બધા અત્યાચારો મૂંગે મોઢે સહન કરી લેવાનો મોટો અંધારયુગ જ દેશમાં વ્યાપી રહ્યો. વચ્ચે એકલા શીખગુરુઓએ સ્વધર્મનું રક્ષણ કરવા દરેક શીખને શસ્ત્ર કિરપાણ (સં. कृपाण) તલવાર ધારણ કરવાનું ધાર્મિક રીતે ફરજિયાત બનાવ્યું.

પરંતુ પછી અંગ્રેજોની ગુલામીના કાળમાં શીખોની એ કિરપાણ — તલવાર પણ નાની સરખી કટાર બની ગઈ; — સ્વરક્ષણ માટે કે અત્યાચારીને ઠારવા માટે તદ્દન નકામી.

પરંતુ પછીથી ભારતના — અને કહો તો દુનિયાના પણ — સારા નસીબે ગાંધીજી આવ્યા, જેમણે આધુનિક શસ્ત્રથી સજ્જ મદમત્ત અત્યાચારીઓના અન્યાયોનો સામનો પોતે નિઃશસ્ત્ર હોવા છતાં કરી શકાય તેવું અહિંસક સત્યાગ્રહનું શસ્ત્ર સૌને આપ્યું. દક્ષિણ આફ્રિકામાં રહેલા ભારતવાસીઓને ત્યાંની રંગભેદ દાખવનારી અત્યાચારી ગોરી સરકારના અન્યાયી કાયદાનો વિરોધ કરવા બાબતમાં ગાંધીજીએ તે શસ્ત્ર વડે વિજય હાંસલ કરી બતાવ્યો હતો. ભારતમાં પાછા ફર્યા બાદ અંગ્રેજ સરકારના અન્યાયી રૉલેટ કાયદા સામે પણ તે શસ્ત્ર વાપરવાની તેમણે પ્રજાને હાકલ કરી. અને પ્રજાના અદનામાં અદના આદમી સાથે પણ સ્વાત્મભાવ અનુભવનાર એ મહાત્માની હાકલનો પ્રજાએ માની ન શકાય તેવો પ્રતિભાવ આપ્યો. પરિણામે જે બ્રિટિશ સામ્રાજ્ય ઉપર સૂર્ય કદી અસ્ત પામતો નથી એવું કહેવાતું તથા મનાતું, તે સામ્રાજ્ય પોતે જ અસ્ત પામી ગયું.

પરંતુ એ જ રાષ્ટ્રપિતા ગાંધીજીને તેમના જ દેશબંધુઓએ — અને તેમાંય હિંદુઓએ જ રિવૉલ્વરની ગોળીઓથી ઠાર કર્યા. કારણ એટલું જ કે, ગાંધીજી હિંદુ અને મુસલમાન બંનેને ભારતમાતાનાં સરખાં સંતાન માનતા હતા.

૪

આ નિવેદન શરૂઆતથી એક જ વસ્તુ તરફ સૌનું ધ્યાન ખેંચવા માટે આરંભેલું છે કે, મધરાતે (મેળવેલી) આઝાદીની તથા ગાંધીજીની હત્યાની આ કહાણી આપણે નિરંતર યાદ કર્યા કરવાની છે તથા ભવિષ્યમાં પણ યાદ કરવા માટે પછીની પેઢીને સોંપતા જવાની છે. તે બંને પ્રસંગોનું સરળ — કડીબંધ — નિરૂપણ કરતું **"મધરાતે આઝાદી યાને ગાંધીજીની હત્યાની કહાણી"** આ પુસ્તક એ બાબતમાં સૌને ઘણું મદદરૂપ નીવડશે, એમ માની તેને પ્રકાશિત કરવામાં આવે છે.

આ પુસ્તક તૈયાર કરવામાં લૅરી કોલિન્સ અને દોમિનિક લાપિયેર એ બે પરદેશીઓએ લખેલા "Freedom At Midnight" પુસ્તકનો મુખ્યત્વે આધાર લીધો છે. તે લેખકોને બ્રિટિશ સરકાર તથા ભારતના

અંગ્રેજ રાજકર્તાઓ તરફની જાણકારી મેળવવાનાં સાધનો વિશેષ ઉપલબ્ધ હતાં, એટલું જ નહિ પણ, તેમણે જવાહરલાલ વગેરે ભારતીય નેતાઓની કે ભારતીય અમલદારોની શેહ-શરમમાં રહ્યા વિના કે તેનાથી દબાયા વિના બધા પ્રસંગોનું નિરૂપણ કરેલું છે.

આ પુસ્તકની મૂળ હસ્તપ્રત 'જ્ઞાનજ્યોતિ' માસિકમાં હપ્તાવાર પ્રસિદ્ધ કરવામાં આવી હતી. હવે તેને થોડા ફેરફાર સાથે પુસ્તકરૂપે પ્રસિદ્ધ કરવાની પરવાનગી આપવા બદલ 'જ્ઞાનજ્યોતિ' માસિકના તંત્રીનો તથા 'આવકાર'ના બે બોલ લખી આપવા બદલ શ્રી. વાસુદેવ મહેતાનો આભાર માનીએ છીએ.

'સાહિત્ય મુદ્રણાલય'વાળા સ્વ. શ્રી. વિષ્ણુભાઈ પંડયાએ પોતા તરફથી પ્રકાશિત કરવા આ પુસ્તકના છપાયેલા ફરમા માગી લીધા હતા. તેમનું અકાળે અવસાન થતાં સુધીમાં કોઈ કારણે તે પુસ્તક પ્રકાશિત થઈ શકયું નહિ. પછી તો તે પુસ્તકના ફરમા કયાં મુકાઈ ગયા છે તેની જાણ પણ કોઈને રહી નહિ. ઘણાં વરસ બાદ વિષ્ણુભાઈના સુપુત્ર શ્રેયસભાઈ પાસે એ ફરમાઓની તપાસ કરવા વિનંતી કરતાં તે ફરમાઓની ભાળ તેમને પણ કયાંય મળી નહિ. એટલે તેમણે પોતાના પિતાશ્રીનું ઋણ અદા કરવાની ભાવનાથી તે પુસ્તકના બધા ફરમા વિના મૂલ્ય ફરી છાપવાનું માથે લીધું, તેથી આ પુસ્તક આટલે વર્ષે સૂર્યનો પ્રકાશ જોઈ શકે છે. એ હકીકતની ફરજ સમજીને સહર્ષ નોંધ અત્રે લીધી છે.

તા. ૨૦-૫-'૮૪ પુ૦ છો૦ પટેલ

મહાત્મા ગાંધી

મૂળ બંગાળીમાં લેખક : ડૉ૰ પ્રફુલ્લચંદ્ર ઘોષ

અનુ : શિવબાલક બિસેન કિં. ૨૦–૦૦

પ્રકાશકનું નિવેદન

ડૉ. પ્રફુલ્લચંદ્ર ઘોષ દેશના ભાગલા પડયા તે વખતે પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન તરીકે વરાયા હતા, તે ૧૯ વર્ષ પછી પાછા ફરીથી મુખ્ય પ્રધાન બન્યા. અંતે પોતાને હાથે જ ધારાસભાનું વિસર્જન કરાવીને તેમણે નવી ચૂંટણીઓનો માર્ગ મોકળો કરી આપ્યો.

પરંતુ એ વસ્તુ તેમને ગાંધીજીનું જીવનચરિત્ર લખવાના અધિકારી બનાવે છે, એ કહેવાનો આશય નથી. મૂળ બંગાળી પુસ્તકના પ્રકાશક અને બંગાળના ગાંધી સ્મારક નિધિના 'સંપાદક' શ્રી શક્તિરંજન બસુ જણાવે છે તેમ, "ઈ. સ. ૧૯૨૧ના વર્ષની અસહકારની ચળવળ વેળા, ઈ. સ. ૧૯30–૩૨ના સવિનય કાનૂનભંગની ચળવળ વેળા, અને ઈ. સ. ૧૯૪૨ની 'ક્વિટ ઇંડિયા' ચળવળ વેળા — એમ આઝાદીની લડતનાં ત્રણ મુખ્ય પર્વો વેળા ડૉકટર ઘોષ મહાત્માજીની રાજનૈતિક તેમ જ રચનાત્મક એમ બંને પ્રકારની પ્રવૃત્તિઓ સાથે ગાઢપણે સંકળાયેલા હોઈ, એ સંબંધ દ્વારા ગાંધીજીને ખૂબ નજીકથી નિહાળવાનો એમને સુયોગ પ્રાપ્ત થયો હતો. એ અંતરંગ નિકટતાનો રસપૂર્ણ ઈતિહાસ આ ગ્રંથમાં અતિશય ચિત્તાકર્ષક ભાષામાં જીવનચરિત્રના નિરૂપણની સાથે સાથે પીરસાયો છે. આથી કરીને એકીસાથે નૈર્વ્યક્તિક જીવનચરિત્ર અને વ્યક્તિગત સંસ્મરણોની ભેગી કહાણીનો રસ આ પુસ્તકમાં મળે છે......

"ગાંધીજીનાં બીજાં જીવનચરિત્રોમાં તેમની રાજનૈતિક પ્રવૃત્તિનો પરિચય જેટલો સવિસ્તર આપવામાં આવે છે, તેટલા પ્રમાણમાં તેમની રચનાત્મક પ્રવૃત્તિનો પરિચય આપવામાં આવતો નથી. આ ગ્રંથમાં એ ઊણપ પૂરી કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. ગાંધીજીની રચનાત્મક પ્રવૃત્તિઓનો

સંક્ષેપમાં આવો સર્વાંગીણ અહેવાલ બીજા કોઈ જીવનચરિત્રમાં આવે છે કે નહીં, તે જાણમાં નથી.

"વસ્તુતાએ, ધંધાદારી જીવનચરિત્ર લખનારની યાંત્રિક જડરચના જેવું આ પુસ્તક નથી; એની લીટીએ લીટીએ લેખકનો શ્રદ્ધાપૂર્ણ મનોભાવ, અનુરાગ અને આદર્શનિષ્ઠા વ્યક્ત થાય છે......"

શ્રી શક્તિરંજન બસુ એ પણ ઠીક કહે છે કે, આ ગ્રંથમાં ગાંધીજીએ ઉચ્ચારેલાં એવાં અનેક વાકયો સંઘરાયાં છે, જે તેમની બીજી ઐતિહાસિક ઉક્તિઓ સાથે એક જ કોટિમાં મૂકી શકાય, તેમ જ જે વચનો આ પહેલાં બીજા કોઈ ગ્રંથમાં સંઘરાયાં નથી. ડૉકટર ઘોષ સાથે વાતચીત પ્રસંગે ગાંધીજીએ એ બધાં વાકયો ઉચ્ચાર્યાં હતાં. એ કારણે આ પુસ્તકનું આકર્ષણ વળી વિશેષ વધી જાય છે, એ કહેવાની જરૂર નથી.

બંગાળીમાં મૂળ પુસ્તક પ્રસિદ્ધ થયા બાદ તરત જ ડૉ. પ્રફુલ્લચંદ્ર ઘોષે એની એક નકલ સ્વ૦ શ્રી મગનભાઈ દેસાઈ ઉપર મોકલી આપી (તા. ૨૪–૧૧–'૬૩) અને જણાવ્યું કે, એની હિંદી અને અંગ્રેજી આવૃત્તિ-ઓનું કામ હાથ ઉપર છે, પણ ગુજરાતી આવૃત્તિનું કામ તમે સંભાળી લો. શ્રી મગનભાઈએ ઘણી ખુશીથી એ કામ સ્વીકારી લીધું એવો નિકટનો સંબંધ એ બે વચ્ચે હતો.

શ્રી મગનભાઈએ મૂળ બંગાળી પુસ્તકના અનુવાદનું કામ એક-બે જણને સોંપી જોયું; અને એમ ગુજરાતી આવૃત્તિ પ્રસિદ્ધ થવામાં ઢીલ થતી ગઈ. તેથી પ્રફુલ્લબાબુએ બે-ત્રણ વખત શ્રી મગનભાઈને પત્ર લખીને મીઠી ટકોર પણ કરી. છેવટે તેમના પુસ્તકનો સંતોષકારક અનુવાદ તૈયાર થતાં, તેનું છાપકામ હાથ ધરવામાં આવ્યું. પુસ્તકની હિંદી આવૃત્તિ ૧૯૬૫માં, અને અંગ્રેજી (પ્રમાણભૂત) આવૃત્તિ ૧૯૬૮માં પ્રસિદ્ધ થઈ હતી, એ વિગત અહીં નોંધતા જઈએ.

શ્રી મગનભાઈ ૧૬ ફરમા સુધીનાં પાન છપાતા પહેલાં કાળજીથી જોઈ શકયા. ૧૭મો ફરમો તેમની પાસે વાંચવા ગયો તે પાછો આવી શકયો નહીં. એટલે તે પછીના અનુવાદને તથા શરૂઆતની મૂળ પુસ્તકની લાંબી 'ભૂમિકા'ના અનુવાદને તે આંખ તળે કાઢી શકયા નથી.

ગાંધીજીની આત્મકથા ઈ. સ. ૧૯૨૧ સુધી આવીને અટકે છે. ત્યાર પછીની તેમની યશસ્વી કામગીરીનું એક જ પુસ્તકમાં સંક્ષેપથી આવું પ્રામાણિક નિરૂપણ બીજા કોઈ પુસ્તકમાં ભાગ્યે મળે.

શ્રી મગનભાઈ મારફતે ડૉ. પ્રફુલ્લબાબુનું આ સુંદર પુસ્તક ગુજરાતીમાં આવે છે, અને શ્રી મગનભાઈની ગુજરાતી વાચકને આખરી ભેટ ગણાય. જુદાં જુદાં રાજ્યોની 'જૂના જોગી' કહેવાય એવી અનેક પ્રમુખ વ્યક્તિઓ સાથે તેમનો નિકટનો સંબંધ હતો,

આ પુસ્તકમાં પ્રફુલ્લબાબુએ મહાત્મા ગાંધીનું જીવનચરિત્ર આલેખવાની સાથે જ ભારતીય પુનરુત્થાનના પ્રયાસમાં મહાત્માજીનું સ્થાન તથા તેમણે તે પુનરુત્થાન માટે ચીંધેલા માર્ગોનું યથોચિત આકલન કર્યું છે. હાલમાં મહાત્માજીના ચીંધેલા માર્ગથી ઊલટી જ દિશાએ આઝાદ ભારતના અત્યારના સૂત્રધારોનો પ્રયાસ છે, એ તે નોંધ્યા વિના રહી શકતા નથી. પુસ્તકમાં ઠેર ઠેર, તથા ભૂમિકામાં ખાસ કરીને, એ ઊલટી દોટનું શું પરિણામ આવે છે, આવી શકે અને આવશે, એની ઊંડી વેદના સાથે નોંધ પણ તે લે છે. એ કારણે બંગાળના કૉંગ્રેસ પક્ષમાં પ્રફુલ્લબાબુ હવે સારી પેઠે અણગમતા પણ થયા છે. જોકે, ભાગલા વખતે આઝાદ ભારતમાં પશ્ચિમ બંગાળના મુખ્ય મંત્રી તરીકે બધું સૂત્ર સંભાળી લેવાને એ માણસ પસંદ કરાયા હતા, એ વાતનો ઉલ્લેખ વાચક પા. ૨૮૬ અને એ પછી બે-ત્રણ જગાએ જોશે. અત્યારે દેશને અને કૉંગ્રેસને પોતાના જૂના અને નીવડેલા સેવકોનો જાણે ખપ નથી, એ કરુણતા દેશમાં બીજે પણ ઠેર ઠેર જોવા મળે છે.

પણ એ બધાનું તો ઠીક; મહાત્માજીને પોતાને જ એ નસીબ હાંસલ નહોતું થયું?—એ કરુણ ભાગ પ્રફુલ્લબાબુએ પોતાના પુસ્તકના અંતભાગમાં બૂડેલી કલમે આલેખ્યો છે. શ્રી મગનભાઈ દેસાઈએ પોતાના દેહાવસાન પહેલાં પાંચેક દિવસ અગાઉ (તા. ૨૭–૧–'૬૯) લખેલા '૩૦મી જાનેવારી' કાવ્યમાં (જુઓ 'સત્યાગ્રહ', તા. ૧–૨–'૬૯ અંક) તે વસ્તુ કવિની રીતે ગાઈ બતાવી છે. તેમાંનો નીચેનો ભાગ અહીં ઉતારી, એ કવિતાના વિદાય થયેલા રચયિતાને પણ અમારી શ્રદ્ધાંજલિ અર્પીને વિરમીએ છીએ —

"કોણ કહે ગોડસેએ માર્યા?
એણે તો દીધી અમરતા!
માર્યા તો તે બાદ બધાએ
જપી જય જય લલકાર—
કરી કાર્યની હાણ;
બાપુ મરી ગયા રે લોલ!

... ...

આવજો, બાપુ! હવે એકલા
કરવાં જગ-ખેડાણ!
ઘટ ઘટમાં જ્યાં રામ વસે ત્યાં
વસો હરિના લાલ—
મરીને અમર થયા રે લોલ;
બાપુ મરી ગયા રે લોલ!

તા. ૩૦-૧-'૮૫

ગાંધીજીનો જીવનમાર્ગ

સંપા: મગનભાઈ દેસાઈ   કિં. ૬-૦૦

ગાંધીજીની જીવન-સાધના એટલે માત્ર વૈયક્તિક મોક્ષ માટેની સાધના એવો અર્થ સમજવાનો નથી. ગાંધીજીના જીવનમાર્ગમાં તો રાજકારણ, અર્થકારણ, સમાજધર્મ, ધર્મશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન—એ બધાંનો પૂરેપૂરો સમાવેશ થાય છે. તેમનો સાધનામાર્ગ સ્વધર્મ-સ્વકર્મને આગળ કરીને ચાલતો હતો. અને તેથી જ તે 'મહાત્મા' કહેવાયા છતાં 'રાષ્ટ્રપિતા' પણ બન્યા હતા.

આ પુસ્તક જુદાં જુદાં મથાળાં નીચે ગાંધીજીનાં મંતવ્યોનો સુભાષિત-સુવાક્ય-સંગ્રહ જેવું નથી. આ તો સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજનીતિ અને તત્ત્વજ્ઞાનનું પુસ્તક હોય, એ રીતે તેનું ઘડતર છે,—ગાંધીજીના જીવંત જીવનદર્શનને તેના સઘળા વ્યાપ સાથે રજૂ કરવા માટે.

દેશમાં આઝાદીનાં પંચાવન વર્ષ બાદ આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક કટોકટી અને અરાજક જેવી અવસ્થા આવીને ઊભી છે, તેવે ટાંકણે રાષ્ટ્રપિતા ગાંધીજીની રીતિનીતિને, તેમના જીવનમાર્ગના અને તેમની જીવનસાધનાના નિરૂપણ દ્વારા કડીબદ્ધ રજૂ કરી આપવી, એ એક અતિ આવશ્યક વસ્તુ ગણાય. શ્રી મગનભાઈ દેસાઈએ એ કામ સફળતાપૂર્વક કરી આપ્યું છે.

કળા એટલે શું?

[ટૉલ્સ્ટૉય કૃત 'What is Art?'

સંપા૦. મગનભાઈ દેસાઈ કિં. ૬-૫૦

કળા વિષે ટૉલ્સ્ટૉય અને ગાંધીજી

સંપા૦ : મગનભાઈ દેસાઈ કિં. ૧-૦૦

પુનર્મુદ્રણનું નિવેદન

ટૉલ્સ્ટૉયનો આ ગ્રંથ (ગુજરાતીમાં) ૧૯૪૫માં પહેલો બહાર પડયો હતો. હવે તેની નકલો ખલાસ થઈ ગઈ છે, અને એ ઉપયોગી ગ્રંથ મળતો નથી, એમ એક-બે મિત્રોએ બે-ત્રણ વર્ષ વર્ષ પર કહેલું. સામાન્ય વાચકો ઉપરાંત, આ પુસ્તક કલા અંગેની ગુજરાત યુનિ૦ની કૉલેજના વિદ્યાર્થીઓને ખાસ જોઈએ, તે જોતાં પણ તે બનતી ત્વરાએ સુલભ કરવું જોઈએ, એવી માગણી હતી.

આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ ગૂજરાત વિદ્યાપીઠ તરફથી બહાર પડી હતી. નવી આવૃત્તિ તે તરત બહાર પાડી ન શકે એમ જોઈને, બીજો કોઈ માર્ગ વિચારવો જોઈએ, એમ લાગ્યું. "શ્રી મ૦ દે૦ સન્માન ટ્રસ્ટ" તરફથી આ તરત પ્રસિદ્ધ કરી શકાય; અને તે છાપવાના કામ અંગે 'પરિવાર પ્રકાશન સંસ્થા'એ તરત જોગવાઈ કરી આપવા જણાવ્યું, આથી આ બીજી આવૃત્તિ 'શ્રી મ૦ દે૦ સન્માન ટ્રસ્ટ' તરફથી 'પરિવાર પ્રકાશન સંસ્થા' બહાર પાડે છે. થોડાક માસમાં જ આ કામ કરી આપવાને માટે તે સંસ્થાનો આભારી છું.

ગઈ આવૃત્તિનું આ પુનર્મુદ્રણ છે. કાંઈક ભૂલચૂક રહી ગયેલી પ્રૂફ જોતાં નજરમાં આવી, તો તે સુધારી લીધી હશે એટલું જ. એક નાનકડો ઉમેરો કર્યો છે, તે પુરવણી રૂપે (પા. ૨૦૫-૬) 'વૉટ ઈઝ ટ્રૂથ' એ (સચિત્ર) લેખ પૂરતો છે, તે અહીં નોંધવું જોઈએ.

ચિત્રો મૂળ અંગ્રેજી ગ્રંથમાં આપેલાં તે પરથી અહીં ઉતાર્યાં છે; તે માટે અહીં એનો આભાર માનું છું.

આ ગ્રંથ વિષે મારા વિસ્તૃત ઉપોદ્‌ઘાતમાં કહ્યું જ છે. તથા ગાંધીજીના કલા વિષેના વિચારો રજૂ કરતાં કેટલાંક અવતરણો પણ તે પછી આપ્યાં છે. આ બે વસ્તુઓ મળીને, કળા વિષે ગાંધીજી અને ટૉલ્સ્ટૉયના વિચારો ટૂંકમાં રજૂ કરે છે. એટલે તે ભાગ અલગ પુસ્તક રૂપે અપાય, તો તે નાની ચોપડી કિંમતમાં ઓછી પડે, અને વાચકને આ મોટા પુસ્તકનો સાર એમાંથી મળી રહે. તેથી એ અલગ છપાવવાની સૂચના 'પરિવાર પ્રકાશને' સ્વીકારી છે, એ આનંદની વાત છે.

આ પુનર્મુદ્રણને નિમિત્તે અનુવાદ સહેજે, પ્રૂફ રૂપે ફરી જોવાનું થયું; તેથી કલા વિષેનું જે ભવ્ય દર્શન અને સચોટ સમર્થન ટૉલ્સ્ટૉયે એમાં રજૂ કર્યું છે, એની છાપ મનમાં ફરી તાજી થઈ. કલામીમાંસાના સાહિત્યમાં ટૉલ્સ્ટૉયનું આ દર્શન અમર વસ્તુ છે. ગુજરાતી વાચકોને ફરી તે ત્વરાભેર આપી શકાયું, તેથી આનંદ થાય છે. કેટલાંક વર્ષો તે મળી ન શકાયું, તે માટે વાચકોની ક્ષમા માગી, આ પુનર્મુદ્રણ હવે બહાર પાડી કૃતાર્થ થાઉં છું.

તા. ૧૮-૮-'૬૬ મગનભાઈ દેસાઈ

જિજ્ઞાસુના પ્રશ્નો

સંપા : મગનભાઈ દેસાઈ કિં. ૧-૦૦

નિવેદન

આ નાનકડી પુસ્તિકાની ઉત્પત્તિ વિષે, તેની શરૂઆતના "પ્રાસ્તાવિક" પ્રકરણમાં કહ્યું છે; એટલે તે અંગે વધુ કહેવાનું રહેતું નથી. આ પ્રકરણો મારા 'સત્યાગ્રહ' સાપ્તાહિકમાં હપ્તાવાર આપવામાં આવ્યાં હતાં. (જુઓ 'સ૦' વર્ષ ૫, અંક ૪૭થી ૫૦ તથા વર્ષ ૬, અંક ૧-૨ સુધી, તા. ૯-૭-'૬૬ થી તા. ૨૦-૮-'૬૬). એમને આ દ્વારા ગ્રંથસ્થ કરીને બહાર પાડયાં છે.

પૂ૦ ગાંધીજીને આ પ્રશ્નો ૧૯૨૪માં મેં પૂછેલા. તે વખતે એ તાજા જ જેલમાંથી આવેલા. મારી જીવનયાત્રામાં આ સમયે હું સંન્યાસયોગ કે કર્મયોગ લેવો, એની મથામણમાં હતો. અને મેં નિર્ણય કરેલો કે, લોકસંગ્રહાર્થે ગાંધીજી-પ્રણીત સેવા-યજ્ઞ-યોગ આજનો યુગધર્મ છે એટલું જ નહીં, આધુનિક યુગની દૃષ્ટિએ પરિશુદ્ધ સાધના-રીતિ છે — ખરો કર્મયોગ અને સાચો

જ્ઞાન સંન્યાસ-યોગ છે. આ મારી સમજને વિષેનો નિબંધ "ગાંધીજીનો જીવનમાર્ગ" — એ નામે થોડા વખત ઉપર બહાર પાડયો છે, તે જે વાચક ઇચ્છે તે જુએ એવી વિનંતી છે.

આમ, આ "જિજ્ઞાસુના પ્રશ્નો" મારા જીવનવિકાસના એક મહત્ત્વના તબક્કાનું પ્રકરણ છે, એમ માનું છું. તેની આ નોંધપોથીરૂપ લખાણ મારાં કાગળિયાંમાંથી મળી આવતાં, તેને અહીં ગ્રંથસ્થ કર્યું છે. આશા છે કે, જિજ્ઞાસુ યુવકોને (ને અમુક રીતે મોટેરાંઓને પણ) તેનું વાચન બોધપ્રદ બનશે.

આ ચોપડી તૈયાર કરીને "પરિવાર પ્રકાશન" મારફત બહાર પાડવામાં બધી રીતે મદદ કરી, તેને માટે ભાઈ ગોપાળદાસનો ઋણી છું, ને તે પ્રકાશન-સંસ્થાનો આભારી છું.

૨૭-૮-'૬૬ મગનભાઈ દેસાઈ

નવી યુનિવર્સિટીઓ

લેખક: મગનભાઈ દેસાઈ કિં.: સવા રૂપિયો

પ્રકાશકનું નિવેદન

ગુજરાત રાજ્યે નીમેલી 'દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સમિતિ'એ પોતાની તા. ૨૪-૧૧-'૬૪ના રોજ મળેલી પ્રથમ બેઠકમાં એક પ્રશ્નાવલિ તૈયાર કરી ગુજરાતમાં અનેક જણને પહોંચતી કરી હતી.

'સત્યાગ્રહ'ના તંત્રી શ્રી. મગનભાઈ દેસાઈએ તેના મુદ્દાઓને આવરી લેતી એક લેખમાળા તેમના પત્રમાં તા. ૨૨-૨-'૬૪થી માંડીને શરૂ કરી. તે હવે પૂરી થાય છે. અને દ૦ ગુ૦ સૌ૦ યુ૦ સમિતિનું કામ પણ પૂરું થયું છે.

'સ૦'પત્રમાં પ્રગટ થતી આ ચર્ચામાં જે ઝીણવટ તથા વ્યાવહારિકતા દાખવવામાં આવ્યાં છે, તેથી લાગતાં વળગતા યુનિ૦ મંડળોને તો તે લેખ-માળા ઉપયોગી થઈ પડે તેવી છે જ, પરંતુ સામાન્ય ગુજરાતી વાચકને પણ યુનિ૦ના શિક્ષણ-વહીવટ અંગે માહિતી તથા માર્ગદર્શન એમાંથી મળી શકે છે. આથી કરીને, આ લેખમાળા પુસ્તિકા રૂપે પ્રસિદ્ધ કરવી ઠીક થશે એમ માની, ગુજરાતી વાચકો સમક્ષ સહર્ષ રજૂ કરીએ છીએ.

ઉચ્ચ કેળવણીનું — યુનિવર્સિટીઓનું કાઠું અંગ્રેજોએ આપણા દેશની સ્વતંત્ર રાષ્ટ્રીય જરૂરિયાત જોઈને ઘડયું નહોતું. અને તેથી તે કાઠું પરિણામની

દૃષ્ટિએ આજે કાલગ્રસ્ત જેવું લાગે છે. રાષ્ટ્રપિતાએ તેમની પાયાની કેળવણીની યોજના રજૂ કરતી વખતે ઉચ્ચ શિક્ષણને વિષેય એવું જ મૌલિક કેટલુંક વિવેચન રજૂ કરેલું. (તેમાંથી કેટલુંક આ પુસ્તકના પરિશિષ્ટ રૂપે ઉતાર્યું છે.) ટૂંકમાં, દેશનું શિક્ષણનું માળખું બદલવું જોઈએ, એ આજે સૌ કોઈ માને છે.

અત્યારે ચારે બાજુ માત્ર અંગ્રેજી ભાષાના શિક્ષણનું ધોરણ ઊતરી ગયાની જોરશોરથી બૂમો પડે છે. પરંતુ શિક્ષણ પોતે કેવું કથળી રહ્યું છે, તેની કોઈ ચિંતા કરતું નથી. આપણે, દરેક કક્ષાએ પચાસ ટકા ઉપરાંત નપાસ થતા જુવાનિયાઓનાં બરબાદ થતાં સમય, શક્તિ અને ખર્ચ ઇ૦ વડે દૂષિત આ કેળવણી વિષે કંઈક પાયાનો વિચાર નહિ કરીએ, તો છેવટે સાચા સ્વરાજથી જ હાથ ધોવાવારો આવશે, એ નક્કી છે. અત્યારના ચાલુ ચોકઠામાં પોતપોતાનાં હિતને લઈને ગોઠવાઈ ગયેલાઓ ભલે આ બધું ન જુએ – ન વિચારે, પણ આપણી આઝાદ જનતાએ આ વસ્તુ ઝટપટ જોઈ કાઢી તેને ધરમૂળથી પલટવાની જરૂર છે. આ પુસ્તકની ચર્ચા એમાં વહેવારુ ફાળો આપશે એવી આશા છે.

તેના લેખક વિષે લખવાની જરૂર ન મનાય. તેમની અને તેમના સાથીઓની સફળ રાહબરી નીચે, ગુજરાત યુનિવર્સિટીએ દેશની યુનિવર્સિટીઓમાં એક પ્રગતિકારક અને સુનિયંત્રિત યુનિવર્સિટી તરીકે નામ કાઢેલું છે. તેના પડઘા છેક પાર્લમેન્ટ અને સર્વોચ્ચ અદાલત સુધી પહોંચેલા છે. તેને પરિણામે ગુજરાતને યુનિવર્સિટી સુધારણાના સવાલો અખિલ ભારતીય કક્ષાએ પહોંચાડવાનું માન મળ્યું છે. આપણે આપણા અંગત રાગદ્વેષભર્યા તુચ્છ વાદવિવાદોમાં પડી જઈ ભલે એ વાત ન જોઈએ; પણ ભવિષ્યનો કોઈ તટસ્થ ઈતિહાસકાર આઝાદીનાં શરૂઆતનાં વર્ષોની યુનિવર્સિટીઓનો ઈતિહાસ તપાસશે, ત્યારે તેને સૌમાં ગુજરાત યુનિવર્સિટી પોતાની પ્રગતિશીલ તથા જવાબદારીભરી ઉમદા કામગીરીથી આગળ તરી આવતી દેખાશે.

ગાંધીજીના સત્યાગ્રહાશ્રમની શાળાથી માંડીને ગૂજરાત વિદ્યાપીઠ અને યુનિ૦ જેવી આપણી પ્રસિદ્ધ સંસ્થાઓના કાર્ય તથા વિકાસમાં જીવન ગાળનાર, આજીવન રાષ્ટ્રીય કેળવણીકાર, શ્રી. મગનભાઈ દેસાઈના યુનિવર્સિટી-અનુભવના નિચોડ રૂપ આ લેખમાળા પુસ્તક રૂપે પ્રસિદ્ધ કરતાં અમે ધન્યતા અને સંતોષ અનુભવીએ છીએ.

નહેરુ શ્રાદ્ધદિન
તા. ૮–૬–'૬૪

પુ૦ છો૦ પટેલ

માર્ટિન લ્યૂથર કિંગ

[અમેરિકાના ગાંધી]

સંપા૦ : ગોપાળદાસ પટેલ કિં. ૧-૦૦

સંપાદકનું નિવેદન

ધર્મ અંગેની જબરદસ્તીથી ત્રાસીને યુરોપમાંથી 'પિલ્ગ્રિમ ફાધર્સ' સ્વાતંત્ર્યની શોધમાં નીકળી પડયા હતા અને અમેરિકા વસાવ્યું હતું. પણ પછી તો એમની પાછળ આવેલા બીજાઓ હાથમાં બંદૂક લઈને, પાણીના રેલાની પેઠે, ત્યારનાં અમેરિકન જંગલોમાં આગળ વધતા ગયા અને ત્યાંની મૂળ વતની પ્રજા 'રેડ ઇન્ડિયન'ને ખતમ કરી, આખા દેશનો અને તેની પ્રાકૃતિક સમૃદ્ધિનો કબજો લઈ બેઠા, તથા કાળાંતરે અત્યારનો અમેરિકન 'સમૃદ્ધ સમાજ' ઊભો કર્યો.

પણ તે પહેલાં તેઓને ત્યાંનાં જંગલો કાપવા, જમીનો ખેડવા અને પ્રાકૃતિક ખનિજસંપત્તિ હાથ કરવા મજૂરોની જરૂર પડી. એટલે આફ્રિકામાં આખાં ગામડાં ને ગામડાં ઘેરી લઈ, ત્યાંથી હજારો સ્ત્રી-પુરુષોને પકડી લાવી, તે વખતનાં સાદાં વહાણોમાં અનાજની ગુણોની પેઠે ખડકીને, અમેરિકા ખંડે પહોંચાડવાનો યુરોપના ગોરાઓને ધંધો જાગ્યો. રસ્તામાં અર્ધા ઉપરાંત માણસો મરી જતાં — પણ મફત જ મેળવેલાં માણસો અર્ધાં મરી જાય તોપણ શો વાંધો? બાકીનાં અર્ધાં તો મોઘા મૂલે અમેરિકાના ગોરાઓને વેચી શકાય ને?

પણ ત્યાર પછી અમેરિકાના ગોરાઓમાં કેટલાંક ઉદ્દામ સ્ત્રી-પુરુષો એવાં ઊભાં થયાં, જેમને આફ્રિકાના હબસીને ગુલામીમાં જકડી રાખી અમાનવતા દાખવ્યા કરવાનું ગમ્યું નહિ. તેથી તેઓમાં ગુલામોની મુક્તિની ચળવળ ઊપડી. દક્ષિણનાં રાજ્યો તે બાબતમાં વિરુદ્ધ પડયાં અને આંતર-યુદ્ધ ખેડાયું. અબ્રાહમ લિંકન જેવા મહારાજપુરુષે એ બાબતમાં સફળતા હાંસલ કરીને એક-અમેરિકન રાજ્ય દૃઢ કર્યું. પરંતુ તેમાં તેને જાન આપવા પડયા. અમેરિકાના કાળા-ગોરા વર્ણયુદ્ધમાં પહેલું એ બલિદાન પડયું.

છતાં કાળો અને ગોરો એવો ઊંચનીચભાવ ઊંડો ઊંડો તો ત્યાં ચાલુ રહ્યો જ — આપણે ત્યાં જેવું પછાત-વર્ણીય ઊંચનીચપણું છે, તેવું ત્યાંના રંગદ્વેષી સમાજમાં ચાલ્યું. કાળો અમેરિકન સમાજ પછાત અને ઊતરતો જ મનાતો રહ્યો.

બે વિશ્વયુદ્ધ પછી આ અમેરિકન ભાવમાં ફરક પડયો. માનવ સમતા ને સ્વમાનનું જગદ્વ્યાપી દ્વિમુખી મોજું આવ્યું. ગોરાઓમાં માનવ સમતા માટે કાળાનો પક્ષ લઈને લડનારા જેમ નીકળ્યા, તેમ કાળાઓમાં સ્વમાનના ખ્યાલથી પોતાના હક-અધિકાર માટે લડવા તૈયાર થનારા પણ નીકળ્યા.

આ દ્વિમુખી મોજાનો પણ સામનો થયો. કાળાનો પક્ષ લઈને લડતા ગોરા પ્રમુખ કેનેડી પહેલા ઠાર થયા. પછી હબસી નેતા કિંગને પણ ગોળીથી ઠાર કર્યા. આટલું બસ ન હોય એમ, કેનેડીનો નાનો ભાઈ નવો પ્રમુખ બનવામાં હતો, તેને પણ થોડા દિવસ પર ઠાર કર્યો.

આમ આજે અમેરિકન પ્રજાનો ઇતિહાસ આવાં બલિદાનના લોહીથી તેની કરવટ બદલે છે. અમેરિકન પ્રજાની મગરૂરી અને ગૌરવ પર — તેની મોટાઈની આબરૂ પર આ ખૂનોથી જબરો ઘા થયો છે. 'સમૃદ્ધ સમાજ' એટલે બધું સારું જ સારું એમ નથી. 'સંપદો નૈવ સંપદ:' — ખરી સંપત્તિ અમેરિકાએ હજી સમજવાની છે. આજે તો મદમસ્ત ઇંદ્રિય-સુખવાદમાં તે દેશ બંદૂક અને અણુબૉંબ લઈને નીકળી પડયો છે.

અમેરિકન ગોરાઓની એ વિપુલ શસ્ત્રસમૃદ્ધિ સામે હબસી નેતા માર્ટિન લ્યૂથર કિંગે કાળાઓનાં સ્વમાન અને સમતાના રક્ષણ અર્થે અહિંસક-પ્રતીકાર આદર્યો, — શસ્ત્રમત્ત બ્રિટિશ સામ્રાજ્ય સામે ગાંધીજીએ અહિંસક યુદ્ધ આદર્યું હતું તેમ. કારણ કે, અમેરિકન સમૃદ્ધ ગોરાઆને બંદૂકથી દબાવવાનું તો બની શકે નહીં. તેમની સામે તો પ્રેમનું અહિંસા-શસ્ત્ર જ કદાચ કારગત નીવડી શકે. ગાંધીજીનું એ અહિંસા-શસ્ત્ર માર્ટિન લ્યૂથર કિંગે સમજપૂર્વક અપનાવ્યું હોવાથી જ તેમને 'અમેરિકાના ગાંધી' એવા ઉપનામે ઓળખવામાં આવે છે.

કિંગનું એ જાતનું ઘડતર કેવી રીતે થયું, વગેરે વિગતો આપણ ભારતીય લોકોને તો ખાસ રસિક થઈ પડે. એટલે તેમનું ટૂંકું જીવનચરિત્ર એક અભ્યાસી પાસેથી મેળવી આમાં પહેલા ભાગ તરીકે સામેલ કર્યું છે; અને બીજા ભાગ તરીકે, શ્રી. માર્ટિન લ્યૂથર કિંગને શાંતિ માટેનું નોબેલ પારિતોષિક મળ્યું, તે પ્રસંગે (નોર્વેની) ઓસ્લો યુનિવર્સિટીમાં ૧૧–૧૨–'૬૪ના રોજ તેમણે આપેલા વ્યાખ્યાનને ટૂંકાવીને ઉતાર્યું છે, જેથી તેમની વિચારસૃષ્ટિ

સમજમાં આવે. એ સંક્ષેપ 'સત્યાગ્રહ' સાપ્તાહિકમાં ચાર હપ્તે – ૧૫-૫-'૬૫, ૨૯-૫-'૬૫, ૧૯-૬-'૬૫ તથા ૧૦-૭-'૬૫ સુધીના અંકોમાં પ્રગટ થયેલો, તે થોડાઘણા વિસ્તાર સાથે આમાં ઉતાર્યો છે.

પૂંઠા ઉપરનું ચિત્ર 'સ્પાન' સામાયિકમાં મે, ૧૯૬૮ના અંકમાં પ્રસિદ્ધ થયેલું તે અહીં ઉતાર્યું છે.

આમ જે જે વિવિધ પત્રો અને લેખક – પ્રકાશકોની મદદ લઈને આ પુસ્તિકાની લખાણ- તથા ચિત્ર- સામગ્રી એકઠી કરવામાં આવી છે, તે સૌનો અહીં આભાર માનું છું.

આશા છે કે, ગુજરાતી વાચકોને આ પુસ્તિકા સમયસરની અને ઉપયોગી થઈ પડશે.

૪-૭-'૬૮

ભ્રષ્ટાચારને માર્ગે

[ગુરુદત્ત કૃત નવલકથા पतनका मार्ग]

અનુ.: કમુબહેન પુ૦ છો૦ પટેલ કિં. ૧૨-૦૦

બે બોલ

[ગોપાળદાસ પટેલની પ્રસ્તાવના]

૧

પ્રાચીન કાળથી પ્રશ્ન પુછાતો આવ્યો છે કે, રાજા કાળનું કારણ છે કે કાળ રાજાનું કારણ છે? તેનો જવાબ તે વખતના અનુભવીઓએ એવો આપ્યો છે કે, राजा कालस्य कारणम् । – રાજા જ કાળનું કારણ છે.

આ નવલકથા વાંચતાં એ પ્રશ્ન આપણને ફરી ફરી ઊઠયા કરે છે કે, સરકારી અમલદારો (એટલે કે 'રાજા') પ્રજાને ભ્રષ્ટ કરે છે કે, ભ્રષ્ટ પ્રજા સરકારી અમલદારોને (રાજાને) બગાડે છે? જો આપણે પ્રાચીન ડહાપણને જ માન્ય રાખીએ, તો એક જ જવાબ મળે કે, રાજા જ પ્રજાને ભ્રષ્ટ કરી શકે કે સુધારી શકે.

કૉન્ફુશિયસને જ્યારે ચી-કાંગે પૂછયું કે, 'મારા રાજ્યમાં ચોરોની સંખ્યા વધી ગઈ છે, તો મારે શું કરવું?' ત્યારે તેમણે જવાબ આપ્યો, "જો આપ નામદાર જ લોભી ન હો, તો આપ ઈનામ આપવા તૈયાર થાઓ તોયે કોઈ ચોરી કરવા તૈયાર નહિ થાય."

બીજે વખતે તેમણે તે જ રાજાને જવાબ આપતાં ઉમેર્યું: "ઉપરના (રાજાલોક) અને નીચેના (પ્રજાવર્ગના) માણસો વચ્ચે પવન અને ઘાસ જેવો સંબંધ છે. પવન વાય, તેમ ઘાસે ઢળવું જ પડે. એટલે આપ સદા સારા રહો, તો લોકો સારા જ રહેશે."

અત્યારે આઝાદીનો યુગ છે, તથા પ્રજાએ ચૂંટીને મોકલેલો કૉંગ્રેસ પક્ષ બધાં રાજ્યોમાં રાજા તરીકે કામ કરે છે. જ્યાં સુધી આઝાદીની લડત દરમ્યાન નેતાઓ અને પ્રજાના વર્ગોનું ધ્યેય એક જ હતું, ત્યાં સુધી રાષ્ટ્ર-શરીરમાં બે જુદા વિરોધી પક્ષોની કે હિતોની ખેંચતાણ જેવું કશું ન હતું. પરંતુ આઝાદી બાદ રાજસત્તા પ્રજાના એક પક્ષ કે વર્ગના હાથમાં આવી, એટલે હિતોની પરસ્પર અથડામણ શરૂ થઈ. કારણ કે, પ્રજાના તમામ વર્ગોનાં હિત એક-સરખાં હોય નહીં; અને કયા વર્ગના હિતને પ્રાથમિકતા આપવી – એ છેવટે કોણ નક્કી કરે?

ગાંધીજી જવાહરલાલજીનું યંત્રોદ્યોગી, ભૌતિક વિજ્ઞાનવાદી સમાજવાદ તરફનું વલણ પહેલેથી પામી ગયા હોય તેમ, આઝાદી બાદ, તેમણે કૉંગ્રેસને રાજકીય પક્ષ મટી જઈ, લોકસેવક સંઘ જેવા વ્યાપક સંઘમાં પલટાઈ જવાની સલાહ આપી. જેથી રાજસત્તા ગમે તે પક્ષના હાથમાં જાય, તો પણ પ્રજાનો પક્ષ મજબૂત-સંગઠિત રહે; અને નબળામાં નબળા એવા સૌથી મોટા વર્ગનું હિત જાગૃત લોકસેવકોના હાથમાં સુરક્ષિત રહે.

પરંતુ જવાહરલાલ નહેરુ અને મોટા ભાગના કૉંગ્રેસના સાગરીતોએ ગાંધીજીની એ સલાહની અવગણના કરી અને આઝાદીની લડત દરમ્યાન કૉંગ્રેસ પક્ષને પ્રાપ્ત થયેલી વ્યાપક લોકલાગણીનો ઉપયોગ રાજકીય સત્તા હાંસલ કરવામાં અને દઢ કરવામાં જ કર્યો. હિંદ-પાકિસ્તાનના ભાગલા વખતે ઊભી થયેલી અસાધારણ કટોકટીથી પણ તેમને તેમની મુરાદ હાંસલ કરવામાં મદદ મળી.

તે અંધાધૂંધી દરમ્યાન ગાંધીજીની હત્યા થઈ જતાં જવાહરલાલને વળી વધુ છૂટો દોર મળ્યો. તેમણે એકે તડાકે ત્રણ પગલાં એવાં ભર્યાં કે જેથી આઝાદ થયેલા દેશની આગેકૂચ – હવે વધુ ખાતરીથી કહી શકીએ છીએ તેમ – દશકાઓ માટે આર્થિક-નૈતિક સાંસ્કૃતિક પાયમાલીને માર્ગે વળી ગઈ.

એ ત્રણ પગલાં તે આ: (૧) યંત્રોદ્યોગી સમાજવાદની કૉંગ્રેસ તેમ જ દેશના રાજતંત્રના આદર્શ તરીકે સ્થાપના; (૨) દેશ-પરદેશથી મબલક નાણું ઉઝરડી લાવી તેના વડે એવી પંચવર્ષીય યોજનાઓનું આયોજન, જેથી

મર્યાદિત લોકોનું અમર્યાદ ભૌતિક સ્વર્ગ-સુખ હાંસલ થાય; (૩) અંગ્રેજી ભાષાને રાજભાષા તરીકે કાયમ કરી, અંગ્રેજો હેઠળની આમપ્રજાથી તદ્દન વિમુખ તથા અધ્ધર સાતમે આસમાન વિચરતી નોકરશાહી કાયમ કરવી.

આ ત્રણમાંનું એક એક પગલું પણ દેશને બરબાદીને માર્ગે દોરી જવા પૂરતું હતું: (૧) યંત્રોદ્યોગી સમાજવાદનો આદર્શ કરોડો લોકોને બેકાર બનાવનાર તથા કાયમના બેકાર રાખનાર નીવડવાનો હતો; (૨) દેશ-પરદેશના ઉધાર, ભીખી આણેલા કે ઉઝરડી આણેલા પૈસાથી શરૂ કરેલી પંચવર્ષીય યોજનાઓ મુખ્યત્વે ધનિકોને વધુ ધનિક અને કંગાળોને વધુ કંગાળ બનાવવાની હતી; (૩) અને અંગ્રેજોના પરદેશી હાથે તૈયાર થયેલું અને પરદેશી ભાષામાં જ વિહરનારું નોકરશાહીનું પોલાદી ચોકઠું પ્રજાથી વિમુખ જ રહેવાનું હતું,

પરિણામે, ૧૯૨૦ થી ૧૯૪૭ સુધીની પચીસ-સત્તાવીસ વર્ષની ગાંધીજીની રાહબરી હેઠળ જે કંઈ લોકલાગણી પ્રાપ્ત કરી શકાઈ હતી, તે મૂડીથી રાજસત્તા ઉપર જામીને ગાંધીજીની રીતિ-નીતિને ભૂંસી નાખવાનું કાર્ય જ સધાવાનું શરૂ થયું. સત્યાગ્રહની લડતમાં સત્ય અને અહિંસામૂલક આત્મશુદ્ધિ ઉપર જે ભાર હતો, તેને બદલે વિજ્ઞાને સુલભ કરી આપેલી ભૌતિક સુખ-સગવડો સંપાદન કરીને ભોગવવી એ જ જીવનનો આદર્શ બની રહ્યો. એ વિપુલ સુખ-સામગ્રી સંપાદન કરવા વિપુલ ધન-સંપત્તિ જોઈએ. અને એ વિપુલ ધન-સંપત્તિ યંત્રોદ્યોગી કરામતો વગર થોડાકના હાથોમાં ભેગી થઈ શકે જ નહિ; એટલે એ યંત્રો વસાવવા પરદેશી ચલણ મેળવવા યેનકેન પ્રકારેણ સરકાર એટલે કે સરકારી અમલદારો પાસેથી લાયસંસ-કવોટા-પરમિટ મેળવવાં જ રહ્યાં. આમ રાજગોપાલાચાર્યે જેને લાયસંસ-પરમિટ-કવોટા-રાજ્ય તરીકે ઓળખાવ્યું છે તેવું કૉંગ્રેસ પક્ષનું ભ્રષ્ટ રાજ્યતંત્ર ઊભું થયું અને ફૂલ્યું-ફાલ્યું. સરકારી અમલદારો અને વેપાર-ધંધાવાળાઓ બંને એકબીજાને भावयन्त, परमां सिद्धिं હાંસલ કરવા લાગ્યા. જે ધનસંપત્તિ – જે સુખવૈભવ કુબેર ભંડારીનીય કલ્પનામાં ન આવે, તે સુખવૈભવ એ અમલદારો અને વેપાર-ધંધાવાળા માણવા લાગ્યા. મોગલ બાદશાહોએ વિશાળ જનસમુદાય ઉપર જેવી અબાધિત સત્તા નહીં ભોગવી હોય, તે આ માતબર ભ્રષ્ટાચારીઓ આખા દેશને ભોગે માણવા લાગ્યા.

૨

ગુરુદત્તાજીની આ નવલકથા નહેરુ-યુગનો ભ્રષ્ટાચાર કયા પ્રમાણમાં વ્યાપક બન્યો હતો, તેનું આબેહૂબ વર્ણન રજૂ કરે છે. વિજ્ઞાનનો નિયમ

છે કે, ઉપરથી નીચે પડવા લાગેલા પદાર્થની ગતિ અથવા વેગ હર ક્ષણે વધતો જ જાય છે; તેમ પ્રજાશરીરમાં દાખલ થયેલો આ સડો ચેપી રોગની ઝડપથી અને મારકતાથી વધતો જ ચાલ્યો. પંડિત નહેરુની જાણમાં આ કશું નહિ આવ્યું હોય એમ કહી શકાય નહિ. પરંતુ તે કંઈક એવા ઘમંડમાં રહ્યા લાગે છે કે, ચોમેર સંપત્તિ અને સુખની જે સમાજવાદી મહેફિલ જામશે, તે એવડી મોટી હશે કે તેમાંથી વધેલા એંઠાજૂઠાથી જ નીચલા થરના લોકોનું પેટ ભરાઈ રહેશે.

પાસેનો જ પડોશી દેશ ચીન એ આખા વખત દરમ્યાન પ્રજાના દરેક માણસને રોટી મળવી જોઈએ, અને તે માટે દરેકને કામ મળવું જોઈએ, એ ન્યાયે ચાલતો હતો. ત્યારે ભારતમાં દરેકને ફરજિયાત—મફત કેળવણી મળવી જોઈએ એટલું ધ્યેય, બોલવા પૂરતુંય રાખવામાં આવ્યું ન હતું;— જોકે, પુખ્ત મતાધિકાર તો સાર્વત્રિક કરી દેવામાં આવ્યો હતો. કંગાળ લોકો દુ:ખમાં આવી પડે ત્યારે પોતાની પાસેનું વેચી શકાય તેવું છેલ્લું જે કંઈ હોય તે પણ વેચી કાઢે. તે ન્યાયે એ કંગાળ લોકો પોતાનો મત જ વેચતા થયા! અને એ મત ખરીદવા કૉંગ્રેસે રાજસત્તાને બળે વિપુલ ધનરાશિ ઊભો કરવા માંડ્યો, જેથી બીજા કોઈ પક્ષનું તો એ રીત અપનાવવાનું ગજું જ ન રહે. PL 480 હેઠળ પરદેશથી આયાત થતું અનાજ કરોડોનું ચૂંટણી ફંડ એકઠું કરવા માટેનું એક મુખ્ય સાધન શરૂઆતથી જ કૉંગ્રેસ-પક્ષ પાસે આવ્યું હતું. પછી તેમાં લાયસંસ-ક્વોટા-પરમિટ મેળવીને અને કરચોરી કરીને ઊભા થયેલા કરોડપતિઓના કાળા નાણાનું બીજું વધુ મોટું સાધન ઉમેરાયું. અને છેવટે ત્રીજું સાધન મળ્યું દર વખતે રાજ્યોની ચૂંટણી પછી ચિફ્-મિનિસ્ટર બનવા અંદર અંદર ચાલતા ઝઘડાનું! ઘણાં રાજ્યોમાં ચિફ્‌મિનિસ્ટર નિમાવા બદલ તે વ્યક્તિએ ખંડણી જેવી જ રકમ કૉંગ્રેસના ચૂંટણી-ફંડ માટે ઊભી કરી આપવાનો જાણે શિરસ્તો જ થઈ ગયો.

ઉપરથી નીચે સુધી સળંગ સડી ગયેલું આવું તંત્ર તો પછી નભે છે શાના જોરે? એનો જવાબ નવલકથાકાર જ, અલબત્ત બીજા સંદર્ભમાં આપે છે તે એ છે કે, પ્રાચીન શુદ્ધ સંસ્કારોવાળી હજુ અમુક વ્યક્તિઓ પ્રજા-શરીરમાં સુદઢપણે મોજૂદ છે. તેમનાં ત્યાગ અને શુદ્ધિને આધારે જ પ્રજા-શરીર હજુ ટકી રહ્યું છે. અને આ આજુબાજુનો વ્યાપક ભ્રષ્ટાચાર તોડવાનો માર્ગ પણ એ જ છે: દરેક જણ બીજાનો વિચાર છોડી પોતાને સ્થાને

આવશ્યક ધર્મનું પાલન કરતો થઈ જાય, તો બરફનો ગોળો ગબડતો ગબડતો જેમ મોટો થતો જાય છે, તેમ શુદ્ધિનું એ મોજું પણ આગળ વધતું વધતું મોટું અને વ્યાપક બનતું જાય.

૩

પણ આ બધું વસ્તુ ગુરુદત્તાજીની કલમે એક રસિક નવલકથાનો વિષય બન્યું છે. અર્થાત્ હેતુલક્ષી હોવાને લીધે નવલકથા તરીકે એની રસભરતા હરગિજ ઓછી થઈ નથી. વાચકને ઊલટું આ નવલકથા વાંચવાથી બેવડો આનંદ અનુભવમાં આવશે: (૧) રસિક નવલકથા વાંચ્યાનો, અને (૨) રાષ્ટ્રને આવશ્યક અને ઉત્થાન-પ્રવૃત્તિમાં હિસ્સેદાર બન્યાનો!

અલબત્ત, નવલકથા વાંચવાથી દરેક જણ સુધરી જશે કે બગડતું મટી જશે એવી આશા ન જ રાખી શકાય. છતાં આવા વ્યાપક ભ્રષ્ટાચારનું મારણ એ જ હોય છે કે, વધુ ને વધુ લોકો તેને પામી જાય — ઓળખી જાય. અને એમ વધુ ને વધુ લોકો ઓળખતા થઈ જાય, પછી બધાની વચ્ચે ઊંચું ડોકું રાખીને ફરવું એ ભ્રષ્ટાચારી લોકોને માટે અશક્ય થઈ જાય, એ સ્વાભાવિક છે.

પ્રજાના વ્યાપક આદરભાવનું કંઈક સંરક્ષણ જ્યાં સુધી તેઓને આપો-આપ મળેલું હોય છે, ત્યાં સુધી જ તેઓ ધોળે દિવસે બધાંની વચ્ચે મોં ખુલ્લું રાખીને ફરી શકે છે. પરંતુ જેમ જેમ આવી નવલકથાઓનો પ્રચાર વધતો જાય, તથા એ લોકોના ભ્રષ્ટ હાથોએ સરજેલી બરબાદીનો ડંખ સૌ કોઈને લાગતો જાય, તેમ તેમ એ લોકો માટે પોતાનું કાળું મોં છુપાવવું અશક્ય બનતું જાય છે. અત્યારે કોટ-પાટલૂન-ટાઈ-બૂટ અને અંગ્રેજી ભાષાનું ઘમંડ ભલે તેમને આભૂષણરૂપ બની રહેતું હોય; પરંતુ વ્યાપક પ્રજાકીય રોષ અને આંધી વખતે તેનું નિશાન પણ તે જ બની રહે, એ ઉઘાડું છે. ચિત્રકારોનાં કાર્ટૂનો શું, મજાકિયા ટુચકાઓ શું, લોકગીતો અને લોક-રાજિયાઓ શું, એ બધા દ્વારા એ બધા અંગ્રેજી ભણેલા બદામી રંગના જાંગલાઓનું માહાત્મ્ય ફૂદકે ને ભૂસકે ઓસરતું જાય છે. તે બધામાં આવી નવલકથાઓ દારૂમાં પલીતો ચાંપવા જેવું જ કામ કરે છે.

દુનિયામાં અંગ્રેજોએ શરૂ કરેલું ગુલામોના બજારનું અનિષ્ટ એક 'અંકલ ટૉમ્સ કૅબિન' નવલકથા દ્વારા જ કેટલું બધું પાછું પડયું હતું તે હજુ ભુલાયું નહીં હોય. આવી નવલકથાઓ જ છેવટે અન્યાય-અત્યાચારો સામે

વિરોધી લોકમત ઊભો કરવામાં, પોષવામાં અને ટકાવી રાખવામાં મદદગાર નીવડે છે. એટલે જ ઉપર કહ્યું કે, આવી નવલકથાઓ વાંચવી, એ પણ રાષ્ટ્રહિતની ઉત્થાન-પ્રવૃત્તિમાં હિસ્સેદાર બન્યાનું ગૌરવ અર્પે છે.

આવી નવલકથાઓ ગુજરાતને વધુ ને વધુ મળો!

તા. ૩૧–૧૦–'૭૪ ગોપાળદાસ જીવાભાઈ પટેલ

એક ગધેડાની આત્મકથા

કૃશ્ન ચન્દર

સંપા૦ : પુ૦ છો૦ પટેલ કિં. ૯–૦૦

આમુખ

[શ્રી. એમ. પી. ઠક્કરની પ્રસ્તાવના]

૧

પ્રગતિશીલ, માનવતાવાદી અને સમાનતાવાદી વિશ્વવિખ્યાત લેખક શ્રી. કૃશ્ન ચન્દર કૃત "एक गधेकी आत्मकथा" હિંદીમાં વર્ષો પહેલાં મારા વાંચવામાં આવેલી ત્યારે તે મને અત્યંત પ્રભાવિત કરી ગયેલ; અને તેથી જ શ્રી. પુ૦ છો૦ પટેલે આ કૃતિના ગુજરાતી ભાષાંતરનો આમુખ લખી આપવા પ્રેમ-પૂર્વક આગ્રહ કર્યો, ત્યારે તે કૃતિ મારા મન-પ્રદેશ ઉપર વિચારોનો જે સ્પષ્ટ નકશો ઉપસાવી ગયેલ તેનું પ્રતિબિંબ પાડવાની આ તકનો ઇન્કાર કરી શક્યો નહીં. આ પ્રખ્યાત અને વિશિષ્ટ કૃતિને ગુજરાતની સાહિત્યરસિક સુસંસ્કૃત જનતા હર્ષ અને ઉલ્લાસથી વધાવી લેશે, તેટલું જ નહીં પરંતુ આ કૃતિ દ્વારા કૃશ્ન ચન્દરે પાઠવેલ સંદેશનો અર્ક પણ ગ્રહણ કરશે જ, તેવી મને સંપૂર્ણ શ્રદ્ધા છે. આવી આદર્શલક્ષી અને સાહિત્યિક મૂલ્યોથી સમૃદ્ધ કૃતિનો ગુજરાતી અનુવાદ આપી, ગુજરાતીભાષી પ્રજાની અનન્ય સેવા કરવા બદલ, કૃશ્ન ચન્દરના સાહિત્યપ્રેમી પ્રશંસકો અને સાહિત્ય દ્વારા વિચારક્રાંતિમાં શ્રદ્ધા ધરાવનારાઓ, પ્રકાશકોના આ પ્રયાસને હાર્દિક આવકાર આપવાની અને માનવ્યના મહાન આ સાહિત્યકારને કૃતાંજલિ અર્પવાની આ તક ઝડપી લેવા હું પ્રેરાયો છું. આપણે ત્યાં વ્યંગ-સાહિત્ય ઘણું ઓછું લખાયું છે. અંગ્રેજી ભાષામાં સ્વિફ્ટ ('ગુલિવર્સ ટ્રાવેલ્સ'), ઑરવેલ ('ઍનિમલ ફાર્મ') જેવાં

અનેક પુસ્તકો છે. પરંતુ આ પુસ્તક લખીને કલમના કસબી કૃશ્ન ચન્દરે કમાલ કરી છે, તે સુજ્ઞ વાચક તરત જ જોઈ શકશે.

કળાકાર પોતાના સર્જન અને કળા દ્વારા તેના અંતરમાં પડેલ ચિનગારીની અભિવ્યક્તિ તો કરે છે; પણ તેની સાથે તેની કળાનું દર્શન કે અનુભવ કરનારના અંતરમાં પડેલ ચેતનાને પણ જાગૃત કરે છે. ચિત્રકલા, સંગીત, શિલ્પકલા, નૃત્યકલા દ્વારા કળાકાર પોતાને તેમ જ દર્શકને બન્નેને સ્થૂળ જગતની પાર સૂક્ષ્મ જગતમાં લઈ જાય છે અને પ્રસન્નતાની તેમ જ દિવ્યતાની સ્વાનુભૂતિ પણ કરાવે છે.

અને તેમ છતાં સાહિત્યકારને માટે જે એક વિશિષ્ટ સિદ્ધિ ઉપલબ્ધ છે, તે બીજા કલાકારને માટે શક્ય નથી. કઈ છે આ સિદ્ધિ? તે છે— સાહિત્યકારની પોતાના સર્જનથી અનુભૂતિ કરનારની વિચારસૃષ્ટિ ઉપર પ્રભાવ પાડવાની શક્તિ. અને આ પ્રભાવ ભવિષ્યની પેઢી ઉપર તેમ જ સમગ્ર માનવજાત ઉપર પાડવાની તક સાહિત્યકારને સાંપડે છે.

સાહિત્યકાર આ અણુશક્તિ સમાન મહાન શક્તિનો ઉપયોગ જ્યારે માનવ-જાતના કલ્યાણ માટે, માનવજગતમાં પ્રવર્તમાન અન્યાય અને શોષણ સામે રોષ જાગૃત કરવા માટે, તથા શોષણખોરોના હૃદયમાં પશ્ચાત્તાપ જગાવવા અને તેમના હૃદયનું પરિવર્તન કરાવવા માટે કરે છે, ત્યારે તે પોતાની સર્જન-શક્તિને રચનાત્મક વળાંક આપી, 'સત્યમ્' અને 'સુંદરમ્'માં 'શિવમ્'નું તત્ત્વ ઉમેરે છે. આવી તક સાહિત્યકારને સાંપડતી હોવાથી ઘણાની વિચાર-સૃષ્ટિમાં ચિરકાળ છવાઈ રહે તેવો પ્રભાવ પાડવા તે સમર્થ બને છે. રસ્કિનનું 'અનટુ ધ લાસ્ટ' મહાત્મા ગાંધી જેવાના જીવનને પ્રભાવિત કરી ગયું અને તેમની ચેતના દ્વારા ભારતના કરોડો માનવીઓની ચેતનાને સ્પર્શી ગયું. થૉરો, ટૉલ્સ્ટૉય, ડસ્ટયેવ્સ્કી, અપ્ટન સિંકલૅર જેવા સમર્થ સાહિત્યકારો પ્રવર્તમાન અને ભાવિ પેઢીની મનઃસૃષ્ટિને આકાર આપી ગયા છે. માનવજાત હંમેશાં તેમની ઋણી રહેશે.

ભારતમાં સાહિત્યક્ષેત્રે આવો પ્રભાવ પાડનાર એક સાહિત્યકાર છે: કૃશ્ન ચન્દર. સાહિત્ય-જગતમાં તેમનું વિશિષ્ટ સ્થાન છે, એ નિર્વિવાદ હકીકત છે. હિંદીના આ મહાન આદર્શવાદી, સમાનતાવાદી લેખકની અનેક કૃતિઓનાં રશિયન તેમ જ યુરોપની અનેક ભાષાઓમાં ભાષાંતર થયાં છે અને ભારતના એક લબ્ધપ્રતિષ્ઠ પ્રગતિશીલ લેખક તરીકે તેઓ જગવિખ્યાત છે. તેમની એક વિખ્યાત વ્યંગકથાનું ગુજરાતીમાં ભાષાંતર કરવામાં આવ્યું છે, તે ગુજરાતીભાષી પ્રજાનું સદ્ભાગ્ય છે.

વ્યંગ સાહિત્ય (satire)નો ઉદય ગ્રીક યુગમાં થયો. તેના પિતા તરીકે આર્કિલોકસ સાહિત્ય-જગતમાં અમર સ્થાન પામ્યા છે. રોમનયુગમાં ઈસુના જન્મથી ૧૦૦ વર્ષ પૂર્વે લ્યુસિલિયસ દ્વારા સાહિત્યનું આ ક્ષેત્ર વિકસ્યું. પરંતુ સાહિત્યના આ પ્રકારનો વહેમ અને અજ્ઞાન સામે શસ્ત્ર તરીકે ઉપયોગ કરવાનું માન ઈરેઝ્મસને ફાળે જાય છે. પાછળથી પાસ્કાલે ૧૬મી સદીના ફ્રાંસમાં રાજકારણના ક્ષેત્રે આ પ્રકારના સાહિત્યનો ઉપયોગ શરૂ કર્યો. સર્વાન્ટીસની અમરકૃતિ 'ડૉન કિવકસોટ' કોઈ સાહિત્યપ્રેમીથી અજાણી રહી નથી. અને પછી પ્રવેશ્યા મોલિયેર અને ડ્રાયડન. તેમણે 'ઍબ્સલૉમ' અને 'આકિટફેલ' દ્વારા આ કક્ષામાં શ્રેષ્ઠતા સ્થાપી. ૧૮મી સદીમાં તે વિચાર-ક્રાંતિનું મોજું ફરી વળ્યું, ત્યારે આ સાહિત્ય-શસ્ત્ર દ્વારા વૉલ્ટેરે કરેલા પ્રહારોથી "Ridicule is the test of truth"નું સૂત્ર શેફ્ટ્સબરીએ ઉચ્ચાર્યું અને જગતને એક નવું સત્ય સાંપડ્યું. ૨૦મી સદીમાં તેત આ માધ્યમનો ઉપયોગ બર્નાર્ડ શૉ, આલ્ડસ હક્સ્લી અને જ્યૉર્જ ઑરવેલે અતિ કુશળતાથી કર્યો છે.

૨

વ્યંગ સાહિત્યનું લક્ષ્ય શું છે?

અસત્ય, અનિષ્ટ, દંભ અને અનૈતિકતા આચરનારાઓને ચાબખા મારવા; અને તે એવી રીતે કે તેઓ હાસ્યાસ્પદ લાગે અને વાચકના હૃદયમાં નૈતિકતા માટે આદર ઊભો થાય. અલેક્ઝાન્ડર પોપે એમના 'એપિસલ ટુ ઑગસ્ટસ'-માં આ વિચાર, કવિતાની બે પ્રખ્યાત પંક્તિઓમાં મૂકયો છે:—

Hence Satire rose,
That just the medium hit,
And heals morals
What hurts with wit.

"સૅટાયર્સ"ના ઉપોદ્ઘાતમાં તે લખે છે:—

"Yes, I am proud; I must he proud to see,
Men not afraid of God, afraid of me:
Safe from the Bar, the Pulpit, and the Throne,
Yet touched and shamed by Ridicule alone.
O sacred weapon! left for Truth's defence,
Sole dread of Folly, Vice and Insolence!"

"હા, હું અભિમાન લઈ શકું છું: માણસોને ઈશ્વરથી નહીં તેટલા મારાથી ડરતા જોઈને મને અભિમાન થાય જ: ભલેને ન્યાયાસનના ફેંસલાથી, ધર્મપીઠના ફિટકારથી અને રાજસિંહાસનની સજાથી બચી જાય; પણ એકલો વ્યંગ-કટાક્ષ તેમને સ્પર્શી શકે છે અને તેમને ભોંયભેગા કરી મૂકે છે. વ્યંગ-કટાક્ષ! સત્યના બચાવ માટે તથા મૂર્ખતા, દુષ્ટતા અને ઘમંડને ડારવા માટે બાકી રહેલું એકમાત્ર શસ્ત્ર!"

બુદ્ધિવાદીઓનો અહં એટલો વિકાસ પામ્યો છે કે, તેઓ મનુષ્યનું મૂલ્યાંકન તેના બૌદ્ધિક સ્તરના વ્યાપ અને પરિમાણોના માપદંડથી જ કરે છે. પણ બૌદ્ધિક વિકાસની સાથે મનુષ્ય સમાજલક્ષી બનવાને બદલે સ્વલક્ષી અને સ્વાર્થલક્ષી બની જાય છે. તેથી બૌદ્ધિક અને ભૌતિક સિદ્ધિની શ્રેષ્ઠતાના ભ્રામક ખ્યાલમાં ગળાબૂડ ડૂબેલ સમાજમાં સાદા સરળ નિષ્કપટ માણસને ગધેડા સાથે સરખાવવામાં આવે છે. કૃશન ચન્દરે આવા સમાજ સામે પ્રહાર કરવા માટે તેથી જ ગધેડાને મુખ્ય પાત્ર બનાવી, તેની આત્મકથા દ્વારા, સ્વકેન્દ્રી અન્યાયી સમાજ ઉપર પ્રહારો કરી સમાજના આત્મા અને ચેતનાને જગાવવાનો એક ભવ્ય પુરુષાર્થ કર્યો છે. તેમણે એક રસિક અને જકડી રાખે તેવી કથા રચી છે, અને તેમની રોચક શૈલીનો ઉપયોગ કરી વ્યંગના પ્રહારો દ્વારા સમાજના અન્યાય તથા દંભનો પડદો ચીરી નાખ્યો છે; અને સમાજની પોકળતા તથા તેના મહાનુભાવોની પામરતાનું દર્શન કરાવીને તે દ્વારા સત્ય અને સામાજિક ન્યાયનાં મૂલ્યોનું સ્થાપન કર્યું છે.

તે કામ કેટલી સફળતા અને પ્રભાવશાળી રીતે તેમણે પાર પાડયું છે, તે દર્શાવવા તે કથાનાં થોડાંએક અવતરણો ઉપર દૃષ્ટિપાત કરવાનું ઉચિત લાગે છે।—

सांप्रदायिकता : સાંપ્રદાયિકતા અને કોમી ઝનૂન ઉપર કટાક્ષનાં તીર છોડી, કોમવાદીઓની ઠેકડી ઉડાવી, કઠોર સત્ય સમજાવવા ગધેડા અને મૌલવી વચ્ચેનો સંવાદ નવલકથાકારે ઉપસ્થિત કર્યો છે. મુસલમાનો હિંદુને મારે છે અને હિંદુઓ મુસલમાનને; ત્યારે ગધેડો ઈશ્વરનો પાડ માને છે કે પોતે મનુષ્ય નથી! જો મનુષ્ય હોત, તો કાં તો હિંદુ હોત કે મુસલમાન હોત, અને બેમાંથી એકના હાથે ટિપાઈ જાત! સખત ચોટ લગાવતાં ગધેડો કહે છે કે, હિંદુ કે મુસલમાન ગધેડો હોઈ શકે; પણ ગધેડો હિંદુ કે મુસલમાન ન હોય; અને તેથી પોતે એટલા પૂરતો ભાગ્યશાળી અને સલામત છે!

मूडीवादी समोजरचनामां कळा, साहित्य अने सौंदर्य : આ બધું શું શ્રીમંતો માટે જ છે? ભારતના અદના માનવીને પશુવત્ જીવન જીવવાનું

અને આ બધાથી વંચિત જ રહેવાનું છે? કૃશ્ન ચન્દર કરતાં વધુ સચોટતાથી આ વાત કોણ રજૂ કરી શકે? થોડાં દષ્ટાંતો લઈએ :—

"...સાંજ પડે એટલે રામુ ફરીથી મારી પીઠ ઉપર કપડાં લાદીને અને પોતે પણ સવાર થઈને ઘેર પાછો ફરતો. મને એક ખીલે બાંધી, ઘાસ નીરી પોતે થાકચો-પાકચો ખાટલા ઉપર લંબાયમાન થઈ જતો. સવારથી સાંજ અમારું આમ એકધારું જ જીવન વ્યતીત થતું.

"સાહિત્ય અને સંસ્કૃતિ, કળા અને સૌંદર્ય – એ બધી બાબતોનું મારા કે રામુના જીવનમાં જરા પણ સ્થાન ન હતું. ખેર, હું તો એક ગધેડો હતો; પરંતુ હું જોતો કે રામુ તથા તેના ઘરવાળાં તથા એની કોટડીની આજુબાજુ રહેનારાં સૌ લગભગ એકસરખું જ જીવન — બિલકુલ મારા જેવું જ જીવન — વ્યતીત કરતાં હતાં. કેવાં સારાં સારાં કપડાં તે લોકોને ત્યાં ધોવાવા આવતાં. સુંદર સુંદર છીંટો, સુકોમળ ફૂલદાર ક્રેપો, અને વાદળની પેઠે ઊડતા દુપટ્ટા! પરંતુ રામુની પત્ની કે તેની દીકરીને માટે એવું એક પણ કપડું ન હતું."

"...રામુ ફક્ત સિનેમાની સુંદર જાહેરાતો જોઈને જ એક 'આહ' નાખી ત્યાંથી પસાર થઈ જતો. તેને ઇચ્છા તો બહુ થતી કે રોજ સિનેમા જોઈ નાખે – તેની સાથેના બીજા ધોબીઓ પણ એવું જ ઇચ્છતા – પણ પોતાના ખીસા તરફ તેઓ નજર કરતા તો દેખાતું કે એ પૈસામાંથી કાં તો સિનેમાની ટિકિટ આવે કે આટો. એટલે લાચારીથી આટો જ ખરીદી તેઓ ઘેર પાછા ફરતા. કોઈ કોઈ વાર મરણિયો થઈ કોઈ ધોબી આટાને બદલે ટિકિટ ખરીદતો, તો તે દિવસે તેના ઘરમાં ભારે બખેડો જામતો..."

"વરલીનું દશ્ય બહુ સુંદર હતું. એ સૌંદર્યે મને મોહિત કરી દીધો. મેં વિચાર્યું, આ સુંદરતાનો ઉપભોગ મારા જેવા માટે કેટલો બધો દુર્લભ છે! વધતી જતી ભૂખ, બેકારી અને ગુનેગારીની આ દુનિયામાં એક સામાન્ય ગધેડા માટે કચાંય આરામનો સંભવ જ કચાંથી હોય? શું મારા નસીબમાં કોઈ એવો સમય આવશે ખરો, જયારે હું સૌંદર્યની આ ઊંચી મહેરાબને સ્પર્શી શકું? અત્યારે તો એ છેક જ અસંભવિત લાગે છે. અત્યારે તો જીવન મોટે ભાગે અનેક સ્થાનોએ એક ગધેડાના જીવન-ધોરણથી ભાગ્યે જ ઊંચે પહોંચ્યું હોય. હજુ સુંદરતા બહુ જ દુર્લભ અને ન્યાયની મહેરાબ તો ખાસી ઊંચી છે."

અદના માનવીની રસવૃત્તિ કેળવવાનું આજના સમાજમાં કેટલું દુર્લભ છે તે બતાવવા ગર્દભ આમ કહે છે :—

"...વળી આપ લોકો કલાસિકલ સંગીતનો પ્રચાર કરવાની વાતો કરો છો, તથા ભારતભરની જનતાની અભિરુચિને ઊંચી કરવા ઇચ્છો છો; પરંતુ જ્યારે કોઈ જલસો ગોઠવો છો અને એમાં મોટા મોટા વિખ્યાત ઉસ્તાદોને બોલાવો છો, ત્યારે ટિકિટનો દર તો સો રૂપિયા રાખો છો. શું આપનો ખ્યાલ એવો છે કે, ટિકિટનો દર ઊંચો રાખવાથી જનતાની અભિરુચિ ઊંચી બનશે?"

અને અન્યાયી સમાજવ્યવસ્થામાં લેખક કે કળાકાર પાંગરી શકે ખરો? આ વિચાર કૃશ્ન ચન્દરની વિશિષ્ટ શૈલીમાં જ પ્રગટ થઈ શકે:—

"મેં પૂછ્યું, 'પરંતુ જે પુસ્તકો પાછલાં સો વર્ષ દરમ્યાન લખાવા નથી પામ્યાં, એ પુસ્તકોની સૂચિ કોણ તૈયાર કરશે? લેખકની ગરીબાઈને કારણે એ બધી કવિતાઓ, એ બધાં ચિત્રો, ચિત્રકલાની સુંદર કલાકૃતિઓ, એ મહાન સંગીત – જે માત્ર કલાકારના મગજમાં જ ઘૂંટાઈને રહી ગયાં, કારણકે એની પાસે ખાવા માટે કશું ન હતું, કારણ કે એનું બાળક ભૂખથી તડપી રહ્યું હતું, એની પત્ની ક્ષયરોગથી મરી ગઈ હતી – એ સમસ્ત પુસ્તકો, કવિતાઓ, ચિત્રો, ગીતોની સૂચિ કોણ બનાવશે, જે મૂર્ત સ્વરૂપ ધારણ કરી શકત, પણ ન કરી શકયાં?'"

सरकारी तंत्रनी शिथिलता अने कानूननी जडता : આ વિષય ઉપર અમલદારી ઢાંચામાં જડ બની ગયેલા માનસને વ્યંગ દ્વારા અને શ્લેષ દ્વારા ચાબખા મારતાં કહે છે:—

"ફાઈલ તો આજે જ શરૂ થઈ જશે અને ત્રીજા દરજ્જાના કારકુન પાસેથી પહેલા દરજ્જાના કારકુન સુધી આવી જશે. પછી દરેક ટેબલે એના ઉપર નોટિંગ શરૂ થશે. ફર્સ્ટ કલાર્કથી ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ સુધી અને ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટથી સુપરિન્ટેન્ડેન્ટ સુધી દરેક જણ પોતાનો અભિપ્રાય એ બાબતમાં આપશે. એ અભિપ્રાય ટેબલો ઉપરથી ખસતો ખસતો મારી પાસે આવશે. હું ડેપ્યુટી સેક્રેટરી છું. મારી પાસેથી જોઈન્ટ સેક્રેટરી પાસે જશે. જોઈન્ટ સેક્રેટરી પાસેથી ફર્સ્ટ સેક્રેટરી પાસે જશે. ફર્સ્ટ સેક્રેટરી તેને ડેપ્યુટી મિનિસ્ટર પાસે લઈ જશે. પણ કોયડો બહુ અટપટો છે. પ્રશ્ન રામુ ધોબીના મરવાનો જ નથી; ખરો પ્રશ્ન એ છે કે ધોબી મજૂર ગણાય કે નહિ? સંભવ છે કે, આ બાબતમાં કૉમર્સ મિનિસ્ટ્રી પાસેથી પણ નિર્ણય મેળવવાની જરૂર પડે. પાછો પ્રશ્ન એ પણ ખરો કે, જો ધોબી મજૂર કહેવાય, તો મોચી કેમ ન કહેવાય? કુંભાર કેમ ન કહેવાય? કારણ, એક રામુને નુકસાની આપવામાં

આવે, તો લાખો-કરોડોને નુકસાની આપવાનું ઊભું થાય, અને સ્ટેટ બૅન્ક એટલી બધી નુકસાની ક્યાંથી લાવે? એટલે એ બાબતમાં ફાઈનાન્સ ડિપાર્ટમેન્ટમાં પણ પૂછવું પડે. સંભવ છે કે ફાઈનાન્સ ડિપાર્ટમેન્ટ આ મૂળભૂત પ્રશ્નને વડા પ્રધાન સમક્ષ રજૂ કરે અને વડા પ્રધાન એ પ્રશ્ન પાર્લમેન્ટ સમક્ષ લઈ જાય. સંભવ છે કે, એ પ્રશ્નને કારણે, કાયદાની કોઈ કલમમાં જરૂરી સુધારો કરવો પડે." રંગાચારીએ પોતાની આંગળીઓના વેઢા ગણતાં ગણતાં મને કહ્યું, "મારો ખ્યાલ એવો જાય છે કે, તમે દશ વર્ષ બાદ આવશો, તો ત્યાં સુધીમાં આ ફાઈલનો કોઈ ને કોઈ ફેંસલો જરૂર આવી ગયો હશે."

"ત્યાં સુધી રામુનાં સ્ત્રી-બાળકો શું કરે?"

રંગાચારીએ કહ્યું, "અમારી લાચારી છે; કાયદા-કાનૂનથી અમે બંધાયેલા છીએ. બાકી, અમારી પૂરેપૂરી સહાનુભૂતિ તમારી પ્રત્યે છે, એમ તમે ખાતરીથી માની શકો છો."

आजनी संस्कृति :— માણસે વિકાસ સાધ્યો છે કે પશુ કરતાં હીન કક્ષામાં તે રાચતો થયો છે, એ પ્રશ્ન આ રીતે છેડયો છે :—

"તેથી જબાન વિનાનો ગધેડો હોવા છતાં હું ઈનસાનોની જબાનમાં એ સંદેશ સંભળાવવા આવ્યો છું—'અય ઈનસાન! અય માનનીય બંધુ! આજે તારે કારણે દરેક જીવ-જંતુને ખતરો ઊભો થયો છે. જંગલમાં વસતા સિંહથી માંડીને સરોવરમાં ખીલતા કમળ સુધીની દરેક સજીવ વસ્તુ ખતરામાં છે. અમે તારાં ભાંડુ છીએ. વિકાસના માર્ગમાં તારા કરતાં બહુ પાછળ હોઈશું, પરંતુ જીવનના માર્ગમાં તારી ઘણી નજીક છીએ. પોતાની સ્વાર્થ-પરાયણતા તથા વિદ્વેષને કારણે કદાચ તને એ અધિકાર મળ્યો હશે કે તું પોતાના શત્રુની હત્યા કરી નાખે; પરંતુ તને એ અધિકાર તો નથી મળ્યો કે તું અણુઓંબથી વરસાવેલા મૃત્યુ દ્વારા આ આખી ધરતી ઉપરથી સમૂળગું જીવન નષ્ટ કરી મૂકે!"

पंडिताई :— અને પંડિતોની પંડિતાઈની ઠેકડી ઉડાડતાં કહે છે—

"અમારે અહીં તો સહેલી ભાષામાં લખનારા લેખકોની કિંમત જ નથી. અમે અમારી સાહિત્ય અકૅડમિમાં એ બાબતનો ખાસ ઇંતેજામ કરી રાખ્યો છે કે, કોઈ એવો લેખક એમાં ઘૂસી ન શકે, જેણે પાછલાં પંદર-વીસ વર્ષોમાં કોઈ કામની વાત સહેલી ભાષામાં કહી હોય. અમારી સામે અકૅડમિ-ફ્રાંસેનું ઉદાહરણ છે. એ અકૅડમિમાં રૂસો અને વૉલ્ટૅર જેવા લેખકોને માન્ય રાખવામાં આવ્યા ન હતા."

મૂડીવાદી અન્યાયી સમાજ :— આ સમાજમાં મહત્તા વિદ્યાની નહીં, સંપત્તિની છે; અને તે બાબતની જવાબદારી સમાજવ્યવસ્થાની છે, તે બતાવતાં કહે છે —

"મુંબઈમાં આવીને મેં માણસની બોલી બોલવાનું છોડી દીધું હતું, કારણ કે અનુભવે મને બતાવી આપ્યું હતું કે માણસોની દુનિયામાં એ લોકો જ જીવી શકે, જેઓ ગધેડા બનીને રહે. બુદ્ધિમાન માણસનો આજની દુનિયામાં ગુજારો જ નથી; કારણ કે સાચી સલાહ દુનિયામાં કોઈને ખપતી નથી. એટલે હું માણસની બોલી ત્યાગીને જાનવરની જિંદગી જ જીવવા લાગ્યો – જેવું મુંબઈમાં એ બધા લોકો કરે છે, જેમને કેવળ પૈસો જ વહાલો છે અને પોતાનો એશઆરામ જ દુલારો છે."

* * *

એમાં તો બહુ જ ખોટું," બડી બી ગુસ્સાથી સળગી ઊઠીને બોલી, "આજકાલ હિંદુસ્તાનમાં જેટલા ભણેલાગણેલા ગધેડા છે, તે બધા કારકુની કરે છે અથવા તો ઉપવાસ કરે છે. તમે જ બતાવો, આજ સુધી તમે કોઈ સારા ભણેલા-ગણેલા માણસને લખપતિ થયેલો જોયો છે? ના ભાઈ, હું તો મારી બેટીની કોઈ લખપતિ સાથે શાદી કરીશ. ભલે એ બિલકુલ અણપઢ, ગમાર ગધેડો કેમ ન હોય."

અદનો માનવી :— અને છેવટે ભારતના અદના માનવીની વેદના અને આશંકાને વાચા આપતાં વડા પ્રધાનને કહે છે —

"...મને ખબર છે કે, આપના દિલમાં જે દરદ છે, તે અમારી દશા – અમારી રોજબરોજની દશા જોઈને જ આપના દિલમાં પેદા થાય છે. એટલા માટે આપ જે કંઈ વાત કહો છો, તે જાણે અમારા અંતરમાંથી જ નીકળતી હોય છે. પરંતુ મુસીબત એ છે કે, આપની અને અમારી વચ્ચે જે વાડ ઊભી કરવામાં આવી છે, જે મશીનરી ખડી કરવામાં આવી છે, તે અત્યંત પ્રત્યાઘાતી, મંદ ગતિએ ચાલનારી, બલ્કે લગભગ આપની અવજ્ઞા કરનારી જ છે. તેથી એ મશીનરીની અંદર જે શક્તિઓ કામ કરે છે, તે અમારાં હિતોની વિરોધી છે. અત્યાર સુધી જે કામ થયું છે, તે આપના ભયથી થયું છે. તેથી જ હું કહું છું કે, અત્યારથી પ્રબંધ નહિ કરવામાં આવે, તો જ્યારે આપ અમારી વચ્ચે નહિ હો, ત્યારે એ ભય પણ નહીં રહે, અને એ લોકો પોતાનું મનમાન્યું જ કરશે."

આવા મહાન સાહિત્યસ્વામીની કૃતિથી ગુજરાતની પ્રજા હવે વંચિત નહીં રહે, એ આપણી ખુશનસીબી છે. અને તે બદલ સંપાદક અને પ્રકાશક

સંસ્થાના આપણે ઋણી છીએ, તથા તેઓ આપણા હાર્દિક અભિનંદનનાં અધિકારી છે. કૃશ્ન ચન્દરનું આ પુસ્તક વાંચનાર, સામાજિક ન્યાય અને પ્રગતિશીલતાના આ ભેખધારી સાહિત્યસ્વામીની એકેએક કૃતિ વાંચવા પ્રેરાશે અને શોષણવિહીન ન્યાયી સમાજરચના માટે ઝંખતા અને તરસતા નિષ્ઠાવાનોની જમાતમાં જોડાઈ જશે તેવી શ્રદ્ધા છે. અને તેથી કૃશ્ન ચન્દરને લાખ લાખ ધન્યવાદ.

જ્ઞાનજયોતિ પ્રકાશન મંદિર કૃશ્ન ચન્દરની બીજી પણ સુંદર કૃતિઓ ગુજરાતી વાચકને બનતી ત્વરાએ સુલભ કરી આપશે, તો એ એક ભારે ઉપયોગી ઉમદા સેવા થશે. આ પ્રકાશન મંદિરે પસંદગીનું વિશ્વસાહિત્ય હિંદી ભાષામાં પણ ઉતારવાનું વિચાર્યું છે, તે માટે તેને અભિનંદન અને શુભેચ્છાઓ આપી વિરમું છું

તા. ૫-૨-’૭૬ મનુભાઈ પી૰ ઠક્કર

તપસ્યા અને નિગ્રહ

આનાતોલ ફ્રાંસ કિં. ૫-૦૦
સંપા૰ : ગોપાળદાસ પટેલ

પ્રેમભક્તિની સંજીવની

[મગનભાઈ દેસાઈની પ્રસ્તાવના]

આ મનોરમ્ય કથાને આવકાર આપું છું. એના સંપાદનનું નિમિત્ત-કારણ ‘સત્યાગ્રહ’ પત્ર બન્યું એથી કૃતાર્થ-આનંદ થાય છે.

૧૯૨૫-૬ના ગાળામાં આનાતોલ ફ્રાંસની આ વાત પહેલી જાણી હતી. તે સત્યાગ્રહ આશ્રમના દિવસો યાદ આવ્યા. તપોભૂમિ, આશ્રમ, અને તેના હેતુઓ તથા આદર્શ ઈ૰ની ગંભીર ચર્ચા એ વખતે સત્યાગ્રહાશ્રમમાં ચાલતી. તેમાં, ખાસ કરીને, ભાઈશ્રી ભણસાળી, સ્વ૰ મહાદેવભાઈ આ કથા વિષે ખૂબ વાત કરતા. આશ્રમના गताः नः खलु ते दिवसाः ।

આ ચોપડી તે બધું તાજું કરાવે છે, એથીય સ્મૃતાનંદ આવે છે. અને તે વાંચીને ભક્ત સૂરદાસની પેલી અમર પંક્તિઓ યાદ આવે છે—

दीनन-दुःख-हरन देव, संतन हितकारी ।
अजामील गीध व्याध, इनमें कहो कौन साध ?
पंछीको पद पढात, गणिका-सी तारी ॥

આ કથા એક ગણિકાના ઉદ્ધારની છે: ઉદ્ધારક ડૂબે છે — પતિતા પાર તરી જાય છે! અધ્યાત્મ-સિદ્ધિ અને મુક્તિ કેવી ગૂઢ અનુભવગમ્યતા છે! ઉદ્ધારક મનાતી વ્યક્તિ તારક નથી; બહુ બહુ તો ગુરુ પેઠે બાહ્ય નિમિત્ત તે બને; બાકી, અંતરયામી 'સીતારામ'-પ્રભુ પતિતપાવન સાચો તારક છે; જે દરેકના હૃદયમાં હાજરાહજૂર છે. છતાં, નિમિત્ત બનતી વ્યક્તિ જો અભિમાન કરે તો? — આ કથા એનો જવાબ આપશે.

ઉપનિષદોએ તો માનવ અધ્યાત્મના ઈતિહાસના આદિકાળથી આત્માના આવા જાદુ વિષે કહી જ રાખ્યું છે —

न अयम् आत्मा प्रवचनेन लभ्यः न मेधया न बहुना श्रुतेन ।
यम् एष एव वृणुते तेन लभ्यः तस्य एष आत्मा विवृणुते तनूं स्वाम् ॥
(मुंडक, ३-२३)

[આ આત્મા પ્રવચન — શાસ્ત્રાર્થની શક્તિથી, બુદ્ધિની ઝીણવટથી કે પુષ્કળ શાસ્ત્રશ્રવણથી મેળવી શકાતો નથી. જેને એ વરે છે, તેનાથી એ પમાય છે. તેને એ આત્મા પોતાનું સ્વરૂપ પ્રગટ કરે છે.]

ઉદ્ધારક વસ્તુ વ્યક્તિનું આત્મજ્ઞાન છે, અને એ જ્ઞાનનો સોદો આત્મ-સ્વયંવરનો છે. એનો લક્ષવેધ મત્સ્ય-વેધ કરતાંય ઘણો ગહન છે — તે ભારે 'મહાભારત' કામ છે.

આ કથા કહે છે — મઠાધિપ, શિષ્યગણાચાર્ય, અને મહાપ્રતિષ્ઠ તપોધનને તેવો વેધ ન ફળે; એક ગણિકાને તે સદે અને સંભવે જ નહીં — ફળે પણ!

આ અમૃતસંજીવની મહાશક્તિ ભક્તિયોગમાં સંતાયેલી છે; ઈશાર્પણની પ્રેમશક્તિ એ છે. કેટલાય મહાનુભાવ શાસ્ત્રકારોએ, માનવ ગૌરવાભિમાનનાં લક્ષણ સમાં એવાં બુદ્ધિ અને અહંકાર તત્ત્વોની તરફ જોઈને, — આ જ વસ્તુને નિર્વાણ, બ્રહ્મનિર્વાણ, શૂન્ય, ઇ૦ નામો વડે વર્ણવી છે. તે અભાવ-વાચકો છે; તે બધાનો ભાવ-વાચક તો તેમાં રહસ્યરૂપે રહેલી માનવહૃદયની પ્રેમ-નિવેદન-શક્તિ છે.

"પણ આ બધું તો ભારતની અધ્યાત્મ સંસ્કૃતિ પરથી ને તેની પરિભાષામાં કહેવાય. આ કથા તો યુરોપની ખ્રિસ્ત સંસ્કૃતિને સંબોધે છે, અને ગ્રીક પેગન-યુગને આવરીને વાત કરે છે!" — આવી ટીકા મનમાં જાગે.

આ કથા બતાવે છે કે, ભક્તિ અને પ્રેમભાવ દેશ કાલાતીત અધ્યાત્મ-ભાવો છે. અહીં વિશેષ એ છે કે, યુરોપના પ્રાચીન ગ્રીક 'પૅગન' – નિરીશ્વરી બુદ્ધિવાદની તુલનામાં, ભગવાન ઈશુ ખ્રિસ્તના પ્રેમભક્તિ-સંદેશને આલેખે છે. પૅગન-વાદમાં ભોગૈશ્વર્યની બુદ્ધિમાન્ય વિચારણા છે. (જુઓ, નિસિયાસ, ઝેનોથેમિસનાં પાત્રો.) તેની તુલનામાં આપણને ગીતાકારે (અ૦ ૧૬માં) બે ભૂતસર્ગ કે બે સંપદાઓ આલેખ્યાં છે, તે યાદ આવે. કથાનો મૂળ લેખક આનાતોલ ફ્રાંસ એ બધા અનુષંગમાં ચર્ચા નથી કરતો; પરંતુ, યુરોપનાં દેશકાળમાં – તેના વાગા ધરીનેય, – મૂળ વસ્તુ તો તત્ત્વતઃ બે ભૂતસર્ગ કે સંપદાની – એક જ છે. આનાતોલ ફ્રાંસ ઈ૦ સ૦નાં આદિ સૈકાંનો સમય ચીતરે છે. આજેય આપણે અર્વાચીન જગતમાં ('સમૃદ્ધ સમાજ'ના નામથી બોલાતો) આ પ્રકારનો નવો પૅગન-વાદ, વિજ્ઞાન અને યંત્રના જોર વડે, પેદા થતો બતાવી શકીએ.

એક બીજી બાબત પણ આ કથા કહે છે; – જે પરથી કથાના આ ગુજરાતી સંપાદનમાં તેનું નામ પાડ્યું છે – 'તપસ્યા અને નિગ્રહ.' આ અંગે પણ ગીતાકારે પેલું નિદાન ચૂકતે આપી મૂક્યું છે –

प्रकृतिं यान्ति भूतानि निग्रहः किं करिष्यति । (३-૩૩)

[પ્રાણીમાત્ર પોતાના સ્વભાવને અનુસરે છે; ત્યાં બળાત્કાર કરવાથી શું વળે?]

ભૂતમાત્ર પ્રકૃતિને વશ છે; જાત પર જવા વિના રહી ન શકે – કાંઈ તેને રોકી ન શકે. અને આ કથા બતાવે છે કે, મહા ઉગ્ર તપ પણ તેને કાંઈ ન કરી શકે. તો તરણોપાય શો? કથા બહુ જ સુંદર રીતે (તેના એક વૃદ્ધ સાધુજન પૅલેમૉન દ્વારા) એ બતાવે છે – સાદું સરળ ને સર્વ-સુલભ શ્રમ-પરાયણ યજ્ઞકર્મ અને પ્રભુભક્તિ, ગીતાકારના શબ્દોમાં કહીએ તો પરમદર્શન –

विषया विनिवर्तन्ते निराहारस्य देहिनः ।
रसवर्जं रसोऽप्यस्य परं दृष्ट्वा निवर्तते ॥ (२-५९)

[દેહધારી જ્યારે નિરાહારી રહે છે, ત્યારે તેના વિષયો મોળા પડે છે, પણ રસ નથી જતો; તે રસ તો પરમ વસ્તુ કે પરમાત્માનો સાક્ષાત્કાર થવાથી શમે છે.]

આ કથા ગીતાના આ સિદ્ધાંતનું સુંદર દૃષ્ટાંત ગણાય.

મુખ્યત્વે બે વ્યક્તિઓનો જીવનવિકાસ આ કથા આલેખે છે – થાઈ અને પૅફ્નુશિયસ. મનોવિશ્લેષણની દષ્ટિએ જોતાં, થાઈનો વિકાસ એટલો સ્પષ્ટ નથી આલેખાયો, – જેટલો તેના તપસ્વી ગુરુ પૅફ્નુશિયસનો. કારણ એ કહેવાય કે, એકનો વિકાસ બાહ્ય તપનો ચમત્કાર છે, થાઈનો વિકાસ પ્રભુભક્તિ ને આત્માનો ચમત્કાર છે. એકમાં અભિમાનની લીલા જોઈએ છીએ, બીજામાં પ્રેમભક્તિની સંજીવની મૂક રીતે કામ કરે છે. દુનિયાની નજરે, થાઈ પતિતા ભ્રષ્ટા છે, પૅફ્નુશિયસ મોટો સાધુ છે. પરંતુ, છેવટે નીવડે છે સાધુ કોણ?

अपि चेत् सुदुराचारो भजते माम् अनन्यभाक् ।
साधुरेव स मंतव्यः सम्यग् व्यवसितो हि सः ॥
क्षिप्रं भवति धर्मात्मा शश्वत्-शांतिं निगच्छति ।
कौंतेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति ॥ (૯-૩૦, ૩૧)

[મોટો દુરાચારી પણ જો અનન્યભાવે મને ભજે, તો તે સાધુ થયો જ માનવો. કેમ કે હવે એનો સારો સંકલ્પ છે.

એ તુરંત ધર્માત્મા થાય છે ને નિરંતર શાંતિ પામે છે. હે કૌંતેય! તું નિશ્ચયપૂર્વક જાણજે કે, મારો ભક્ત કદી નાશ પામતો નથી.]

આ કથા ભગવાનની આ વાણીનો કેવો આબેહૂબ દાખલો છે!

ગુજરાતીમાં આ નાનકડી અધ્યાત્મ-જીવનકથા ઉતારવાને માટે સંપાદક પ્રકાશકને ધન્યવાદ.

૧૮-૮-'૬૬ મગનભાઈ દેસાઈ

"બે નગરોની એક કહાણી"

વેર અને ક્રાંતિ

સંપા૦ : બિપિનચંદ્ર ઝવેરી — ચાર્લ્સ ડિકન્સ
પ્રસ્તાવના : મગનભાઈ દેસાઈ — કિં. ૩-૦૦

ક્રાંતિનું કારુણ્ય

[મગનભાઈ દેસાઈની પ્રસ્તાવના]

'સત્યાગ્રહ' પત્રમાં પચીસેક હપતે બહાર પડેલી આ જાણીતી અંગ્રેજી કથા હવે પુસ્તક રૂપે અને સચિત્ર બહાર પડે છે, એ આનંદની વાત છે. તેનો 'આમુખ' લખવા દ્વારા તેના પુસ્તકાકાર સાથે જોડાવાનું કારણ ઉપરના હપતાવાર પ્રકાશનમાં જ આવી જાય છે. બાકી આવા કામને માટે હું મારી લાયકાત માનતો નથી.

પ્રખ્યાત અંગ્રેજ નવલકથાકાર ચાર્લ્સ ડિકન્સ (ઈ. સ. ૧૮૧૨-૧૮૭૦)ની આ એક વિખ્યાત કૃતિના સંપાદક ડૉ. બિપિનચંદ્ર ઝવેરીના આ સંક્ષેપને હપતાવાર પ્રગટ કરવાનું શરૂ કર્યું, ત્યારે કેટલાક જણે એવો ભાવ બતાવ્યાનું જાણવા મળેલું કે, આને તે હું શું જોઈને 'સ૦'માં સ્થાન આપતો હઈશ! પરંતુ વાર્તા આગળ ચાલતી ગઈ તેમ એ ભાવને ડિકન્સની આ ક્રાંતિકથાએ જ જવાબ આપી દીધો : અનેક વાચકોને આ વાર્તામાં રસ પડવા લાગ્યો. એને લઈને જ પરિવાર પ્રકાશન સહકારી મંદિર તેને પુસ્તક રૂપે બહાર પાડવા પ્રેરાયું; અને સંક્ષેપકારે તે અંગે એક શરત જેવી વિનંતી તેને કરી કે, પ૦ પ્ર૦ સ૦ મંદિરે તેનો આમુખ મારી પાસે લખાવવો જોઈએ. 'સ૦'માં પ્રસિદ્ધ કરતાં તે વાર્તા પર નજર તો હપતાવાર કરી જ ચૂકયો હતો; તે પછી આ વિનંતીને ના પાડવાનું રહ્યું નહિ. બાકી મૂળ વાર્તા હજી સુધી મેં વાંચી નથી. આ સંક્ષેપમાં જ તેને પહેલી જાણી અને તે રૂપે પણ તે કેવી ભવ્ય છે તે જોઈ શકયો. ડિકન્સની કથાઓમાં 'બે નગરો"ની આ કહાણી એક અગ્રગણ્ય મનાય છે. તેના આ સંક્ષેપ પેઠે જ, ૧૯મા સૈકાના આ અતિ લોકપ્રિય કથાકારની બીજી કથાઓ પણ ગુજરાતીમાં ઉતારવા જેવી છે.

ડિકન્સને મરહૂમ ટૉલ્સ્ટૉયે વિશ્વ-સાહિત્યકાર તરીકે ગણાવીને, તેનો દરજ્જો શેક્સપિયર કરતાંય ઉપર મૂક્યો છે. તેનું મુખ્ય કારણ કદાચ એ છે કે, સ્કૉટ વગેરે પેઠે તે ઇતિહાસની પુરાણકથા કહેવાની ચાતુરી દર્શાવ્યા કરતાં, કથા અને તેના કાર્યના વલોણામાં માનવતાનું સનાતન નવનીત જે હમેશ રહેલું હોય છે, તેને પકડે છે અને તેનો આસ્વાદ એનાં અમર પાત્રો દ્વારા આપે છે. તેનાં કેટલાંય પાત્રો, પુરાણની કથાઓનાં પાત્રો પેઠે, અંગ્રેજ પ્રજાની ભાષામાં કહેવતરૂપ બની ગયાં છે. આ વાર્તા ડિકન્સની આવી મૂળ શક્તિ અને પ્રતિભાનો અચ્છો પરિચય આપશે.

કથા ૧૮મા સૈકાના અંત ભાગમાં થયેલી લોહિયાળ ફ્રેન્ચ ક્રાંતિયુગની છે. તેથી સ્વાભાવિકપણે આસમાની-સુલતાનીના ભારે ખળભળાટ અને ઊથલપાથલના ઉદ્દામ વાતાવરણમાં એનું બીજારોપણ થયું છે. આવા સમયે માનવીઓનાં હૃદય કેવાં હલમલી ઊઠે અને પોતપોતાની મૂળ પ્રકૃતિને કેવા ઉત્કટ અને ઉદ્દામ આવેગથી સહેજે પ્રગટ કરે, એ વર્ણવવાની જરૂર નથી. એવા સમયની ભૂમિકામાં વિલસતાં માનવીઓનો સમાજની અને તેમના મનોભાવોની સુશ્લિષ્ટ કથા રચવી, એ જ એક મહાન કલાશક્તિનું કામ છે.

ડિકન્સે એ સમયનો ચિતાર મેળવવા તેના લબ્ધપ્રતિષ્ઠ ઇતિહાસકાર કાર્લાઇલને વિનંતી કરી કે, 'તમે તમારો ઇતિહાસ લખતાં જે સાધન-સામગ્રી વાપરી હોય, તે મને જોવાને માટે ન આપો?' અને કાર્લાઈલે બે ગાડાં ભરીને પુસ્તકો ઠંડે પેટે મોકલી આપ્યાં! અને કમાલ તો એ છે કે, ડિકન્સ એ બધું વાંચી ગયો અને ત્યાર પછી આ કથા તેણે લખી! તેણે પોતે એની આ કથાની જે ટૂંકી પ્રસ્તાવના લખી છે, તેનો અનુવાદ આની સાથે અલગ આપું છું; તે વાચક જોશે તો જણાશે કે, મહાન કલાકૃતિનું સર્જન કેવા ઊંડા તપની સમાધિમાંથી થાય છે.

કથાનું નામ પાડતાં ડિકન્સે ઠીક ઠીક પોતાના મનમાં ગડભાંગ કરી હશે, એમ દેખાય છે. અનેક નામો મનમાં આણેલાં તેમાંથી છેવટે આ સાવ કોરું લાગે એવું કેવળ ભૌગાલિક નામ તેણે આપ્યું!

શરૂમાં તેણે વાર્તાના મુખ્ય પાત્ર સિડની કાર્ટન પરથી 'મેમરી કાર્ટન' નામ પાડવા ધારેલું. પણ તેને જ એ બરોબર સમર્પક અને કથાનું પૂરું નિદર્શક નહિ લાગ્યું હોય. છેવટે જે નામ પાડયું તે એમ બતાવે છે કે, તે કેવળ પૅરીસ નગરીની ફ્રેન્ચ ક્રાંતિકથા જ નથી, પણ તેની સાથે સંડોવાયેલી લંડન નગરીની પણ જીવનકથા તેમાં જોડાયેલી છે.

યુરોપ ખંડની આ બે નગરીઓ એટલે ૧૮, ૧૯ સૈકાની તેની આબાદી અને સંસ્કૃતિ તથા જાહોજલાલીનાં કેન્દ્ર – પરસ્પર સ્પર્ધતી અને ઝઘડતી બે મહાન યુરોપીય પ્રજાઓની રાજધાનીઓ! અને એ બંને પ્રજાઓમાં તેને પરિણામે સામાજિક ક્રાંતિયુગ બેઠો હતો. પણ તેમની ક્રાંતિ-રીતિ પોતપોતાની જુદી હતી: ઈંગ્લૅન્ડની ક્રાંતિ હિંદી સામ્રાજ્યના માલમલીદાથી માતબર બનતી જતી વેપારી પ્રજાની સંક્રાંતિ હતી. તેની રાજકીય, આર્થિક, નાણાંકીય વગેરે સર્વ પ્રકારની સંસ્થાઓ ક્રમે ક્રમે યુગાનુકૂલ રૂપ પકડતી જતી હતી – અમુક સ્થિરતાથી સુધરતી જઈ સંગઠિત બનતી હતી. એથી ઊલટી જ રીતે ફ્રાન્સમાં ચાલતું હતું. સ્થાપિત હિતોના જોરે માલેતુજાર બનેલા સત્તાધારી અમીર-ઉમરાવો, એશઆરામી રાજવીઓ અને ધર્માધિકારીઓ વગેરેના જુલમથી ત્રાસેલી પ્રજા, ૧૪–૭–૧૭૮૯ના રોજ, તે ત્રાસના પ્રતીક સમી બાસ્ટીલ જેલ તોડીને નવું રાજ્યતંત્ર સ્થાપે છે. આ ચોપડી તે કાળની વાત કહે છે.

વાર્તાની કેન્દ્ર-મૂર્તિ ડૉ. મૅનેટ કરીને ફ્રેન્ચ છે. તેની પત્ની અંગ્રેજ છે. એમ આલેખીને ડિકન્સ આ બે નગરીઓ, આ બે દેશો, એ બેની પ્રજાઓને ભેગાં કરી આપે છે. અને એમની સાથે જોડાયેલાં સ્ત્રીપુરુષોને – કેટલાંકને લંડનમાંથી તો કેટલાંકને પૅરીસમાંથી, વાર્તાના કાર્યમાં ઉતારે છે. વાચક આવી ભૌગોલિક ઢબે બધાં પાત્રોનું વર્ગીકરણ કરશે, તો કેટલીક રસિક વસ્તુઓ ધ્યાનમાં આવશે. બે નગરીનાં બે ભાતનાં માણસો ભેગાં મળે છે, તેમાંથી તેમનું વ્યક્તિત્વ તેમ જ રાષ્ટ્રીયત્વ અને તેનાં ખાસ લક્ષણો અચ્છાં તરી આવે છે. લેખકે તે બતાવવા પણ ઈરાદો રાખ્યો હશે, એમ ન કહી શકાય. પરંતુ વાચકને એ ઢબે પણ આ કથાને ઉથલાવી જોવાનો હક છે.

કથાની કેન્દ્રમૂર્તિ ડૉ. મૅનેટ છે, એમાં શક નથી. એ એક સજ્જન સદ્‌ગૃહસ્થ માણસ છે. ધંધે દાક્તર છે અને માનવદુઃખને દૂર કરવાના પ્રામાણિક કામમાં રત રહે છે. તેમાંથી રસ્તે જતી પીડામાં તે બિચારો ફસાય છે; અને તેમાં એટલી અપાર યાતનાઓ વેઠે છે કે, તે બધું એને શું કામ વેઠવું પડે છે, તે જ નથી સમજાતું. એનું કારણ કેવળ ક્રાંતિનું વેર-માનસ લોક પર ચડી બેઠું હતું, એમ જ માનવું જોઈએ. હિંસક ક્રાંતિનું બીજ સામાન્યપણે ક્રોધ અને વેરના આવેગમાં જોવા મળે છે. તેની નિષ્ઠુર અહૃદયતા આ પાત્ર બરોબર બતાવી આપે છે.

ફ્રાન્સના એક ઉમરાવની ઈતરાજી ડૉ. મૅનેટ સાવ અકારણ—વગર કશા વાંકે વહોરે છે, અને ફ્રાંસની ક્રાંતિની કાતિલમાં કાતિલ બધી યાતનાઓનો અવશ ભોગ બને છે. ભલું કરવા જતાં જાણે ભૂત વળગ્યું! એક ઉપર એક ઝીંકાતાં જતાં દુ:ખોના ઓઘથી તેનો સ્મૃતિભ્રંશ થઈ જાય છે! કુદરત એમ કરીને જ એને જીવતો રાખી શકે છે. વીતકો એટલેથી જ અટકતાં નથી: એના પરિવાર પર પણ એના ઓળા પહોંચે છે; ક્રાંતિની આગની ઝોળો એની દીકરી અને જમાઈને પણ લપકારવા લંબાય છે. વ્યક્તિઓ પરની તેની અસર જોતાં, લોહિયાળી ક્રાંતિ કેવી આંધળી, નિષ્ઠુર અને અમાનુષી છે, તે વસ્તુ ડૉ. મૅનેટનું પાત્ર બતાવે છે. જોકે તે તેવી જ આંધળી અને અમાનુષી બનેલી સમાજની રાજસત્તા સામે હોય છે,—તેના પ્રત્યાઘાતી ઉપાય તરીકે; —જેનું મૂલ્યાંકન જુદો વિષય છે. મૅનેટની બરાબરીમાં બેસે એવું બીજું એકે પાત્ર કથામાં નથી. આ કથા ખરું જોતાં ડૉ. મૅનેટની કહાણી કહેવાય.

પરંતુ કથાની કાર્યમૂર્તિ તે નથી. તે સ્થાને અંગ્રેજ વકીલ સિડની કાર્ટનને (અને અમુક અંશે બૅન્કર લૉરીને) ડિકન્સે મૂકયો છે. કાર્ટન વકીલ આ કથાની મંગળમૂર્તિ છે. મૅનેટ દ્વારા ડિકન્સે ફ્રેન્ચ ક્રાંતિને મૂર્તિમંત કરી, તો કાર્ટન અને લૉરી દ્વારા તેણે ઇંગ્લિશ સમાજની સંક્રાંતિનો ચિતાર આપ્યો છે. પરંતુ તેટલામાત્રે જે કથા કેવળ ઈતિહાસકથા બનત, તેને ડિકન્સે આ કાર્ટનના પાત્રથી અદ્‌ભુત પ્રેમકથા બનાવી મૂકી છે. યુદ્ધ અને ક્રાંતિ જેવી સામાજિક ઊથલપાથલ અને માનસિક અવ્યવસ્થામાં પણ સ્થાયી ભાવ તો માનવતા અને વાત્સલ્યભાવ છે, એ સનાતન સત્ય છે, (ટૉલ્સ્ટૉયની 'યુદ્ધ અને શાંતિ'ની કથાના રહસ્ય પેઠે જ) એમ ડિકન્સ અહીં બતાવે છે. આથી જ કરીને ડિકન્સ વિશ્વસાહિત્યકારની ગણનામાં આવે છે. મૅનેટને પ્રેમનું બલિદાન એક રીતે આપવું પડે છે; તે તેમાં અવશ અજાણ છે. કાર્ટન બીજી રીતે છતાં એમ જ પ્રેમનું બલિદાન આપે છે. ફેર એટલો કે, તે જ્ઞાનપૂર્વક અને ગણતરીભેર તેમ કરે છે.

કાર્ટન ડૉ. મૅનેટની પુત્રીના પ્રેમમાં છે. પરંતુ તે પ્રેમનું બલિદાન એને આપવું પડયું: પ્રેમ લગ્નરૂપે તો તેને ન મળી શકયો. ફ્રેન્ચ અમીરના પુત્ર ડાર્નેને તે વરી, જેમાંથી તેની દુ:ખકથા સરજાઈ! લ્યૂસીને કાર્ટન પરણી ન શકયો, છતાં એના જ નિર્લગ્ન નિર્મળ પ્રેમમાં—પોતાની પ્રેમપાત્ર યુવતીના જ કુટુંબસુખને ખાતર, અંતે તેણે જીવ આપ્યો. અને તે પણ લ્યૂસીનાં પ્રેમમાં પોતાના હરીફ બનેલા ડાર્નેને જ બચાવવા—પહેલાં અંગ્રેજ અદાલતમાં રાજદ્રોહમાંથી અને પછી ફ્રેન્ચ ક્રાંતિના વેરની આગમાંથી!

કાર્ટનને આલેખીને ડિકન્સે પ્રેમની જાદુઈ શક્તિની અવધિ બતાવી છે. કેવા આત્મસંતોષથી અને સ્વસ્થ પરિતૃપ્તિથી – ગણતરીભેર કાર્ટન મૃત્યુને ભેટે છે! કરુણરસિક આ કથામાં કાર્ટનનું આ બલિદાન કારુણ્ય અને પ્રેમભાવની અવધિ કરે છે. માનવપ્રેમ આવું અદ્ભુત અને આધ્યાત્મિક હૃદયબળ છે, એ કાર્ટનનું પાત્ર બતાવે છે.

પ્રેમ જેવી જ જહાલ પણ તેનાથી ઊલટી – તેની બીજી બાજુ જેવી, તેના જેવી સંજીવક કે કરુણ નહિ પણ જીવન-ઘાતક દારુણ ભાવનાં વેર છે. આ કથા પ્રેમના પડછાયા જેવા – વેર રૂપી એના વિકારનેય ભારોભાર આલેખે છે. લોહિયાળ ક્રાંતિ એટલે જ સામુદાયિક કે સામાજિક અસૂયાના વેરનો પ્રકોપ! દેફાર્જ-દંપતી આ ભાવનાની મૂર્તિ સમાં છે. એમાં દેફાર્જનું પ્રેરક કારણ અંગત પોતાના શેઠ મૅનેટનું વીતક બને છે; માદામ દેફાર્જ માટે, ઉમરાવના કામની ભોગ બનેલી તેની બહેનનું નિર્દય મૃત્યુ કારણ બને છે. દેફાર્જ મૅનેટની પ્રત્યે કૃતજ્ઞતાથી ઉશ્કેરાયો છે; તેની પત્ની એ કૃતજ્ઞતાને પણ વિસારે પાડીને મૅનેટનાં સંતાન છતાં પેલા ઉમરાવના કુલનાં હોઈને, તેમનું નિકંદન ચાહે છે; અને આની આખર એવી નાટ્યરસિક રીતે ડિકન્સે આણી છે કે, પ્રોસ અને દેફાર્જ-પત્ની ઝપાઝપીમાં આવી જાય છે. જાણે પ્રેમ અને વેર બેમાં કોણ બળવાન છે તે બતાવવા માટે, તે બે વૃત્તિઓ મૂર્તિમંત બનીને ભીડી પડી! જેમાં દૈવે વચ્ચે પડીને તેનો ધડાકાભેર સુખદ ફેંસલો આણ્યો: પ્રેમ જીવન છે, વેર આપઘાતક છે.

ઇંગ્લૅન્ડની સંક્રાંતિએ, ત્યાં નવા ઘડાતા સમાજમાં, તેને અનુરૂપ અને જરૂરી બનતા જે કેટલાક નવા ધંધા કે વર્ગો પેદા કર્યા, તેમાં વકીલ અને વેપારી બૅન્કર ઇ૦નો વર્ગ નોંધપાત્ર છે. બે નગરીની આ કથા લંડન તરફથી તે વર્ગોને રજૂ કરે છે: કાર્ટન વકીલ છે, લૉરી બૅન્કર છે. જોકે, કથાનું આ અંગ ડિકન્સના સર્જનમાં ગૌણ છે. તે જો મુખ્ય બનત, તો વાર્તા કદાચ વેર અને ક્રાંતિની પ્રેમકથાને બદલે માત્ર જાસૂસ-કથા જેવી બની જાત. અસ્તુ,

વકીલ તરીકે પણ કાર્ટનની ખૂબી આ કથામાં પરખાય છે. એક જાસૂસ-કથાનો પેટા રસ તેની દ્વારા ડિકન્સ આ કથામાં ઉમેરી શકે છે. અને લૉરી દ્વારા પ્રામાણિક સદ્‌વ્યવહારની જે ધંધાદારી નિષ્ઠા બતાવી છે, તે એવી નમ્ર અને નિરાભિમાની છે કે, બીજાં પાત્રોના ગુણરાશિ આગળ તે કદાચ દબાઈ જાય. પરંતુ ડિકન્સની કથાકળા એમ થવા દેતી નથી; અરે,

એમ દબાઈ જાય એવી જ રીતે છતાં, તેના જ વડે એ પાત્રને ઉઠાવ (?) આપવા દ્વારા, લૉરીની ખાસ પ્રકૃતિનું આબાદ આલેખન તેણે કર્યું છે.

વેપાર અને સામ્રાજ્ય સંસ્કૃતિ બારસદ જેવા પારકાનાં છિદ્ર ફોલી ખાતા પાપજીવી લોકને પણ જન્મ આપે છે. એ સંસ્કૃતિની આ એબ પણ ડિકન્સ સરતચૂકમાં નથી જવા દેતો. કાર્ટન જેવો કુશળ વકીલ બારસદને બરોબર પહોંચી વળતો બતાવ્યો છે. તેમાં 'જૈસે-કો-તૈસા'-ન્યાયની કેવળ વકીલી કુશળતાની જ જીત નથી, પરંતુ કાર્ટનના પરોપકારક સ્વભાવની પણ જીત ગણાય: બારસદ પર કાર્ટનના નિર્મળ ચારિત્ર્યની છૂપી અસર પણ હોય.

આમ, અનેકવિધ પ્રકૃતિ અને પુરુષાર્થમાં પડેલાં, ક્રાંતિયુગનાં બધાં પાત્રોની આ કથા ગમે ત્યારે દુઃખાન્તક કારુણિકા બની જાય એવી છે. પરંતુ ડિકન્સ સાવ સહજ ક્રમે એને શાંત કારુણ્યભરી સુખદ માંગળિકા આલેખી શકે છે, એ એની સર્જન-કલાશક્તિની ઉત્તમતા છે. એથી ક્રાંતિ જેવી દારુણ વસ્તુની આ કથા એકંદરે જુગુપ્સા કે ઘૃણા નથી ઉપજાવતી: અલબત્ત, વચ્ચે તેવો ભાગ આવી જાય છે. અને અંતે એક નિર્દોષ બાળા અને એક સહૃદય ગૃહસ્થના નિષ્કારણ ઘાતથી કથાનો અંત થાય છે; છતાં તેથી હૃદયમાં મીઠી કરુણાનું દુ:ખ થાય છે — આખી કથા પર કરુણરસ છવાઈ જાય છે. આ પણ કથાકારની કળાની ખૂબી જ છે. એવી કથા શ્રી. ઝવેરીએ ગુજરાતી વાચકોને સંક્ષેપમાં ઉતારી આપી, તેને માટે તેમને ધન્યવાદ ઘટે છે,

૭-૬-'૬૩ મગનભાઈ દેસાઈ

ઑલિવર ટ્વિસ્ટ

'એક અનાથ બાળકની કહાણી'

ચાર્લ્સ ડિકન્સ

સંપા૦ : ગોપાળદાસ પટેલ કિં. ૫-૫૦

સામાજિક ભંગારની કથા

[મગનભાઈ દેસાઈની પ્રસ્તાવના]

૧

આજથી લગભગ ૧૫૦ વર્ષ પરના – રાણી વિકટોરિયાના જમાનાના વિલાયતી સમાજની આ વાત ૪૦ વર્ષ પર વાંચેલી, તેનો સ્વાદ રહી ગયેલો : જોકે વાતની વિગતો તો ભુલાઈ ગઈ હતી, પણ ઑલિવર ટ્વિસ્ટનું નામ અને તેની આપવીતીની કુટિલ કરુણતા, નિર્દોષ દુઃખદતા, અને તેનું સહજ અભિજાતત્વ – આવી છાપ ઝાંખી ઝાંખી પણ મનના ખૂણામાં સંતાઈ રહી હતી. તેથી 'સ૦' માટે નવી વાત સારવવાને માટે પસંદ કરવાની આવી, ત્યારે ભાઈ ગોપાળદાસને મેં ડિકન્સની આ કથા સૂચવી. એમ સારાનુવાદના નવા રૂપે અને તે પણ સ્વભાષામાં, એ કથા, તંત્રીની ફરજ રૂપે, ૪૦ વરસ પછી ફરી વાંચવાની – એની જૂની છાપ તાજી કરવાની મળી, તે તેના એક વાચક તરીકે પણ ખૂબ આહ્લાદક લાગ્યું. તે બતાવે છે કે, સૈકાજૂના ને પરાયા સમાજની વાત છતાં, તેમાં અમુક એવાં માનવતા ભરેલાં રસબિંદુ છે, જે આજેય આપણે માટે લૂખાં કે સૂકાં નથી થઈ ગયાં. એટલે, એ ચિરંજીવ કથાની આ આવૃત્તિ પ્રસિદ્ધ થાય છે, ત્યારે પ્રારંભે તે વિષે બે બોલ કહેવા રૂપે તેની સાથે જોડાવાનું થાય છે, તેને સદ્ભાગ્ય સમજું છું.

૨

કથા ટૂંકી છતાં બહુ દિલચસ્પ છે. એક અંગ્રેજ ગૃહસ્થ, નામે એડવિન લીફૉર્ડ, તેના લગ્નમાં અફળ ગયો : એક પુત્ર હતો ખરો, પણ બાઈ અને ભાઈ છૂટાં પડયાં; જોકે છૂટાછેડા નહોતા લીધા. તેથી ખ્રિસ્તી ધર્માનુસાર,

લીફૉર્ડ પુનર્લગ્ન ન કરી શકે. છોકરો હતો તે (છેવટે બને છે કે, તેના કમનસીબે) બાઈ જોડે ગયો.

લગ્નભંગ થયેલો લીફૉર્ડ એક કુમારી (નામે એગ્નિસ) જોડે હળવા લાગ્યો. બિચારી કુમારી સગર્ભા થઈ. ખ્રિસ્તી સમાજમાં એક પર બીજી પરણવાનું તો બને નહીં, અને છૂટાછેડા મળવા મુશ્કેલ! આ સંજોગોમાં શરમની મારી તે છોકરીએ પિયર છોડી, અનાથાલયને ગુપ્ત આશરે જઈ સુવાવડ પતવી. અને સંતાનને સમાજને ખોળે નાંખીને તે મરી ગઈ. પિતાનું ઘર પણ, આ લોકલાજને કારણે, દાંધોલિયું થઈ ગયું. એગ્નિસની નાની બહેન (નામે રોઝ)ને રવડતી મૂકીને હતાશ પિતા રઝળીને મરી ગયો.

બીજી બાજુએ લીફૉર્ડ પણ એવા જ કમનસીબનો ભોગ બન્યો. એગ્નિસના સંબંધ પછી તે પરદેશ ગયેલો ત્યાં જ મરી ગયો. નવું જીવન શરૂ કરવાના મનના કોડ હતા, તે એના મનમાં જ રહી ગયા – તે એગ્નિસને અપનાવવા ધારતો હતો, તે રહી ગયું. છતાં મરતા અગાઉ તે વિલ કરતો ગયો કે, કાયદેસર પત્ની અને તેના સ્વચ્છંદી પુત્રાને તો વાર્ષિક જિવાઈ પૂરતી બાંધી રકમ મળે; પણ મિલકતનો અર્ધ ભાગ એગ્નિસને મળે તથા અર્ધ ભાગ એગ્નિસનું સંતાન થાય તે પુત્ર હોય અને તે જો સુશીલ નીવડે તો તેને મળે. (તે સંતાન પુત્રી હોય, તો તો તેને બિનશરતે એ અર્ધ ભાગ ઉંમર લાયક થતાં મળે.) પણ લીફૉર્ડના મરણ વખતે તેની પત્ની, લોભનો લાભ જોઈ, દીકરા સાથે, લીફૉર્ડ પાસે પહોંચી ગઈ, અને વિલ, અને તેનો વહીવટ કરવા જે મિત્રા બ્રાઉનલૉને તે આપવાનું હતું તેની ઉપરનો પત્ર – આ બંનેનો કબજો લીધો. કાનૂની માનો દીકરો સંસ્કારે એવો ઊછર્યો હતો કે, એગ્નિસના ફરજનનો હિસ્સો પચાવી પાડવા તેને ખોળી કાઢીને ખરાબ કરી ખતમ કરવો, એવા જીવનસંકલ્પવાળો તે બન્યો. આ ફરજન તે ઑલિવર ટ્વિસ્ટ. આમ લીફૉર્ડના એક કાનૂની પુત્ર (નામે એડવર્ડ – જેણે ઉપરનું પાપકર્મ આદરતાં ગુપ્ત નામ 'મંકસ' ધારણ કરેલું છે) અને તેના ગેરકાનૂની પુત્રા ઑલિવર વચ્ચે વેરગાથા શરૂ થઈ, જે વિષે બિચારો ઑલિવર કાંઈ જ જાણતો નથી. અરે, તે અનાથ ન-માબાપો છે; – મા કે બાપ કોણ હતાં તેય નથી જાણતો. ભક્ત-કવિએ સંસારનો આવો (માનવીની ટૂંકી બુદ્ધિને લાગતો) અધ્ધરખેલ જોઈને જ ગાયું હશે – 'ઉધો, કર્મનકી ગત ન્યારી!' આવી ન્યારી ગતિમાં ડોકિયું કરાવતી આ કથા, તેથી જ વિશ્વકથાવસ્તુ બની શકે છે અસ્તુ.

૩

એક ગૃહસ્થના જીવનની મૂળ ઘટના જે પ્રશ્નો પેદા કરે છે, તે આ નવલકથાનું કથાનક છે. તે ઘટનાનાં ભોગ બનતાં પાત્રો ત્રણ છે — મંક્સ, ઑલિવર, અને રોઝ. ત્રણેય જણ કુટુંબ કે ઘરબારથી રખડી ગયેલાં છે, — પહેલો માણસ તેના પાપે અને અપકર્મ કરીને; બીજાં બે અબળ જનો સાવ અબોધ મુગ્ધ છે — તે બે કાંઈ જ જાણતાં નથી કે, તેમને શું પાપ વળગ્યું છે : બંને નિર્દોષમૂર્તિ છે, છતાં દુ:ખભાગી છે. (રોઝ ઓછી, ઑલિવર આખો ને આખો.) સંસારમાં આવી કરુણતા જોઈને જ માણસ કર્મના ન્યાય પરત્વે મૂંઝાય છે અને તેની કઠોર અદલતાથી ક્રોધે ભરાય છે, અથવા તો આર્ત કે અર્થાર્થી બનીને — દુ:ખી કે લાલચુ બનીને ટિચાય છે. મંક્સ કામાર્થી ક્રોધી છે, — પાપે ચડે છે. રોઝ અને ઑલિવર આર્ત છે — અર્થાર્થી નથી : બંને સહેજે પ્રેમાર્થી ને પાપભીરુ છે અને કૃતજ્ઞબુદ્ધિ છે. છતાં બેનાં નસીબ જુદી જુદી નાળમાં વળ્યાં. છેવટે કથાની મંગળ ફલશ્રુતિ આનો ઘટતો ન્યાય ચૂકવાતો બતાવે છે. નસીબનો ખેલ કેવો અજબ ગજબ છે, એ સમજવાને માટે આ કથા જેવી રસાળ બીજી ભાગ્યે મળે! અસ્તુ.

૪

દરેક સમાજમાં, — તેની જેવી રૂઢિ, રીતિ, ને રિવાજ હોય તે મુજબ, તેના ઘસારા કે ભંગાર પેઠે પડયા કરતાં, રોઝ-ઑલિવર-એડવર્ડ-ઈ૦ જેવાં દયાજનક અનાથ પાત્રો પેદા થાય જ. અને તેમને બનતી સારી રીતે સમારીને પોતામાં સમાવવાને સારુ તે તે સમાજ, પોતપોતાની રીતે, કાંઈ ને કાંઈ વ્યવસ્થા તૈયાર કરે છે. આવી વ્યવસ્થાના ત્રણ બહોળા ભાગ પડી જાય :

૧. દયાદાનધર્મી લોકો અનાથાલયો ચલાવે; અથવા/અને સરકાર કાનૂન દ્વારા ગરીબ-ઘર ખાતું યોજે.

૨. દરેક સમાજમાં ગુનાજીવી કે પાપકર્મી અમુક વસ્તી કે વ્યક્તિઓ નીવડે જ છે, જેઓ ચોરી, લૂંટફાટ, ડકાટી, દગો, ફરેબી ઈ૦ કાળાં કામોનાં અસામાજિક સાધનો વડે નભે છે. આવા ધંધામાં પણ, આ સમાજના ઉપર વર્ણવેલા ભંગારમાંથી જ મળતાં માણસોની ભરતી થાય છે. આ ભંગારિયા વસ્તીની વ્યક્તિઓમાં આને માટે પણ જરૂરી માનસ સહેજે પેદા થઈ કે કરી શકાય છે.

આ કથા ૧૯મા સૈકાના અંગ્રેજ સમાજમાંથી નીપજતાં આવાં ભંગારિયાં પાત્રોથી ભરપૂર છે. એમનું આલેખન ડિકન્સે એવી વ્યાપક રીતે

કર્યું છે કે, તે દ્વારા એ સમાજનો આ અંશ આપણે સરસ પામી શકીએ છીએ.

૩. ઉપરના બે ઉપરાંત એક ત્રીજો ભાગ પણ છે, કે જે પહેલા બે પેઠે સંગઠિત કે એકત્રિત રૂપે કામ નથી કરતો. એમાં એવાં ધર્માત્મા સજ્જન સન્નારીઓ આવે છે, જે માનવપ્રેમ અને દયાભાવ જેવી ઉદાત્તતાથી પ્રેરાઈને સહેજે સમાજની પેલી ભંગારવસ્તી પ્રત્યે કરુણાથી વર્તીને ચાલે છે. આ કથામાં ડિકન્સે આવાં ભલાં માણસોનું આલેખન કર્યું છે, તે આ કથાનો ઉત્તમાંશ છે. એ પાત્રો એટલે માતૃહૃદયી શ્રીમતી મેયલી, કુશળ વ્યવહારજ્ઞ ડૉ. લૉસ્બર્ન, જ્ઞાનવૃદ્ધ શ્રી. બ્રાઉનલૉ, વગેરે. ખરું જોતાં, આ ત્રીજો વર્ગ એટલે આખો સમાજ એમાં આવે, એમ સમજવું જોઈએ. દરેક નાગરિકે પોતાના દુ:ખી સમાજબંધુને બનતી મદદ કરવી, એ તો સાચા માનવ-સમાજનો પાયો છે. એની ઊણપ કે કચાશમાંથી જ સમાજનો પેલો ભંગાર પડે છે. તેથી તેને સમારતા રહેવા અને બનતી સહાય કરવા, સમાજમાં પેલા બે રસ્તા ચાલે છે — ૧. ગરીબઘર ઇ૦ જેવી વ્યવસ્થા મારફતે કામ કરતો ગરીબસેવાનો કાયદો; ૨. એ ભંગાર પોતે જ પોતાનું ગુપ્ત ગુના-તંત્ર રચીને નભે, જેને પહોંચી વળવા સમાજ પોલીસ, અદાલત ઇ૦ વ્યવસ્થા ઊભી કરે છે.

૫

આ કથામાં ઉપર જણાવેલા ત્રાણે ભાગોમાં કામ કરતાં પાત્રો આપણને જોવા મળે છે. એમાંય પાછી ખૂબી તો એ છે કે, કેટલાંક પાત્રો એક ભાગનાં લાગે, તે જાણે ભૂલાં પડી જઈ કે ગોથું ખાઈ બેસીને, બીજા ભાગમાં ઘૂસતાં કે અવશે જઈ પડતાં જોવા મળે. આનાં ઉત્તમ દૃષ્ટાંત છે — ઑલિવર પોતે અને નાન્સી. ઑલિવરનું જીવન ઉપરના ત્રણે ભાગોમાં ચાલે છે. નાન્સી બીજા ભાગની છતાં ત્રીજા ભાગની એક સન્નારી બનવા પ્રયત્ન કરતી પાપગ્રસ્ત નારી છે. નાન્સીનું પાત્રાલેખન વાચકને ભારે આકર્ષક લાગ્યા વિના નહિ રહે. પાપાત્મામાં પણ પ્રભુ વસે છે અને તે જાગી શકે છે, એવી મંગળ શ્રદ્ધા આવાં પાત્રો જન્માવી શકે. એની તુલનામાં ઑલિવર ઓછો પુરુષાર્થી લાગે છે. એ તો જાણે જીરનનેયા ભાંગતાં, નસીબ-સાગરમાં ડૂબકાં ખાતો, તેનાં મોજાં વડે જ તણાતો તણાતો કિનારે ધકેલાઈ આવે છે! પણ નાન્સી? એ તો તેમાં તરવા તરફડે છે; જાણે છે કે, ફવાશે નહિ છતાં મથે છે; અને હાથ દેનાર હાથ ધરે છે, છતાં તે જ્ઞાનપૂર્વક ના પાડી પોતાના જીવનના કાયદાને વશ થઈ કમોતે મરે છે.

વાર્તાના બધા પાપાત્માઓનું પ્રાયશ્ચિત્ત કરવાનું કામ બિચારી નાન્સીને ભાગે જાણે ન આવતું હોય! અને તે એ પોતાના નિર્દોષ બલિદાન વડે અદા કરે છે. ગુનાના કાદવમાં પંકજ સમી નાન્સી આપણી કરુણાવૃત્તિને કેવી રમ્ય પીડા પમાડે છે!

સામાજિક ગુનાતંત્રના બીજા ભાગનો અધ્યક્ષ, અલબત્ત, પેલો યહૂદી ફેગિન છે; અને બીજી તરફ મંક્સ છે. શેકસપિયરના વ્યાજખાઉ ને ગીરાખોર શાઈલૉકનેય આંટી જાય એવું કમકમાટી-જનક આલેખન ડિકન્સે ફેગિનનું કર્યું છે. આવી ચવડ લોભવૃત્તિ (શાઈલૉક) અને અઠંગ ગુનાવૃત્તિ (ફેગિન) —આ બેઉ પાપભાવો આ કાળના અંગ્રેજી સાહિત્યમાં યહૂદીને અર્પણ કરાયા છે, તે ૨૦મા સૈકામાં જૂના થતા જતા ઐતિહાસિક ખ્રિસ્તી-યહૂદી-હાડવેરનું પ્રતીક ગણાય.

કાયદેસર વારસ હોવા છતાં, લોભ અને પ્રેમહીન ઉછેરને કારણે એડવર્ડ લીફૉર્ડ તદ્દન ભામટો 'અવારો' બની ગયો છે. અને આખી વાર્તાના પડદા પાછળ તે મોટે ભાગે રહે છે. લેખકે આથી જ એને બીજા નામે અને હમેશ અંધાર અને અંચળાના ઓળા-ઓછાયામાં જ સંતાઈને વિચરતો ચીતર્યો છે. અને એની છૂપી જગાઓ પણ એવી જ ગલીચ અને કાળી આલેખી છે.

અને પેલો રાક્ષસ સમો હત્યારો સાઈકસ! અને ધર્મરાજાના કૂતરાને યાદ કરાવે એવો એનો કૂતરો!—જોકે, (અહીંયાં કૂતરો ધર્મરાજા જેવો છે ને સાઈકસ તો કૂતરાથીય નપાટ છે, એ ભેદ ખરો,) એ પણ આ ગુના-ટોળીમાં ભાત પાડે એવાં પાત્રો છે.

૬

આમ, વાર્તાનાં પાત્રો વિષે કહેવા બેસવાનું આ સ્થાન નથી. વાર્તાનો આસ્વાદ કેવો લહેજતદાર છે, તે બતાવવા પૂરતી ઉપર-ટપકે નોંધ જ આ છે. કથાની રચનામાં મૂળ મર્મભેદ (એગ્નિસ, ઑલિવર, ઇ૦ કોણ છે તે) લેખકે બહુ રમ્ય રીતે દબાવીને કામ લીધું છે. અંતે તે એકદમ છતો થાય છે, ત્યારે મનને ટાઢક વળે છે. ત્યાં સુધી જે ઊંડી ઉત્કંઠા વાચકના દિલમાં જામતી જાય છે, તે એટલે સુધી કે અંતરને સતાવે કે પજવે ત્યાં સુધી પ્હોંચે છે. આથી જાસૂસ-કથા-રસ જામે ખરો; પણ લેખકે ભેદ ખોલવાનું આટલું મોડું કે છેવટે ઝટપટ કરવા જેવું ખરું, એમ લાગે છે. પણ જ્યારે તે ભેદ ભાગે છે ત્યારે જે હાશ ઊપજે છે, તે પેલી ઉત્કંઠાની માત્રાને બરોબર પહોંચી વળે એટલી જોરદાર છે. ભરતવાકયના ગુણવાળો

આવો કથા-સમાહાર આ કથાને કેવળ કરુણમાંથી ઉગારી લે છે, એ કળાથી ચિત્તપ્રસાદ જન્મે છે.

ગુનાની સામાજિક ગટરમાં આપણને લેખક લઈ જાય છે; પણ તેથી એની કથા ગટર-કથા નથી બનવા દેતો, એ પણ ઉત્તમ કલાકારનું લક્ષણ આ લેખક ધરાવે છે. વાસ્તવિકતાના ખોટા નામે, ગટર અને ગંદકીના કીડા ચીતરી ખાતી અત્યારની કથાઓ કેવળ અશ્લીલ અ-કલા છે, એમ આ કથા પરથી લાગ્યા વિના નથી રહેતું.

ડિકન્સની આ કલાશક્તિને કારણે, ટૉલ્સ્ટૉયે તો એને શેક્સપિયરની પણ ઉપર અને પ્રથમ કક્ષાના વિશ્વસાહિત્યકાર તરીકે બિરદાવ્યો છે. એવાની આ કથા ગુજરાતીમાં સચિત્ર ઉતારવા માટે તેના લેખક પ્રકાશકને ધન્યવાદ ઘટે છે.

તા. ૯-૭-'૬૪ મગનભાઈ દેસાઈ

નિકોલસ નિકલ્બી

યાને

'કરણી તેવી ભરણી'

ચાર્લ્સ ડિકન્સ
સંપા૦ ગોપાળદાસ પટેલ કિં. ૧૦-૦૦

न मे भक्तः प्रणश्यति

[મગનભાઈ દેસાઈની પ્રસ્તાવના]

'સત્યાગ્રહ' પત્રમાં હપતાવાર પ્રસિદ્ધ થયેલી આ સર્વ-સુભગ, અને સુરમ્ય એવી સનાતન માનવ-કથા પુસ્તક રૂપે પ્રગટ થાય છે, તે આવકારપાત્ર લેખું છું. એમાં 'સ૦'પત્રની પણ અમુક કૃતાર્થતા સમજું છું કે, આવી એક ઉમદા ચીજને સાહિત્યમાં ઉતારી આપવામાં તે નિમિત્ત-કારણ બની શક્યું.

૧૯મા સૈકાના યુરોપના મહાન કથાકારોમાં ટૉલ્સ્ટૉય, હ્યૂગો, ડૂમા અને ડિકન્સ જેવાઓ અગ્રગણ્ય જાણીતા છે. તે દરેકને પોતપોતાની ખાસિયત છે. તેમાં ડિકન્સ એ રીતે પોતાની નિરાળી ભાત પાડે છે કે, અમર માનવતાની ઉપાસના અર્થે તે શાંત સૌમ્ય રસની આરાધના જે રીતે કરે છે, તે દિલને તેની મધુરતાથી બસ તરબોળ કરી દે છે!

આમ તો એ ચારે લેખકો, પોતપોતાની રીતે છતાં, એક સનાતન માનવતાના ભક્તો છે. પણ તેની આરાધનામાં તેઓ અનોખા છે; પ્રેમશૌર્યને અર્થે ધસમસતાં પાત્રો દ્વારા વ્યક્ત થતો ડૂમાનો માનવ-વીરતાનો અનુરાગ; હ્યૂગોનો ક્રાંતિને અર્થે તલસતો છતાં ઉકળાટ કરાવતો કરુણાક્રંદ; સનાતન માનવ ઇતિહાસની ક્રાંતિ નિહાળતી ટૉલ્સ્ટૉયની આર્ષદષ્ટિ અને પુણ્ય પ્રકોપ; — ઇ૦ એમની વિશેષતાઓ આગળ, માનવ જીવનનાં કળા અને કાવ્યમાંથી તેનો શાંતરસ પકડતી ને તેની આરાધના કરતી ડિકન્સની મધુર શક્તિ એને જુદી જ ભવ્યતા અર્પે છે.

આ કથા ડિકન્સની એ વિશેષતાનો કાંઈક પુરાવો આપે એવી છે. તે અને 'ઑલિવર ટ્વિસ્ટ' બે મળીને, બ્રિટિશ વેપારશાહી સામ્રાજ્યે જે નવો ઇંગ્લિશ સમાજ પેદા કર્યો અને રચ્યો, તેમાં બાળક ટ્વિસ્ટ અને યુવક નિકોલસની કેવી દશા થઈ, તેનાં તાદશ ચિત્ર આપે છે.

ટ્વિસ્ટને મળતું આજન્મ-દુ:ખી બાળક આ કથામાં પણ છે: સ્માઈક. કેવું કરુણ, દુ:ખમય, વિષાદગ્રસ્ત પાત્ર! પણ કેવો અખૂટ પ્રેમ-અંશ તે ધરાવે છે! જીવલેણ વિષાદમાં પણ તારક પ્રેમ-સ્વભાવ કેવો જળહળે છે! સ્માઈક વિષેય એક ગંભીર અર્થપૂર્ણ ગુપ્તતા ઠેઠ સુધી ચાલે છે; જે છેવટે એક-ઝટકે છતી થાય છે! અમ તેમ થાય છે ત્યારે, તેનો જ બાપ રાલ્ફ એક બાજુ પોતાના ભત્રીજા નિકોલસનો કટ્ટર શત્રુ છે એટલું જ નહિ, તેથીય ચડે છે! — બીજી બાજુ પોતાના જ ફરજનનો એ ક્રૂર કસાઈ છે, એમ પકડાતાં, રાલ્ફના પાત્રની રાક્ષસી દારુણતા સમજાય છે! તેથી જ તેના 'પાપનો ઘડો' ફૂટે છે ત્યારે તેના પ્રત્યે જરાય દયાની લાગણી પણ નથી થતી! કર્યું તેવું ભર્યું! બીજું શું?

પરંતુ આ કથા ટ્વિસ્ટ જેટલી ઉંમરના — જન્મ ને બાળપણથી રખડી ગયેલા છોકરાની નથી; પિતા મરી જતાં, યુવાવસ્થામાં અસહાય બનેલા યુવક નિકોલસની વાત આ છે, જેમાં પોતાની માતા અને બહેનની ઇજ્જત-ભેર જવાબદારી અદા કરવા નીકળેલો યુવક દેખાય છે.

અને નિકોલસ જો આ કથાનો સૂર્ય છે, તો તેની બહેન કેટ, આ કથાકારની ચંદા પેઠે, મધુર શીતલતા વર્ષાવે છે. કુદરતી ખાનદાની અને સહજ સુશીલતા ભાઈ બહેનમાં જેવી છે, તેનો જ પડઘો તેમના ભાઈ સમા સ્માઈકમાં છે; — પણ 'કાકા-પિતા' રાલ્ફમાં વેપારશાહીએ જગવેલી નઠોર ધનલોભવૃત્તિની સાક્ષાત્ મૂર્તિ જોઈ લો! આવાઓ વડે જ યુરોપનો જુલમ-ખોર સામ્રાજ્યવાદ સરજાયો હશે ને?

નિકોલસને ડિકન્સે પવિત્ર સાંપ્રદાયિક ખ્રિસ્તી તરીકે નથી ચીતર્યો ! ૧૯મા સૈકામાં યુરોપના વિજ્ઞાનયુગે નિરૂપેલા માનવ આદર્શનો જેન્ટલમેન તેને બતાવ્યો છે. તેની તુલનામાં 'લૉર્ડ' અને 'સર'ને રજૂ કરીને તેને અનોખો ઉઠાવ આપ્યો છે. પ્રેમભાવ, નેકદિલી, સૌજન્ય, વીરતા, ઔદાક્ષિણ્ય, મૈત્રી, કૃતજ્ઞતા, પ્રેમાળ ભ્રાતૃત્વ, અને વડીલો પ્રત્યે સ્વતંત્ર આજ્ઞાંકિતતાનો ભાવ – આવા આવા ગુણો જો ધર્મનું હાર્દ હોય, તો તે અર્થમાં નિકોલસ ધર્મવાન છે.

અને એ બધા ગુણોને, નિકોલસ તેની બહાદુરી, હિંમત, નીડરતા, તેમ જ પ્રામાણિક ઉદ્યમિતા તથા કર્મકુશળતા ઇ૦ વડે જે ઓપ આપે છે, – તેથી પેલા ભાવો મણિવત્ જે ચળકાટ પામે છે, તે આ વાર્તાનો મહા રસિક અંશ છે. તે વડે કથાકારની પીંછી માનવ ચારિત્ર્યના હાર્દનું એક ઉમદા ચિત્રણ આપે છે.

તેમાંય પોતાની વસ્તુ કે વાતની સત્યતા પર મુસ્તાક રહીને, બસ નિકોલસ ઝૂઝે જ છે! ગમે તેવા ખતરનાક અવ-સંજોગોમાં પણ, પરિસ્થિતિ-વશ થઈને માંડવાળ કે નરમાશનું ડહાપણ તે નથી સમજતો; સહજસ્ફૂર્તિથી કરવા જેવું લાગે તે સત્ય સાહસકર્મ કરે જ છે! એવી એની સત્યવીરતા જોઈને તેને માટે માન ઊપજે છે. અને જ્યારે છેવટે તે બધામાં થઈને હેમખેમ નિકોલસ પાર પડે છે, અને કાળાં-ઘેરાં વાદળોમાંથી સૂર્ય બહાર આવે એમ અંતે કથાનું મંગળ ભરત-વાક્ય-વસ્તુ આવે છે, ત્યારે પ્રભુની પેલી બિરદવાણી મનમાંથી તરત સ્ફુરે છે —

कौंतेय प्रतिजानीहि, न मे भक्तः प्रणश्यति ।

ધર્મજીવનના અર્થસમી મનુષ્યની સત્યપરાયણ શીલ-ભક્તિ કદી તર્યા વિના ન રહે! નિકોલસની કથા આ શ્રદ્ધા પ્રેરે છે.

આવી સુરમ્ય માનવધર્મી કથા ગુજરાતીમાં ઊતરે છે, તેને ધન્ય વસ્તુ માનું છું; તેનો હૃદયપૂર્વક આવકાર કરું છું, અને સંપાદક પ્રકાશકને તે માટે ધન્યવાદ આપું છું.

તા. ૧-૭-'૬૫ મગનભાઈ દેસાઈ

પિકવિક કલબ

ચાર્લ્સ ડિકન્સ કિં. ૩૦-૦૦
સંપા૦ : ગોપાળદાસ પટેલ

[પ્રકાશકનું નિવેદન]

જગવિખ્યાત અંગ્રેજ નવલકથાકાર ચાર્લ્સ ડિકન્સ (૭-૨-૧૮૧૨ થી ૯-૬-૧૮૭૦)ની તેવી જ વિખ્યાત કટાક્ષ-કથા 'પિકવિક પેપર્સ'નો વિસ્તૃત ગુજરાતી સંક્ષેપ ગુજરાતી વાચક સમક્ષ રજૂ કરતાં આનંદ થાય છે.

ડિકન્સે એકસાથે હાસ્ય અને નવલકથાનો રસ ભેગા કરીને એક અનોખું સર્જન કર્યું છે. પિકવિક નામના એક તવંગર અને નિવૃત્ત સદ્ગૃહસ્થે સ્થાપેલી પિકવિક કલબને પાયામાં લઈને તેના પ્રમુખ અને સ્થાપક મિ૦ પિકવિક સાથે કલબના બીજા ત્રણ સભ્યોને – જેમાંનો એક પોતાને કવિ કહેવરાવે છે, બીજો મરદાની રમતગમતનો શોખીન કહેવરાવે છે અને ત્રીજો કેવળ સ્ત્રી-દાક્ષિણ્ય ધરાવે છે – તેમને લેખક પત્ર-પ્રવાસે મોકલે છે. અર્થાત્ પોતાને ખર્ચે પ્રવાસે નીકળનારા એ ચાર માનદ સભ્યો પ્રવાસ દરમ્યાન પોતે જે અનુભવોમાંથી પસાર થાય, જે નિરીક્ષણ કરે, જે વ્યક્તિઓના પરિચયમાં આવે તથા જે 'સંશોધનો' કરે, તે બધાં પોતાની કલબને પત્રો મારફત પહોંચાડે, અને કલબ તેમની સહર્ષ નોંધ લે અને રાખે.

એ પ્રવાસીઓ મારફત ડિકન્સ પોતાના આખા સમાજની – સ્ત્રીઓ-પુરુષો, તવંગર-ગરીબો, માલિક-નોકરો, કાયદો અને ન્યાયના સંરક્ષક તથા વિતરક ગણાતા પોલીસ-ન્યાયાધીશ-વકીલ-ગુમાસ્તાઓ, પ્રજાની શારીરિક સંભાળ રાખનારા કહેવાતા દાક્તરો, પ્રજાના આધ્યાત્મિક રખેવાળો ગણાતા ધર્માચાર્યો, લોકશાહીના પ્રાણરૂપ ગણાતી ચૂંટણીઓ, વિજ્ઞાનીઓનાં સંશોધનો અને અભ્યાસો – કલબો, મંડળો અને તેમની કામગીરીઓ – એ બધાં ઉપર પોતાની હાસ્યકટારી ચલાવે છે. કોઈ વર્ગ કે વ્યક્તિ એની ઉગામેલી કલમમાંથી બચી શકતાં નથી. આવી રીતે પોતાના સમાજની ઊણપો અને દૂષણો ઉઘાડાં પાડવાં – અને તે માત્ર ટીકાખોર બનવા નહિ, પણ લોકોને એ બધાંમાંથી

નીકળી જવા માટે માર્ગ કરી આપવા — એ જેવા તેવા કસબનું કામ નથી. આપણે પણ અત્યારે કહેવાતી લોકશાહી હેઠળ જીવીએ છીએ તથા ચૂંટણીઓ લડીએ છીએ, ન્યાયતંત્ર, અને પોલીસતંત્ર ચલાવીએ છીએ, અર્થાત્ પાર્લમેન્ટ-ધારાસભા-અદાલત-દવાખાનાંવાળા ગણાઈએ છીએ. એટલે ડિકન્સની એ નિત્ય-નૂતન નવલકથાના કેટલાય અંશો આપણને સારી પેઠે સ્પર્શી જાય છે.

ડિકન્સની મૂળ અંગ્રેજી ભાષાના વિનોદો, કટાક્ષો અને મજાકો બીજી ભાષામાં ભારોભાર ઉતારવાં એ તો બહુ અઘરું કામ કહેવાય. પરંતુ 'પિકવિક ક્લબ'ના સંપાદક એ કામ સફળતાથી કેટલે અંશે પાર પાડી શક્યા છે, તેનો નિર્ણય વાચક પોતે જ કરી લેશે.

ડિકન્સ જેવો નિષ્ઠાવાન લેખક પોતાના સમાજનાં અમુક અંગોની માત્ર ઠેકડી કરીને બેસી રહે તો જ નવાઈ. આ નવલકથામાં તો તેણે માનવ-સ્વભાવની કેટલીક ઉજ્જવળ બાજુઓ પણ એવા જ ઉત્તમ કસબથી રજૂ કરી છે. તે અંગેના જે કેટલાક ઉત્તમ નમૂનાઓ તેણે રજૂ કર્યા છે, તે વાંચી આપણે ધન્યતાની લાગણી અનુભવ્યા વિના રહી શકતા નથી.

ડિકન્સે ઉપરાંતમાં આ નવલકથામાં કેટલીક જગાએ કોઈ પાત્ર પોતાની આપવીતી કહેતું હોય કે પોતે જોયેલી અમુક બીના કે ઘટના કહી બતાવતું હોય એવા પ્રસંગો ઊભા કરીને કેટલીક હૃદય હલમલાવી મૂકે એવી આડકથાઓ પણ રજૂ કરી છે.

આ નવલકથા ગુજરાતી વાચક સમક્ષ રજૂ કરીને અમે એક પ્રકારનું ઋણ અદા કર્યાનો પણ સંતોષ અનુભવીએ છીએ. સ્વ૦ શ્રી. મગનભાઈ દેસાઈએ પરિવાર સંસ્થા મારફત વિશ્વસાહિત્યની કેટલીક ઉત્તમ નવલકથાઓના ગુજરાતી સંક્ષેપો વાચકોને ઉપલબ્ધ કરી આપવાની જોરદાર પ્રવૃત્તિ ઉપાડી હતી. અને એ રીતે કેટલીક ઉત્તમ નવલકથાઓ ગુજરાતને મળી પણ ચૂકી છે. આ તથા બીજી તરત જ પ્રકાશિત થનારી થોડીક નવલકથાઓ એ હેતુ પાર પાડવામાં યત્કિંચિત મદદરૂપ થશે, એ વાતનો પણ અમને ઓછો સંતોષ નથી.

તા. ૨૧-૪-'૮૪ પુ૦ છો૦ પટેલ

ધી ઓલ્ડ ક્યુરિયોસીટી શોપ

યાને

જુગારીની દુહિતર

ચાર્લ્સ ડિકન્સ કિં. ૧૦૦-૦૦

સંપા૦ : ગોપાળદાસ પટેલ

અભિનંદન!

૧

ગુજરાતી વાચક અને વિશ્વ-સાહિત્ય અકાદમીને ડિકન્સની એક ઉત્તમ નવલકથાના આ બૃહત્-સંક્ષેપના પ્રકાશન ટાણે અભિનંદન! કારણ કે, ગુજરાતી વાચકને જ કદાચ આ સુંદર અંગ્રેજી નવલકથાનો સુવાચ્ય સંક્ષિપ્ત અનુવાદ વાંચવા માટે – માણવા માટે ઉપલબ્ધ થયો હશે. ગુજરાતમાં જ સ્વભાષાને ઉચ્ચ શિક્ષણના પણ માધ્યમ તરીકે સ્થાપી આપનાર સપૂત જન્મ્યા હતા; તથા વિશ્વ-સાહિત્ય તરીકે પંકાયેલી નવલકથાઓને ગુજરાતીમાં બૃહત્-સંક્ષેપરૂપે ઉતારવા પ્રયત્ન કરનારી પરિવાર પ્રકાશન મંદિર લિ૦ જેવી પ્રકાશન-સંસ્થા ગુજરાતમાં જ પોતાની યશસ્વી કામગીરી બજાવી ગઈ છે.

સાહિત્ય-વિવેચકો ડિકન્સની આ નવલકથાને તેની ઉત્તમ નવલકથા કહેતા હશે કે નહિ તેની ખબર નથી, તેમ જ પંચાત પણ નથી. કારણ કે, કોઈ પણ સાહિત્ય-કૃતિને 'ઉત્તમ' કહેવી કે નહિ તે બાબતના દરેકના ગજ જુદા હોઈ શકે.

ઉપર ડિકન્સની 'The Old Curiosity Shop' નવલકથાને ઉત્તમ કહી તેનું એક કારણ એ છે કે, તે 'શાંત'-રસની નવલકથા છે. બધા રસોમાં 'શાંત' રસ શ્રેષ્ઠ ગણાય; કારણ કે, તે બધા રસોના સુભગ સમન્વય-રૂપ છે. ડિકન્સની આ નવલકથામાં બધા રસોનો ઉઠાવ હોવા છતાં છેવટે એક અનોખો શાંત-ગંભીર રસાનુભવ વાચકના મન ઉપર છવાઈ રહે છે.

શાંતરસના લેખકને જીવનના સમગ્ર આટાપાટાઓનો અનુભવ હોવો જોઈએ; ઉપરાંત તે બધાની ઉપરવટ જઈ, તેમનું સમતુલિત મૂલ્યાંકન તથા નિરૂપણ કરવાની સુજ્ઞતા પણ હોવી જોઈએ. તો જ તેની કૃતિમાં બધા રસો સમુચિત સ્થાન તથા નિરૂપણ પામી, વાચકના મન ઉપર છેવટે 'શાંતરસ'ની વિરલ અનુભૂતિ છવાઈ રહે.

૨

ડિકન્સની આ નવલકથાની ભોંય – રંગભૂમિ – કે તખ્તો એક આખો 'રસ્તો' છે – જેનો અંત ક્યાં છે તે કોઈ જાણતું નથી. રસ્તે જતાં જુદા જુદા પ્રદેશો આવે, જુદાં જુદાં પાત્રો આવે, જુદા જુદા પ્રસંગો આવે અને તેમના નિરૂપણ દ્વારા જુદા જુદા રસ પ્રગટ કરવાના થાય.

એ બધાં પાત્રો સામાન્ય કક્ષાનાં છે; પરંતુ તેવા સામાન્ય પાત્રની અસામાન્યતા – વિશિષ્ટતા પકડીને નવલકથાકારે નિરૂપી છે. તેવાં પ્રશંસાપાત્ર તેમ જ ઘૃણાજનક પાત્રો પણ તેમની આંતરિક અસામાન્યતા દર્શાવાતી હોવાથી વાચકનો સદ્‌ભાવ પ્રાપ્ત કર્યા વિના રહેતી નથી. નવલકથાનો ખલ-નાયક જેવો વ્યાજખાઉ – દાણચોર વિકલ્પ, તથા બ્રાસ વકીલ ભાઈ-બહેન જેવાં બદમાશ પાત્રો જેમ વાચકના માનસ-પટ ઉપર ઘોર ઘૃણાની કાળી છાપ ઊભી કરે છે, તેમ ભલો સ્કૂલ-માસ્ટર, બૉઈલરમાં કોલસા પૂરનારો છેક હલકી કક્ષાનો કર્મચારી-મજૂર, તથા બીજા સામાન્ય ધંધેદારી માણસોના હાડમાં રહેતી ઉત્તમતાનું નિરૂપણ પણ એવી કુશળતાથી કરવામાં આવ્યું છે કે, વાચક તે પાત્રોનો પરિચય પામવાથી પોતાની જાતને ધન્ય માનતો થઈ જાય.

૩

આ નવલકથાનો કાળ ઈંગ્લૅન્ડમાં યંત્રયુગ હજુ શરૂ થયો હોય છે તે ગાળાનો છે. યંત્રયુગે પોતાની કાળી છાયા સમગ્ર દેશ ઉપર પાથરવાનું શરૂ કર્યું છે, પણ હજુ ઘણો પ્રદેશ તેની કાળી છાયામાંથી મુક્ત છે. મુસાફરીનું સાધન પણ ઘોડાગાડી – કોચ જ છે. મોટર કે રેલ્વેનાં દર્શન કે ઉલ્લેખ પણ નવલકથામાં નથી.

પરંતુ યંત્રયુગ સમાજ માટે, પ્રદેશના પર્યાવરણ માટે, માનવ માટે કેવો ખતરનાક – કેવો ઘાતક નીવડવાનો છે એનું દર્શન ડિકન્સ જેવા લેખકને ન થાય એવું બને જ નહિ. એટલે શરૂઆતના એ યંત્રયુગની કાળી ભીષણતા પણ તેણે નવલકથામાં યથોચિત નિરૂપી દીધી છે. એ યંત્રયુગ જે ભીષણ

માનવી ઉત્પન્ન કરે છે, તે માનવીની ભીષણતા પણ સાથે સાથે નિરૂપાઈ જાય છે.

૪

અલબત્ત, આ નવલકથામાં નાયક-ઉપનાયક જેવાં બે મુખ્ય પાત્રો છે —નેલ અને તેના દાદા. તે બેની આસપાસ જ આખી વાર્તા વિસ્તરે છે. તેમાંય નેલની નિર્દોષતા તેમ જ દઢતાનું નિરૂપણ એવી કુશળતાથી કરાયું છે કે, એવા અસાધારણ ગુણો તથા શક્તિઓ એવી નાની બાળકીમાં હોય એ આપણને એક ક્ષણ પૂરતું પણ અસંભવિત નથી લાગતું. ઉપરાંત પહેલાં કહી આવ્યા છીએ તેમ મુખ્ય પાત્રોને 'રસ્તે' ચાલતાં જ બીજાં પાત્રો મળે છે, તેમનું નિરૂપણ પણ એટલી જ કુશળતાથી થયું હોઈ, તે ભાગ પૂરતાં તે પાત્રો મુખ્ય પાત્રો જ બની રહે છે. એ બધાં મુખ્ય પાત્રો જ નવલકથાકારને વિવિધ સપ્તરંગી રસો બહેલાવવામાં સાધનરૂપ થઈ પડે છે. અને છેવટે બધા રસોની વિશ્રાંતિરૂપ શ્રેષ્ઠ 'શાંતરસ' રેલાવવામાં પણ!

વિશ્વ-સાહિત્ય અકાદમીને આવી સર્વભક્ષી મોંઘવારીના સમયમાંય આ અનોખી નવલકથા પ્રકાશિત કરવા બદલ ધન્યવાદ! ગુજરાતનો વાચક વર્ગ કે ધનિક વર્ગ આવી ઉત્તમ નવલકથાઓ ગુજરાતીમાં પ્રકાશિત થયે જાય તે માટે એક યા બીજી રીતે જોઈતો ટેકો અકાદમીને પૂરો પાડશે, એવી આશા સાથે વિરમું છું.

તા. ૨-૭-'૯૮ પુ૦ છો૦ પટેલ

ગોપાળદાસ પટેલની

બીજી પુણ્યતિથિ

'ધી બૉન્ડમૅન'

યાને

આત્મ-બલિદાન

હૉલ કેઈન કિં. ૧૦૦-૦૦
સંપા૦ : ગોપાળદાસ પટેલ

વંદન!

[અમર પાળિયાઓરૂપ – આ કથાને]

૧

માતૃભાષાના પ્રેમી ગુજરાતી વાચકને, સ્વ૦ શ્રી મગનભાઈ પ્રભુદાસ દેસાઈને, સ્વ૦ વિજયશંકર મંછારામ ભટ્ટને, સ્વ૦ ગોપાળદાસ પટેલને, સ્વ૦ શ્રી ઠાકોરભાઈ દેસાઈને અને વિશ્વ-સાહિત્ય અકાદમીને હૉલ કેઈનની એક ઉત્તમ નવલકથાના આ બૃહત્-સંક્ષેપના પ્રકાશન ટાણે વંદન! હૉલ કેઈનની અમર પાળિયાઓરૂપ આ કથા આપણા સમાજને ઉન્નત બનાવવાની બેઠી તાકાત ધરાવે છે. વાર્તાનો પ્રસન્ન કથા-પ્રવાહ એકધારો ને સતત વહે છે. આ વાર્તા તેના પાવકતમ ભાવમાં વાચકને તરબોળ કરે છે. હૉલ કેઈને સુંદર પાત્રોનું રસપૂર્ણ ચિત્ર દોરીને પોતાની વાર્તાકળાને ખરેખર જોબ આપ્યો છે.

૨

હૉલ કેઈનની આ એક **મહા-કથા** છે. લેખક પોતે જ એને 'સાગા' કહી છે. 'સાગા' નામ તો પ્રાચીન રાષ્ટ્રીય ઈતિહાસને આધારે રચાયેલ મહા-કાવ્ય જેવી વીર-કથાઓને જ આપવામાં આવે છે. પણ લેખકે આ નવલકથા, જેની ઘટનાઓનો કાળ ઈ.સ. ૧૮૦૦ આસપાસનો કહેવાય, તેને 'સાગા' કહી છે, તે સમુચિત જ નહીં, પરંતુ યથાર્થ પણ છે.

જોકે, આઈસલૅન્ડ જેવા યુરોપખંડની છેક ઉત્તરે આવેલા અને કઠોર-કપરી કુદરતી પરિસ્થિતિવાળા તુચ્છ ટાપુનાં પાત્રોની આ કથા છે, જ્યાં સૂર્ય પણ ઘણુંખરું આથમતો નથી તથા જેની ધરતીનો મોટો ભાગ કાં તો

બરફથી કે ફાટી નીકળેલા ધરતીકંપોના ઊકળતા લાવારસનાં જામી ગયેલાં ગચિયાંથી છવાયેલો છે.

વાર્તા સીધીસાદી છે – કશા કાવા-દાવા, ગુપ્ત રહસ્ય, ભેદ-ભરમ કે બીજી ફાલતુ લાગણીઓના ઉછાળા તેમાં નથી. છતાં તેમાં માનવજીવનની ચરમ કૃતાર્થતા સાકાર થતી નિરૂપાયેલી હોવાથી એ સનાતન કથા – **મહા-કથા** બની રહી છે.

વાચકને જરૂર પ્રશ્ન ઊઠશે કે, આ નવલકથાનો મુખ્ય નાયક હડધૂત થયેલી માતાનો બધેથી હડધૂત થયેલો પુત્ર જ છે. છેવટે તો તે પોતાની પ્રેમપાત્ર માનેલી યુવતી તરફથી પણ જાકારો પામે છે. પોતાની માતાને રંજાડનાર અને તેનું જીવન બરબાદ કરનાર પોતાના પિતા ઉપર, તેના બીજા ગેરકાયદે લગ્નની પત્ની ઉપર તથા તેને થયેલા સંતાન ઉપર વેર લેવા તે નીકળે છે; છતાં છેવટે એ બધામાંથી એકે વસ્તુ તે પાર પાડી શકતો નથી.

વસ્તુતાએ પણ સુખભોગ કે બીજી વ્યાવહારિક સફળતાઓ કે સંપન્નતાઓની દૃષ્ટિએ જ જો જીવનની સાર્થકતા નાણવા જઈએ, તો તો આપણી નવલકથાના નાયકનું જીવન છેક જ નિરર્થક – વ્યર્થ ગયેલું લાગે. નર્યા દુ:ખ અને નરી હતાશા સિવાય તે પોતાના જીવનમાં કશું જ હાંસલ કરી શકતો નથી.

પરંતુ તે પોતાના તુચ્છ જીવન દરમ્યાન **બીજાને માટે** બલિદાન થવાનો છેવટે એવો અનુપમ લહાવો પ્રાપ્ત કરે છે, જેથી તેનું જીવન ધન્ય બની જાય છે. જીવનની એ એક ક્ષણ પણ તેને જીવનની કૃતાર્થતાની ટોચે પહોંચાડી દે છે. માનવ-ઇતિહાસના એવાં આત્મ-બલિદાનના દાખલા જ પછીથી સૌને યુગો સુધી મહા-કથાઓમાં કીર્તન કરવાની વસ્તુ બની રહે છે.

૩

નવલકથાકાર પ્રસંગોનું અને પાત્રોનું ઘડતર કરતો કરતો છેવટે જ્યારે આપણા સમગ્ર લાગણીતંત્રને ઉછાળી મૂકે – હચમચાવી મૂકે એવો પ્રસંગ ઉપર આવે છે, ત્યારે આપણે પણ એ ઘડીએ જાણે એક પ્રકારની ધન્યતાનો ઉછાળો અનુભવીએ છીએ.

આ નવલકથાની બલિહારી તો એ છે કે, એમાં પર્વે પર્વે હૃદય-ઉછાળ પ્રસંગો આવે છે! એવા પ્રસંગો જ ભરપટ્ટે રજૂ કરવાની કુશળતા લેખકની આ નવલકથાને સાચા અર્થમાં 'સાગા' બનાવે છે. મહાભારત વિષે એમ કહેવાયું છે કે, 'જે આમાં છે તે જ સૌમાં છે; અને જે આમાં નથી એ કોઈમાં નથી' આમ કહીને આખા સાહિત્ય-જગતને મહાભારતનું જ

'ઉપજીવી' બતાવ્યું છે. એનો અર્થ એટલો જ છે કે, માનવ-ભાવનાને ઉછાળી મૂકે – વલોવી નાખે – પાવન કરે, એવા પ્રસંગો એ મહાકાવ્યમાં એટલા બધા તથા એવા વિવિધ પ્રકારના છે કે, બીજા કવિઓ હવે જે કંઈ કલ્પશે, તે એમાં કોઈ ને કોઈ રૂપે આવી જ ગયું હશે !

આ નવલકથા પણ સ્ત્રી-પુરુષ વચ્ચેના, પિતા-પુત્ર વચ્ચેના, ભાઈ-ભાઈ વચ્ચેના અરે દુશ્મન-દુશ્મન વચ્ચેના અનેક ભાવ-ઉછાળ પ્રસંગો ઉપરાઉપરી રજૂ કરે છે. માનવહૃદયના એ બધા ભાવોને દેશ-કાળ કે જાત-પાતની કશી મર્યાદા હોય નહીં. એ બધા ભાવો માનવ-સુલભ હોઈ સાર્વજનિક છે. એટલે ધરતીને ઉત્તર છેડે આવેલા આઈસલૅન્ડમાં ભજવાતી આ કથા ગુજરાતનાં ગરમ મેદાનોમાં પણ અપ્રસ્તુત હરગિજ નથી બનતી.

૪

આ નવલકથા ૧૮૯૦માં લખાઈ છે. તેના લેખકની સૌથી પ્રથમ નવલકથા ૧૮૮૫માં લખાઈ હતી, અને સૌથી છેવટની જાણીતી કથા ૧૯૨૩માં. લેખક પોતે ૧૯૩૧માં ગુજરી ગયા છે. છતાં અંગ્રેજી ભાષામાં હવે તેની એક પણ નવલકથા એક પણ આવૃત્તિમાં ઉપલબ્ધ નથી ! એ ઉપરથી વાચન-રસની બાબતમાં અત્યારનો જમાનો શું શું છાંડી બેઠો છે અથવા શાની પાછળ પડયો છે, એ સમજી શકાય છે.

છતાં ગુજરાતી ભાષામાં એ વિશ્વ-સાહિત્યની નવલકથાઓ હજુ પણ ઉતારવાનું સાહસ કરી શકાય છે, તેનો અર્થ એ છે કે, ગુજરાતી વાચક હજુ પંડિત નહેરુની "જ્ઞાનની બારી"ની ચુંગલમાં પૂરેપૂરો ફસાઈ ગયો નથી. હજૂ તેના અંતરના તારોને છેડનારું કાંઈ પણ મળે, તો તે તેને ઝટ આવકારે છે. ગુજરાતના એ ગુપ્ત તારોને જ આપણે જેટલા વફાદાર રહીશું, તેટલા સબળા અને સધ્ધર બની શકીશું. દ્વારિકાના મોહન શ્રીકૃષ્ણ, પોરબંદરના મોહન ગાંધી, ચરોતરના સરદાર, તથા સૌરાષ્ટ્ર-કચ્છ-સુરત-ભરૂચ-અમદાવાદ-વડોદરાના સેંકડો નર-રત્નોને યાદ કરીને ગુજરાત હજુ ધન્ય થઈ શકે છે.

તા. ૨-૧૦-'૯૮ પુ૦ છો૦ પટેલ

૧. એક ઝલક

આરોગ્ય વિજ્ઞાનની

[ડૉ. એમ. એમ. ભમગરાનાં લખાણોમાંથી સંકલિત]

૨. યોગ અને સાચું પર્યાવરણ-વિજ્ઞાન

[Yoga And Ecology : ડૉ. એમ. એમ. ભમગરા]

લેખક : ડૉ. એમ. એમ. ભમગરા કિં. ૧૦-૦૦
સંપાદક : ગોપાળદાસ પટેલ

શ્રી. ગોપાળદાસ પટેલે ડૉ. ભમગરાનાં આ બે પુસ્તકોને 'ભારોભાર સોનાને મૂલે' આંકીને તેમનાં લખાણોમાંથી સંકલિત કર્યાં છે. પ્રાચીન ઋષિઓની જેમ આ નવા ભારતીય ઋષિ ડૉ. ભમગરાના ઉપયોગી અનુભવ-જ્ઞાનનો ભરપટ્ટે લાભ ગુજરાતી વાચક ઉઠાવે એ જ શુભેચ્છા.

ગોપાળદાસ પટેલની પ્રસ્તાવના

છેલ્લા ત્રણ-ચાર દાયકાથી ડૉ. ભમગરા પોતાના કુદરતી-ઉપચાર-કેન્દ્ર (NATURE CURE CLINIC) દ્વારા દેશ-પરદેશના દરદીઓને પોતાની સેવાઓનો લાભ આપી રહ્યા છે. દરદીઓ કબજિયાતથી માંડીને કૅન્સર સુધીના કે પાચનક્રિયાના બગાડથી માંડીને મધુપ્રમેહ (diabetes)ના રોગવાળા હોય, અરે – બ્લડપ્રેશર, હૃદયરોગ, શ્વાસોચ્છ્વાસના વિકારો કે જ્ઞાન-રજજુ-તંત્રના રોગવાળા હોય – તેઓ તેમની પાસેથી સમુચિત સલાહ, માર્ગ-દર્શન અને કુદરતી ઉપચારની સેવાઓ પ્રાપ્ત કરી શકે છે.

ઇંગ્લૅન્ડ – અમેરિકા જેવા વિદેશોમાં પણ હજારો દરદીઓ તેમની સેવાઓનો લાભ ઉઠાવી રહ્યા છે. તે ઉપરાંત શ્રી. ભમગરા પોતે પણ પોતાના અનુભવ-જ્ઞાનની વૃદ્ધિ અર્થે વિદેશોનો વાર્ષિક પ્રવાસ ખેડતા રહે છે જ!

શ્રી. ભમગરા માનવનું માત્ર જડ શરીર સંભાળીને બેસી રહેતા નથી! તે તો માણસને તન-મન-આત્મા એમ ત્રિમૂર્તિરૂપ માને છે; તેથી માણસનું મન અને અંતરાત્મા જ્યાં સુધી નીરોગી – શુદ્ધ ન બને, ત્યાં સુધી માણસના શરીરનો જ ઉપચાર કરીને બેસી રહેવાથી કંઈ જ નીપજતું નથી, એમ માને છે.

તેથી તે પોતાની ઉપચાર-પદ્ધતિને 'માનસિક-આધ્યાત્મિક' પણ કહે છે. કારણ કે, આપણા રોગો આપણે જ આમંત્રેલા – અરે આપણે જ ઊભા કરેલા હોય છે. ખોટી જીવન-પદ્ધતિને લીધે જ તેઓ પેદા થાય છે: 'ખોટી જીવન-પદ્ધતિ' એટલે ખોટો ખોરાક લેવો, કસરતનો – શરીર-શ્રમનો અભાવ, સ્વચ્છતાનો અભાવ, તથા જીવન અને તેના લક્ષ્ય વિષે તથા તે અંગેના સંબંધો અને આકાંક્ષાઓ વિષે અવળા – ખોટા ખ્યાલો! એ કારણે જ માણસ જીવન દરમ્યાન સામે આવીને ઊભાં રહેતાં તનાવ અને દબાણોની સામે ટકી રહેવાને બદલે એકદમ ભાગી પણ પડે છે.

શ્રી. ભમગરા જણાવે છે કે, આરોગ્ય વિષેના જ્ઞાનનો પ્રચાર કરતી વેળા હું જોરદાર દવાઓ અને વાઢકાપનો આશરો લેવાનું ત્યાગવા ઉપર ભાર મૂકું છું. કારણ કે, આપણા શરીર-મનનું ઘડતર એકબીજાની સમન્વિત રીતે થયેલું છે. અર્થાત્ શરીરનો એકેએક અવયવ એકેએક માનસિક શક્તિ સાથે સમન્વિત છે. એટલે તમે ઉતાવળ કરીને એક ટૉન્સિલ કે એક ઍપેન્ડિકસ કાપી નાખો, તેની સાથે મનના સમગ્ર ઘડતરમાંથી પણ તમે કશુંક કાપી નાખ્યું, એમ તમારે માનવું જ રહ્યું! ઉપરાંત જે દવાઓ ખાઈને આપણે રોગનો ઉપચાર કર્યો એમ માનીએ છીએ, તે દવાઓથી ઘણી વાર મૂળ રોગ કરતાં વધુ ખરાબ રોગ શરીરમાં નવો ઊભો કરતા હોઈએ છીએ! ઘણા સુધરેલા કહેવાતા દેશમાં આજે 'દાક્તરોએ ઊભા કરેલા રોગો' (IATROGENIC)ની જ સંખ્યા વધતી જાય છે. તેથી હું દવાઓ છોડી લોકોને કુદરતે જ શરીરમાં મૂકી રાખેલી ઘા રૂઝવવાની અને રોગ નાબૂદ કરવાની શક્તિઓ તરફ સભાન કરવા પ્રયત્ન કરું છું.

માનવ સેવાને જ જેણે પોતાની પ્રવૃત્તિનું કેન્દ્ર બનાવ્યું છે. એવા 'સંત' કહેવાને લાયક ડૉ. ભમગરાનાં વક્તવ્યોમાંથી વાનગીરૂપે કંઈક ગુજરાતી ભાષામાં ઉતારવાનો અત્રે પ્રયત્ન કરેલો છે. આશા છે કે, ગુજરાતી વાચક શ્રી. ભમગરાના અનુભવ-જ્ઞાનનો યથોચિત લાભ એથી ઉઠાવી શકશે.

તા. ૧૦-૩-'૮૬ ગોપાળદાસ પટેલ

પ્રકાશક પુ૦ છો૦ પટેલનું નિવેદન

ગાંધીજી અને તેમના કેટલાક ચુનંદા સાથીઓએ કુદરતી ઉપચારની પદ્ધતિને નવો ઓપ આપીને તેને પ્રાણવાન બનાવી છે. આપણા સૌના જીવનમાં આ એમણે એક કાયમી અને અમૂલ્ય ઉમેરો કરીને સૌને ધન્ય કર્યા છે.

કુદરતી ઉપચાર-પદ્ધતિ માનવ-પ્રાણીને (શરીર, મન અને આત્મા એમ) ત્રિમૂર્તિરૂપ ગણવા ઉપર જ રચાયેલી હોઈ, ત્રણેનો સમન્વિત ઉપચાર કરવામાં માને છે. અર્થાત્ રોગનો ઉપચાર કરવા માટે તે તેનાં બાહ્ય સ્થૂલ લક્ષણો સાથે જ છેડછાડ કરીને બેસી નથી રહેતી. તેમ જ આરોગ્ય પ્રાપ્ત કરવાનો તે કોઈ ટૂંકો ને ટચ માર્ગ બતાવવાનો દાવો પણ નથી કરતી; કારણ કે એવો કોઈ ટૂંકો માર્ગ છે જ નહિ. કુદરતી ઉપચાર-પદ્ધતિ તર્કશુદ્ધ, ડહાપણ-ભરી તથા વૈજ્ઞાનિક છે.

કદાચ એવો પ્રશ્ન કરવામાં આવે કે, જો કુદરતી ઉપચાર-પદ્ધતિ આવી કાર્યક્ષમ અને તર્કશુદ્ધ છે, તો તે લોકપ્રિય કેમ નથી બની? તેનો જવાબ એટલો જ છે કે, રોગી પાસે તે મોટું બલિદાન માગે છે : સમયનું બલિદાન અને ખોટી – નુકસાનકારક ટેવો છોડવાનું બલિદાન! કુદરતી ઉપચાર-પદ્ધતિ રોગી 'પોતાના' પ્રયત્નથી આરોગ્ય પ્રાપ્ત કરે એવી અપેક્ષા રાખે છે. તે તેની પાસે આત્મ-સંયમ અને આત્મ-નિયંત્રણની અપેક્ષા રાખે છે. તે તેને શાપરૂપ નીવડનારા ભોગ ભોગવવા દેતી નથી – જેવા કે ધૂમ્રપાન અને મદ્યપાન; — જે ભોગો કાયમી આરોગ્ય અને સુખને ભોગે ક્ષણિક સુખ જ આપે છે. વળી મોટા ભાગના દરદીઓ અધીરા બની ગયા હોય છે; તેમને 'ઉતાવળે આંબા પકવી દેવા' હોય છે.

લોકોમાં આરોગ્ય અંગેની બાબતોનું અજ્ઞાન ચોંકાવી મૂકે તેવું છે; ઉપરાંત અભણ લોકો કરતાં ભણેલા ગણાતાઓને સમજાવવા એ વળી વધુ અઘરું છે. ગાંધીજી ૧૯૦૬ થી ૧૯૪૮ સુધી સતત આરોગ્ય અંગે ચિંતન-મનન કરતા રહ્યા હતા. 'આરોગ્યની ચાવી' એ પુસ્તક ગાંધીજીની આપણને મોટામાં મોટી દેણ છે.

હર્બર્ટ સ્પેન્સરે કહ્યું છે, "માનવમાં એક તત્ત્વ એવું રહેલું છે, કે જે બધી માહિતી મેળવવામાં તેને અવરોધરૂપ બની રહે છે; બધી દલીલો સામે આડશરૂપ બની રહે છે; અને તેને સદાકાળ અંધારામાં જ રાખે છે. તે તત્ત્વ છે – પૂરતી તપાસ કરતાં પહેલાં જ કોઈ વાતને વખોડી કાઢવી તે!' કુદરતી ઉપચાર-પદ્ધતિને ભૂતકાળમાં એ રીતે જ વખોડી કાઢવામાં આવી છે. પરંતુ ભવિષ્યમાં તેમ હરગિજ બનવાનું નથી; કારણ કે કુદરતી ઉપચાર-પદ્ધતિ હવે કાયમ રહેવા માટે આવી છે! હવે તેના વિના માણસજાતનું ગાડું ગબડે તેમ નથી.

શ્રી. ભમગરા 'નેચર કયૉર ક્લિનિક' (કુદરતી ઉપચાર-કેન્દ્ર) ચલાવનારા દાક્તર છે. પરંતુ માણસના રોગને તે માત્ર શારીરિક કે ભૌતિક વિકૃતિ ગણવાને બદલે તેના માનસિક, નૈતિક અને આધ્યાત્મિક 'અપરાધ'નું પણ પરિણામ માને છે. પ્રાચીન આયુર્વેદ પણ રોગને 'પ્રજ્ઞાપરાધ' (પ્રજ્ઞાએ કરેલો અપરાધ) ગણે છે. માનવ કેવળ જડ ભૌતિક શરીર જ નથી; તેથી તેના રોગનો ઉપચાર કરવા માટે તેના મન તથા અધ્યાત્મ સુધી પણ પહોંચવું જોઈએ: અને અધ્યાત્મમાં નીતિનો ખ્યાલ આવી ગયો! તેથી શ્રી. ભમગરા માનવના ઉપચાર માટે માનવના તન-મન-અને ધનને પણ આવરી લઈને, આરોગ્ય માટે સૌએ 'ધન'-શુદ્ધિ પણ સાધવી પડે એમેય કહે. અને તેથી તે તમારી જાતને 'ધન'ના ટ્રસ્ટી માનવાની સલાહ પણ તમને આપે. કારણ કે, ધનની બાબતમાં 'ટ્રસ્ટી'પણાનો ભાવ સ્વીકારતા થાઓ, તો જેમ તેના ઉપભોગની બાબતમાં મર્યાદા આવી જાય, તેમ તેને મેળવવાની બાબતમાં પણ આવી જ જાય: જે ધન આપણું નથી – જેના માત્ર આપણે ટ્રસ્ટી જ છીએ, એ ધન પછી ખોટે રસ્તે મેળવવાનું પણ ન જ હોય. આમ, તમારો ઉપચાર કરતી વેળા શ્રી. ભમગરા તમારા તનને-મનને-અને ધનને પણ તપાસે! પ્રાચીન ઋષિઓની જેમ આ નવા ભારતીય ઋષિ ઉપચાર વખતે રોગોનું શારીરિક, નૈતિક, માનસિક અને આધ્યાત્મિક કારણ તપાસવા સુધી પહોંચે છે.

ડૉ. ભમગરાનાં વક્તવ્યો અને લખાણો ઉપરથી સંકલિત કરીને આ પુસ્તક પ્રસિદ્ધ કરતાં આનંદ થાય છે. એમના વિચારોને જુદા જુદા ફકરારૂપે ગોઠવીને રજૂ કરવાથી વાચકને વધુ સગવડ થશે એમ માનીને સંપાદકે એ રીત અખત્યાર કરી છે. શ્રી. નાની પાલખીવાલાનું પુસ્તક 'વી ધ પિપલ ...' રજૂ કરતી વેળા સંપાદકે એ જ રીત અખત્યાર કરી હતી, અને તે બાબત વાચકોનો સારો પ્રતિભાવ સાંપડ્યો હતો.

અહીં સાથે સાથે વાચકને બીજી ખુશખબર પણ જણાવવાનું મન થાય છે. આચાર્ય શ્રી. જે. બી. કૃપલાની અને મગનભાઈ દેસાઈ મેમોરિયલ ટ્રસ્ટે, અમદાવાદની પશ્ચિમે સેટેલાઈટ વિસ્તારમાં, જોધપુર હીલની તળેટીમાં, 'રામ-નામ' નામના કુદરતી ઉપચારના એક આશ્રમી પદ્ધતિવાળા સેનેટોરિયમનો ડૉ. એમ. એમ. ભમગરાના શુભ હસ્તે તા. ૨–૩–'૮૬ના રોજ મંગલ પ્રારંભ કર્યો છે. આ કેન્દ્ર દ્વારા લોકોનાં મન કુદરત તરફ પાછાં ફરે, તેમનાં જીવન કુંદન [સર્વાંગ-સુંદર] થાય, તથા તેઓ તમામ પ્રકારના હઠીલા રોગોમાંથી છુટકારો મેળવે, તેવા તમામ પ્રયત્નો કરવામાં આવશે. આ કેન્દ્રની સારવાર અને પ્રવૃત્તિઓ અંગેનું વિગતવાર બોધપત્ર બે રૂપિયાની ટિકિટ બીડવાથી ટપાલ દ્વારા મોકલી આપવામાં આવશે; અથવા ટ્રસ્ટના કાર્યાલયમાંથી રૂબરૂ પણ મેળવી શકાશે.

કેન્દ્રમાં હાલ ૧૫ પથારીની સગવડ છે, જેમાં ભાઈઓ અને બહેનો માટે અલગ વ્યવસ્થા છે. સ્પેશ્યલ રૂમની પણ વ્યવસ્થા છે. કેન્દ્રમાં દરદીઓ માટે રહેવાની, જમવાની, વ્યાયામની, ઉપચારની અને હરવાફરવા માટે સુંદર અને વિશાળ બાગબગીચાની સગવડ છે. આઉટડોર દરદીઓને કેન્દ્રમાં રોજ સવારમાં ૯ થી ૧૨ તપાસીને આહાર-ઉપચાર અંગે સલાહ – માર્ગદર્શન આપવામાં આવે છે.

તા. ૨–૪–'૮૬ પુ૦ છો૦ પટેલ

ડૉ. ભમગરા

[અર્વાચીન ભારતીય ઋષિ]

પાતળો દેહ, દિવસના ગમે ત્યારે મળે ત્યારે જાણે કે હમણાં જ નાહીને આવ્યા હોય એટલી સ્ફૂર્તિ, અવાજમાં આવેશ નહીં કે એને આધારે થતો કોઈ આરોહઅવરોહ નહીં, ચામડીના રંગ અને નાકથી ઓળખાઈ આવે કે પારસી છે — પણ તત્ત્વજ્ઞાનની વાત કરે ત્યારે આ છે કે તે છે — એવા કેટલાયે 'છે' ખરી પડે અને એક સાધકની પ્રતીતિ આપે. એ ડૉક્ટર મહેરવાન ભમગરા મળવા જેવા માણસ છે. બહુ ઓછાબોલા છે. સામાન્ય માણસ કલાકમાં જેટલા શબ્દો બોલતો હશે — એટલા શબ્દો એમને બેક દિવસ ચાલે. પોતે ડૉક્ટર છે અને મુંબઈમાં નિસર્ગોપચારનું કિલનિક ચલાવે છે એટલે દેખાઈ આવે એવી — અદેખાઈ આવે એવી પરેજી પાળે છે. ટૂંકમાં, બોલવામાં કે ખાવામાં જીભનો પૂરતો સંયમ. જે વ્યક્તિ Silence absorb કરી શકે — મૌનને આત્મસાત્ કરી શકે તે પ્રમાણમાં સહેલાઈથી ડૉ. ભમગરાને પામી શકે.

પરદેશ એમને અવારનવાર આમંત્રણ આપે છે — પણ એનો એમને નશો નથી. એક વાર પરદેશ ગયા પછી કેટલાય માણસો ત્યાં કોઈ એવા સંબંધો બાંધી આવે છે કે પોતે ત્યાં છાશવારે જઈ શકે એનો એક નકશો તૈયાર કરી દે છે. ભમગરાને આવી કોઈ ફરવાની કે પરદેશી સ્થળની ઘેલછા નથી. જ્યાં હોય ત્યાં કામ મહત્ત્વનું છે. પરદેશ જઈ આવેલા કેટલાયે માણસોને 'હું જ્યારે લંડનમાં હતો, હું જ્યારે પૅરિસમાં હતો, કે હું જ્યારે ન્યૂયૉર્કમાં હતો.' — એમ કહીને વગર ગુલાલે હોળી રમતો જોઉં છું ત્યારે આપણા લોકોની સામાને આંજવાની વૃત્તિ માટે દુઃખ થાય છે, દયા આવે છે. ભમગરા મસાજ કરતા હોય કે લાઈટ આપતા હોય — આપણને એવો અનુભવ થાય કે જાણે કે કાર્ય દ્વારા તેઓ ચૂપચાપ પ્રાર્થના કરતા હોય છે.

શ્રી. બંસીલાલ દેસાઈ નામના શિક્ષકની એમના ઉપર ભારે અસર પડી છે. રજનીશજીથી ભમગરા પ્રભાવિત છે. રજનીશજીની વાણી પાછળ ધબકતા તત્ત્વજ્ઞાન સાથે ભમગરાને સંબંધ છે. એ વાણી પાછળ ક્યારેક ચબરાકી દેખાય છે — એનાથી ભમગરા વાકેફ છે. તત્ત્વજ્ઞાન, યોગ અને સંગીત — એમને માટે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ જેવાં છે. ડૉક્ટરે કવિતા પણ લખી'તી અને ચિત્રો પણ દોર્યાં'તાં. દરદીઓના અસાધ્ય રોગને જ્યારે તે મટાડી શકે છે ત્યારે કોઈ મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો હોય એટલો એમને આનંદ થાય છે. ડૉ. ભમગરાએ અનેક પરિચય પુસ્તિકાઓ લખી છે. 'ઉપવાસ દ્વારા આરોગ્ય' નામની પુસ્તિકામાંથી એક અવતરણ આપું છું :

'જ્યાં અવકાશ છે ત્યાં આરામ છે.
માનવી માનવી વચ્ચે પણ અવકાશની જરૂર છે.
માનવીનાં મકાન વચ્ચે પણ અવકાશ જરૂરી છે :'

'માનવીના વિચારો વચ્ચે પણ અવકાશની આવશ્યકતા છે : માનસિક આરામ માટે જ નહીં, બલકે વિચારોની શુદ્ધિ માટે પણ વિચારો વારંવાર રોકતા રહેવાની, મન શૂન્ય કરેવાની, ચિત્ત શાંત કરવાની જરૂર છે.'

'એક ભોજનથી બીજા ભોજન વચ્ચે પણ અંતર — અવકાશ જરૂરી છે. ભોજન-ભોજન વચ્ચે જ નહીં, પરંતુ એક કોળિયા અને બીજા કોળિયા વચ્ચે પણ થોડું અંતર હોય તો ખોરાકનું પાચન સુધરે છે.'

કેવળ શરીર નહીં કે કેવળ મન નહીં — એવા મનુષ્યની આચાર-સંહિતાનું એક પાનું ઊઘડતું અહીં જોઈ શકાય છે.

કેટલાક ડૉક્ટરોને એવી કુટેવ હોય છે કે ફલાણો નેતા કે ઢીંકણો અભિનેતા એમનો દરદી છે. દરદીની Rflected glory માં Shine થવાનો અવગુણ ડૉ. ભમગરાને નથી.

ફોટોગ્રાફીનો પણ ડૉ. ભમગરાને શોખ છે. એક વાર કહે કે મારી પાસે વૃક્ષની એક છબિ છે. લોકો વૃક્ષ પર પોતાનાં નામ લખે છે. એવા નામથી કોતરાયેલા વૃક્ષની એક છબિ છે. સામાન્ય માણસને આ કુટેવ માટે શું કામ દોષ દેવો? છેવટે તો કાગળનું મૂળ પણ વૃક્ષ જ છે. બીજા બધા માણસો પોતાનું નામ છપાય એના આગ્રહીઓ હોય છે. આ બધા માણસો પેલા વૃક્ષ પર નામ લખનારાઓથી ક્યાં જુદા છે? નામનો મોહ ડૉ. ભમગરાને નથી અને એટલે જ એમને એક વખત એવો વિચાર આવેલો કે આપણે નામ છપાવીએ છીએ, પણ આપણું નામ અંતે તો આપણી જ માતા તરફથી મળેલું 'સ્યુડો નેઈમ' છે.

મને ડૉ. ભમગરા ગમે છે, કારણ કે મને એમાં ઓગળેલા અહંકારના સ્વસ્થ પ્રવાહનું દર્શન થાય છે. કાર્યના એમના વહેણમાં પ્રભુના નામની રટણાની ધૂન મચેલી જોઈ શકાય છે.

'આરોગ્ય વિજ્ઞાન'માંથી] —સુરેશ દલાલ

"ભારોભાર સોનાને મૂલે"

શ્રી. ગોપાળદાસ પટેલે ડૉ. એમ. એમ. ભમગરાનાં બે પુસ્તકોને "ભારોભાર સોનાને મૂલે" આંકીને તેમનાં લખાણોમાંથી સંકલિત કર્યાં છે: ૧. એક ઝલક આરોગ્ય વિજ્ઞાનની અને ૨. યોગ અને સાચું પર્યાવરણ-વિજ્ઞાન.

આ પુસ્તકોની શ્રી. ગોપાળદાસ પટેલની પ્રસ્તાવના ગુજરાતી વાચકને અત્યંત ઉપયોગી થાય એવી છે, તે અત્રે રજૂ કરીએ છીએ.

બીજું શ્રી. રમણલાલ ઍન્જિનિયરનાં કુદરતી ઉપચારનાં ઢગલાબંધ પુસ્તકો પ્રસિદ્ધ કરાવી તેમણે એકવીસમી સદીના ગુજરાતી વાચક ઉપર મોટો ઉપકાર કર્યો છે. તે માટે ગુજરાતી વાચક તેમનો કાયમી ઉપકાર માનશે.

ભારતીય ઋષિ ડૉ. ભમગરાને ધન્યવાદ!

[શ્રી. ગોપાળદાસ પટેલની પ્રસ્તાવના]

૧. ગાંધીજીના હાથમાં શ્રી. થર્સ્ટને લખેલી 'ફિલૉસૉફી ઑફ મૅરેજ' નામની ચોપડી આવી કે તેને વાંચતાં વેંત તે બોલી ઊઠયા. "ભારોભાર સોનાની કિંમતે મૂલવી શકાય એવું આ પુસ્તક છે." શ્રી. થર્સ્ટન એશિયા તરફના દેશોમાં મિલિટરી સર્વિસ બજાવી ગયેલા અંગ્રેજ અફસર હતા. તેમણે એશિયા તરફના દેશોમાં નવ-પરિણીત પતિ-પત્નીને એક જ પથારીમાં ભેગાં સુવાડવાના રિવાજ સામે એ ચોપડીમાં આકરી ટીકા કરી છે; અને અતિ આવશ્યક ચેતવણી પણ આપી છે. તેમણે એટલે સુધી કહી દીધું છે કે, પતિ-પત્નીએ રોજ એક પથારીમાં ભેગાં સૂવું, એ વેશ્યાગમન કરતાંય બદતર વસ્તુ છે; અને પ્રજાઓને નિર્વીર્ય – નિર્માલ્ય બનાવી દેનાર એના જેવી બીજી કોઈ વસ્તુ નથી.

શ્રી. થર્સ્ટને તો પછી પોતાના રહેવાના મકાન વગેરેના ફોટા આપીને જણાવ્યું છે કે, અમે પતિ-પત્ની એક પથારીમાં તો શું પણ એક ઓરડામાં પણ, સાથે સૂતાં નથી. એ રીતનું આવશ્યક અંતર રાખવું એ પતિ-પત્નીના સુખ-પ્રેમની વૃદ્ધિ ખાતર તથા તેમને તેમના જીવનનાં કર્તવ્યો ભલી પેરે બજાવવા યોગ્ય અર્થાત્ લાયક રાખવા ખાતર પણ અત્યંત જરૂરી છે.

૨. શ્રી. થર્સ્ટનના પુસ્તક માટે ગાંધીજીએ વાપરેલા શબ્દો અત્રે યાદ કર્યા, તેનું કારણ એ છે કે, ડૉ૦ શ્રી. એમ. એમ. ભમગરાએ ઈ.સ. ૧૯૭૩માં '**સ્વામી સત્યાનંદ ગોલ્ડન જ્યુબિલી કન્વેન્શન**', બિહાર સ્કૂલ ઑફ યોગ – મોંઘીર (બિહાર) માટે ખાસ તૈયાર કરેલ ૧૦ ફૂલ્સકેપ પાનનું ટાઈપ્ડ – સાઈક્લોસ્ટાઈલ કરેલું ચોપાનિયું તાજેતરમાં હાથમાં આવતાં, તેને વાંચતાં વેંત, મારા મોંમાંથી પણ અચાનક એવા શબ્દો નીકળી પડયા કે, આ ચોપાનિયું ભારોભાર સોનું આપીને તોળી લેવા જેવું છે!

૩. ડૉ૦ શ્રી. ભમગરાના ચોપાનિયાનો વિષય છે – 'YOGA AND ECOLOGY' અર્થાત્ 'યોગ અને (સાચું) પર્યાવરણ-વિજ્ઞાન.' એ મથાળું વાંચીને સહેજે પ્રશ્ન થાય કે, વિજ્ઞાન એટલે વિશિષ્ટ જ્ઞાન. તેને

વળી 'સાચું' એવું વિશેષણ લગાડવાની શી જરૂર? પરંતુ મોઢેથી 'પર્યાવરણ-વિજ્ઞાન' એવા શબ્દો બોલ્યા એટલે કશું નીપજી જતું નથી. શ્રી. ભગગરાનો કહેવાનો આશય એ છે કે, યોગ વિના સાચું પર્યાવરણ-વિજ્ઞાન સંભવી શકે નહિ; અને યોગી જ સાચો પર્યાવરણ-જ્ઞાની છે!

૪. બાકી આજે તો દેશનો કોઈ પણ વડો કે નાનો પ્રધાન દેશના પર્યાવરણમાં થયેલા અસહ્ય બિગાડની વાત કરી. ટી.વી. કૅમેરાવાળાઓની પલટણે તાકેલા કૅમેરાઓ હેઠળ એક કે બે છોડવાઓ રોપીને પર્યાવરણ સુધારવાની કે ગંગા નદીના વારાણસીના ઘાટ આગળ 'સાંસ્કારી કાર્યક્રમો'ના નાચ-ગાન સાથે ગંગા નદીનું પ્રદૂષણ દૂર કરવાની વાતો કરે, તેથી શું નીપજે વારુ?

૫. કોઈ વિજ્ઞાની કે કોઈ રાજકારણીને પર્યાવરણને સુધારવા માટે લાયક કે સાચો ગણી શકાય નહીં યોગી જ સાચો પર્યાવરણ-જ્ઞાની હોઈ શકે. અને એ વાત સમજવી હોય તો સમજાય તેવી છે. કારણ કે, વિજ્ઞાનીઓએ જ પર્યાવરણનો નાશ કરનારી – જંગલોનો નાશ કરનારી – નદીઓને પ્રદૂષિત કરનારી વિજ્ઞાન-ટેકનોલૉજી અર્થાત્ યંત્રો અને કારખાનાં આપ્યાં છે; તથા વિકસિત કહેવાતા દેશોએ જ એ વિજ્ઞાનીઓને અબજોની મદદ કરીને એ બધાં વિનાશક – વિઘાતક સાધનો તૈયાર કરાવ્યાં છે. આપણો નવો વડો પ્રધાન વિકસિત દેશોની એ ટેકનોલૉજીને જ દેશમાં લાવીને પાછો સાથે સાથે પર્યાવરણ સુધારવાની વાતો કરે છે!

૬. ગરીબીને દૂર કરવાની સાચી ખેવનાવાળો એક ગાંધી જ જીવનભર એક લંગોટ જેટલું વસ્ત્ર પહેરીને, ગરીબોને રોજી-રોટી ભેગા કરવા, ચરખા-સંસ્કૃતિના ભલામણ કરતો રહ્યો. તેની સાથે, દૂરદર્શનના કૅમેરા સહિત ગરીબોનાં ઝૂંપડાંમાં ફરી આવવાનો દેખાવ કરી આવનારા રાજકારણીઓ બીજે દિવસે પરદેશી આધુનિક ટેકનોલૉજી માટે દેશના અબજો રૂપિયાનું આંધણ કરી, 'ગરીબોને વધુ ગરીબ અને પૈસાદારોને વધુ પૈસાદાર' બનાવવાના વેંતમાં જ પડી જાય છે, તે વાત સરખાવો! અને ગરીબોનાં ઝૂંપડાંની મુલાકાતો કરતાં, પરદેશોમાં રાજવીઓના મહેલોની તેમની મુલાકાતો કેટલા ગણી વધારે હોય છે, તેની પણ સરખામણી કરી જુઓ!

૭. પણ હવે શ્રી. ભમગરાની 'યોગ' અને 'યોગી'ની મૂળ વાત ઉપર જ આવીએ. શ્રી. ભમગરા માટે યોગ એટલે આસન – પ્રાણાયામ કે જુદા જુદા યમ-નિયમ માત્ર નથી. તે બધું તો યોગનાં આઠ અંગોમાં શરૂઆતની – મદદરૂપ નીવડી શકે તેવી – બાબતો માત્ર છે. આજકાલ

આસન — પ્રાણાયામની કસરતો તો પરદેશોમાં નાચનારીઓ કે ખેલાડીઓ પણ અપનાવી રહ્યાં છે. એ શારીરિક કસરતોનો પણ યોગમાં ઉપયોગ છે જ; પણ ખરો યોગ તો ધ્યાન-સમાધિ જ સમગ્ર સૃષ્ટિ કે જીવનથી વ્યક્તિનું જુદાપણું કે અહંપણું દૂર કરી, સમગ્ર સાથે એકાત્મભાવ પ્રાપ્ત કરાવે છે. વ્યક્તિનો અહંભાવ – ego – જ સમગ્ર સૃષ્ટિ કરતાં જુદાપણાનો ખ્યાલ ઊભો કરાવીને – અરે, સમગ્ર સૃષ્ટિને પોતાના ઉપભોગ માટેની અને માલકીપણા માટેની વસ્તુ ગણાવીને તેની મારફત સમગ્ર સૃષ્ટિનું શોષણ અને વિનાશ નિપજાવે છે.

૮. અફાટ પાણીવાળું એક સરોવર કલ્પો. પછી માટીનો એક ઘડો લાવી તેમાં સરોવરમાંથી પાણી ભરો. તરત જ એ ઘડામાંનું પાણી આખા સરોવરના પાણી કરતાં જુદો આકાર, જુદા ગુણધર્મ, અરે જુદી કાર્યક્ષમતા ધારણ કરશે. પણ ખરી રીતે એ પાણી સરોવરના પાણી કરતાં જુદું છે જ નહિ! એ ઘડાનું ઠીકરું તો આપણે આપણાં વિશિષ્ટ પ્રયોજનોને અનુલક્ષીને ઊભું કરેલું કૃત્રિમ કોટલું છે. તે કોટલું ફોડી નાખીએ, તો એ પાણી સરોવર સાથે જ પાછું એકરૂપ થઈ જાય!

તેવી જ રીતે સમગ્ર જીવન સૃષ્ટિમાંથી આપણે આપણો કૃત્રિમ અહંભાવ – ego – ઊભો કરીને જ જુદાપણું માની બેઠા છીએ. અને એ અહંભાવ – આપણો એ જુદો જીવભાવ જ – પછીની આપણી બધી યાતનાઓ, મૂર્ખાઈઓ અને ભ્રમણાઓનું મૂળ બની રહે છે. પરિણામે આપણે માનવ – માનવ વચ્ચે તો શું, પણ સમગ્ર પ્રાણી-જગત કે સમગ્ર સૃષ્ટિથી અલગપણાના ઘમંડમાં આવી જઈ, આખી સૃષ્ટિને આપણા ઉપભોગ માટેની ચીજ માનીને તેના ઉપર રાત અને દિવસ અત્યાચાર કરીએ છીએ.

૯. અહીં આગળ જ શ્રી. ભમગરા ભાર મૂકીને કહી દે કે, એ અહંભાવને દૂર કર્યા વિના આપણો છૂટકો થવાનો નથી. કારણકે, તેમ કર્યા વિના આપણી યાતનાઓનો અને મૂર્ખાઈઓનો છેડો આવવાનો નથી. એ અહંભાવ દૂર કરવાનો એકમાત્ર માર્ગ 'યોગ' છે. કારણકે, યોગ એટલે ધ્યાન-સમાધિ; અર્થાત્ જે સ્થિતિએ પહોંચતાં વેંત ઘડાના ઠીકરા જેવું આપણું એ કૃત્રિમ અહંપણું દૂર થઈ જતાં સમગ્ર ચેતના સાથેનો આપણો એકાત્મભાવ પ્રગટ થાય છે. ત્યારે જ આપણે પ્રાણીમાત્ર તો શું પણ અણુમાત્ર સાથે એકાત્મભાવ અનુભવીએ છીએ; અને પછી કોઈ પ્રાણીની હિંસા કરવાની કે કોઈ પદાર્થનો ઉપભોગ કે નાશ કરવાની ભાવના જ બાકી રહેતી નથી. જ્યાં બધું જ એક આત્મારૂપ બની ગયું, ત્યાં કોણ કોને મારે કે ભોગવે?

૧૦. તેથી જ શ્રી. ભમગરા એમ કહે કે, એવો એકાત્મભાવનો અનુભવ પ્રાપ્ત કરનાર યોગી જ આખી સૃષ્ટિ પ્રત્યેનો જુદાપણાનો — ભોક્તાપણાનો ભાવ મિટાવી શકતો હોવાથી, સમગ્ર સૃષ્ટિ પ્રત્યે યથાર્થ — સાચો — ભાવ ધારણ કરી શકે.

૧૧. તેની સરખામણીમાં ભ્રષ્ટ રાજકારણીઓ અને ભાડૂતી વૈજ્ઞાનિકોની ચાલુ કારવાઈ તપાસો. સાચા પર્યાવરણ-વેત્તાઓ હવે એટલું તો સ્પષ્ટપણે કહેવા લાગ્યા છે કે, સૃષ્ટિના પદાર્થોનો ઉપભોગ અને નાશ આજની ઝડપે ચાલ્યા કરશે, તો આખો પૃથ્વીગ્રહ એક સૈકા જેટલા સમયમાં તો 'હતો — ન હતો' થઈ જશે. પૃથ્વીના ખનિજ પદાર્થો વનસ્પતિની પેઠે દર મોસમે નવા પેદા થતા નથી. છતાં લોખંડ, કોલસા, પેટ્રોલ વગેરે બીજા ખનિજ પદાર્થો પહેલાં કદી નહોતા વપરાયા તેટલા મોટા પ્રમાણમાં હાલ વપરાતા જાય છે, અને નાશ પામતા જાય છે. ખનિજ પદાર્થો તો પૃથ્વીના શરીરના બંધારણના મુખ્ય ભાગરૂપ ધાતુઓ કહેવાય. એટલે શરીરની ધાતુઓ ક્ષીણ થઈ જતાં જેમ છેવટે ક્ષયરોગ શરીર ઉપર ફરી વળે છે. તેમ પૃથ્વીની ધાતુઓ પણ ક્ષીણ થઈ જતાં, છેવટે, પૃથ્વીનું પેટાળ ફાડીને લાવારસ જ પૃથ્વી ઉપર ફરી વળે! કવિવર ટાગોરે ચંદ્રની બાબતમાં તેમના એક નાટકમાં એવી જ કલ્પના કરી છે. ચંદ્રલોકની પ્રજાએ આખા ગ્રહની ખનિજ સંપત્તિ એટલા મોટા પ્રમાણમાં વાપરી — વેડફી નાખી, કે પછી આખા ગ્રહ ઉપર જ્વાળામુખીનાં ભગદાળાં જ છવાઈ રહ્યાં.

૧૨. અને તેથી જ અહીં આગળ 'યોગ'ની આવશ્યકતા આવીને ઊભી રહે છે. યમ-નિયમ વગેરેથી નિયંત્રિત તથા એકાત્મભાવના આધ્યાત્મિક અનુભવ ઉપર મંડાયેલ જીવન જ અત્યારે પૃથ્વી ગ્રહ ઉપર જે બળાત્કાર (Rape) — અત્યાચાર આચરાઈ રહ્યો છે, તેમાંથી સૌ કોઈને પાછા વાળી શકે. બાકી આજકાલના વિજ્ઞાનીઓ અને રાજકારણીઓ તો વધુ ને વધુ હિંસા — યુદ્ધ — વિનાશ તરફ જ લોકોને દોરી જવાના. જુઓને આજનો નવો વડો પ્રધાન દેશને આધુનિક વિજ્ઞાન-ટેકનોલૉજીની ૨૧મી સદી તરફ દોરી જવાની જ વાતો — આવ્યો છે ત્યારનો — કરવા લાગ્યો છેને!

એ સૌની સામા ઊભા રહી 'યોગ'-સમાધિને અને તેના આનુષંગિક યમ-નિયમને પર્યાવરણના — અરે, માનવજાતના ઉદ્ધારના એકમાત્ર સાધન તરીકે રજૂ કરવાની હિંમત અને શાણપણ દાખવનાર ડૉ૦ શ્રી. ભમગરાને ધન્યવાદ આપ્યા વિના રહેવાતું નથી.

'યોગ અને સાચું પર્યાવરણ-વિજ્ઞાન'માંથી] — ગોપાળદાસ પટેલ

'સંયમ એ જ જીવન'નો નારો બુલંદ કરો

[પ્રકાશક શ્રી. પુ૦ છો૦ પટેલનું નિવેદન]

'ટંકારવ' માસિકમાં હપતાવાર પ્રસિદ્ધ થયેલી આ લેખમાળાને પુસ્તકરૂપે પ્રગટ કરવામાં આવે છે. સંપાદકે ડૉ. ભમગરાના મૂળ ચોપાનિયાને 'સોનાને મૂલે' આંકવા જેવું જણાવ્યું છે, તે વાત સાથે પુસ્તક વાંચનાર પણ સંમત થયા વિના નહીં રહે. કારણકે, ડૉ. ભમગરાએ આ વ્યાખ્યાનમાં યોગનું તત્ત્વ તથા સાચું પર્યાવરણ-વિજ્ઞાન એ બે મુદ્દા ઉપર જે રીતે ભાર મૂક્યો છે, તે માનવજીવન તથા પૃથ્વી ગ્રહની બાબતમાં જવાબદારીભેર વિચાર કરનારા સૌને યથાર્થ તથા સમયોચિત જ લાગશે.

ચિંતન-મનનની આવી સામગ્રી ગુજરાતી વાચક આગળ મૂકતાં અમારી સંસ્થા આનંદ અને ધન્યતા અનુભવે છે. અને તેને ગુજરાતીમાં ઉતારવાની રજા આપી તે માટે ડૉ. ભમગરાના ખાસ ઋણી છીએ.

માનવજીવનમાંથી 'યોગ' ચાલ્યો જતાં તથા અમર્યાદ ઉપભોગ-સામગ્રીના ઉત્પાદનથી પૃથ્વી ગ્રહના પર્યાવરણને – અરે પૃથ્વી ગ્રહને પોતાને માનવે જે પ્રમાણમાં રંજાડવા માંડયો છે, તે ખરેખર ચિંતાજનક છે. અને છતાં ખૂબી એ છે કે, એ આધુનિક ટેક્નોલૉજીનાં જ ગુણગાન રાત અને દિવસ સૌના કાનમાં ભર્યા કરવામાં આવે છે. ગાંધીજીનો રેંટિયો અને સંયમી – સાદા – કર્તવ્યપરાયણ જીવનની વાતો, ટી.વી. અને રેડિયોએ 'એકવીસમી સદી' અને આધુનિક ટેક્નોલૉજી માટે કરી મૂકેલી કાગારોળમાં ક્યારનાં રોળાઈ ગયાં છે. તે વખતે માનવજીવનની મર્યાદા અને સાર્થકતા વિષે યથાતથ વિચાર રજૂ કરવા માટે ડૉ. શ્રી. ભમગરાએ 'સંયમ એ જ જીવન!'નો નારો હિંમતભેર બુલંદ કર્યો છે, તે ખરેખર પ્રશંસાપાત્ર છે,

કારણકે, પૃથ્વીના પર્યાવરણનો બિગાડ અને વિનાશ અટકાવવા હશે, તો માનવે પોતાના જીવનને જ – તન અને મન બંનેને – ધરમૂળથી પલટી નાખવાં પડશે. માત્ર બે-ચાર છોડવા વર્ષમાં એક વાર વાવીને, તથા ગંગા-નદીના પ્રદૂષણને દૂર કરવાની વાતો દૂરદર્શનના કૅમેરા તથા સંસ્કાર-કાર્યક્રમ કહેવાતા નાચ-ગાન વચ્ચે કરી લેવાથી પર્યાવરણ સુધરવાનું નથી. પર્યાવરણને

ખરેખર બચાવી લેવું હશે, તો આધુનિક વિજ્ઞાન-ટેકનોલૉજીની પાછળ જે આંધળી દોટ મૂકવામાં આવી છે, ત્યાંથી હિંમતભેર અને ઝડપભેર પાછા ફરવાની તથા માનવજીવનને પર્યાવરણ-સહયોગી એટલે કે 'સાદું અને સંયમી' બનાવી મૂકવાની જરૂર પડશે.

પરંતુ આખી દુનિયાને 'પ્રગતિ' કહેવાતા એ 'કુધારા'માંથી પાછા વાળવાની તાકાતવાળો કોઈ 'મહાત્મા' ગાંધી તો હવે જન્મે ત્યારે ખરો!

ભગવાન આપણ સૌને બચાવે!

'યોગ અને સાચું પર્યાવરણ-વિજ્ઞાન'માંથી] પુ૦ છો૦ પટેલ

માણસ કુદરતનું મોટામાં મોટું પ્રદૂષણ!

આપણું અસ્તિત્વ પૂરેપૂરું પૃથ્વી ઉપરની વનસ્પતિને અવલંબેલું છે. કારણકે, આપણે જે કંઈ આહાર ખાઈએ છીએ, જે કાંઈ પાણી પીએ છીએ, કે જે કંઈ ઑક્સિજન વાયુ (O2) શ્વાસમાં લઈએ છીએ, તે બધું વનસ્પતિ જ આપણને સીધેસીધું કે આડકતરી રીતે પૂરું પાડે છે. પૃથ્વી ઉપરની બધી શક્તિ મુખ્યત્વે સૂર્યમાંથી આવે છે; પરંતુ આપણું ઘડતર એવું થયેલું છે કે, આપણે તે શક્તિ (મોટે ભાગે) સીધેસીધી ઉપયોગમાં લઈ શકતા નથી. છોડવા, ઝાડવાં અને વૃક્ષો જ સૂર્ય પાસેથી મળતી શક્તિનું આપણે ખાવાના ઉપયોગમાં લઈ શકીએ તેવા પદાર્થમાં રૂપાંતર કરી આપે છે.

વનસ્પતિ-સૃષ્ટિ આપણને ખાવા-પીવાનું પૂરું પાડે છે, એટલું જ નહિ પણ, વાતાવરણની હવામાંનાં ઝેરો પોતાનામાં સમાવી લઈ, આપણું સંરક્ષણ પણ કરે છે. દાખલા તરીકે, "એક મોટું ઝાડ એક ઋતુ જેટલા ગાળામાં વાતાવરણમાંથી ૧૩૦ લિટર જેટલા પેટ્રોલનું સીસું ('લીડ') પોતાનામાં સમાવી લે છે. ઝાડ એ ઝેરી ધાતુનું લીડ-ફૉસ્ફેટમાં રૂપાંતર કરે છે, જે પાણીમાં ઓગળતું નથી; તથા તેના થડમાં જ સંઘરાઈ રહે છે. ત્યાં તે ઝાડને પોતાને, લોકોને કે જાનવરોને જરા પણ નુકસાન કરતું નથી. જો ઝાડ આ પ્રમાણે આપણું સંરક્ષણ ન કરે, તો આપણે સીસાના ઝેરના ભોગ બનીએ – અર્થાત્ આપણી બરોળને નુકસાન થાય, આપણું બ્લડપ્રેશર વધી જાય, અથવા આપણા મગજની પ્રક્રિયાને માઠી અસર પહોંચે.

'યોગ અને સાચું પર્યાવરણ-વિજ્ઞાન'માંથી] ડૉ. એમ. એમ. ભમગરા

એક ઝલક

કુદરતી ઉપચારની

[ગિદવાણીજીના 'નિસર્ગોપચાર દ્વારા રોગમુક્તિ'નો વિક્રમ સંક્ષેપ]

લેખક : વી. પી. ગિદવાણી — કિં. ૧૦-૦૦
સંપાદક : ગોપાળદાસ પટેલ
આવકાર : વરધીભાઈ ઠક્કર

કુદરત તરફ પાછા ફરો

[શ્રી. વરધીભાઈ ઠક્કરનો આવકાર]

ગાંધી-યુગના રાષ્ટ્રીય કેળવણીકારો અને સંનિષ્ઠ કાર્યકરો તરીકે શ્રી. મગનભાઈ દેસાઈ, શ્રી. વિઠ્ઠલદાસ કોઠારી અને શ્રી. ગોપાળદાસ જીવાભાઈ પટેલનાં નામો ગુજરાતમાં ખૂબ જાણીતાં છે. ગૂજરાત વિદ્યાપીઠની તેમની પ્રાણવાન અને યશસ્વી કામગીરી, તેમનાં પ્રેરક પુસ્તકો અને પોતાની ટોળીના સ્નાતક-સેવકો ડાંગથી સાબરકાંઠા સુધી રોપી દઈને જનતાની અમૂલ્ય સેવા કરી છે. અને તેમાંય શ્રી. ગોપાળદાસ પટેલે તો ધર્મ-સાહિત્ય અને વિશ્વ-સાહિત્યનો ધોધ વહેવડાવી ગુજરાતી વાચકની ઉમદા સેવા કરી છે. શ્રી. મગનભાઈ પ્રભુદાસ દેસાઈ ગાંધીજીનાં 'હરિજન' પત્રોના છેલ્લા તંત્રી, શ્રી. વિઠ્ઠલદાસ કોઠારી માનવ અર્થશાસ્ત્રી અને શ્રી. ગોપાળદાસ જીવાભાઈ પટેલ પોતાની તેજાબી કલમ દ્વારા 'સત્યાગ્રહ' અને 'ટંકારવ' પત્રો દ્વારા આ ત્રિમૂર્તિએ ગાંધી-મૂલ્યોનું આખરી દમ તક બહાદુરીથી જતન કર્યું તે બદલ તેમને વંદન કરું છું.

શ્રી. મગનભાઈ દેસાઈએ પોતાના ગીતા ઉપરના વિવરણમાં શ્રીકૃષ્ણાર્જુન-સંવાદને યથાર્થ એવું 'બુદ્ધિયોગ' નામ આપ્યું છે. એક વિવેચકે આચાર્ય કે. લક્ષ્મણ શર્માના 'પ્રેક્ટિકલ નેચર ક્યૉર' નામના પુસ્તકને કુદરતી ઉપચારનું 'મહાભારત' કહ્યું છે. એ જાતની જ પરિભાષા વાપરવી હોય, તો આદરણીય શ્રી. ગિદવાણીજીના આ લોકપ્રિય પુસ્તકને કુદરતી ઉપચારની 'ગીતા' કહેવી જોઈએ. આ પુસ્તકની પંદર ઉપરાંત આવૃત્તિ થઈ છે. આવા

સુંદર અને ઉપયોગી પુસ્તકનો વિક્રમ સંક્ષેપ પ્રસિદ્ધ કરીને શ્રી. ગોપાળદાસ પટેલે ઉત્તમ કાર્ય કર્યું છે. તેને બિરદાવતાં મને આનંદ થાય છે.

માનવીના શરીર, મન અને આત્માનું આરોગ્ય સચવાય તેવી નીચે મુજબની ઉપયોગી પુસ્તિકાઓનો પણ આ સંસ્થાએ તેના કાર્યક્રમમાં અગ્ર-સ્થાન આપ્યું છે તે ભારે આનંદની વાત છે.

૧. એક ઝલક — પર્યાવરણ વિજ્ઞાનની (ડૉ. શ્રી. ભમગરા)
૨. એક ઝલક — આરોગ્ય વિજ્ઞાનની (ડૉ. શ્રી. ભમગરા)
૩. એક ઝલક — સર્વાંગીણ આરોગ્યની (ડૉ. શ્રી. ભમગરા)
(Holistic Health)
૪. એક ઝલક — રાષ્ટ્રના આરોગ્યની (મૂળરાજ આનંદ)
૫. એક ઝલક — સર્વાંગીણ વ્યાયામની (શેલ્ટન)
૬. પ્રાણાયામ (ડૉ. ઉપેન્દ્ર સાંડેસરા)

નવી પેઢીના ઘણા લોકો સ્વ૦ શ્રી. વી. પી. ગિદવાણીથી અપરિચિત હશે. તેઓ શુદ્ધ — વૈજ્ઞાનિક કુદરતી ઉપચારના ચિકિત્સક અને કેળવણીકાર હતા. એ પુણ્યાત્માને મારી હૃદયની શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું તથા તેમને કોટી કોટી વંદન કરું છું.

સૌને કુદરત તરફ પાછા ફરવાની ભગવાન સદ્બુદ્ધિ આપે એ જ પ્રાર્થના!

તા. ૧-૫-'૯૭ **વરઘીભાઇ ઠક્કર**
માતૃભાષા ગૌરવ-દિન

કુદરતી ઉપચારની ગીતા

[પ્રકાશક શ્રી. પુ૦ છો૦ પટેલનું નિવેદન]

એક વિવેચકે આચાર્ય કે. લક્ષ્મણ શર્માના 'પ્રૅક્ટિકલ નેચર કયૉર' નામના પુસ્તકને કુદરતી ઉપચારનું 'મહાભારત' કહ્યું છે. એ જાતની જ પરિભાષા વાપરવી હોય, તો શ્રી. ગિદવાણીના પુસ્તકને કુદરતી ઉપચારની 'ગીતા' કહેવી જોઈએ. કુરુક્ષેત્રના રણમેદાનમાં સ્વજન-સંહારની કલ્પનાથી ભાગી પડેલા અર્જુનને શ્રીકૃષ્ણે જેમ 'ગીતા'નો 'બુદ્ધિયોગ' ઉપદેશીને તેને પોતાના સ્વકર્મ – સ્વધર્મને આચરવા માટે તત્પર કર્યો, તેમ શ્રી. ગિદવાણીએ, મા-કુદરત પોતાનાં સર્વ સંતાનો માટે સ્વાસ્થ્ય અને જીવન-શક્તિનો સદા પ્રબંધ કરતી હોય છે છતાં અનેક વ્યાધિગ્રસ્ત ભાઈબહેનો અજ્ઞાનને કારણે કુદરત-માતાની એ કૃપાથી વંચિત રહેતાં હોય છે, તેઓ એ

કુદરત-માતાને ખોળે માથું મૂકીને ગુમાવેલું સ્વાસ્થ્ય પુનઃ પ્રાપ્ત કરે, એ આશયથી કુદરતી ઉપચારનો 'બુદ્ધિયોગ' તેમના પુસ્તક 'નિસર્ગોપચાર દ્વારા રોગમુક્તિ' વડે રજૂ કર્યો છે એ અર્થમાં એ પુસ્તક કુદરતી ઉપચારની 'ગીતા' છે. શ્રી. મગનભાઈ દેસાઈએ પોતાના ગીતા ઉપરના વિવરણમાં ગીતાના શ્રીકૃષ્ણાર્જુન-સંવાદને યથાર્થ એવું 'બુદ્ધિયોગ' નામ આપ્યું છે.

પોતાનું પુસ્તક લખતા પહેલાં શ્રી ગિદવાણીએ જાત-અનુભવથી કુદરતી ઉપચાર અંગે સમજ પ્રાપ્ત કરી લીધી હતી. તથા ત્યાર બાદ કુદરતી ઉપચારની બાબતમાં દુનિયાના વિખ્યાત ચિકિત્સકો અને પ્રયોગવીરોનાં લખાણોનો અભ્યાસ કરીને પોતાની સમજનું યથોચિત સંશોધન તથા સમર્થન પ્રાપ્ત કરી લીધું હતું. આવા સુંદર અને ઉપયોગી પુસ્તકનો સંક્ષેપ કરવાની પરવાનગી આપી, તે માટે શ્રી. ગિદવાણીજીના ખાસ આભારી છીએ.

આચાર્યશ્રી જે. બી. કૃપલાની અને મગનભાઈ દેસાઈ મેમોરિયમ ટ્રસ્ટ તરફથી તા. ૨ જી માર્ચ, ૧૯૮૬ થી "રામનામ" કુદરતી ઉપચાર કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. એટલે ગુજરાતી વાચકો 'કુદરતી ઉપચાર એટલે શું? તથા શા માટે?' એ અંગે માહિતી પ્રાપ્ત કરી શકે. તે અર્થે શ્રી. ગિદવાણીજીના પુસ્તકનો સરળ સંક્ષેપ ટ્રસ્ટની 'ટંકારવ' માસિક પત્રિકામાં હપતાવાર રજૂ કરવામાં આવ્યો હતો. તેને હવે પુસ્તકરૂપે પ્રગટ કરવામાં આવે છે. ગુજરાતી વાચકો એ ઉપરથી કુદરતી ઉપચાર-પદ્ધતિની માહિતી મેળવવાની સાથે કુદરતી જીવન-વ્યવહાર ઊભો કરી, સ્વકર્મ — સ્વધર્મ બજાવવા માટે પોતાને લાયક તથા સમર્થ બનાવશે, એ આશા સાથે આ પુસ્તક ગુજરાતી બંધુઓને અર્પણ કરીએ છીએ.

તા. ૧૫-૮-'૮૬ — પુ૦ છો૦ પટેલ

ખોરાક અને સ્વાસ્થ્ય

ઝવેરભાઈ પટેલ　　　　　　　　　　　　　　　　　કિં. ૨-૦૦

ખોરાક વિષયક જ્ઞાન સરળ ભાષામાં

ગાંધીજીએ શ્રી. ઝવેરભાઈને તેમની ભાવના વિષે નીચે મુજબ પ્રમાણ-પત્ર આપ્યું છે :—

"ભાઈ ઝવેરભાઈ નવો અભ્યાસ કરીને પોતાના આવશ્યક જ્ઞાનમાં વૃદ્ધિ કરી રહ્યા છે. તેઓ આ વૃદ્ધિનો ઉપયોગ એનો પ્રચાર કરીને સહજ રીતે કરી લે છે. તેઓ પોતાની કે રાષ્ટ્રભાષામાં વિચારે છે, તેથી હજારોની સંખ્યામાં લોકો સહેલાઈથી અપનાવી શકશે...... ભાઈ ઝવેરભાઈએ મીઠો નિબંધ રચ્યો છે અને તે દ્વારા ખોરાક વિષયક જ્ઞાન સરળ ભાષામાં રજૂ કર્યું છે. હું આશા રાખું છું કે એનો મોટી સંખ્યામાં ઉપયોગ થશે અને એમાં લખેલી સૂચનાઓનો અમલ થશે. લેખકનો ઉદ્દેશ ઉપયોગ માટે જ્ઞાન આપવાનો છે, પાંડિત્ય માટે નહિ."

આરોગ્ય-ચિંતનની રત્નકણિકાઓ

- બીમારીમાત્ર માણસને માટે શરમની વાત હોવી જોઈએ; બીમારી કોઈ પણ દોષની સૂચક છે. જેનું તન, મન સર્વથા સ્વસ્થ છે તેને બીમારી થવી ન જોઈએ.
- માણસે અલ્પ આહાર કરવો જોઈએ અને અવારનવાર ઉપવાસ કરવા જોઈએ.
- આરોગ્ય માટે તાજાં ફળ અને તાજાં શાક-તરકારી આપણા આહારનો મુખ્ય ભાગ હોવાં જોઈએ.
- વિચારની શુદ્ધિ હોય ત્યાં રોગ અશક્ય બની જાય છે.
- સદાચારમાં ઈશ્વરના બધા કાયદા આવી જાય છે.
- કુદરતી ઉપચારની પાછળ બધાં શુભ સાહસની પાછળ જોઈએ તેમ તપ જોઈએ. નજર પશ્ચિમ તરફ ન જાય પણ અંદર જાય.

ગાંધીજી

કટોકટી –
રાષ્ટ્રના આરોગ્યની

[મૂળ રાજ આનંદ : "HEALTH CRISIS..."]
સંપાદક : ગોપાળદાસ પટેલ કિં. ૨૦-૦૦

પ્રકાશક પુ૦ છો૦ પટેલનું નિવેદન

'ટંકારવ' પત્રમાં હપતાવાર પ્રસિદ્ધ થયેલી આ લેખમાળાને ગોપાળદાસ પટેલ શતાબ્દી પર્વમાં પુસ્તકરૂપે પ્રગટ કરવામાં આવે છે. આ લેખમાળાને 'ટંકારવ'ના કેટલાક રસિયા વાચકોએ 'હીરા-માણેકને મૂલે' આંકવા જેવું જણાવ્યું હતું. તે વાત સાથે આ પુસ્તકનો વાચક પણ સંમત થયા વિના નહીં રહે. કારણ કે, મૂળ રાજ આનંદે આ પુસ્તકમાં રાષ્ટ્રના આરોગ્ય ઉપર જે રીતે ભાર મૂક્યો છે, તે માનવજીવન તથા પૃથ્વીગ્રહની બાબતમાં જવાબદારીભેર વિચાર કરનાર સૌને યથાર્થ તથા સમયોચિત જ લાગશે.

રાષ્ટ્રના આરોગ્યના ચિંતન-મનનની આવી સામગ્રી ગુજરાતી વાચક આગળ રજૂ કરતાં શતાબ્દી સમિતિ આનંદ અને ધન્યતા અનુભવે છે.

મૂળ રાજ આનંદ અને 'ટંકારવ'ના તંત્રશ્રીએ આ પુસ્તક છાપવાની રજા આપી તે માટે તેમના ખાસ ઋણી છીએ.

સુંદર આરોગ્ય પ્રાપ્ત કરવું પડશે, તો માનવે પોતાના જીવનને જ — તન અને મન બંનેને ધરમૂળથી પલટી નાખવાં પડશે.

હવે પછી આ માળામાં અનેક દેશો, પ્રજાઓ, સાધુ-સંતો, મહાત્માઓ અને મહાપુરુષોના ભંડારમાંથી વીણી કાઢેલ બોધક, રોચક અને હૃદયને કુંદન કરનારી સુંદર વાર્તાઓ (બોધક વાર્તાઓ ગમે તેવાં કાળાં હૈયાંને પણ પલટાવીને સોનાનાં બનાવી શકે છે) તથા ડૉ. શેલ્ટનનું સર્વાંગીણ વ્યાયામ અંગેનું પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવશે. ડૉ. શેલ્ટન આરોગ્યની બાબતમાં દુનિયાના ઉત્તમ કોટીના માર્ગદર્શક, મિત્ર – ફિલસૂફ – ભોમિયા હતા.

સ્વ૦ ગોપાળદાસ પટેલે આ લેખમાળા દ્વારા ગુજરાતી વાચકની કીમતી સેવા કરી છે. તે માટે ગુજરાતી વાચક તેમનો ઋણી રહેશે.

તા. ૧-૫-૨૦૦૧ પુ૦ છો૦ પટેલ

પ્રાસ્તાવિક

૧

૧. આઝાદી પછી ૫૦ વર્ષ બાદ એક નવો જ યુગ જાણે ભારત દેશમાં પ્રવર્ત્યો છે: કેટલાંય બહુમાળી મકાનો આકાશના ઘુમટને ચુંબી રહ્યાં છે; દેશનાં કારખાનાંમાં એટલી બધી જાતનો માલ ઉત્પન્ન થાય છે, જેની ગણતરી નથી; સ્ટીમરો ઉપર સ્ટીમરો દેશમાં ઉત્પન્ન થતા માલથી લદાઈને ધરતીને ખૂણે ખૂણે પહોંચી જાય છે; પહેલાં પરદેશથી જ બધું આયાત કરનારો દેશ બની રહ્યો છે; દેશમાં સ્કૂલો-કૉલેજો-યુનિવર્સિટીઓનો તો રાફડો જ ફાટયો છે: ગામડાં અને જંગલોનાં છોકરાં પણ મોટી મોટી દેશી-પરદેશી ડિગ્રીઓ ધારણ કરવા લાગ્યાં છે, ભણતરના પ્રચારે જાણે માઝા મૂકી છે; ઈજનેરી અને દાક્તરી કૉલેજોમાં હવે 'ખાલી જગા નથી'નાં જ પાટિયાં કાયમી ધોરણે જ્યાં ત્યાં નજરે પડે છે......

પણ ભારત દેશના નાગરિકનું શું થયું છે?

મારો જવાબ છે કે, તે તો તનનો અને મનનો ભંગાર બનતો ચાલ્યો છે, આઝાદીની લડત દરમ્યાન અદમ્ય જુસ્સો અને નિરંતર તરવરાટ દાખવનારો ભારતીય નાગરિક હવે જાણે પૂરેપૂરો મુડદાલ બની ગયો છે;— આઝાદ ભારતનું પુનર્નિર્માણ કરવાના ભગીરથ કામ માટે તે ઉપયોગી થઈ શકે તેવો રહ્યો નથી.

૨. આપણને ભૂત કાળનો ભવ્ય વારસો મળ્યો છે: સંસ્કાર, પરંપરા અને સંસ્કૃતિનો. એ તો ઈતિહાસને પાને નોંધાયેલી વાત છે કે, એક વખત આપણો દેશ આખી દુનિયાનો આગેવાન દેશ હતો. જોકે, વીતેલાં થોડાં સૈકાં દરમ્યાન આપણે પરદેશીઓના ગુલામ બની આપણું ભવ્ય વ્યક્તિત્વ ખોઈ બેઠા હતા. પરંતુ સદ્ભાગ્યે દેશના થોડા સપૂતો એવા નીકળ્યા જેમની નેતાગીરી હેઠળ આઝાદીનો એક અભૂતપૂર્વ જંગ ખેલવામાં આવ્યો અને દેશ ફરીથી આઝાદ બન્યો.

૩. આઝાદીના જંગ દરમ્યાન આપણે નક્કી કર્યું હતું, અને આપણી લડતના નેતાઓએ પણ આપણને વારંવાર કહે કહે કર્યું હતું કે, એક વખત

આપણે આઝાદ થઈશું, એટલે પછી આપણે ગુમાવેલી કીર્તિ — આપણી પ્રાચીન ભવ્યતાનો વારસો આપણે જરૂર પાછો મેળવીશું; — અને આપણો દેશ ફરીથી દુનિયાનો એક અગ્રણી દેશ બનશે.

પરંતુ એ બધી ધારણાઓ ખોટી પડી છે; આપણે આપણું એ ધ્યેય સિદ્ધ કરી શક્યા નથી. ઊલટું દેશનું સમગ્ર ચિત્ર કાળું — નિરાશાજનક બની રહ્યું છે. આઝાદીનાં ૫૦ વર્ષો દરમ્યાન પરિસ્થિતિમાં કશો ફેર પડયો નથી. ગોરા માલિકોને બદલે હવે ઘઉંવર્ણા માલિકો આવ્યા છે, એટલું જ. બાકીનું બધું તો જેમનું તેમ જ રહ્યું છે, અથવા સાચું કહીએ તો વધુ વણસી ગયું છે.

૪. આઝાદી એ કંઈ અંતિમ લક્ષ્ય ન હોઈ શકે. આઝાદી તો આપણું ભવિષ્ય નવેસર ઘડવાનું માત્ર સાધન કહેવાય. એ સાધન વડે તો આપણે વધુ નીરોગી — વધુ સમૃદ્ધ — વધુ ભવ્ય ભારત દેશ ઘડવો જોઈતો હતો — એવો દેશ જેનો દરેક નાગરિક સમગ્ર દેશના સામૂહિક હિત માટે કાર્ય કરતો હોય — પોતાનું અંગત હિત જ તાકતો ન હોય.

પરંતુ કમનસીબે આપણા 'નવા માલિકો'ની ટૂંકી દૃષ્ટિ, મૂઢતા અને સ્વાર્થીપણાને લીધે આપણે અવળે રસ્તે ચડી જઈ, આપણા સાચા ધ્યેયથી દૂર નીકળી ગયા છીએ; — અરે, પહેલાં કરતાં પણ વધુ બદતર બન્યા છીએ.

૫. આપણે વધુ બુદ્ધિમાન, સુધરેલા અને પ્રગતિશીલ બન્યા છીએ એમ માનીને કે વિચારીને આપણે આપણી જાતને જ છેતરી રહ્યા છીએ. વસ્તુતાએ આપણે અંધારામાં જ ભૂસકો માર્યો છે; અને વીજળીની ઝડપે અધોગતિ તરફ કૂચ આરંભી છે. જો આપણે ઝીણી નજર કરીને જોઈએ, તો જણાશે કે આખી માણસ-જાતના ઈતિહાસમાં આપણે આ કાળામાં કાળો યુગ છે.

૨

૧. આપણાં શરીર કે જે સમગ્ર પ્રવૃત્તિ કે પ્રગતિનું મૂળ કહેવાય, અરે જે ખરી રીતે પરમાત્માને વસવા માટેનાં 'મંદિર' છે. તેમને આપણે માત્ર ગંદો કચરો ભરવાનો ઉકરડો બનાવી મૂક્યાં છે. રાતે અને દિવસે આપણે આપણાં શરીરોમાં મરી ગયેલા, પોષક-તત્ત્વો વિનાના તથા ખનિજ-તત્ત્વોથી રહિત એવા ખોરાકો ઠાંસ્યા કરીએ છીએ — અરે, માણસ-જાતે કદી ન જોયેલા અત્યાચાર શરીર ઉપર કરીએ છીએ. આપણે 'શું ખાવું જોઈએ,

'કેવી રીતે ખાવું જોઈએ,' 'ક્યારે ખાવું જોઈએ' તથા 'કેવી રીતે રાંધવું જોઈએ' તે પણ આપણે જાણતા નથી. આપણે સૂર્ય, ચંદ્ર અને ગ્રહો–તારાઓનું જ્ઞાન મેળવવા દોડીએ છીએ, પરંતુ આપણે માટે અતિ અગત્યનું કહેવાય તેવા જ્ઞાનથી આપણી જાતને વંચિત રાખીએ છીએ. આ કેવી કરુણતા – પામરતા છે! આપણે બીજી બાબતોનું જ્ઞાન ભલે પામીએ, પરંતુ પૃથ્વી ઉપરના આપણા અસ્તિત્વને શક્ય બનાવનાર 'ખોરાક' રૂપી તત્ત્વ બાબત આપણે છેક જ અબૂઝ રહીએ, તો આપણા બીજા 'જ્ઞાન'ની કશી કિંમત નથી.

૨. આંધળા વડે દોરાતા આંધળાઓની લંગારની જેમ આપણે ચાલુ ઘરેડમાં જ ચાલ્યા કરીએ છીએ; તથા આપણે ક્યાં જઈ રહ્યા છીએ તેની પણ આપણને ખબર નથી. આપણી રીત ઘણી જ ખામી ભરેલી તથા આરોગ્યનો નાશ કરનારી છે. આપણે માત્ર ખાવાને ખાતર ખાઈએ છીએ; ઘણી વાર તો બીજાને ખુશ કરવા તથા બીજા કરતાં નીચા ન દેખાવા માટે! મોટે ભાગે તો આપણે ભૂખ વિના જ ખાઈએ છીએ; અને ત્યારે પણ આપણા શરીરને ન જોઈતી, એટલું જ નહિ પણ, શરીરને ખાસી હાનિકારક વસ્તુઓ જ ખાઈએ છીએ. અને એમાં ફેરફાર કરવાની કોઈ આપણને સલાહ આપવા જાય, તો આપણે તેને મોટેથી હસી કાઢીએ છીએ.

૩. આપણા શરીરને જોઈએ તેટલા તથા તે પચાવી શકે તેટલા ખોરાક કરતાં આપણે ત્રણથી ચારગણો ખોરાક શરીરમાં ઠાંસીએ છીએ. અરે, 'વધારે પડતું ખાવું' એ જ આપણી રીત બની ગઈ છે. સિનેમામાં બેઠા હોય ત્યારે, રસ્તા ઉપર ચાલતા હોય ત્યારે, અધરાત-મધરાતે, રેસ્ટોરાંમાં, નાઈટ-ક્લબોમાં, રેલવેમાં મુસાફરી કરતાં, અરે, ગમે તે વખતે કે કવખતે લોકો ખા-ખા કરતા – મોઢું હલાવતા જ જોવા મળે છે. મીઠાઈની, પાન-બીડીની, 'ચાટ'ની દુકાનોએ દિવસના કોઈ પણ કલાકે લોકોની ભીડ જ જામેલી રહે છે. શેરીઓને દરેક ખૂણે, આપણા શરીરને પોષણ માટે જે કક્ષાનો ખોરાક જોઈએ તેથી ઊલટી જ કક્ષાના કે ગુણવત્તાનાં બધી જ જાતનાં ખાદ્યો વેચતી હાથ-લારીઓની આસપાસ ઘરાકો માખીઓની પેઠે નિરંતર બણબણાટ કરતી જ હોય છે. ઑફિસોમાં પણ કામે ચડેલા લોકો દર બે કે ત્રણ કલાકે ધૂમ્રપાન કરતાં, ચા-કૉફી પીતા, કોઈ ને કોઈ જાતનાં ઠંડાં કે 'સૉફ્ટ' કહેવાતાં પીણાં પીતા, તથા સેવ-ગાંઠિયા-બિસ્કિટ આરોગતા નજરે પડે છે. માણસની બુદ્ધિ જાણે 'ધુમાડે' ગઈ છે.

૩

૧. વળી હવે લાખો અને કરોડો રૂપિયા લોકો 'પ્રોસેસ' કરેલા કે 'ફાસ્ટ ફૂડ્ઝ' કહેવાતા ખાદ્ય-પદાર્થો ખરીદવામાં કે ખાવામાં ખર્ચે છે. તે ખોરાકો સુંદર પૅકિંગોમાં પૅક કરેલા હોય છે; પરંતુ જે ચીજોમાંથી તે બનાવવામાં આવે છે, તેમની મૂળ કિંમત કરતાં દશ ગણી વધુ કિંમતે તે વેચાય છે. ખાદ્ય-પદાર્થોને 'પ્રોસેસ' કરવાથી તેમની પોષણ-ક્ષમતા નાશ પામે છે. માણસ જો ખરેખર 'બુદ્ધિશાળી' પ્રાણી જ હોય, તો તે પોતાના ખાદ્ય-પદાર્થોનું પોષક-તત્ત્વ નાશ કરીને, દશ ગણી કિંમત આપીને તેમને ખાવાનું પસંદ કરે ખરો? દેશના અર્થ-તંત્ર ઉપર પણ તેથી કેવો નાહકનો બોજો વધે, તથા દુનિયામાં ખાદ્ય-પદાર્થોની તંગીમાં પણ કેવો વધારો થાય, વારુ?

૨. 'લેટેસ્ટ ડિઝાઈન'નાં કપડાં પહેરેલા જેન્ટલમૅનો તથા ચમકતાં વસ્ત્રો પહેરેલી તથા 'મૉડર્ન મેક-અપ' કરેલા ચહેરાઓવાળી 'લેડી'ઓ દેખવામાં તો આકર્ષક અને સુંદર દેખાય છે; પણ અંદરખાને મોટા ભાગનાં તે માણસો તનથી અને મનથી ભંગાર બની ગયેલાં હોય છે. તેઓ પેટના કે બીજા ઘણા 'ક્રોનિક' રોગોનાં શિકાર બનેલાં હોય છે; તથા તેઓનું દવા-ડાકટરનું બિલ ચાર-પાંચ-છ કે સાત આંકડાની હદે પહોંચતું હોય છે. એ બધું ખામીભરેલા ખોરાકનું જ પરિણામ છે. એટલું યાદ રાખવું કે, રોગ એ કંઈ આકસ્મિક આવી પડતી ઘટના નથી; તે તો આપણી ખોટી ટેવોને કારણે શરીરમાં ઊભી થતી વિકૃતિઓનું જ પરિણામ છે.

૩. હાલની આ સ્થિતિને કોઈ પણ અર્થમાં 'પ્રગતિ' કે 'સંસ્કૃતિ' કહી શકાય તેમ નથી. કહેવું હોય તો તે વધુ ઘેરી બનતી જતી બરબાદી જ છે. સમગ્ર 'માનવજાત'ની કક્ષા ઊતરતી જાય છે — અધઃપાત પામી રહી છે. પહેલાં કદી નહોતા તેટલા રોગો — અને કેટલાક તો ભયંકર જીવલેણ રોગો — વધતા જ જાય છે તથા વ્યાપક બનતા જાય છે. આ બધું માનવોની વિચારસરણી વિપરીત — ભૂલભરી — બની ગયાનું, અને તેમની પ્રવૃત્તિ અવળે માર્ગે ચઢી ગયાનું પરિણામ છે.

૪. જે લોકોને માથે લોકોનું આરોગ્ય જાળવવાની જવાબદારી છે, તથા જેમણે કલ્યાણ-રાજય સ્થાપવાના, તથા પ્રજાના દરેક માણસને સુખી, નીરોગી અને જીવનમાં સર્વ તકો સમાનપણે પ્રાપ્ત કરતા બનાવવાના શપથ લીધેલા છે, તે પ્રધાનો તેમનું ધ્યેય હાંસલ કરવામાં સદંતર નિષ્ફળ નીવડ્યા છે;

એટલું જ નહિ પણ, પોતાની કમ-અક્કલના ઘમંડમાં આવી જઈ. તેઓ માણસોને મદદ તથા રાહત પહોંચાડવાને બદલે તેમને દુઃખ અને વેદનાની વધુ ઊંડી ખાઈમાં ધકેલી રહ્યા છે.

૫. આરોગ્ય-પ્રધાનો જ્યાં ને ત્યાં માંદા પડેલા લોકોને દવા-દારૂની સગવડ પૂરી પાડવામાં જ પોતાની ઈતિકર્તવ્યતા સમજી બેઠા છે. રોગોનું કારણ ઓછું થાય કે નાબૂદ થાય તેવી સ્વસ્થ — ચોખ્ખી — પરિસ્થિતિ ઊભી કરે તેવી યોજનાઓ ઘડવાની તથા અમલમાં મૂકવાની તેમનામાં દૃષ્ટિ જ નથી. લોકો આરોગ્ય જાળવવાની બાબતમાં સમજદાર બને, તથા જીવન જીવવાના ખોટા માર્ગો ન અપનાવે, એ જાતનું વાતાવરણ ઊભું કરવા માટે તેઓ કશો જ પ્રયત્ન કરતા નથી.

૬. સરકારો મહેસૂલની આવક ઊભી થાય તે માટે ઝેરી દવાઓ, દારૂ, સિગારેટો, ચા, કૉફી, સૉફ્ટ. ડ્રીંક્સ અને બધી જાતના પ્રોસેસ કરેલા 'તૈયાર' — 'ઈન્સ્ટન્ટ' ખોરાકોના વેચાણને ઉત્તેજન આપવાની જ દાનત રાખે છે. કુદરતી જીવન જીવવાનું શીખીને તથા કુદરતી ઉપચાર-પદ્ધતિ દ્વારા લોકો નીરોગી બને અને રહે તેમાં કદાચ તેમનું 'હિત' નથી.

૭. લોકોએ જેમ બને તેમ સરકારોની તથા પ્રોસેસ કરેલા ખોરાકો તૈયાર કરી, મોટી મોટી લોભામણી જાહેરખબરોથી — અને તે પણ દૂરદર્શન, આકાશવાણી જેવાં સરકારી પ્રચાર-માધ્યમો દ્વારા જ — તેમના વેચાણ વડે ધૂમ કમાણી કરવા તાકતી કંપનીઓની માયા-જાળમાંથી મુક્ત થઈ, (ગાંધીજી જેવા) જેઓ સાદા — સ્વચ્છ — કુદરતી જીવન જીવવાની, તથા ઝેરી દવાઓ કરતાં કુદરતી ઉપચાર દ્વારા જ બરબાદ થયેલું આરોગ્ય ફરી પ્રાપ્ત કરવાની ભલામણ કરે છે, તેમના શબ્દો જ સાંભળવા જોઈએ, તથા તે મુજબ આચરણ કરતા થવું જોઈએ. સાચા અર્થમાં સુખી થવાનો — કલ્યાણનો — પ્રગતિનો એ જ એકમાત્ર માર્ગ છે.

— મૂલ રાજ આનંદ

એક ઝલક

સર્વાંગીણ વ્યાયામની

[ડૉ. હર્બર્ટ એમ. શેલ્ટન કૃત 'EXERCISE!' પુસ્તક ઉપરથી]

સંપાદક: **ગોપાળદાસ પટેલ** કિં. ૩૦-૦૦

કસરત, ખોરાક અને સ્વચ્છતા

આરોગ્યશાસ્ત્ર વિષે આજ સુધી એકઠી થયેલી બધી જ માહિતીને જો ટૂંકામાં સમાવી દેવી હોય તો ત્રણ જ શબ્દોમાં આપણે સમાવી શકીએ: કસરત, ખોરાક અને સ્વચ્છતા.

શાસ્ત્રીય કસરત, પથ્ય ખોરાક — જેમાં પાણી, હવા અને સૂર્ય-પ્રકાશ સમાઈ જાય છે — અને સંપૂર્ણ સ્વચ્છતા — જેમાં નગરસ્વચ્છતા (Sanitation) પણ આવી જાય છે — એ ત્રણ આદર્શ આરોગ્ય મેળવવા અને જાળવવા ઇચ્છનાર માટે સોનેરી નિયમો છે.

મનુષ્ય-જાતિ આજે જે રોગોથી રિબાઈ રહી છે, એમાંના ૯૦% ઉપરાંતના રોગોનો ઉદ્‌ભવ આ ત્રણમાંના એક કે વધુ નિયમોના ભંગને લઈને છે. આ ત્રણે પ્રશ્નોમાં સૌથી વધુ અગત્યનો પ્રશ્ન વ્યાયામનો છે. છતાંય આજે એ પ્રશ્નની વધુમાં વધુ ઉપેક્ષા થઈ રહી છે.

શરીરની શક્તિ વધારવાના બધા માર્ગોમાં યોગ્ય અને પ્રમાણસરનો વ્યાયામ એ સૌથી મહત્ત્વનો અને સૌથી સાચો રસ્તો છે. જે લોકો આદર્શ આરોગ્ય મેળવવા અને જાળવવા ઇચ્છે છે, તેમને માટે તો વ્યાયામ અનિવાર્ય છે. એનું કારણ એ છે કે, શક્તિ એ સ્વાસ્થ્યનો પાયો છે. નબળું, નિસ્તેજ અને મુડદાલ શરીર નીરોગી છે એમ કહી શકાય જ નહિ, સ્વાસ્થ્ય અને શક્તિ વચ્ચે ઘણો જ ગાઢ સંબંધ છે.

તંદુરસ્તી મેળવવાની દૃષ્ટિએ પણ ખોરાક કરતાં કસરતનું મહત્ત્વ ઘણું વધારે છે.

'કસરત, મહેનત અને રમત'માંથી] — રમણલાલ એન્જિનિયર

સમ્યક આહાર, સમ્યક વ્યાયામ અને સમ્યક નિદ્રા લેતાં નાગરિકોને શીખવો

૧. અમેરિકાની પ્રજા દુનિયામાં માંદામાં માંદી પ્રજા છે. ત્યાંનાં કૂતરાં ને બિલાડાં પણ માંદાં છે: એ પાલતુ પ્રાણીઓમાંનાં દશ ટકા પ્રાણીઓને ડાયેબિટિસ રોગ થયેલો હોય છે! પરંતુ તે દેશ પાસે એટલું બધું ધન છે કે તે એના બધા રોગોને બરદાસ્ત કરી શકે છે — અર્થાત્ રોગી રહેવાનું ખર્ચ ઉપાડી શકે છે. પરંતુ આપણે કિડનીના ડાયેલિસીસ પાછળ માણસ દીઠ ૬૪,૦૦૦ રૂપિયા વર્ષે ખર્ચી શકીએ? અને ધારો કે ખર્ચી શકીએ, તો પણ તેના કરતાં કિડનીને નીરોગી રાખીને જીવવું વધુ પસંદ કરવા જેવું નહિ?

૨. તે જ રીતે હૃદયને બગડવા દઈને પછી 'ઈન્ટેન્સિવ કાર્ડિયાક કેર યુનિટ'માં સારવાર માટે ભરતી થવું, તેના કરતાં હૃદયને નીરોગી રાખવું વધુ સારું નહિ?

એ બધાં યંત્રો અને પ્રક્રિયાઓ તો રોગનો ભોગ બની ચૂકેલાઓ માટે છે. પરંતુ સદ્ભાગ્યે મોટા ભાગના લોકો એ રોગોના ભોગ બન્યા હોતા નથી. તેમને એવી જલદ — ઈન્ટેન્સિવ — સારવારની પણ જરૂર નથી; તેમને તો કસરત, સાચો ખોરાક અને માનસિક સહજ અવસ્થારૂપી વ્યાપક — 'એક્સ્ટેન્સિવ' સંભાળ રાખીને જીવવાની ટેવ પાડવામાં આવે, તો પેલી બધી પ્રક્રિયાઓની જરૂર જ ન પડે.

૩. અલબત્ત એમાં સમયનું ખર્ચ કરવું પડે તથા અમુક પ્રકારનો સંયમ જીવનમાં દાખલ કરવો પડે; પરંતુ આપણા ઉલ્લાસમય આરોગ્ય માટે આપણે થોડો સમય, શક્તિ તથા ધન ખર્ચવાં પડે તો પણ, તેટલા મૂડી-રોકાણ પાછળ જે મબલક વળતર — ડિવિડંડ મળતું થાય એ સોદો ઘણો લાભદાયક જ કહેવાય!

'એક ઝલક — આરોગ્ય-વિજ્ઞાતની'માંથી] ડૉ. એમ. એમ. ભમગરા

રમણલાલ એન્જિનિયરનાં

આરોગ્યને લગતાં પુસ્તકો

નિસર્ગોપચારની સાચી સમજ	૮૦.૦૦
દર્દો, દવાઓ અને દાક્તરો	૫૦.૦૦
સાચો ખોરાક અને ખોટો ખોરાક	૨૦.૦૦
કલેજાના રોગો	૨૦.૦૦
શરદી અને સળેખમ	૧૫.૦૦
પહેલું સુખ	૧૦.૦૦
પોષક ખોરાક મોંઘો નથી	૧૦.૦૦
કબજિયાત	૧૦.૦૦
દાંતનાં દર્દો	૧૦.૦૦
આંખોનું આરોગ્ય	૧૦.૦૦
અપચાના સહેલા ઉપાયો	૧૦.૦૦
કસરત, મહેનત અને રમત	૧૦.૦૦
લાંબું ચાલો અને લાંબું જીવો	૧૦.૦૦

મંડાણ

[પ્રકાશકનું નિવેદન]

"કુદરતી ઉપચારની પાછળ, બધાં શુભ સાહસની પાછળ જોઈએ તેમ તપ જોઈએ. નજર પશ્ચિમ તરફ ન જાય પણ અંદર જાય."

—ગાંધીજી

૧

૪૫ વર્ષથી ડૉ૦ એમ. એમ. ભમગરા પોતાના કુદરતી ઉપચાર કેન્દ્ર દ્વારા દેશ-પરદેશના દરદીઓને પોતાની સેવાઓનો લાભ આપી રહ્યા છે. માનવ-સેવાને જ જેણે પોતાની પ્રવૃત્તિનું કેન્દ્ર બનાવ્યું છે, એવા 'સંત' કહેવાવાને લાયક ડૉ૦ ભમગરાએ અમારી સંસ્થાને પ્રેમપૂર્વક સૂચવ્યું કે, "વલ્લભવિદ્યાનગરના વિશ્વ-કર્મા ભાઈકાકાના સુપુત્ર સ્વ૦ રમણલાલ

ઍન્જિનિયરે આરોગ્ય અંગે ભારે ચિંતન-મનન અને લખાણ કર્યું છે. તેમનું એ બધું સાહિત્ય સિલસિલાબંધ તમારી સંસ્થા આજે ગુજરાતી વાચકને નવેસરથી પીરસશે તો મોટી માનવ-સેવા થશે.

ડૉ૦ ભમગરાના સૂચનને આદેશ માનીને અમોએ સ્વ૦ રમણલાલ ઍન્જિનિયરની આરોગ્ય અંગેની ચિંતન-મનની ઉપયોગી સામગ્રી ગુજરાતી વાચક આગળ રજૂ કરવાનો સંકલ્પ કર્યો છે. તેને ફરીથી છાપવાની તેમના પરિવારે પ્રેમ-પૂર્વક રજા આપી તે માટે તેમનાં સૌ કુટુંબીજનોનાં અને ભારતીય સાહિત્ય સંઘના ઋણી છીએ.

સામા પ્રવાહે ઊભા રહી — અરે, માનવજાતના ઉદ્ધારના એકમાત્ર સાધન તરીકે રજૂ કરવાની હિંમત અને શાણપણ દાખવનાર સ્વ૦ રમણલાલ ઍન્જિનિયર અને તેમના પરાક્રમી પિતાશ્રીને વંદન કર્યા વિના રહેવાતું નથી.

એમના 'ભારોભાર સોનાને મૂલે' આંકી શકાય તેવા સાહિત્યને રજૂ કરવા માટે જુદી જુદી પુસ્તિકાઓ પ્રસિદ્ધ કરવાનું વિચાર્યું છે.

આ આરોગ્ય અંગેની નવી શ્રેણી શરૂ કરવાને નિમિત્તે સ્વ૦ રમણલાલ ઍન્જિનિયરના સાહિત્યનું ફરીથી ચિંતન-મનન કરવાની જે સુંદર તક અમોને ડૉ૦ ભમગરાએ ઊભી કરી આપી, તે માટે સંસ્થા તેમનો ખાસ આભાર માને છે. સતત ઊંડું અધ્યયન કરી તેનો નિઃસ્વાર્થ લાભ જનતાને આપવાના '**ભાઇકાકા પરિવાર**'ના આ લક્ષણથી ગુજરાત સારી રીતે પરિચિત છે. ગુજરાતે તેમના પરિવારના આ લક્ષણનો પુરો લાભ ઉઠાવ્યો છે. તે જ રીતે સ્વ૦ રમણલાલ ઍન્જિનિયરે આરોગ્ય અંગેના સાહિત્યનો જે અદ્ભુત ધોધ વહેવડાવ્યો છે તેનો પુરો લાભ ગુજરાતી વાચક ઉઠાવશે એવી આશા છે.

તેમનું આ અતિ ઉપયોગી અને સુંદર લખાણ પ્રસિદ્ધ કરવાની જે તક અમારી સંસ્થાને મળી, તેને માટે આભારપૂર્વક તે પવિત્ર આત્માને અને તેમના પરિવારને કોટી કોટી વંદન.

'સાચો ખોરાક અને ખોટો ખોરાક'માંથી] જુલાઈ, ૧૯૯૮

રમણલાલ ઍન્જિનિયર

રમણલાલ ભાઈલાલભાઈ પટેલનો જન્મ ૧૯૧૨ના સપ્ટેમ્બરની ૧૯મી તારીખે ચરોતરમાં થયો હતો. મેટ્રિક સુધીનો અભ્યાસ કરીને ગાંધીજીના સત્યાગ્રહના વાતાવરણમાં અભ્યાસ છોડી કુદરતી ઉપચાર તરફ વળ્યા. અનેક નિષ્ણાતોના પ્રત્યક્ષ પરિચયમાં આવી એ પદ્ધતિના સિદ્ધાંતો અને સારવાર ઉપર ખંતથી ગજબનું પ્રભુત્વ મેળવ્યું. ડૉ. એમ. એમ. ભમગરા તેમના અનન્ય સાથીમિત્ર છે.

૧૯૩૮માં બે વર્ષ "આરોગ્ય ગ્રંથાવલી" ચલાવી. ત્યાર બાદ અનેક પ્રકાશનો કર્યાં. "આરોગ્ય" માસિકનું એક વર્ષ તંત્રીપદ સંભાળ્યું. ત્યાર બાદ થોડો વખત અમદાવાદ, વિદ્યાનગર અને સોજીત્રા રહી લેખન, સંશોધન, પ્રેસ, પ્રકાશન અને ચિકિત્સાની પ્રવૃત્તિઓ કરી.

૧૯૪૬માં વલ્લભ વિદ્યાનગરમાં દસ વર્ષ એમણે આરોગ્યખાતું અને વૃક્ષારોપણખાતું સંભાળી વિદ્યાનગરની સિકલ ફેરવી નાખી, ઉત્તમ સેવા બજાવી.

રમણલાલ ૨૧ માર્ચ ૧૯૯૪ને દિવસે અમેરિકામાં દેવલોક પામ્યા. તે પહેલાં વીસ વર્ષ એમણે પોતાના પરિવાર સાથે અમેરિકામાં રહી સ્વાધ્યાય કરી તેમના જ્ઞાનદીપકનો પ્રકાશ તેમનાં પત્ની શ્રી. શાંતાલક્ષ્મીના સહકારથી વિદેશમાં પણ ફેલાવ્યો.

રમણલાલ ભાઈકાકાની લીલી વાડીનું અનુપમ ફળ હતું. ભાઈકાકા પરિવારમા પાંચ સિનિયર સીટીઝન, પાંચ ડૉક્ટર, અઢાર ઍન્જિનિયર, બે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, પાંચ માસ્ટર ડિગ્રીવાળા, ઓગણત્રીસ ગ્રેજ્યુએટ્સ, નવ કૉલેજિયનો અને વીસ બાળકો છે. તેમાં અમેરિકા ૮૧, વિદ્યાનગર ૧૦, મુંબઈ ૨. રમણલાલને ત્રણ સંતાનો છે : ગૌતમ, ધ્રુવસ્વામિની અને સુસ્મિતા.

શ્રી. મગનભાઈનું અને તેમના વિષેનું
કેટલુંક ગ્રંથસ્થ વાઙ્મય

૧. સત્યાગ્રહની મીમાંસા (૧૯૩૪)
૨. અપંગની પ્રતિભા (હેલન કેલરની આત્મકથાનો પ્રથમ ભાગ – ૧૯૩૬)
૩. જેકિલ અને હાઈડ (અંગ્રેજી કથાનો અનુવાદ – ૧૯૩૮)
૪. હિંદી-ગુજરાતી કોશ (૧૯૩૯)
૫. જગતનો આવતી કાલનો પુરુષ (૧૯૩૯)
૬. કુંવરબાઈનું મામેરું (૧૯૪૦)
૭. સુદામાચરિત (૧૯૪૨)
૮. હિંદની અંગ્રેજ વેપારશાહી (૧૯૪૬)
૯. મુંડકોપનિષદ (૧૯૪૭)
૧૦. નળાખ્યાન (૧૯૫૧)
૧૧. યોગ એટલે શું? (૧૯૫૨)
૧૨. કેનોપનિષદ (૧૯૫૬)
૧૩. સ્વરાજ એટલે શું? (૧૯૫૬)
૧૪. આપણા દેશમાં આપણું રાજ્ય) (૧૯૫૬)
૧૫. અંગ્રેજી અને સાંસ્કૃતિક સ્વરાજ (૧૯૫૭)
૧૬. રાજા રામમોહન રાયથી ગાંધીજી (૧૯૫૭)
૧૭. આપણું પરમ યંત્ર (૧૯૫૭)
૧૮. હિંદીપ્રચાર અને બંધારણ (૧૯૫૭)
૧૯. ઈસપ અને તેની વાતો ૧-૪ (૧૯૫૮)
૨૦. જંગલમાં મંગળ ('રોબિન્સન ક્રૂઝો'નો અનુવાદ – ૧૯૫૮)
૨૧. નિવાપાંજલિ (૧૯૫૯)
૨૨. માંડૂક્યોપનિષદ (૧૯૫૯)
૨૩. વિવેકાંજલિ (૧૯૬૧)
૨૪. અતિવસ્તીનો સવાલ (૧૯૬૨)
૨૫. પ્રવેશિકા (૧૯૬૩)

૨૬.	ગીતાનું પ્રસ્થાન	(૧૯૬૩)	૫–00
૨૭.	ગીતાનો પ્રબંધ		૨–00
૨૮.	બુદ્ધિયોગ — ૧-૨-૩-૪		૧૧0–00
૨૯.	પૂર્ણજીવનનું ઉપનિષદ		૧–00
30.	ઈશાવાસ્ય ઉપનિષદ		૨–00
૩૧.	સુખમની		૫–00
૩૨.	જપજી		૫–00
૩૩.	सत्याग्रह की मीमांसा		१००–००

કેળવણીકારનું પોત અને પ્રતિભા ૧૦–૦૦
[શ્રી. મગનભાઈ દેસાઈ અભિનંદન ગ્રંથ]
સંપાદક: **ગોપાળદાસ પટેલ અને મુકુલભાઈ કલાર્થી**

રાષ્ટ્રીય કેળવણીકાર શ્રી મગનભાઈ દેસાઈ ૩–૦૦
લેખક: **બિપિન આઝાદ**

ભારત પર ચડાઈ મગનભાઈ દેસાઈ ૦–૭૫
[ચીની આક્રમણનો ખ્યાલ આપતી પુસ્તિકા, નકશા સાથે – વડા-પ્રધાનના સંરક્ષણ ફંડના લાભાર્થે]

૩૦ મી જાનેવારી મગનભાઈ દેસાઈ ૧–૫૦
[રાષ્ટ્રપિતાને શ્રદ્ધાંજલિ – અગિયાર ફોટો ચિત્રો સહિત]

સાવધાન! મગનભાઈ દેસાઈ ૦–૧૦
[અંગ્રેજી અંગે સમજ આપતી પુસ્તિકા]

બધી રીતે યોગ્ય
વાઇસ-ચાન્સેલર

"રાષ્ટ્રીય શિક્ષણના ક્ષેત્રમાં ગુજરાતે ગાંધીજીના વિચારો જે શ્રદ્ધાથી ઝીલ્યા છે, તેનો વિચાર કરતાં, ગૂજરાત યુનિવર્સિટીના કુલપતિ [વાઇસ-ચાન્સેલર]નું પદ મગનભાઈને મળ્યું એ બધી રીતે યોગ્ય જ થયું છે. ગુજરાત યુનિવર્સિટીનો ભાર મગનભાઈને માથે આવતાં, તેઓ સોળે કળાએ પ્રકાશશે."

તા. ૧૧–૧૦–'૫૦ काका कालेलकर

ગુજરાત યુનિવર્સિટીના
ક્રાન્તદર્શી કુલપતિ
મગનભાઈ દેસાઈ

લેખક : **કુંચનલાલ સી. પરીખ** કિં. ૧૦-૦૦

સ્વાધીન ભારતના શિક્ષણના ઇતિહાસમાં
અનોખું અને યાદગાર સ્થાન

"આજથી બરોબર ૫૦ વર્ષ પહેલાં ગુજરાતની પ્રાદેશિક યુનિવર્સિટી તરીકે સ્થપાયેલ ગુજરાત યુનિવર્સિટીનું સુકાન સંભાળનાર આઠ જેટલા કુલ-પતિઓ ગયા ને નવ (ને એટલા જ કાર્યકારી કુલપતિઓ આવ્યા ને ગયા) આવ્યા. તે સૌએ પોતપોતાની શક્તિ — મતિ અનુસાર ગુજરાત યુનિવર્સિટીની અને તે દ્વારા ગુજરાતના સમાજની સેવા કરી છે. તેની કૃતજ્ઞતાપૂર્વક નોંધ લેવી જોઈએ. પણ તે સૌમાં સદ્‌ગત શ્રી. મગનભાઈ પ્રભુદાસ દેસાઈનાં પોત અને પ્રતિભા અનેક રીતે ન્યારાં હતાં, અને સમયની રેતી પર તેમણે પાડેલાં પગલાંની મુદ્રાઓ (footprints on the sands of time) સ્વાધીન ભારતના શિક્ષણના ઇતિહાસમાંથી કદાપિ ભૂંસી શકાશે નહિ.

યુનિવર્સિટી જેવી સંસ્થાની કામગીરીના યશમાં સંસ્થાના તમામ સભ્યોની ઓછીવત્તી ભાગીદારી હોય છે; તો પણ સર્વગ્રાહી ચર્ચા-વિચારણાને અંતે સમાજના વ્યાપક હિતમાં લેવામાં આવેલા તેના સુચિંતિત ને કદીક તો દૂરગામી પરિણામવાળા નિર્ણયો પર પહોંચવા પહોંચાડવાનું તથા તે નિર્ણયોને લગભગ ઈશ્વરદત્ત ધર્મકાર્યની ભાવનાથી પાર પાડવાનું કામ કોઈ અમુક અભ્યાસનિષ્ઠ, ચિંતનશીલ, ક્રાન્તદર્શી ને દૃઢનિશ્ચયી વ્યક્તિને માથે આવે છે. રાજકીય સ્વતંત્રતા મળ્યા પછી આપણા દેશમાં શિક્ષણના સુધારાની બાબતમાં હવાતિયાં મારતી આપણી યુનિવર્સિટીઓની બોધભાષા તો માતૃભાષા જ હોઈ શકે એવો વિદ્યામંત્ર આપીને તેનું પ્રતિતકર પ્રયોગદર્શન સૌપ્રથમ

કરાવવાનું માન ગુજરાત યુનિવર્સિટીને ફાળે જાય છે, અને ગુજરાત યુનિવર્સિટીના આ શકવર્તી નિર્ણયની અને તેને અનુરૂપ પગલાં પ્રેરવાનું શ્રેય શ્રી મગનભાઈ દેસાઈને ફાળે જાય છે. તે મ ટેનું બળ તેમના કેટલાક વિશિષ્ટ ગુણલક્ષણો — પૂરો વિચાર, પાકો નિર્ણય, સ્પષ્ટવક્તૃત્વ, ઊંડી અભ્યાસનિષ્ઠા, નીડરતા અને નિઃસ્પૃહી સેવાભાવનાએ પૂરું પાડયું હતું."

'કાન્તદર્શી કુલપતિ' માંથી] — કંચનલાલ પરીખ

अभिनंदन और आशीर्वाद

मैं श्री मगनभाई देसाई को उनकी ६१ वीं जन्म-जयंती के अवसर पर अपना अभिनंदन और आशीर्वाद भेजता हूं। और देशकी सेवामें सतत समर्पित रहनेके लिये तथा खास करके महात्मा गांधीजी के उपदेशोंके प्रचारके लिये उनके दीर्घ जीवनकी कामना करता हूं।

ता. १०—१०—'५९ राजेन्द्र प्रसाद

सर्वोदय-प्रेमी

श्री. मगनभाई देसाईने जो विविध प्रकारकी सेवा सर्वोदयकी की है, वह कौनसा सर्वोदय-प्रेमी नहीं जानता? गांधीजी के बताये हुए मार्ग पर, लेकिन अपनी स्वतंत्र बुद्धिसे सोचकर, चलनेवाले इनेगिने लोगोंमें मगनभाईकी गिनती है। परमेश्वर उन्हें पूर्ण आयु दे और उनकी निर्मल हृदयसे की हुई सेवाका लाभ जनताको मिलता रहे यही मेरी कामना।

विनोबा का जय जगत्

अभिनंदन

मुंबई गवर्नर्स कॅंप,
१ अगस्त, १९५९

"... श्री. मगनभाईजी कितने ही वर्षोंसे लगातार गूजरात विद्यापीठकी सेवा कर रहे हैं। उसकी उन्नति और प्रसारमें उनका बहुत बड़ा हाथ रहा है।"

"... श्री. मगनभाईजीके ऊपर इस समय गुजरात विश्व-विद्यालयके उप-कुलपतिका भी भार डाला गया है। इसको उन्होंने उठाकर हम सबका बड़ा उपकार किया है। उनका तो सारा जीवन सार्वजनिक कार्योंमें ही बीता और उन्होंने सदा ही कठिनसे कठिन कार्य करनेका निमंत्रण सहर्ष स्वीकार किया।"

श्रीप्रकाश

સત્ય માટે મરી ફીટનારા

શ્રી. મગનભાઈ દેસાઈની બુદ્ધિને ગાંધીજી પણ પ્રમાણતા. તે પક્કા આશ્રમવાસી તો હતા જ. ગૂજરાત વિદ્યાપીઠ અને ગુજરાત યુનિવર્સિટીની ઉત્તમ સેવા તેમણે કરી. તેઓ સાધક, રાષ્ટ્રીય કેળવણીકાર સ્પષ્ટવક્તા, સત્ય માટે મરી ફીટનારા સાચા વીર પુરુષ હતા. જે કંઈ એમને સાચું લાગ્યું તે પ્રગટ કરવામાં તે કદી અચકાયા નથી. વિદ્યાપીઠના તે આજીવન સભ્ય હતા. પરંતુ જ્યારે વિદ્યાપીઠના સાથીઓ સાથે એમનો મતભેદ થયો અને એમને લાગ્યું કે સાથીઓ એમની સાથે ન્યાયી રીતે નથી વર્ત્યા, ત્યારે તેમણે તણખલાની પેઠે વિદ્યાપીઠનો ત્યાગ કર્યો. તે એટલા ભાવનાશીલ હતા કે સાથીઓના અયોગ્ય વર્તાવે એમના મજબૂત દિલને પણ વીંધી નાખ્યું."

ગાંધીજીના આશ્રમના અંતેવાસી] —બલવંતસિંહ

માનવોમાં રાજવી સમા

"શ્રી. મગનભાઈ દેસાઈ ગુજરાત યુનિવર્સિટીના વાઈસ-ચાન્સેલરનું ગૌરવવંતુ પદ શોભાવી રહ્યા છે. મહાત્મા ગાંધીના જીવન-માર્ગ પ્રત્યેની નિષ્ઠાનો લાભ ગુજરાતના લોકોને અને તેમના દ્વારા ભારતના તથા વિશ્વના લોકોને આપતા રહે છે. મગનભાઈ, આમ માનવોમાં રાજવી સમા [Prince amongst man] વિરાજે છે; અથવા કહો કે, આજના ભૌતિક જમાનામાં આપણી જૂની કલ્પનાના 'ઋષિ'-સમા છે."

મગનભાઈના બચપણના મિત્ર] —સી. સી. દેસાઈ

ઝડપી અને સારું પરિણામ લાવવાની ચાવી

"ગુજરાત યુનિવર્સિટીએ દેશની યુનિવર્સિટીઓમાં એક પ્રગતિકારક અને સુનિયંત્રિત યુનિવર્સિટી તરીકે નામ કાઢેલું છે. તેના પડઘા છેક પાર્લમેન્ટ અને સર્વોચ્ચ અદાલત સુધી પહોંચેલા છે. તેને કારણે મગનભાઈ દેસાઈને યુનિવર્સિટી-સુધારણાના સવાલો – [માતૃભાષા અને શિક્ષણનું માધ્યમ] અખિલ ભારતીય કક્ષાએ પહોંચાડવાનું માન મળ્યું છે. મગનભાઈએ શિક્ષણ અને જાહેર સેવામાં સત્યાગ્રહની જે શક્તિ બતાવી છે તે શક્તિ અને વૃત્તિ જેટલી આપણે સૌ સારી રીતે કેળવી શકીશું તેટલું પરિવર્તન સારું અને ઝડપી થવાનું છે. તમારું, મારું અને ભવિષ્યની પેઢીનું મગનભાઈ જે કાર્ય કરી ગયા છે તેને જીવંત રાખવાનું કામ તેમના વિદ્યાર્થીઓ અને સાથીઓનું છે."

તા. ૨-૧૦-'૬૯, ગાંધી-જયંતી –પુ૦ છો૦ પટેલ

સ્વતંત્ર વિચારક અને રાષ્ટ્રીય કેળવણીકાર

"ગુજરાત યુનિવર્સિટીએ અંગ્રેજી હઠાવીને અંગ્રેજી માધ્યમને બદલે ગુજરાતી માધ્યમ અપનાવીને દેશમાં એક અનોખું કાર્ય કર્યું છે. આ યુનિવર્સિટી પર એકલે હાથે ગુજરાતી માધ્યમની સફળતાપૂર્વક છાપ મારવાનું માન શ્રી. મગનભાઈ દેસાઈને ફાળે જાય છે. શ્રી. મગનભાઈ દેસાઈ સ્વતંત્ર વિચારક અને રાષ્ટ્રીય કેળવણીકાર છે. 'અંગ્રેજી હઠાવો' એ બાબતનું એમનું દર્શન ગાંધીજીને તોલે આવી શકે એવું ઊંડું તલસ્પર્શી છે."

'ક્રાન્તદર્શી કુલપતિ'માંથી] –ડૉ. રામમનોહર લોહિયા

શ્રી સુખમની

[પંચમ શીખગુરુ શ્રી અર્જુનદેવ કૃત]

સંપા૦ મગનભાઈ દેસાઈ **કિં. ૫.૦૦**

[ગાંધીજીનો પત્ર]

ચિ૦ મગનભાઈ,

...સુયોગે જીરણજીએ, હું નીકળ્યો ત્યારે જ, મારા હાથમાં તમારું "સુખમની", કાકાનું 'જીવનનો આનંદ' મૂકયાં. "સુખમની"એ મને ખેંચ્યો તે ખેંચ્યો જ. અષ્ટપદીઓ સિવાયનું બધું પૂરું કરી આ લખી રહ્યો છું.... અષ્ટપદી પણ શરૂ તો કરી જ છે.... અનુવાદ સરસ ને મીઠો છે.

......તમને સમય હોય ને તમે વાંચી શકો, તો તમારે શીખ-ઈતિહાસ લખી નાખવો જોઈએ. તેને સારુ તમારે ઘણું સાહિત્ય વાંચવું પડે તેમ છે; શીખોમાં ફરવું જોઈએ; ખાલસા કૉલેજની લાઈબ્રેરી ચૂંથવી જોઈએ; સર જોગેન્દર સિંગને મળવું જોઈએ. એ જબરો લેખક છે, એ જાણતા હશો. સારો ઈતિહાસ લખવો નાનકડું કામ નથી. પણ "સુખમની"નો તમારો અભ્યાસ મને બહુ ગમ્યો છે. તમને એમાં રસ છે એમ જોઉં છું, એટલે કદાચ આ કામ તમે કરી શકો. ઉપરચોટિયા પુસ્તકથી મને સંતોષ નહીં થાય. કદાચ તમારું વર્ષો લગીનું કામ નિર્મિત થયું હોય? તો 'સ્વધર્મે નિધનં શ્રેયઃ'.

સેગાંવ-વર્ધા
૧૧-૧૧-'૩૬

બાપુના આશીર્વાદ

શ્રી. મગનભાઈ પ્રભુદાસ દેસાઈએ ગુજરાતને ચરણે મહામૂલા ધર્મ-સાહિત્યની જે વિવિધ ભેટ ધરી છે, તેમાં શીખ ધર્મની જાણીતી અને માનીતી કૃતિઓ 'જપજી' અને 'સુખમની' એ એનું સંપાદન ખાસ ઉલ્લેખનીય છે.

ચાતુર્વેદ સનાતન હિન્દુ ધર્મના ચાર મુખ્ય પ્રવાહ: બ્રાહ્મણ, જૈન, બૌદ્ધ અને (તેરમા સૈકા બાદ ખાસ પ્રગટેલો) સંત-ધર્મ. સંતધર્મનો એક સ્રોત તે શીખધર્મ છે.

અધ્યાપક ટી. એલ. વાસવાણી જણાવે છે, "'સુખમની'માં ગુરુ અર્જુને પોતાનો અંતરાત્મા ઠાલવ્યો છે.... તેમનાં પદો પરમ વિશ્વાત્માને,— માનવસૃષ્ટિના પરમ ઐક્યને — કવિ હૃદયે અર્પેલી અંજલીરૂપ છે... 'સુખમની' શબ્દનો અર્થ મનની શાંતિ અથવા પ્રસન્નતા થાય છે. તેથી તેને હું 'શાંતિ-પ્રસન્નતાની ગાથા', કહું છું.... અનેક વાર મને લાગ્યું છે કે, 'ભગવદ્ગીતા' અને 'સુખમની' એ બે એવાં પુસ્તકો છે કે, જેમને દરેક હિન્દી યુવાને અવશ્ય જાણવાં જોઈએ."

'સુખમની' શબ્દનો અર્થ ભાવુક શીખો 'સુખનો મણિ' કહે છે. પારસમણિને અડવાથી જેમ લોઢું પણ સુવર્ણ બની જાય, તેમ આ 'સુખમની' રૂપી મણિને સ્પર્શતાં — સેવતાં જ, ખરેખર, મન પ્રસન્નતાના અગાધ સાગરમાં તરબોળ થઈ જાય છે.

મૂળ પાઠ, શબ્દાર્થ, ગદ્ય અનુવાદ અને વિવરણ સાથે.

શ્રી જપજી

[ગુરુ નાનકદેવ કૃત]

સંપાદક : મગનભાઈ દેસાઈ કિં. ૪-૦૦

[આદિવચન : ગાંધીજીનું]

જેઓ દેશની સેવા કરવા ઇચ્છે છે, જેઓ ઈશ્વરને ઓળખવા ઇચ્છે છે, જેઓ હિંદુસ્તાનના કરોડોનું ઐક્ય સાધવા ઇચ્છે છે, તેઓ માત્ર પોતાના જ ધર્મનો કંઈક અભ્યાસ કરીને સંતોષ વાળી બેસી શકતા નથી. તેઓએ હિંદુસ્તાનમાં ચાલતા ધર્મો ને સંપ્રદાયોનાં મૂળતત્ત્વો તે તે ધર્મ કે સંપ્રદાયના અનુયાયીની દૃષ્ટિએ સમજવાં જોઈએ એવી મારી માન્યતા છે.

આ કામ તે તે ધર્મપુસ્તકો વાંચ્યા વિના ન જ થઈ શકે એ દેખીતું છે. શીખ સંપ્રદાયનું મૂળ પુસ્તક ગ્રંથસાહેબ છે. 'જપજી' એ સંપ્રદાયના પ્રણેતા ગુરુ નાનકસાહેબની વાણી છે. એટલે તેનો પરિચય આપણે બધાએ કરવો ઘટે છે. મગનભાઈનો સરલ અનુવાદ ગુજરાતીઓને સારુ આ પરિચય સુલભ કરી મૂકે છે. મારી આશા છે કે સહુ તે લાભ ઉઠાવશે.

તા. ૨૨-૩-'૨૮ મોહનદાસ કરમચંદ ગાંધી

કલકત્તા

'જપજી' શીખ લોકોના ગુરુ ગ્રંથનો સર્વોત્તમ મહત્ત્વનો ભાગ છે. ગ્રંથસાહેબમાં તે આદિમાં છે, એટલું જ નહિ, તેનું મૂળ ને સત્તાવાર રહસ્ય બતાવવામાં પણ 'જપજી'નું સ્થાન સર્વોત્તમ અને પ્રથમ ગણાય છે. શીખ ધર્મનાં મૂળ તત્ત્વો આમાં આવી જાય, એમ શ્રદ્ધાળુ શીખો સમજે છે. તેથી એને તેઓ 'ગુરુ મંત્ર' પણ કહે છે; અને દરેક શીખ રોજ સવારે એનો વિધિપૂર્વક પાઠ કરે છે.

ગુરુ નાનકનો ઉપદેશ કોઈ ખાસ કોમ કે યુગ માટે નથી. એમાં બોધાયેલું સત્ય મનુષ્યમાત્ર માટે છે.

ગુરુ નાનકના જમાનામાં ધર્મભ્રષ્ટતા ચારેકોર ફેલાઈ ગઈ હતી. અધૂરામાં પૂરું કરવા દેશ પર બાબર ચડી આવ્યો અને તેણે હિંદુ તેમ જ મુસલમાન બંનેના જાનમાલની નિરપેક્ષ ભાવે બરબાદી કરી. લોકની થયેલી આવી ઢંગધડા વિનાની સ્થિતિમાંથી તેમને બચાવવાનો એકમાત્ર માર્ગ સાચું ઈશ્વરશરણ સિવાય બીજો કોઈ નથી, એમ જોઈ, ગુરુ નાનકે પોતાની ભક્તિને લોકગુરુના બીબામાં ઢાળી અને અંધકાર-યુગમાં દીવો પ્રગટાવ્યો.

સાચો ધર્મ એ રાષ્ટ્રનિર્માણ કરનાર મહાન પ્રજાકીય બળ છે અને એનું ફળ સાર્વજનિક લોકસંગ્રહ છે, એ આમ કરીને ગુરુ નાનકે પુરવાર કરી બતાવ્યું હતું.

મૂળ પાઠ, શબ્દાર્થ, ગદ્ય અનુવાદ અને વિવરણ સહિત.

ગીતાનું પ્રસ્થાન
અને
ગીતાનો પ્રબંધ

સંપાદક : મગનભાઈ દેસાઈ — કિં. ૫-૦૦
કિં. ૨-૦૦

ગીતા કંઈ કુરુક્ષેત્રના રમખાણમાં જ અચાનક નથી પ્રગટી. તેનું મંડાણ મહાભારતનાં મુખ્ય પાત્રો દ્વારા થતું આવે છે. સંવાદ-કથારૂપે એ આખો ભાગ મહાભારતમાંથી આ પુસ્તકમાં જુદો તારવી આપવામાં આવ્યો છે.

પ્રકરણોને અંતે તે તે પ્રકરણમાં આવતા મૂળ શ્લોકોમાંથી સુભાષિત જેવા શ્લોકો અનુવાદ સાથે તારવી આપવામાં આવ્યા છે. તે શ્લોકોના વાચનથી મહાભારતની મૂળ વાણીનો પ્રસાદ પણ અંતરને પરિતૃપ્ત કરી દે છે.

ગીતાના પ્રબંધની ગીતાના બંધારણથી સમજ આપવામાં આવી છે. કાકાસાહેબે માનનીય પ્રસ્તાવના લખી આપીને ગીતાની સમજૂતી આપી છે.

ઈશાવાસ્ય ઉપનિષદ

સંપાદક : મગનભાઈ દેસાઈ — કિં. ૨-૦૦

મોક્ષ માટે બધાં ઉપનિષદોમાં જેમ એકલું માંડૂક્ય ઉપનિષદ બસ છે, એમ કહેવાય છે, તે પ્રમાણે બધાં ઉપનિષદો ન હોય પણ ઈશોપનિષદનો પહેલો મંત્ર જ બાકી રહ્યો હોય, તોપણ બસ થાય – એમ પણ કહેવાયું છે.

શ્રી. મગનભાઈ દેસાઈએ 'મુંડકોપનિષદ', 'કેનોપનિષદ' અને 'માંડૂક્યોપનિષદ', મૂળ શ્લોક, પદાર્થ, અન્વય, અનુવાદ તથા વિવરણથી સુસંપન્ન કરી ગુજરાતી વાચકને આપ્યાં છે. તેમની સંપાદન-શૈલી આધુનિક જમાનાના વાચકને ફાવતી આવે છે તથા ઉપયોગી નીવડે છે. એ જ શૈલીમાં આ અગત્યનું ઉપનિષદ રજૂ કરવામાં આવ્યું છે.

ધર્મસાહિત્યના રસિયા ગુજરાતી વાચક-વર્ગને તે ઉપયોગી તથા રસપ્રદ નીવડશે.

શ્રીકૃષ્ણાર્જુનસંવાદ
અથવા
બુદ્ધિયોગ — ૧-૨-૩-૪

સંપાદક : **મગનભાઈ દેસાઈ** કિં. ૧૧૦-૦૦

ગીતા ઉપર અનેક વિવરણો-ભાષ્યો-ટીકાઓ ઘણા જૂના સમયથી લખાતાં જ આવ્યાં છે, અને લખાતાં રહેશે. પરંતુ મોટા ભાગના ભાષ્યકારો કે વિવરણકારો, ગીતાને જીવનદર્શનનો મુખ્ય આધાર માનીને તેની પાસે જવા કરતાં, પોતાની વસ્તુને ગીતા કેટલે અંશે પ્રમાણે છે તે બતાવવા જ કોશિશ કરે છે.

અને તેથી તેઓને ઘણી વિચિત્ર પરિસ્થિતિમાં મુકાવું પડયું છે : કાં તો ગીતાની મહાભારત-યુદ્ધવાળી ભૂમિકાને અવગણવી પડી છે કે રૂપક તરીકે ઘટાવવી પડી છે. (જેમ કે, શ્રી શંકરાચાર્ય, ગાંધીજી); અથવા અમુક શ્લોકો છોડી દેવાનું કે ફરી ગોઠવી લેવાનું જરૂરી લાગ્યું છે (જેમ કે, રાજાજી, કાકાસાહેબ); કે પછી સાંખ્ય, યોગ, યજ્ઞ, બ્રહ્મકર્મ, કૃત્સ્ન કર્મ, બ્રહ્મનિર્વાણ, બુદ્ધિ, બુદ્ધિયોગ જેવા અગત્યના શબ્દો કે સિદ્ધાંતોને સળંગપણે — સમન્વિત રીતે — અર્થપૂર્ણ રીતે — ઘટાવવાને બદલે, ત્યાં આગળ અગડંબગડં જેવું કરી આગળ ચાલવું પડયું છે.

છતાં સૈકાંઓથી ગીતા ધાર્મિક આચાર-વિચારના આકર-ગ્રંથ તરીકે — ડિક્ષનેરી તરીકે — ભારતવર્ષમાં સ્વીકારાતી આવી છે, અને તે યથોચિત જ છે. ગીતાનો આધાર લઈને સ્ત્રીઓ, વૈશ્યો તથા શૂદ્રો પણ પરમ ગતિને પામી શકે, એવી સહેલી અને માર્મિક વાત તેમાં રજૂ કરવામાં આવી છે, એવો ગીતાકારનો પોતાનો કોલ છે (અ૦ ૯, ૩૨).

એ દૃષ્ટિએ, ગીતાનો સળંગ-સૂત્ર અર્થ રજૂ કરવાનો ઇરાદો ધરાવતું, તથા સળંગ-સૂત્ર સીધો અર્થ રજૂ થાય તેવી રીતનું જ ગીતાનું ઘડતર છે એવું માનીને ચાલતું આ વિવરણ સૌ કોઈને આવકાર્ય બનશે.

જ્ઞાની ભક્તની પ્રતિભા

સંપાદક: **મગનભાઈ દેસાઈ** કિં. ૨૫-૦૦

[જ્ઞાની કવિ શ્રી. રાયચંદભાઇ]

ગાંધીજી જણાવે છે તેમ, તેમના ઉપર ત્રણ મહાપુરુષોની ઊંડી છાપ પડી હતી: ટૉલ્સ્ટૉય, રસ્કિન અને રાયચંદભાઈ. ઇંગ્લૅન્ડ વાસ દરમ્યાન ઊભા થયેલા આત્મમંથન વખતે હિંદુ ધર્મ બાબતમાં તેમને જ્યારે શંકા પેદા થઈ હતી, ત્યારે તેના નિવારણમાં મદદ કરનાર રાયચંદભાઈ હતા. હિંદુધર્મમાં જ જે જોઈએ તે મળે એમ છે, એવા ગાંધીજીને તેમની સાથેના પત્રવ્યવહારથી વિશ્વાસ બેઠો હતો.

ગાંધીજીના જીવનનો (ખાસ કરીને તેમના અધ્યાત્મ-વિકાસના ક્ષેત્રે) અભ્યાસ કરનારે તેમના ઉપર આવો પ્રબળ પ્રભાવ ધરાવતી આ વ્યક્તિ વિષે જાણવું જોઈએ – એ ખ્યાલથી શ્રી. મગનભાઈ દેસાઈ કવિ રાજચંદ્રનાં લખાણો વાંચવા શરૂઆતમાં પ્રેરાયા હતા.

ત્યાર પછી શ્રીમદ્ રાજચંદ્ર જન્મશતાબ્દી અંગે લેખ લખવાનો આવતાં તેમણે નોંધ્યું છે કે, શ્રીમદ્ રાજચંદ્રની જાણ (ગાંધીજીની જગ-મશહૂર 'આત્મ-કથા' વાટે) જગતભરમાં ફેલાઈ હોવા છતાં, શ્રીમદ્‌નાં જીવનકાર્ય તથા બોધવચનો તેમ જ સાહિત્યનો ઘટતો અભ્યાસ થયો છે એમ ન કહી શકાય. ગુજરાતના સામાજિક, ધાર્મિક તથા આધ્યાત્મિક લોકજીવનના ઇતિહાસમાં કવિશ્રીનું ટૂંકું જીવન પણ એક અનોખું પ્રકરણ બની શકે એવું પ્રભાવશાળી અને મૌલિક છે. તે વિચારથી શ્રી. મગનભાઈ દેસાઈએ શ્રીમદ્ રાજચંદ્રનું મોટું અને અભ્યાસપૂર્ણ જીવનચરિત્ર લખવાનું કામ આરંભ્યું હતું.

મહાપુરુષોને પણ ઉચિત – અધિકારી જીવનચરિત્ર-લેખક મળવા એ તેમનું ખુશનસીબ ગણાય છે. જોકે, ગીતાના વિવરણ પેઠે શ્રી. મગનભાઈનું આ બીજું અગત્યનું પુસ્તક પણ તેમના અકળ અવસાનને કારણે અધૂરું જ રહ્યું છે. છતાં એ વાંચતાં, શ્રીમદ રાજચંદ્રનું આવું સર્વોપયોગી થાય તેવું ઝીણવટભર્યું જીવનચરિત્ર લખાવું કેટલું બધું જરૂરી છે, તથા આ પુસ્તકથી તે ઊણપ કેટલે મહદંશે પૂર્ણ થાય છે, તેનો ખ્યાલ વાચકને આવ્યા વિના રહેશે નહિ.

મિડલ સ્કૂલ : "અદકેરું અંગ"

લેખક : મગનભાઈ દેસાઈ કિં. ૧-૦૦

આવકાર

[ઠાકોરભાઈ મ. દેસાઈ]

અંગ્રેજોએ પોતાનો રાજવહીવટ સારી રીતે ચાલે તે સારુ ભણતરની એક પદ્ધતિ આ દેશમાં ઊભી કરી અને ચલાવી. તેનાં કેટલાંક પરિણામો આવ્યાં. એક એવું કે, આ દેશમાં અંગ્રેજી ભણેલાઓની એક જમાત ઊભી થઈ. બીજું એવું કે, લોકમાનસમાં બધી રીતે આગળ વધવાની ચાવી અંગ્રેજી અને તે વાંચવાલખવાની આવડત છે, એવો ભાવ દૃઢ થયો. ત્રીજું એ કે, ભણતર જ નહીં, જ્ઞાન એટલે પણ અંગ્રેજી જ, એવી એક વિચિત્ર મનોદશા આ દેશના લોકોમાં ઘર કરી ગઈ. સ્વરાજ્યની સ્થાપના થયા પછી દેશના ભાવી વિકાસની દૃષ્ટિથી રાષ્ટ્રની ભણતરની વ્યવસ્થામાં અંગ્રેજીનું સ્થાન શું હોય તે બાબતમાં જે અનેક તરેહવાર વિચારો ને ભાવો વહેવારમાં કાર્ય કરતા જોવા મળે છે, તે પરથી અંગ્રેજોએ શરૂ કરેલી શિક્ષણની પદ્ધતિનાં રાષ્ટ્રના વિકાસને બાધક પરિણામોની સાબિતી મળે છે.

આખાયે દેશમાં રાજ્યે રાજ્યે અને પ્રદેશે પ્રદેશે અંગ્રેજીને ભણતરમાં તેમ જ બીજા વહેવારોમાં તેના યોગ્ય સ્થાને મૂકવાને માટે મથામણો ચાલે છે. અંગ્રેજીને મળી ગયેલા અકુદરતી સ્થાનને કારણે એ મથામણો બહુ કપરી નીવડી છે. છતાં એક વાત નિશ્ચિત છે કે, એક પ્રજા તરીકે આપણે આ બાબતમાં સાચી પરિસ્થિતિ ઓળખી, આપણું સામર્થ્ય કેળવવાને અંગ્રેજીને તેને ઘટતે સ્થાને રોકી દઈશું નહીં ત્યાં સુધી આ દેશની આખીયે શિક્ષણ-વ્યવસ્થામાં અને ખાસ કરીને પ્રાથમિક શિક્ષણમાં જીવ આવવાનો નથી.

ગુજરાત રાજ્યમાં આ મુદ્દા પર વર્ષોથી વહીવટને અને શિક્ષણને ક્ષેત્રે વાદાવાદ ચાલ્યા કરે છે. સમગ્ર પ્રજાના હિતના વિરોધમાં તેના એક અંગનું હિત ખડું થાય છે ત્યારે એ વાદાવાદ કેવાં કેવાં ચિત્રવિચિત્ર સ્વરૂપો ધારણ કરે છે, તેનો આપણને પાછલાં વર્ષોમાં સારો એવો અનુભવ થયો છે.

ઘણી વાર તો, એ અંગનો સ્વાર્થ તે જ સમગ્ર પ્રજાનું હિત છે, એવી માન્યતા લોકમાનસ પર ઠસાવવાનો પ્રયાસ થાય છે. તેવે વખતે એ આખા સવાલમાં પ્રજાનું સાચું હિત કયાં અને કેવું રહેલું છે તેની પ્રસંગે પ્રસંગે સ્પષ્ટતા કરતા રહેવું પડે છે.

શ્રી. મગનભાઈ દેસાઈ વર્ષોથી, બલકે જયારથી આ સવાલ જાહેર ચર્ચાના મેદાનમાં ઊપડયો ત્યારથી, એક સત્યાગ્રહી તરીકે લગભગ એકલે હાથે આ ફરજ અદા કરતા આવ્યા છે. તેમાં હમણાં હમણાં એ વાદાવાદમાં પોતાનાં જે લખાણોથી તેમણે પરિસ્થિતિનું સત્ય લોકો આગળ રજૂ કર્યું છે, તેનો આ સંગ્રહ છે. જેને જેને આ દેશની સામાન્ય અને ખાસ કરીને પછાત પ્રજાનું ભણતર ને તેની વ્યવસ્થા ઘટતી ગોઠવાય એવી લગની છે, તે સૌને આ લખાણો પોતાની સમજ સ્પષ્ટ તેમ જ શુદ્ધ કરવામાં ઉપયોગી નીવડવાં જોઈએ.

આ દૃષ્ટિથી આ લખાણોનો સંગ્રહ યોગ્ય સમયે એકત્ર કરી પ્રસિદ્ધ કરવાને સારુ પરિવાર પ્રકાશન સહકારી મંદિરને અભિનંદન ઘટે છે.

સત્યાગ્રહનો રસ્તો કઠણ છે. તે માર્ગે જનારાઓને ઘણી વાર એકલા એકલા પોતાનો પ્રવાસ ચાલુ રાખવો પડે છે. પણ એવા માર્ગના પ્રવાસીઓ જ દેશમાં ચાલી રહેલી સર્વાંગી ક્રાન્તિને આગળ ચલાવવાની પ્રજાની શક્તિ નિર્માણ કરે છે. આ ચોપડી એવી શક્તિ કેળવવામાં ઉપયોગી નીવડો.

તા. ૩૧-૭-’૬૫ ઠાકોરભાઈ મ. દેસાઈ

"મારે જે કહેવું છે તે એટલું જ કે, જેમ આપણું રાજ્ય પચાવી પાડનાર અંગ્રેજોના રાજ્યને સફળતાથી આપણે કાઢયું, તેવી જ રીતે સાંસ્કૃતિક સ્વરાજને પચાવી પાડનારી અંગ્રેજી ભાષાને પણ કાઢો. જગતનાં વેપાર તથા રાજ્યનીતિની આંતરરાષ્ટ્રીય ભાષા તરીકેનું તે ભાષાનું કુદરતી સ્થાન છે, તે તો સમૃદ્ધ એવી એ ભાષાનું હમેશ રહેશે."

૧૧-૯-’૪૭ – ગાંધીજી

"આ જરૂરી ફેરફાર કરવામાં જેટલા દિવસની ઢીલ થાય છે, તેટલું આપણા રાષ્ટ્રને સાંસ્કૃતિક નુકસાન જ થાય છે."

૨૧-૯-’૪૭ – ગાંધીજી

'ગાંધી' ફિલમની કહાણી

[ફિલમ-નિર્માણની એક અનોખી કથા]

સંપાદક : ગોપાળદાસ પટેલ કિં. ૧૦-૦૦

પ્રકાશક પુ૦ છો૦ પટેલનું નિવેદન

ભારત દેશે એકવીસમી સદીએ પહોંચતા પહેલાં આત્મહત્યા કરવાનું નિરધાર્યું હોય એમ લાગે છે...

નહિ તો દેશે આદરેલા આઝાદી માટેના સંગ્રામની, જે ગાંધીજીએ, દેશોત્થાન માટેનાં જરૂરી સાધનો જોગવીને પૂર્ણાહુતિ સાધી આપી, તે ગાંધીજી અને તેમનાં તે સાધનોને ભારત દેશે કદી આટલો જલદી જાકારો આપ્યો ન હોત. આજે જોકે હજુ પણ 'ગાંધી' શબ્દ તો દેશમાં ચારે બાજુ રટાય છે; પણ તે તો પારસી કોમની અટક છે, મોહનદાસ કરમચંદની નહિ.

સદીઓથી પરદેશીઓની ગુલામી વેઠીને મુડદાલ બની ગયેલ પ્રજામાં નવચેતન ઊભું કરવા ગાંધીજીએ સત્ય, અહિંસા, દેશપ્રેમ, સ્વદેશી, માતૃભાષા, રાષ્ટ્રભાષા, સંયમ, ત્યાગ, દારૂબંધી, રેંટિયો, ખાદી, વગેરે જે અત્યંત જરૂરી સાધનો કે શસ્ત્રો દેશને ધારણ કરાવ્યાં હતાં, તેમનો ત્યાગ કરીને બદલામાં આજે અંગ્રેજી, દારૂ, નિરોધ, આધુનિક યંત્ર અને ટેકનોલૉજી તથા અનિયંત્રિત ભોગૈશ્વર્યની લાલસાને સ્થાપવામાં આવ્યાં છે.

ઉપરાંત, આ વર્ષે કૉંગ્રેસની શતાબ્દી ઊજવવામાં આવી રહી છે —

— પરંતુ કઈ કૉંગ્રેસની? જે કૉંગ્રેસે ગાંધીજીની પોતાના સભ્યપદેથી હકાલપટ્ટી કરી હતી, અથવા કહો કે જે કૉંગ્રેસથી જાતે જ છૂટા થઈ જવા જેટલી ખેલદિલી ગાંધીજીએ દાખવી હતી —

કારણ કે, દેશના બે ભાગલા પાડેલું સ્વરાજ ગાંધીજીને ખપતું ન હતું, અને તે વખતના બીજા કૉંગ્રેસી નેતાઓ ભાગલા પાડેલું સ્વરાજ સ્વીકારી લેવા અધીરા થઈ ગયા હતા —

તથા સ્વરાજ મળ્યા પછી કૉંગ્રેસે રાજસત્તા ધારણ કરવાને બદલે લોકસેવા-સંઘમાં પરિવર્તિત થઈ જવું, એવો વિચાર ગાંધીજીએ છેવટના રજૂ કર્યો હતો, જે વિચાર પણ કોઈ કૉંગ્રેસીને મંજૂર ન હતો!

— તે કૉંગ્રેસની આ વર્ષે ચોમેર શતાબ્દી ઊજવવામાં આવી રહી છે. તે પણ કૉંગ્રેસના સ્થાપના-દિન ૨૮ ડિસેમ્બરથી માંડીને નહિ, પણ તેથી કેટલાય મહિના પહેલાં મોતીલાલ નહેરુના જન્મદિવસથી; કે જે મોતીલાલ, કૉંગ્રેસ સ્થપાઈ તે દિવસે માંડ ૨૨ કે ૨૪ વર્ષના જુવાનિયા હશે! અર્થાત્ ગાંધીજીને પાછળ નાખીને આઝાદી માટેની તથા આઝાદી બાદની દેશની ધુરા ચાર-પાંચ પેઢીથી નહેરુ-વંશ વહન કરતો આવ્યો છે, એવું દેશની નવી તથા ભવિષ્યની પેઢીઓને ઠસાવવા!

હા, પોતપોતાના દેશને ખુનખાર યુદ્ધોમાંથી હેમખેમ બહાર કાઢી લાવનાર સ્ટૅલિન, માઓ, ચર્ચિલ વગેરે સેનાપતિઓ, સર્વસત્તાધીશો કે સરમુખત્યારોની સ્મૃતિને પછીની પેઢીઓ ભૂંસી નાખતી હોય એવા દાખલા ઈતિહાસમાં નોંધાયેલા મળી આવે છે. પણ રામ, કૃષ્ણ, બુદ્ધ, ક્રાઈસ્ટ જેવા મહાપુરુષોની પૂજા અને સ્મૃતિ પછીની પેઢીઓ પણ કાળજીપૂર્વક સૈકાંઓ સુધી જાળવી રાખે છે. એક ભારત દેશ જ ગાંધીજી જેવા મહાપુરુષની પુણ્યસ્મૃતિને દેશના ફલક ઉપરથી ભૂંસી નાખવા બે-ચાર દસકાં જેટલા ગાળામાં જ ઉતાવળો થઈ ગયો છે. બીજા શબ્દોમાં કહીએ તો આજે ગાંધીજી ફરી દેશમાં સદેહે દાખલ થવા માગે, તો દેશની ૮૦ ટકા વસ્તી તેમને 'ક્વિટ ઇંડિયા' એવા શબ્દો જ સંભળાવે!

પરંતુ ગાંધીજીનો સંદેશ એકલા ભારત માટે હતો જ નહિ. ખરેખર તો આખી દુનિયાને પણ વિનાશ અને બરબાદીમાંથી બચવું હોય, તો તેમણે ચીંધેલો માર્ગ જ અપનાવવો પડે. એટલે ભલે ભારતમાં તેમનો સંદેશ ભૂંસી નાખવામાં આવ્યો; પણ દુનિયાભરમાં તો કેટલાય સમજણા અને વિચારક લોકો ગાંધીજીના સંદેશનું મૂલ્ય સમજીને ગાંધીજીનો સંદેશ જીવંત રહે તે માટે પોતપોતાની રીતે પ્રયત્નશીલ રહ્યા છે. તેવાઓમાં એક મોતીલાલ કોઠારી પણ હતા, જે લંડનમાં રહ્યા રહ્યાય ગાંધીજીનો સંદેશ જીવંત રહે અને પ્રચાર પામે તે માટે પ્રયત્ન કર્યા કરતા હતા. તેમણે, છેવટે, આધુનિક જમાનાનો વિચાર કરીને, ગાંધીજી વિષેની ફિલમ બને તો તેમના સંદેશનો વધુ વ્યાપક રીતે પ્રચાર થાય, એમ નક્કી કર્યું. પરંતુ કોઈ ફિલમ-નિર્માતાઓ એ કામ હાથમાં લેવાની ઇચ્છા બતાવી નહિ. એક તો ગાંધીજી જેવાના જીવનમાં ફિલમનું વસ્તુ બની શકે તેવું કશું હોય નહિ એમ માનીને; અને બીજું, ગાંધીજી વિષે જાણવા વળી આજના જમાનાનો કયો માણસ ઇચ્છે, એ વિચારથી પણ.

પરંતુ જાણે જગન્નિયંતાની જ યોજના કામ કરી રહી હોય, તેમ, છેવટે ભારત તેમ જ ગાંધીજી વિષે કશું ન જાણનાર એક અંગ્રેજ બચ્ચો જ એ ફિલમ બનાવવા તૈયાર થયો : લૂઈ ફિશરના ગાંધીજી વિષેના પુસ્તકનાં થોડાં પાન વાંચવા માત્રે!

પણ માત્ર ઇચ્છા રાખ્યે બધું ઓછું પતી જાય છે? તે અંગ્રેજ પોતે તો મુખ્યત્વે એક ઍક્ટર હતો; ફિલમનું નિર્દેશન કે નિર્માણ કરવાનો તેને ખાસ અનુભવ ન હતો. છતાં જાણે ઈશ્વર જ તેને (ભૂતની પેઠે) વળગ્યો હોય તેમ, વીસ વીસ વર્ષ સુધી, ગાંધીજીની ફિલમ બનાવવાની પોતાની એ ઇચ્છાને વળગી રહી, પોતાની કારકિર્દી તથા કમાણીને પણ જોખમમાં નાખ્યા કરીને તેણે તે કામ કેવી રીતે પાર પાડ્યું, એની કથા ખરેખર રોમાંચક છે. લેવિન જેવાના યહૂદી-માનસનો, તથા અંગ્રેજી હકૂમતમાંથી ભારતને આઝાદ કરાવનાર પ્રત્યે સામાન્ય અંગ્રેજનો વિરોધ તો સમજી શકાય છે; પરંતુ ભારતના કેટલાય ખેરખાંઓનો પણ વિરોધ વેઠવો પડે, અરે તે વેળાના રાષ્ટ્રપતિએ વાઇસરૉય-ભવન તરીકે ત્યાં ચાલેલી ચર્ચા-વિચારણાઓના સીન લેવા ખાતર આજના રાષ્ટ્રપતિ-ભવનનો ઉપયોગ કરવા દેવાની પણ ના પાડી, અને તેથી રાષ્ટ્રપતિ-ભવનનાં માત્ર બહારનાં પગથિયાં ઉપર ચડતા ગાંધીજીનો જ સીન લઈ શકશો, — એ બધું આપણને વિચારમાં નાખી દે તેવું છે.

આ આખી કથા ઘણા ટૂંકાણમાં છતાં ઘણી સરળતાથી સંપાદક આ પુસ્તકમાં ઉતારી શકયા છે, તેથી ગુજરાતી વાચકને તે બધું જાણવું ઘણું સરળ થઈ પડશે, એ આશાથી આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૩૦-૧૧-'૮૫

પુ૦ છો૦ પટેલ
મંત્રી

સ્તવન

[ગાંધીજીનું, હજાર મુખે]

૧. બીજા સિદ્ધાંતો કે વિચારસરણીઓ તો અમુક એક સમયને જ લાગુ પડતાં હોય છે, હરકોઈ સમયને નહિ. પણ ડહાપણ અને માનવતાના ભવ્ય અને કલ્યાણકર દીપક સમા ગાંધીજીના ઉપદેશો તો અનંત કાળ માટેના છે. તેથી કરીને આપણે સૌ ગાંધીજીના જીવનકાળ દરમ્યાન ભલે તેમને લાયક ન નીવડયા; પણ તેમના શાશ્વતકાળ માટેના ઉપદેશોને અનુસરીને તેમના મૃત્યુ બાદ તેમને લાયક બનીએ!

—પાલખીવાલા

૨. "સમગ્ર વિશ્વ ગાંધીને જે પૂજયભાવથી સન્માને છે, તેના પાયામાં, મોટે ભાગે અણછતી એવી ભાવના રહેલી છે કે, આજના આપણા નૈતિક અધોગતિ પામેલા જમાનામાં એ એક જ રાજકારણી પુરુષ એવો હતો, કે જે રાજકારણના ક્ષેત્રમાં પણ માનવ સંબંધો બાબત એવા ઉચ્ચ આદર્શોનું ઉદાહરણ રજૂ કરતો હતો, કે જે આદર્શોને પહોંચવા આપણે સૌએ આપણી સમગ્ર તાકાતથી કોશિશ કરવાની છે. આપણે એ અઘરો પાઠ શીખવો જ પડશે કે, વિશ્વને લગતા તથા બીજા પણ સૌ વ્યવહારોમાં નગ્ન પશુબળની ધમકીને બદલે ન્યાય અને કાનૂનને પાયામાં રાખીને આપણે સૌ વર્તીશું, તો જ માનવજાતનું ભાવી કંઈકે સહન કરી શકાય તેવું બની રહેશે...... ભાવી પેઢીઓ તો એવું માની પણ નહિ શકે કે, આવો માણસ આ પૃથ્વી ઉપર (લોહી-માંસનું) શરીર ધારણ કરીને વિચરતો હતો."

—આઈન્સ્ટાઈન

૩. ભારતની જુવાન પેઢી કે જે ગાંધીજીનાં અસંખ્ય બલિદાનો અને અથાક પરિશ્રમોનાં સુફળ ભોગવી રહી છે, તે તેમના વ્યકિતત્વનો જાદુ સમજી નહિ શકે. બહારનાં કાંઈ સત્તા કે અધિકાર ધરાવ્યા વિના જ તે પોતાના દેશબંધુઓના નેતા બની રહ્યા હતા. રાજકારણના ક્ષેત્રમાં પણ તેમણે પોતાની સફળતા કોઈ ચાલાકી કે કરામતને બદલે માત્ર પોતાના અંતરની નૈતિક ભવ્યતાથી જ હાંસલ કરી હતી. પશુબળના સહારા વિના જ પૃથ્વી

ઉપરના સૌથી શક્તિશાળી સામ્રાજ્ય ઉપર તેમણે વિજય મેળવ્યો હતો. ઊંડું ડહાપણ અને સામાને ઝટ વશ કરી લેનારી નમ્રતા ધરાવતા હોવા છતાં તે લોખંડી સંકલ્પ-બળ અને અડગ નિશ્ચયબળ ધરાવતા હતા. લશ્કરી તાકાતની પાશવિકતાનો, મૂઠી હાડકાંવાળા તેમણે, સાદા માનવની પ્રતિભાથી જ સામનો કર્યો હતો!

– પાલખીવાલા

૪. "સૈકાંઓ બાદ જ્યારે તેમના સમકાલીનોનું નામ પણ ભુલાઈ ગયું હશે, ત્યારે મહાત્મા (ગાંધી)ને સૌ કોઈ યાદ કરતા હશે. આવી નમ્રતા, નિ:સ્વાર્થતા, આંતરિક સાહજિકતા અને શત્રુઓ પ્રત્યે પણ ક્ષમાભાવ ધારણ કરનારી બીજી કોઈ વ્યક્તિનું જીવન ઈતિહાસને પાને નોંધાયેલું જોવા મળતું નથી."

– વિલ ડુરાં

૫. જ્યારે ગાંધીજી ભારતની આઝાદી માટે ઝઝૂમી રહ્યા હતા, ત્યારે તેમણે કહ્યું હતું — "થોડા માણસો સત્તા કબજે કરે એનાથી સાચું સ્વરાજ આવ્યું ન કહેવાય, જયારે સત્તાનો દુરુપયોગ થાય ત્યારે તેનો સામનો કરવાની શક્તિ 'બધા' જ પ્રાપ્ત કરે. બીજા શબ્દોમાં કહું તો, રાજસત્તાને નાથવાની અને નિયંત્રણમાં રાખવાની પોતાની શક્તિ પ્રત્યે સભાન કરવા માટે પ્રજાને કેળવીને જ આપણે સ્વરાજ મેળવવાનું છે."

– પાલખીવાલા

૬. "જેમ જેમ ગાંધીજીના જીવન વિષે હું વિચાર કરતો જાઉં છું, તેમ તેમ મને સ્પષ્ટ થતું જાય છે કે, પાશ્ચાત્ય જગતને પજવી રહેલી બાબતો સુધારવા માટે ગાંધીજી જ ઉપયોગી નીવડી શકે તેમ છે."

– લુઈ ફિશર

૭. શુક્રવાર, જાન્યુ૦ તા. ૩૦ના રોજ અહિંસાનો મહાનમાં મહાન પેગંબર એક હત્યારાની ગોળીનો ભોગ બન્યો. સંસ્કૃતિને ઉજાળનારો આવો તેજસ્વી અને ચળકતો સિતારો ભાગ્યે ઉદય પામતો હોય છે ...... ઈતિહાસમાં કોઈએ પહેલાં ન કર્યા હોય તેટલા મોટા પ્રમાણમાં ગાંધીજીએ લોકોને સામાજિક અન્યાયનાં અનિષ્ટો પ્રત્યે સાબદા કર્યા હતા. આખી માનવજાતના અંતરાત્માને જાગ્રત કરવાનું કાર્ય જાણે તેમણે માથે લીધું હતું. દુનિયાએ પહેલી વાર એક સંતને ક્રાંતિનો નેતા બનેલો જોયો હતો.

– પાલખીવાલા

૮. ગાંધીજીને અર્થશાસ્ત્રને લગતી બાબતોમાં ઘણા લોકો (પ્રગતિનો કાંટો પાછો ફેરવનાર કે કેવળ) ગગનવિહારી – આદર્શવાદી માણસ ગણી કાઢે છે. પરંતુ તે લોકોએ ગાંધીજીના સિદ્ધાંતના પાયામાં રહેલ વસ્તુ સમજવાની તસ્દી જ લીધી હોતી નથી. ગાંધીજીને મન રેંટિયો એ ભૂખ્યાં કરોડો માણસોની સાથે આત્મભાવનું પ્રતીક છે. એ ભૂખ્યાં કરોડો જ તેમને મન પહેલો તેમ જ છેલ્લો અર્થાત્ એકમાત્ર પ્રશ્ન છે. તે મૂગાં લાખો-કરોડો મનુષ્યોના અંતરમાં જ જેનું દર્શન થાય છે, તે ઈશ્વર સિવાય બીજા કોઈ ઈશ્વરને તે ઓળખતા નથી. યંત્રોનો ઉપયોગ કે વિજ્ઞાનની મદદને તે ઈનકારતા નથી; પરંતુ તે બંને બાબતો સમગ્ર પ્રજાજનોની આર્થિક તથા સામાજિક જરૂરિયાતો – આવશ્યકતાઓ સાથે બંધબેસતી હોવી જોઈએ. ગાંધીજી કહે છે કે, "મારા દેશને જોઈતી બધી વસ્તુઓનું ઉત્પાદન ત્રણ કરોડ માણસોને બદલે (યંત્રોની મદદથી) માત્ર ત્રીસ હજાર માણસોની મજૂરીથી કરી લેવામાં આવે, તેનો મને વાંધો નથી. પરંતુ પેલાં ત્રણ કરોડ માણસો બેકાર તથા બેરોજગાર હરગિજ ન બનવાં જોઈએ. મુખ્ય પ્રશ્ન ...... પ્રજાના કામકાજ વિનાના કલાકોનો ઉપયોગ કરવાનો અને એ રીતે કુદરતી પ્રક્રિયાઓ દ્વારા તેની વધતી જતી ગરીબાઈ હટાવવાનો છે ...... રેંટિયાની સમગ્ર ફિલસૂફીનો પાયો જ એ હકીકતમાં રહેલો છે કે, હિંદુસ્તાનમાં અર્ધબેકાર કરોડો મનુષ્યો છે. અને હું કબૂલ કરું છું કે, જો તેવાં કરોડો માણસો દેશમાં બેકાર રહેતાં ન હોય, તો રેંટિયાને તેમાં કશું સ્થાન ન હોઈ શકે ...... હિંદુસ્તાનની કરોડો લોકોની ગરીબાઈ તથા પરિણામે નીપજતી બેરોજગારી હટાવી શકાતી હોય, તો આધુનિકમાં આધુનિક યંત્રોનો ઉપયોગ પણ હું મંજૂર રાખું."

— પાલખીવાલા

૯. ગાંધીજીને મન આ સાત બાબતો મહા-પાપરૂપ હતી —

નીતિ વિનાનો – વેપાર;
અંતરાત્માના સંતોષ વિનાનું – સુખ;
સિદ્ધાંત વિનાનું – રાજકારણ;
ચારિત્ર્ય વિનાનું – જ્ઞાન;
માનવતા વિનાનું – વિજ્ઞાન;
ઉદ્યમ વિનાની – સંપત્તિ;
આત્મ-સમર્પણ વિનાની – ભક્તિ.

— પાલખીવાલા

૧૦. ગાંધીજીનાં બે સ્વપ્ન : તેમાંનું પહેલું તે દેશની આઝાદીનું. તે સ્વપ્ન તા. ૧૫મી ઑગસ્ટ, ૧૯૪૭ના રોજ સિદ્ધ થયું. પરંતુ નવી દિલ્હીમાં જ્યારે બ્યૂગલો અને તોપોના ગડગડાટ વચ્ચે એની ઊજવણી ચાલી રહી હતી, ત્યારે ગાંધીજી ત્યાં હાજર ન હતા. તે તો બંગાળાના ગરીબો વચ્ચે પગપાળા વિચરી રહ્યા હતા. શાથી? કારણ કે, તેમનું પ્રથમ સ્વપ્ન અલબત્ત સિદ્ધ થયું હતું, પણ તે તો એમ માનતા હતા કે, ખરી ઊજવણીનો વખત તો તેમનું બીજું સ્વપ્ન સિદ્ધ થશે ત્યારે જ આવશે. તેમનું બીજું સ્વપ્ન આ હતું —

"હું તો એવા ભારતદેશ માટે પ્રયત્ન કરતો રહીશ, જે ભારતમાં ગરીબમાં ગરીબ લોકોને પણ એમ લાગતું હોય, કે આ તેમનો દેશ છે, તથા જેના નિર્માણમાં તેમનો અસરકારક અવાજ રહેલો છે; જે દેશમાં તવંગર એવો કોઈ વર્ગ નહિ હોય, કે ગરીબ એવો કોઈ વર્ગ નહિ હોય, તથા જેમાં બધી જ કોમો સંપૂર્ણ સુલેહસંપ તથા મેળથી રહેતી હોય, મારા સ્વપ્નનું ભારત એ છે!"

— પાલખીવાલા

૧૧. દેશમાં અત્યારે ચારિત્ર્યની કટોકટી પ્રવર્તી રહી છે. આજે દેશનું સર્વાંગીણ ચારિત્ર્ય ૧૮મી સદીમાં હતું તે કક્ષાએ પહોંચી ગયું છે. યાદ કરો તે સમયના દેશવાસીઓનો અધઃપાત, જેને લીધે મૂઠીભર યુરોપિયનો આખા દેશ ઉપર સહેલાઈથી રાજ્ય સ્થાપી શકયા. આપણા દેશવાસીઓનું આજનું ચારિત્ર્ય પણ ગુનાખોરી, અપ્રમાણિકતા તથા સ્વાર્થપરાયણતાથી તેવું જ છિન્નભિન્ન અને કલંકિત બની ગયું છે. આખા દેશ ઉપર નૈતિક અધઃપાત લોઢાની અણીએ કોતરાઈ ગયો છે ......

દેશને અત્યારે રાજકીય નેતાગીરીની નહિ પણ નૈતિક આધ્યાત્મિક નેતાગીરીની જરૂર છે. એવી નેતાગીરી જે આખા રાષ્ટ્રના ચારિત્ર્યનું નવનિર્માણ કરી આપે! સૈકાંઓ સુધીના આપણા દેશના ઈતિહાસ ઉપર નજર નાખશો તો જણાઈ આવશે કે, જ્યારે જ્યારે દેશને કોઈ ઉદાત્ત રાજવી કે મહાપુરુષની દોરવણી પ્રાપ્ત થઈ છે, ત્યારે ત્યારે દેશના લોકોએ અભ્યુદયની સર્વોચ્ચ કક્ષા હાંસલ કરી છે.

— પાલખીવાલા

ભૂલ કોની?

[શ્રી. ગુરુદત્ત કૃત હિંદી નવલ 'भूल'] કિં. રૂ. ૭-૦૦

ગંગાજળ

[શ્રી. ગુરુદત્ત કૃત નવલકથા 'गंगाकी धारा'] કિં. રૂ. ૧૨-૦૦

સંપાદક: કમુબહેન પુ૦ છો૦ પટેલ

હિટલરની અપેક્ષા રાખ્યા વિના સૌ કોઈ વિચારે

"હિટલરે જર્મનીની સ્ત્રીઓને નોકરી કરતી રોકીને ફરજિયાત ગૃહિણીઓ બનાવી મૂકી હતી. એવા કોઈ હિટલરની અપેક્ષા રાખ્યા વિના, સૌ કોઈએ વિચારવું તો જોઈએ જ કે, બાળકોના ઉછેર તરફ દુર્લક્ષ્ય કરી, પતિ-પત્ની માત્ર પોતાના સુખને જ લક્ષમાં રાખે તો શું પરિણામ આવે?...... યુવતી પહેલાં નોકરી કરતી હોય તો પણ લગ્ન બાદ તેણે નોકરી છોડી દે વી જોઈએ, – એ ભાવી પેઢીની અને સમગ્ર દેશહિતની દૃષ્ટિએ હિતકર ન કહેવાય?"

સદ્ભાગ્યે જીવનને લગતા બધા પ્રશ્નોનો ઉકેલ શોધવા આખી બાહ્ય પરિસ્થિતિ બદલાય ત્યાં સુધી રાહ જોવી પડતી નથી. દરેક વ્યક્તિ પોતાના જીવન પૂરતો ફેરફાર શરૂ કરી જ શકે છે; અને માનવ-પ્રાણીની મહત્તા પણ બાહ્ય પરિસ્થિતિ ગમે તેટલી પ્રતિકૂળ હોય, તો પણ તેના ઉપર વિજય મેળવવામાં જ રહેલી છે.

એટલે બધું બદલાશે ત્યારે કે બીજાઓ બદલાશે ત્યારે બધું થશે, એમ કહીને હાથ જોડીને બેસી રહેવાથી માનવજીવનને લગતા કોઈ પ્રશ્નનો ઉકેલ ન મળી શકે. દરેક માનવ પોતાની પરિસ્થિતિનો ઘડવૈયો પણ છે. પરિસ્થિતિને જ સર્વોપરી માનીને નમી પડવું અથવા બેસી રહેવું, એ તો નાસ્તિકતા છે, – માનવ મહત્તામાં, માનવ સર્વોપરિતામાં.

તેથી જ અનેક નિર્મળાઓ અને અનેક મદનમોહનો વચ્ચે જ મહાદેવીઓ અને અર્જુનદેવો જેવા સિતારા પરિસ્થિતિથી અસ્પૃષ્ટ – પોતાની

આગવી તેજસ્વિતાથી — ચમકયા કરે છે; પોતે પણ તરી જાય છે, અને પોતાની ભાવી પેઢીઓને પણ તારતા જાય છે.

એવાં માતાપિતા જગતઃ પિતરૌ છે; તેમને વંદન કરીને કૃતાર્થ થઈએ.

તા. ૮-૯-'૭૫ પુ૦ છો૦ પટેલ

ગંગાજળનો લાભ લેવો હોય, તો ગંગોત્રી પહોંચો

"ગુરુદત્તજીએ ગંગાજીનું નામ ભારતીય સંસ્કૃતિ-પ્રવાહનું યથોચિત વર્ણન કરવા માટે જ લીધું છે. તેમનું કહેવું એમ છે કે, હજારો-લાખો વર્ષથી ગંગાજીનો પ્રવાહ હિમાલયમાંથી નીકળી ભારતવર્ષનાં મેદાનોને પાવન કરતો — ફળદ્રુપ કરતો વહે છે. મૂળ આગળ તેનું પાણી, અલબત્ત, 'પવિત્ર છે, સ્વચ્છ છે, મધુર છે અને રોગનાશક છે.' પરંતુ ...... હુગલી પાસે તો એ જ ગંગાજીનું પાણી મળ મૂત્ર, કીચડ અને કચરો વહેતું અપવિત્ર, અસ્વચ્છ અને હાનિકારક બની ગયું છે. તે પાણીને ગંગાજીનું કહી પવિત્ર તથા સ્વચ્છ માનીને સ્વીકારવું એ બુદ્ધિમત્તા નથી. ગંગાજીના પવિત્ર ગંગાજળનો લાભ લેવો હોય, તો ગંગોત્રી તરફ પહોંચવું જોઈએ — ઊભાં ચઢાણ સાધવાં જોઈએ."

— પ્રકાશકના નિવેદનમાંથી] — કસુબહેન પુ૦ છો૦ પટેલ

વંદે માતરમ્ બોલવા પ્રેરે એ જ સાહિત્ય

"ગુરુદત્તજીની આ નવલકથા ભૂતકાળના ઈતિહાસને બહાને જાણે અત્યારની આપણી વર્તમાન અધોગતિ જોવા માટેની આરસી જ આપણી સામે ધરે છે. અને એ રીતે જ આ નવલકથાને જોવી અને આવકારવી ઘટે. આવે વખતે તો ક્રાંતિના નારાઓ જ હોય; અને નારાઓનો સંગીતગુણ કોઈ ચર્ચવા બેસતું નથી. તેમ આવી નવલકથાઓના કેવળ સાહિત્યગુણની ચર્ચા અસ્થાને છે. અત્યારે તો 'વંદે માતરમ્ બોલવા આપણને પ્રેરે એ જ સાહિત્ય, એ જ કળા, એ જ સંગીત, એ જ કવિતા. બીજા બધા કેવળ ફંદ છે, ધોખો છે, બેવકૂફી છે."

— આવકારના બે બોલમાંથી] — ગોપાળદાસ પટેલ

"તિલક, ગાંધી જેવા ભારતમાતાના સપૂતોના બલિદાનને પ્રતાપે દેશ આઝાદ થયો. સરદારે રાજકીય રીતે આખા દેશને એક પણ કરી આપ્યો. પરંતુ ત્યાર પછી પંડિત નહેરુએ પંચવર્ષીય યોજનાની થેલી હાથમાં લઈ,

બધાં રાજ્યોને તેમની ખુશામત કરતાં અને એ થેલીના પૈસા માટે પડાપડી કરતાં કરી મૂક્યાં. પરિણામે અત્યારે જુદાં જુદાં રાજ્યો વચ્ચે અવર-જવરની, નોકરી-ધંધાની, અનાજ-પાણીની એટલી બધી સમસ્યાઓ ઊભી થઈ ગઈ છે કે, આપણે ભારત નામના એક દેશના પ્રજાજન છીએ એવું હરગિજ ન લાગે. મહારાષ્ટ્રમાં બીજાં રાજ્યનાં માણસોને નોકરી ન મળે તે માટે શિવ-સેના ઊભી થાય છે; તામિલનાડુમાં જુદા દ્રાવિડિસ્તાન – રાવણરાજ્ય માટે જ ઝુંબેશ ચાલે છે, અને હિંદી લિપિમાત્રને ડામરથી ભૂંસી નાખવામાં આવે છે (અલબત્ત, અંગ્રેજી લિપિ પવિત્ર છે અને તેથી સુરક્ષિત છે!); એકે નદીનું પાણી તકરાર-ઝઘડા વિનાનું રહ્યું નથી."

– ગોપાળદાસ પટેલ

શ્રી. ગુરુદત્ત

શ્રી. ગુરુદત્તનો જન્મ સન ૧૮૯૪ના ડિસેમ્બર માસમાં લાહોર મુકામે થયો હતો. તેમનું કુટુંબ આર્યસમાજી હતું. સન ૧૯૧૯માં પંજાબ યુનિવર્સિટી-માંથી એમ. એસસી. પાસ કરી, યુનિવર્સિટીના રિસર્ચ-સ્કૉલર તરીકે કામ કર્યું; પછી ગવર્નમેન્ટ કૉલેજમાં ડેમોન્સ્ટ્રેટર બન્યા. ગાંધીજીની અસહકારની ચળવળ વખતે પોતાની સરકારી નોકરી છોડી, કૉંગ્રેસે સ્થાપેલી નેશનલ સ્કૂલમાં હેડમાસ્તર બન્યા. ૧૯૩૧માં આયુર્વેદનો અભ્યાસ કરી, વૈદું શરૂ કર્યું.

તેમની પહેલી નવલકથા 'स्वाधीनताकें पथ पर' સન ૧૯૪૨માં છપાઈ, ત્યારથી તેમની ગણના શ્રેષ્ઠ નવલકથા-લેખકોમાં થવા લાગી. અત્યાર સુધીમાં તેમની સો નવલકથાઓ પ્રગટ થઈ છે, અને હજુ થયે જાય છે.

ગુરુદત્તજીની ગુજરાતીમાં ઊતરેલી ચાર જાણીતી નવલકથાઓ 'કુટુંબ પરિવાર' (गुण्ठन), 'પ્રેમનાથ' (प्रवंचना), ધન અને ધરતી (धरती और धन), 'ભ્રષ્ટાચારને માર્ગે' (पतनका मार्ग), 'ગંગાજળ' (गंगाकी धारा) અને 'ભૂલ કોની?' (भूल) — તેમણે ગુજરાતી વાચકનો સારો ચાહ સંપાદન કર્યો છે.

કુસુમબહેન પુ. છો. પટેલ

કમુબહેનનો જન્મ ૧૯૩૪ની ૧૧મી ડિસેમ્બરે ખેડા જિલ્લામાં થયો હતો. શ્રી વિઠ્ઠલ કન્યા વિદ્યાલયમાંથી ગૂજરાત વિદ્યાપીઠની વિનીત પસાર કરીને ૧૯૫૪માં તેમણે વિદ્યાપીઠના કુલપતિશ્રી ડૉ. રાજેન્દ્રપ્રસાદ પાસે સ્નાતકની દીક્ષા લીધી.

ત્યાર બાદ અમદાવાદના મજૂર મહાજન સંઘમાં જોડાઈ મજૂર બાળકોની કેળવણીનું કાર્ય કર્યું. તે પછી કમુબહેને પચ્ચીસ વર્ષ સુધી મહાદેવ ટ્રસ્ટ

દ્વારા એલિસબ્રિજ, કોચરબ આશ્રમમાં ક્યૂરેટર-ગ્રન્થપાલ તરીકે તેમ જ જોધપુર હિલની તળેટીમાં સેટેલાઈટ વિસ્તારમાં 'સત્યાગ્રહ છાવણી'માં ખાદી-ગ્રામોદ્યોગ, વિશ્વ-સાહિત્ય અને ગાંધી-સાહિત્યની પ્રચાર પ્રવૃત્તિ, મહિલા વિકાસ અને બાળકોના કલ્યાણની પ્રવૃત્તિઓ, ધ્યાન અને કુદરતી ઉપચારની શિબિરો કરી.

૧૯૬૨માં પરિવાર પ્રકાશન, સત્યાગ્રહ છાવણી, અંબર-ખાદી-ગ્રામોદ્યોગ મ્યૂઝિયમ, ફૂલવાડી, રાતરાણી, મગનવાડી, ધ્યાન અકાદમી, ડૉ. હરિપ્રસાદ દેસાઈ મેડિકલ સોસાયટી, હેલ્થ ફૂડ સ્ટૉર, શ્રી ગોપાલદાસ જીવાભાઈ પટેલ — વિશ્વ-સાહિત્ય ટ્રસ્ટ ગ્રંથાલય અને 'સરદાર-બ્રિગેડ'ના સંસ્થાપક સભ્ય તરીકે જોડાઈ આ બધી સંસ્થાઓની સ્થાપનામાં અગ્રેસર ભાગ લઈ તેમને સંગઠિત કરવામાં ભારે જહેમત ઉઠાવી. તેમણે પુ૦ છો૦-મોરારજી સંઘર્ષમાં બહાદુરીપૂર્વક સક્રિય ભાગ લઈ છેવટ સુધી અણનમ રહ્યાં.

'સત્યાગ્રહ', 'ટંકારવ', 'પારસમણિ', 'જ્ઞાનજ્યોતિ' અને બીજાં સામયિકોમાં પ્રાસંગિક લેખો લખ્યા. અને શ્રી. મગનભાઈ દેસાઈની પ્રેરણાથી સાત શિક્ષાપત્રીઓ (ચિંતન-મણિમાળા, વિચાર-માળા, અમરવેલ, આત્મશોધન-માળા, પારસમણિ, અવળ-વાણી અને વિચારમણિમાળા) ગુજરાતી વાચકોને ભેટ આપી. તથા સાક્ષરશ્રી ગોવર્ધનરામ ત્રિપાઠી કૃત નવલકથાનો વિસ્તૃત, સચિત્ર સંક્ષેપ પ્રસિદ્ધ કર્યા. તેમ જ હિંદી લેખક ગુરુદત્તની છ નવલકથાઓ ('पतवका मार्ग — ભ્રષ્ટાચારને માર્ગે, 'गुण्ठन' — કુટુંબ પરિવાર, 'प्रवंचना' — પ્રેમનાથ, 'गंगाकी धारा' — ગંગાજળ, 'मूल' — ભૂલ કોની? અને 'धरती और धन' — ધન અને ધરતી) ગુજરાતીમાં ઉતારી.

હવે બધી પ્રવૃત્તિઓમાંથી નિવૃત્ત થઈ આરોગ્ય, સફાઈ-વિજ્ઞાન, નર્સિંગ, ગોસેવા અને બાલવાડી જેવી હળવી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલાં રહી, સ્વાશ્રયી, સ્વાવલંબી અને સ્વમાની સ્વતંત્ર જીવન જીવવાનો શોખ ધરાવે છે. તેમને વાચન, પ્રવાસ અને લોકસંપર્કનો ભારે શોખ છે. ભારતયાત્રા ઉપરાંત ઇંગ્લૅન્ડ, સ્વીડન અને નોર્વેનો પ્રવાસ પણ તેમણે બે વખત કર્યો છે.

૧૯૫૦માં તેમણે શ્રી. પુ. છો. પટેલ સાથે લગ્ન કર્યું છે. તેમને ચાર સંતાન છે: રાજુ, નાનક, પ્રીતિ અને પ્રજ્ઞા. સંપર્ક: ૧૭૦, સત્યાગ્રહ છાવણી, સેટેલાઈટ, અમદાવાદ—૧૫.

' પંજગ્રંથી '

સંપા૦ ગોપાળદાસ પટેલ　　　　　　　　　　　　　　કિં. ૧૦૦.૦૦

[પરિવાર સંસ્થાના બીજા ધર્મગ્રંથો પણ વાચકે જોવા જેવા છે : જેવા કે જપમાળા, સુખમની, જપજી, ગીતાનું પ્રસ્થાન, ગીતાનો પ્રબંધ, બુદ્ધિયોગ ૧–૨–૩–૪. ઈશાવાસ્ય ઉપનિષદ, પૂર્ણજીવનનું ઉપનિષદ, મૂંડકોપનિષદ, કેનોપનિષદ, ગુરુ નાનકનાં ભક્તિ-પદો, ગુરુ નાનકની વાણી, ભજનાવલિ, સંત કબીરની વાણી, દાદૂ ભગતની વાણી, દરિયા ભગતની વાણી, સંત મલૂકદાસની વાણી, સંત પલટૂદાસની વાણી, જ્ઞાની ભક્તની પ્રતિભા]

ઈશ્વરમાં લવલીન થઈ ગયેલા શીખગુરુઓનાં પાંચ ભક્તિ-સ્તોત્રો મૂળ, અનુવાદ, ટિપ્પણ તથા વિસ્તૃત ઉપોદ્ઘાત સાથે.

શીખગુરુઓ ઈશ્વરની ભક્તિમાં લીન બની ગયેલા ઓલિયાઓ જ ન હતા; પરંતુ પરમ તત્ત્વ – પરમ સત્ય – પરમાત્માનું દર્શન કે સાક્ષાત્કાર કરનારા આર્ષદ્રષ્ટા ઋષિઓ હતા. તેમણે પોતાને થયેલું દર્શન અર્થાત્ પોતાને લાધેલું સત્ય અન્ય જીવોને અવગત કે ઉપલબ્ધ કરાવવા શાસ્ત્રગ્રંથનું માધ્યમ સ્વીકારવાને બદલે બહુજન-ગમ્ય તેમ જ હૃદયંગમ એવું કાવ્યનું અર્થાત્ રાગબદ્ધ ભજનનું માધ્યમ સ્વીકાર્યું છે.

શીખગુરુઓ દશ છે; પરંતુ તેઓમાંથી છ ગુરુઓએ (૧-૨-૩-૪-૫ ૯) ભજનો તથા ભક્તિ-કાવ્યો રચ્યાં છે. તેમાંથી પહેલા ગુરુ નાનકનાં ત્રણ ભક્તિ-સ્તોત્રો : 'જપુજી', 'આસા-દી-વાર', 'સિધ-ગોસટિ', ત્રીજા ગુરુ અમરદાસનું 'અનંદુ', તથા પાંચમા ગુરુ અર્જુનદેવનું 'સુખમની' – એ પાંચ સ્તોત્રો આ 'પંજગ્રંથી' પુસ્તકમાં અનુવાદ, ટિપ્પણ વગેરે સાથે ઉતાર્યાં છે.

શીખગુરુઓ એક ઈશ્વરના નામ-સ્મરણ ઉપર જ ભાર મૂકે છે; તથા છેક સુધી ગૃહસ્થધર્મનું સદાચારપૂર્વક પાલન કરતા રહેવા ઉપર પણ.

૬૮ તીર્થોમાં સ્નાન કરીને પાવન થવાય તેવાં આ ભજનોને 'અમૃતવાણી' કહી છે, તે સર્વથા ઉચિત છે.

જપ-માળા

ગુરુ નાનકની વાણીમાંથી

સંપા૦ ગોપાળદાસ પટેલ કિં. ૩૦-૦૦

[સંપાદકનું નિવેદન]

ગુરુ નાનકે જગતના સત્યનો અર્થાત્ પરમ તત્ત્વ પરમાત્માનો સાક્ષાત્કાર કર્યા બાદ, જીવો ઉપરની અનહદ કૃપાથી પ્રેમ-ભક્તિપૂર્વક ઈશ્વરના નામ-સ્મરણનો અર્થાત્ ઈશ્વરને યાદ કર્યા કરવાનો માર્ગ, પોતાની સાદી-સહજ વાણીમાં પ્રગટ કર્યો છે. તે વાણીમાંથી રોજ પાઠ કરવા માટે આ "જપ-માળા" ચૂંટી કાઢી છે.

પૂર્વજન્મનાં પુણ્ય લલાટે લખાયાં હોય, તો સદ્ગુરુ – સંતની વાણી હૃદયમાં ધારણ કરવા પામીએ.

સંસાર-સાગર તરવા માટે સદ્ગુરુની વાણી જ સંપૂર્ણ સહીસલામત નૌકા છે.

ગોપાળદાસ પટેલ

દાદૂ ભગતની વાણી

ઓશો રજનીશજી કિં. ૫૦-૦૦

સંપા૦ : ગોપાળદાસ પટેલ

[પ્રકાશકનું નિવેદન]

માનવનું પ્રાચીનમાં પ્રાચીન જે સાહિત્ય ઉપલબ્ધ છે, તે વેદો છે. વેદોમાં ભૌતિક તેમ જ આધ્યાત્મિક સંસ્કૃતિના વિકાસના નમૂનાઓ સાથોસાથ જ મળી આવે છે. ખેડૂત ઇંદ્રની પ્રાર્થના કરે છે ત્યારે 'મારા ખેતરમાં વરસજો, મારો પડોશી કે જે મારો દુશ્મન છે તેના ખેતરમાં ન વરસજો' એવા, તથા અથર્વવેદના જારણ-મારણ વિદ્યાના પ્રયોગો જેવા ભાગો પણ છે, તેની સાથે સાથે બાહ્ય ભૌતિક જગતની પાછળ રહેલી આધ્યાત્મિક શક્તિઓ – દેવતાઓની સ્તુતિઓની વાત ઉપરાંત તે બધી શક્તિઓ પણ જે એક

'સત્'નાં જ 'બહુધા' કહેલાં નામો છે એવી એક પરમ તત્ત્વની – પરમ સત્યની પણ વાત છે. વેદોની સાથે સાંકળવામાં આવેલા પછીના 'બ્રાહ્મણ' કહેવાતા ગ્રંથોમાં વિવિધ યજ્ઞો દ્વારા વિવિધ ભૌતિક શક્તિઓ કે ઉપભોગો હાંસલ કરવાની વાત છે, તેમ સાથે સાથે ઉપનિષદ ગ્રંથોમાં એક એવા પરમ આત્માની – ઈશ – ની વાત પણ છે. એ પરમ સત્ય કે પરમ તત્ત્વમાંથી આપણે આવ્યા હોઈ, તેમાં પાછા સમાઈ જવાનું આપણું કર્તવ્ય છે, એ વાત પણ છે. બીજી ઘણી લૌકિક વિદ્યાઓ સંપાદન કર્યા છતાં 'શોક' દૂર થતો ન હોવાથી ગુરુ પાસે બેસી (उप + निषद्) પરમ સત્ય કે પરમ તત્ત્વ કેમ પ્રાપ્ત કરવું તેનું માર્ગદર્શન મેળવવા દોડી જનાર જિજ્ઞાસુ – મુમુક્ષુઓની વાત પણ છે.

પરંતુ એ બધો તો બહુ જૂનો ઈતિહાસ થયો. ત્યાર પછી તો બહારના વેરાન રણપ્રદેશોમાં રહેતા જંગલીઓએ આપણા દેશની ભૌતિક સંપત્તિ લૂંટી લેવા કરેલી ચડાઈઓનો જ ઈતિહાસ શરૂ થાય છે. તેમાંય મુસલમાન પરદેશીઓ તો કાફરોને ,મારવાનો, લૂંટવાનો, તથા તેમની સ્ત્રીઓને ભ્રષ્ટ કરવાનો ખુદાનો આદેશ લઈને આવેલા. તેમણે મંદિરો તોડી નાખ્યાં, મૂર્તિઓ ભાગી નાખી અને અનેક જણને કતલ કરવાની ધમકી સાથે બળાત્કારે વટલાવીને મુસલમાન બનાવી દીધા. જોકે ખુદાએ તે અંધાધૂંધીના કાળમાં પણ સંતો-ઓલિયાઓ રૂપે અવતાર લઈ લઈને ધર્મને જીવતો રાખ્યો. સંતોના સત્યને પ્રતાપે નાનક જેવા હિંદુને (શીખને) મુસલમાન શિષ્યો મળ્યા અને કેટલાય મુસલમાન ઓલિયાઓને હિંદુ ભક્તો મળ્યા. આજે પણ કેટલાય ઓલિયાઓ ઉર્સ વખતે મુસલમાન તેમ જ હિંદુ ભક્તોનો મેળો જામે છે. દાદૂનાં જ ભક્તિપદોમાં તે રામ તેમ જ અલ્લા બેઉ નામો વાપરે છે. કબીર તો મુસલમાનને ત્યાં જ જન્મ્યા હતા, પરંતુ તેમણે મુખ્યત્વે રામનામનાં પદો જ ગાયાં છે.

દેશમાં મુસલમાનો પછી ગોરા ખ્રિસ્તીઓ આવ્યા. તેઓ પણ ધર્માંતરમાં માનનારા ઝનૂની લોકો જ હતા. સેંટ ઝેવિયર જેવાએ જ્યાં જ્યાં પોર્ટુગીઝ રાજસત્તા સ્થપાઈ હતી, ત્યાં ત્યાં ગામોના બધા કૂવાઓમાં ગોમાંસ નંખાવી, આખાં ગામોને લશ્કરથી ઘેરી લઈ, ત્યાં વસતા બધા લોકોને ખ્રિસ્તી બનાવી દીધા. અને કેટલાક ઉદારમતવાદી બ્રાહ્મણોએ એમ પરાણે ખ્રિસ્તી બનાવેલાઓની આપતૂધર્મની રીતે જ્યારે શુદ્ધિ કરવાની હિલચાલ ઉપાડી. ત્યારે સેંટઝેવિયરે રોજ અમુક વજનની જનોઈઓ (બ્રાહ્મણોની કતલ કરીને) ભેગી કરવાનું આરંભ્યું. જોકે જ્યાં પોર્ટુગીઝ રાજસત્તા નહોતી, ત્યાં

અંગ્રેજ, ફ્રેન્ચ વગેરે ગોરાઓએ ભૂખે મરતા આદિવાસીઓને તથા અછૂત ગણાતા લોકોને ભોજન, હૉસ્પિટલ, સ્કૂલ, નોકરી વગેરેની લાલચ આપી ખ્રિસ્તી ધર્માંતર આરંભ્યું જે આજે પણ ચાલુ છે. ધર્માંતર કરવાથી ખુદા કયામત વખતે પેગંબરના અનુયાયીઓના અને 'ગૉડ' પોતે જિસસના અનુયાયીઓના મોટા મોટા ગુના માફ કરી દેશે એટલી જ લાલચના માર્યા ધર્માંતર કરવામાં તથા કરાવવામાં આવે છે. પણ ધર્મનું નામ કે ઈશ્વરનું નામ બદલવાથી ખરેખર આધ્યાત્મિક લાભપ્રદ એવું મૂલ્ય હાંસલ થાય છે તે જાણવાની કોઈને દરકાર નથી. દાદૂ ભગત તેથી અકળાઈને કહે છે કે, આ બધો પ્રપંચનો જ સંસાર છે. ખરી વાત તો અંતરના મળ ધોવાની છે. જ્યાં સુધી અંતરના મળ ન ધોવાય, ત્યાં સુધી ઈશ્વરના પ્રકાશની ઝાંખી અંતરમાં થાય જ નહિ; અને ત્યાં સુધી તેના પ્રત્યે પ્રેમ-ભાવ પણ શી રીતે ઉત્પન્ન થાય? તથા બધું સાંસારિક છોડીને તેનામાં લીનતા પણ?

તેથી સંતો સદ્‌ગુરુનાં સેવા-સંગ ઉપર બહુ ભાર મૂકે છે. કારણ કે, પૂરા ગુરુએ ઈશ્વરમાં લીનતા પ્રાપ્ત કરી હોવાથી તે ઈશ્વરસ્વરૂપ જ બની ગયા હોય છે. લાયક બનેલા સાધકને કે મુમુક્ષુને સદ્‌ગુરુનાં દર્શન થતાં જ પરમાત્માનાં સાક્ષાત્ દર્શન થયાં હોય એવો અનુભવ થાય છે, અને તેને લીધે પછી ગુરુ જે નામ-જપ કે ધ્યાન-સમાધિનો માર્ગ બતાવે તેમાં શ્રદ્ધાપૂર્વક તથા સર્વસમર્પણના ભાવથી તે આગળ વધે છે. કેટલાકને સદ્‌ગુરુનાં દર્શન થયા વિના પણ પહેલેથી પરમાત્મા પ્રત્યે ભક્તિભાવ આપોઆપ જ પ્રાપ્ત થયો હોય એમ દેખાય; પરંતુ આવા દાખલામાં પણ પૂર્વજન્મોમાં ગુરુનાં સેવાસંગથી સાધેલી પ્રગતિને કારણે જ આ છેલ્લા જન્મમાં તેમને પહેલેથી જ પરમાત્મા માટેનો વિરહાગ્નિ ભભૂકતો જ પ્રાપ્ત થયો હોય છે.

સંતો એ પણ કહે છે કે, સાધક કે મુમુક્ષુ લાયક બન્યો હોય ત્યારે તેને ઈશ્વર તરફ આગળ વધવાનું માર્ગદર્શન આપવા આપોઆપ સદ્‌ગુરુનો સંગ પ્રાપ્ત થાય, એવી આ સૃષ્ટિના સર્જનારની યોજના જ છે. તેમ જ તે મુમુક્ષુ ભગવદ્-ભક્તિમાં લીન બની જાય ત્યાર પછી તેના યોગક્ષેમનો ભાર પરમાત્મા પોતે જ વહન કરે, એવું પણ સૃષ્ટિકર્તાનું જ આયોજન છે.

અલબત્ત, એ બધું આપણા બધામાં પરમાત્મા પ્રત્યે સાચી પ્રેમભક્તિ ઉત્પન્ન થાય તે સારુ સંતો દ્વારા કરવામાં આવ્યું હોય છે. એટલે સંતોની વાણીનું આપણે જેટલું સેવન કરીએ તેટલું ઓછું. આપણે સદ્‌ભાગ્યે એવા એવા અનેક સંતોની વાણી આજે પણ ઉપલબ્ધ છે, એટલું જ નહિ પણ ઓશો રજનીશજી જેવાએ પણ અનેક સંતોની વાણી દેશ-પરદેશની પ્રજાઓ

સમક્ષ ચાલુ હિંદી ભાષામાં મોટા વ્યાખ્યાનરૂપે ટિપ્પણ સહિત ફરીથી તાજી કરાવી છે, એ એમનો મોટો ઉપકાર છે.

ગુરુ નાનકે કહ્યું છે કે, "હાથ-પગ, તન-દેહ જો મેલથી ભરાઈ જાય, તો પાણી વડે ધોવાથી એ મેલ ઉતારી કઢાય. મૂત્રથી કપડું જો પલીત થઈ જાય, તો સાબુ દઈને એને ધોઈ લેવાય. તેમ બુદ્ધિ જો પાપના સંગથી મલિન થઈ જાય, તો નામનો રંગ દઈને તેને શુદ્ધ કરી શકાય." (જ૦ ૨૦)

સંતો-ભક્તોની વાણી બુદ્ધિનો – અંતરનો મેલ ધોઈ કાઢવા માટે સાબુ-રૂપ છે. તે વાણીમાં તે સંતો-ભક્તાનું અંતર ઠલવાયેલું હોય છે. તેનો જેટલો સંગ કરીએ તેટલો ઓછો. જુદા જુદા પ્રદેશના જુદા જુદા સંતોએ ત્યાં પ્રચલિત પ્રાચીન પ્રાદેશિક ભાષામાં પોતાનાં ભક્તિ-પદો ગાયાં છે. ગુજરાતી વાચકને તે પદોનો ભાવ સમજવો સુગમ થાય તે માટે તેમને ઓશો રજનીશજીએ વ્યાખ્યાનરૂપે ચાલુ હિંદીમાં જે અનુવાદ આપ્યો છે, તેને આધારે આ ગુજરાતી અનુવાદ તૈયાર કરવામાં આવ્યો છે.

શ્રી. મગનભાઈ દેસાઈની અધ્યક્ષતા હેઠળ પહેલા ધોરણથી માંડીને વિનીત (મેટ્રિક) સુધીનાં ધોરણો માટેની વાચનમાળા તૈયાર કરવાનું કામ ગૂજરાત વિદ્યાપીઠે ઉપાડયું હતું ત્યારે સરદારશ્રીએ કહેવરાવ્યું હતું કે, આપણી વાચનમાળાના પાઠોમાં ભગવાનને લાવવાનું ન ભૂલશો, તથા કવિતાઓમાં ભજનો લાવવાનું. — કારણ કે, હવે પછીના જમાનામાં બાળકને કયાંય ભગવાનનું નામ સાંભળવા મળવાનું નથી.

અને સરદારશ્રીએ ભાખેલું ભવિષ્ય કેટલું બધું સાચું નીવડયું છે, તે કહી બતાવવાની જરૂર છે ખરી? ખરી વાત તો એ છે કે, વિશ્વ-સાહિત્ય અકાદમીએ ઓશો રજનીશજીએ જે સંતોનાં જે ભક્તિપદો ઉપર વ્યાખ્યાનો આપ્યાં છે, તે ભક્તિપદોના તેમણે કરેલા ભાષાંતરને ગુજરાતી અનુવાદરૂપે પ્રકાશિત કરવાનું ઠરાવ્યું, ત્યારથી જ એવું માની લીધેલું છે કે, એ ચોપડીઓ કોઈ ખરીદવાનું નથી કે વાંચવાનું નથી. પરંતુ નહેરુ-વંશે ઊભા કરલા ધર્મ-રહિત જમાનાને દરેક જણ જયાં ઊભો હોય ત્યાંથી, જે રીતે બને તે રીતે નહિ પડકારે, તો નહેરુ વંશ સાથે આખો દેશ પણ રસાતળમાં લુપ્ત થઈ જશે. એટલે અકાદમીએ આ સંત-માળા પ્રકાશિત કરવાનું આરંભીને પોતાની ટાંચી સામગ્રીથી પણ જમાનાની ધર્મરહિતતાને પડકારવાનો નિરધાર કર્યો છે.

સિનેમા અને દૂરદર્શનની સામાન્ય હૃદયો ઉપર અતિ કારમી અસર થાય છે. તેમાંય લાંચખાઉ ભ્રષ્ટ સરકારી અમલદારોના નિયંત્રણ હેઠળ મુકાયેલાં એ બે સાધનોએ તો બધાં સાંસ્કૃતિક તથા ધાર્મિક મૂલ્યોનો સમૂળગો દાટ

જ વાળવા માંડયો છે. કામશૃંગાર, દારૂ, દાણચોરી, મારામારી તથા પોલીસોના ભ્રષ્ટાચાર અને અત્યાચારથી ભરેલાં એ ચિત્રોએ આપણી પ્રજાનાં જૂનાં બધાં સાંસ્કૃતિક મૂલ્યોનો હ્રાસ કરી દીધો છે. તેમ છતાં ભગવાન છેવટે દેશની પ્રાચીન – આધ્યાત્મિક સંસ્કૃતિને બચાવી લેશે, એવી પ્રાર્થના અને આશા સાથે સંતમાળાનું આ પુસ્તક મા-ગૂર્જરીને ચરણે ધર્યું છે.

તા. ૧૨-૨-'૯૮

સંત પલટૂદાસની વાણી

ઓશો રજનીશજી કિં. ૫૦-૦૦

સંપાદક : **ગોપાળદાસ પટેલ**

સંત સેવતાં સુકૃત વાધે

[પ્રસ્તાવના]

૧

આધુનિક વિજ્ઞાન-ટેકનોલૉજીના વર્ણસંકર માનવ-પુત્રે ઘણા પદાર્થો અને ઘણાં પ્રાણીઓને કાયમ માટે દેશનિકાલ તો શું પૃથ્વી-નિકાલ – અરે અસ્તિત્વ નિકાલ કરી દીધાં છે. કેટલાક પદાર્થોને વાપરી નાખીને તો કેટલાંક પશુ-પંખીને ખાઈ નાખીને. તે પદાર્થો કે પ્રાણીઓ ઉપર તેનો કશો 'સર્વ હક સ્વાધીન' એવો દાવો ન હોવા છતાં, તથા પોતાની જ ભવિષ્યની પેઢીઓનો હક ગેરકાયદે ડુબાડવા જેવું નાલાયકપણું દાખવીને, તથા તે પેઢીઓ પોતાના હકોનું રક્ષણ કરવાની સ્થિતિમાં ન હોય તે વખતે તેમની વસ્તુઓને વાપરી નાખીને સારું વડીલપણું દાખવ્યું કહેવાય!

પરંતુ પોતાને વૈજ્ઞાનિક કહેવરાવતી અને માનતી આધુનિક પ્રજાએ **પરમાત્મા અને સંતોને** જે રીતે દેશનિકાલ કર્યા છે, તે રીત તો તદ્દન અ-વૈજ્ઞાનિક તથા અતાર્કિક જ છે. વૈજ્ઞાનિક સિદ્ધાંતોને વૈજ્ઞાનિક એ અર્થમાં કહેવામાં આવે છે કે, બીજો કોઈ પણ માણસ તેણે બતાવેલી રીત પ્રમાણે પ્રયોગ કરે તો તે પણ એ નિષ્કર્ષે જ પહોંચી શકે. પરંતુ પરમાત્મા અને સંતોને તેણે નકારી કાઢયા છે તે તો અધ્યાત્મજ્ઞાનીઓએ બતાવેલી રીતે પ્રયોગ કરી જોયા વિના જ. એમાં વૈજ્ઞાનિકપણું કે તાર્કિકપણું શું આવ્યું?

પરમાત્મા તો આમેય 'અલખ' હોવાથી કશો વાંધો ન ઉઠાવે; પણ સંતોએ અવારનવાર દેખા દઈને પરમાત્મા અને તેમને પામવાના માર્ગને

સાબુત રાખ્યા છે. એ સંતો એમ પ્રગટ થયા કર્યા ન હોત, તો પરમાત્માનું નામ જ ક્યારનું ભૂંસાઈ ગયું હોત – ગ્રંથોમાંથી તેમ જ લોકોનાં મગજમાંથી પણ.

એ સંતો પોતાની પાછળ લોકભાષામાં એટલું જ નહિ પણ સામાન્ય માનવીને પણ સુગમ એવાં ગેય ભજનો અને પદોરૂપે પોતાના અનુભવોનું તેમ જ આધ્યાત્મિક માર્ગનું નિરૂપણ કરતા રહ્યા છે. ભારતવર્ષમાં તો વચમાં એક આખો ગાળો જ એવા સંતોની શ્રેણીનો આવી ગયો, જેથી તેને 'સંતયુગ' એવું નામ પણ આપવું પડે.

એ સંતોની વાણી દરેક પ્રજાના અમૂલ્ય વારસારૂપ તથા ખજાનારૂપ છે. દરેક પ્રજાએ એ અમૂલ્ય વારસો જીવંત રાખવા બધી રીતના પ્રયત્ન કરી જવા જોઈએ. તેમાંની એક રીત તે ભજનોનો ચાલુ લોકભાષામાં અનુવાદ રજૂ કરવાની છે. ઘણી વખત એ સંતોની જૂની લોકભાષા જ તેમનાં પદોનો અર્થ સમજવામાં મુશ્કેલી ઊભી કરે છે.

ઓશો રજનીશજીએ અંગ્રેજી ભણેલી અને આઝાદીની લડત દરમ્યાન તથા આઝાદી મળ્યા બાદ ન કલ્પી શકાય તેવા નૈતિક અધઃપાતને પંથે પળેલી ભારતીય પ્રજામાં તેમ જ પરદેશની બીજી પ્રજાઓમાં આધ્યાત્મિક ઉત્થાન માટે વ્યાખ્યાનો, શિબિરો, ટેપો, કૅસેટો અને પુસ્તક-પ્રકાશન દ્વારા જે અમૂલ્ય કાર્ય કર્યું છે, તે ખરેખર અતિ પ્રશંસનીય છે.

તેમાંય ૩૫ થી ૪૦ પરદેશી સંતો અને સૂફીઓનાં પદો ઉપર અનુવાદ, ટિપ્પણ, પ્રશ્નોત્તરી સાથે જે મોટાં વ્યાખ્યાનો તેમણે આપ્યાં છે, તે તો ખાસ ઉલ્લેખનીય છે. પોતાને વિષે જુદે જુદે સમયે જુદી જુદી મહત્તા અર્પણ કરતા તે અધ્યાત્મજ્ઞાનીએ જુદા જુદા સંતોનાં ચરિત્ર અને પદો રજૂ કરતી વખતે પોતાની જાતને જરા પણ આગળ કરી નથી; પરંતુ તે તે સંતની તથા તે સંતનાં પદોની મહત્તા અને મૂલ્યવત્તાને જ આગળ કરી છે. સાચી 'સ્વરાજ'-સરકારે દેશની રાજમાન્ય બધી ભાષાઓમાં તે પુસ્તકોના અનુવાદો પ્રકાશિત કરી દેવા જોઈતા હતા. ઓશો રજનીશજીએ જે મહા-કાર્ય કર્યું છે, તેનો લાભ સમસ્ત ભારતીય પ્રજાને એ રીતે સુલભ કરી આપવો એ કોઈ પણ આઝાદ સરકારની ફરજ છે.

એવા જ કંઈક આશયથી વિશ્વ-સાહિત્ય અકાદમીએ સંતમાળાનું ગુજરાતી સંક્ષિપ્ત અનુવાદરૂપે પ્રકાશન-કાર્ય હાથ ઉપર લીધું છે. ઓશો

રજનીશજીએ પોતાના હિંદી અનુવાદમાં જે મુદ્દા ઉપર ભાર મૂક્યો છે તથા જે બાબત ઉપર લાંબું ટિપ્પણ કર્યું છે, તેને સમાવી લઈ સંતમાળાના આ ગુજરાતી અનુવાદો શ્રી. ગોપાળદાસ પટેલે તૈયાર કર્યા છે. એટલે તેમાં ઓશો રજનીશજીની વિદ્વત્તાનો, આધ્યાત્મિકતાનો અને ભાષ્યકાર તરીકેનો જેટલો લાભ લઈ શકાય તેટલો લેવામાં આવ્યો છે. આ સંતમાળા એ રીતે મા-ગૂર્જરીના શણગારમાં અને સુસજ્જતામાં અગત્યનો ઉમેરો કરશે.

મનુષ્યોના જીવનને ક્ષણવારમાં પલટી નાખે એવા સંતોનો સીધો સંગ તો કોઈ લાયક બડભાગીને જ મળે; પરંતુ તેમણે લોકભાષામાં ગાયેલાં પદો તો સદાકાળ સૌને ઉપલબ્ધ રહેવાનાં જ. સામાન્ય જન પણ તેમનો યથોચિત લાભ ઉઠાવી શકે એવા સ્વરૂપમાં તેમને ઉપલબ્ધ કરતા રહેવું જોઈએ. ઓશો રજનીશજીએ હિંદી ભાષામાં તે મહત્ કાર્ય ઘણે અંશે તો પાર પાડી દીધું છે. હવે દેશની જુદી જુદી લોકભાષાઓએ — પ્રાદેશિક ભાષાઓએ — આગળ આવી ઓશો રજનીશજીએ આરંભેલું કાર્ય પૂરું કરી દેવું જોઈએ.

૨

વિજ્ઞાન-ટેક્નોલૉજીના આધુનિક જમાનામાં પરમાત્મા વિષે અને સંતો વિષે જેટલી શંકાઓ અને મશ્કરીઓ ઉઠાવવામાં આવે છે, તેમનો પાર નથી. તેથી જેમણે પરમ સત્ય-પરમાત્માનો સાક્ષાત્કાર કર્યો છે તેવા ગુરુ નાનકનાં શબ્દોમાં તે બે વિષે કરેલાં વિધાનોમાંથી કેટલાંક અત્રે ઉતાર્યાં છે. આધુનિક વૈજ્ઞાનિકો જેટલી હિંમતથી પરમાત્મા અને સંતના અસ્તિત્વ તથા મહત્તા બાબત ઠેકડી ઉરાડે છે, તેના કરતાં કેટલાય ગણી દૃઢતાથી તથા સ્પષ્ટતાથી ગુરુ નાનકે તે બે વિષે પ્રશંસાનાં વિધાનો કર્યાં છે. વાચકના મનમાં શરૂઆતથી જ પરમાત્મા અને સંતો વિષે અશ્રદ્ધા કે શંકા જેવું હોય તે દૂર થઈ જાય, અને તેમને વિષે સાચી વિચારસરણી ઊભી થાય એ તેનો હેતુ છે. પરમાત્મા અને સંત વિષે પોતાનું અંતર સાફ કર્યા પછી તેમની વાણીનો મર્મ સહેલાઈથી વાચકને અવગત થશે એની ખાતરી છે. આજની ધર્મરહિતતાને બહાદુરીપૂર્વક પડકારવામાં નહિ આવે તો આખો દેશ રસાતળમાં લુપ્ત થઈ જશે. એટલે અકાદમીએ આ સંત-માળા પ્રકાશિત કરવાનું આરંભીને પોતાની ટાંચી સામગ્રીથી પણ જમાનાની ધર્મરહિતતાને પડકારવાનો નિરધાર કર્યો છે.

મન કૂદકો મારીને ઝડપી લે એવી ચોપડીઓ વર્ષો કે દાયકાઓ પછી વાંચવામાં આવી હોય તો તે શ્રી. ગોપાળદાસ પટેલની ગુરુ નાનકની વાણી, સંત કબીરની વાણી, સંત મલૂકદાસની વાણી, દાદૂ ભગતની વાણી, દરિયા ભગતની વાણી, જપમાળા, પંજગ્રંથી, જપજી, સુખમની, ભાગવત, યોગવસિષ્ઠ, સરસ્વતીચંદ્ર, લે-મિઝેરાબ્લ, થ્રી-મસ્કેટિયર્સ અને તેમની બીજી વિશ્વ-કથાઓ.

તા. ૨–૭–'૯૯ પુ૦ છો૦ પટેલ

ગોપાળદાસની ત્રીજી પુણ્યતિથિ

બાબા મલૂકદાસની વાણી

ઓશો રજનીશજી કિં. ૨૫-.૦૦

સંપાદક : ગોપાળદાસ પટેલ

મસ્તીનું ધર્મ-સરોવર

[પ્રકાશકનું નિવેદન]

૧

દેશ-પરદેશના ચૂંટી કાઢેલા સંતો, ભક્તો, સૂફીઓ અને ફકીરોનાં ગુણગાન કરીને રજનીશજીએ જગતના કેટલાય લોકોને ધન્ય કરી દીધા છે. કહેવું હોય તો એમ પણ કહી શકાય કે, તેની આખા શરીરની જૂની ચામડી ઊતરી જઈને જાણે આખી નવી ચામડી આવી ગઈ — જાણે પોતે બીજી કોઈ નવી વ્યક્તિ જ બની ગયો.

જોકે આ પરિણામ આવવામાં વ્યાખ્યાનના વિષય કરતાં કે શ્રોતાઓની કક્ષા કરતાં વ્યાખ્યાન આપનારનું વ્યક્તિત્વ જ મુખ્ય ભાગ ભજવતું હોવું જોઈએ. નહિ તો ઍટમો અને સેટેલાઈટોના આ યુગમાં બાવા-ફકીરોનાં ચરિત આટલો રસ ન જમાવે. રજનીશજીએ કેટલાંક વ્યાખ્યાનો અંગ્રેજીમાં તથા કેટલાંક હિંદીમાં આપ્યાં છે. એ બધાં વ્યાખ્યાનો દેશની બધી પ્રાદેશિક ભાષાઓમાં ઉતારીને પ્રકાશિત કરવાં જોઈએ. આમેય આ બધા સંત-ફકીરો જુદા જુદા પ્રદેશોના જ હોય છે.

ગુજરાતમાં બાવો અખંડાનંદ એવો નીકળ્યો જેણે 'સસ્તી' ગીતાથી શરૂઆત કરીને મોટાં મોટાં પુરાણો, તથા મહાભારત જેવા તોતિંગ ગ્રંથો પણ, વેચાશે કે નહિ, તેની પરવા કર્યા વિના, ધડાધડ પ્રકાશિત કરવા માંડયા. પછી તો "વિવિધ ગ્રંથમાળા"ને નામે ઉપયોગી તથા વાંચવા

લાયક પુસ્તકોની હારમાળા જ પ્રકાશિત કરી દીધી. તમને નવાઈ લાગશે કે ઓરિસન સ્વેટમાર્ડનનાં 'આગળ ધસો' જેવાં પ્રેરક પુસ્તકોના અનુવાદો પણ તેમણે બહાર પાડયા. એ યુગને 'અખંડાનંદ યુગ' જ કહેવો પડે.

પછી આવ્યા ગાંધીજી અને આઝાદીની મહાન લડત. તેની સાથે આવ્યું નવજીવન પ્રકાશન મંદિર અને ગૂજરાત વિદ્યાપીઠ. આઝાદી આવ્યા પછી આવ્યું પરિવાર પ્રકાશન મંદિર જેણે ગાંધીજીના સાહિત્ય ઉપરાંત વિશ્વ-સાહિત્ય કહેવાય એવાં પુસ્તકોના અનુવાદોનો પણ ઢગલો વાળી દીધો.

પણ હવે આવ્યો મરણકાળે ભાગવતની સપ્તાહ સાંભળી રાજા પરીક્ષિતની પેઠે પરલોક સિધાવવાનો યુગ. હજુ પ્રકાશનકાર્ય ગુજરાતીમાં થાય છે, પણ અઢીસો ત્રણસો રૂપિયાની કિંમતની કવિતાની, નિબંધની, જીવનચરિત્રની કે નવલકથાની ચોપડી ખરીદીને કોણ વાંચી શકે? એટલે ઘણીખરી તો સરકારી ગ્રાંટવાળી લાયબ્રેરીઓમાં કે સ્મારક પુસ્તકાલયોમાં જતી હશે. નવજીવન પ્રકાશન તથા વિદ્યાપીઠ પ્રકાશનની તો "મોરારજી"-સપ્તાહ મંડાઈ ગઈ. હજુ ગુજરાતમાં તથા મુંબઈમાં બે-ચાર ગુજરાતી પ્રકાશન-સંસ્થાઓ ચાલે છે જેમનાં પ્રકાશનોનાં લાંબાં લીસ્ટ વાંચીએ તો આભા થઈ જવાય.

આ સ્થિતિમાં રજનીશજીના સંતો-સૂફીઓની રચનાઓના ગુજરાતીમાં અનુવાદો પ્રસિદ્ધ થવા અસંભવિત છે. નવો ગુજરાતી વાચક, અને તેય યુનિવર્સિટીમાં તથા કૉલેજમાં ભણતો યુવક સંત અને ફકીરનું નામ સાંભળીને જ મોઢું મરડે, ત્યાં રજનીશજીનાં લાંબાં ટિપ્પણોવાળા અનુવાદો જોઈને તો ભાગી જ જાય. કારણ કે, જે પુસ્તકો ખાસાં મોટાં છે, તથા કેટલાંક પુસ્તકોના તો ચાર-પાંચ-દશ-પંદર જેટલા ભાગો પણ છે. તે પુસ્તકોના અનુવાદો કરાવી છપાવીને પ્રસિદ્ધ કરાવનાર કોઈ ઉત્સાહી પ્રકાશક નીકળે તેની તો રાહ જ જોવી રહી.

પરંતુ વિશ્વ-સાહિત્ય અકાદમીએ વચલો માર્ગ કાઢી તે પુસ્તકો કેવાં હશે તેનો સ્વાદ માત્ર ચાખવા મળે તેવા નાનકડા અનુવાદોમાં તે 'સંતવાણી' પ્રકાશિત કરવા નિર્ણય લીધો છે. તેમાંના 'બાબા મલૂકદાસની વાણી' પુસ્તક માટે શરૂઆતમાં રજનીશજીએ મલૂકદાસજીનો પરિચય કરાવવા જ લખેલું છે તેમાંથી થોડાક ભાગનો અનુવાદ નીચે રજૂ કર્યો છે. તે ઉપરથી સંતો અને ફકીરો ઉપરાંત રજનીશજી જેવા વિવેચકોનો પણ કંઈક પરિચય ગુજરાતી વાચકોને પણ કંઈક પરિચય મળી રહેશે. રજનીશજી કહે છે —

૨

બાબા મલૂકદાસ — એ નામ સાંભળતાં જ મારી હૃદય-વીણાના બધા તાર ઝણઝણી ઊઠે છે. જાણે અચાનક વસંત ઋતુ બેસી ગઈ અને અચાનક હજારો ફૂલોનો વરસાદ વરસ્યો.

નાનકથી હું સારી પેઠે પ્રભાવિત થયો છું; કબીરથી હું ચકિત થયો છું; પણ બાબા મલૂકદાસની તો મને મસ્તી જ ચડી છે. આવાં નર્યા શરાબમાં ડૂબેલાં હોય એવાં મસ્ત આકળાં વચન બીજા કોઈ સંતનાં મેં જાણ્યાં નથી.

નાનકમાં જાણે ધર્મનો અર્ક તારવી કાઢીને ભરેલો છે; જોકે નર્યો લૂખો-સૂકો. કબીરમાં ધર્મને નામે ચાલતા અધર્મને પડકાર છે — ભારે ક્રાંતિકારી, ભારે વિદ્રોહી. મલૂકમાં ધર્મની મસ્તી છે, ધર્મનું પરમહંસ રૂપ. ધર્મને જેણે પીધો હોય તે કેવો હોય? ધર્મનું સાર-તત્ત્વ સૌ કોઈને કહેવાની તેને ચિંતા નથી; કે ન અધર્મથી લડવાનો કોઈ આગ્રહ. ધર્મનો શરાબ જેણે પીધો હોય, તેના જીવનમાં ધર્મની મસ્તીના કેવા તરંગો ઊઠતા હશે વારુ?

જેમ વૃક્ષ પોતાનાં ફૂલોમાં ઝરી જાય છે, તેમ બાબા મલૂકદાસ પોતાનાં વચનોમાં — પોતાનાં ગીતોમાં ઝરી ગયા છે. તેમનાં વચનોને કોઈનું સમર્થન — કોઈનો ટેકો નથી, તેમ કોઈનો વિરોધ પણ નથી. તેમના જીવનમાં જે કંઈ ભરાયું કે એકઠું થયું છે તેનો જ સ્વાભાવિક પ્રવાહ તે છે. જેને મસ્ત જ થવું છે, જેને ન તો ધર્મની કોઈ તાર્કિક વ્યાખ્યા કરવી છે કે ન અધર્મ સાથે કોઈ સંઘર્ષ, જેને પોતાની અંદર પડેલી વીણાને ઝંકૃત કરી લેવી છે, જેને ઝંકૃત કર્યા વિના ન તો કોઈ સત્ય જાણી શકાય છે કે ન અધર્મ સાથે કોઈ સંઘર્ષ સંભાવિત છે.

મલૂક કરતાં વધુ સુંદર સરોવર તમને બીજે ક્યાંય નહિ મળે. જે તરસ્યો છે, તથા જેને પોતાની તરસ બુઝાવવાની આતુરતા છે, જળ સંબંધી વિવેચન કરવાની જેને ચિંતા નથી, તે તો માત્ર એટલું જ કહે છે કે, અમે તરસ્યા છીએ, અમારે તો પાણી જોઈએ, નહિ કે પાણી સંબંધી વિવેચન. ખરે જ પાણીની તરસ મિટાવવા પાણી કયા વાયુઓનું બનેલું છે એવી તેની વ્યાખ્યા સમજવાની ક્યાં જરૂર પડે છે? તમે જાણી લો કે પાણી કયા બે વાયુ ભેગા મળવાથી બને છે, કોઈ તમને સમજાવી દે કે ઑક્સિજન અને ઉદ્દજન વાયુઓ (H_2O) પ્રમાણમાં મળવાથી પાણી બને છે, તો પણ તમારી તરસ નહિ બુઝાય. તરસ તો પાણીથી જ બુઝાય. તરસ બુઝાવવા માટે નીચા નમી સરોવરમાંથી પાણીનો ખોબો ભરી લાવવાની જ જરૂર છે.

મલૂકદાસ એવું સરોવર છે કે તમે નીચા ઝૂકીને ખોબો ભરશો તો તૃપ્ત થઈને જ ઊઠશો. તમે જો રાજી થઈને તમારા હૃદયનાં દ્વાર ખુલ્લાં મૂકશો, તો મલૂકના તરંગો તમારામાં ઝંકાર પેદા કરી મૂકશે. તમે નાચી ઊઠશો. એ નાચમાં જ તમારું રૂપાંતર થવા લાગશે, અને એ રૂપાંતર સાથે જ પરમાત્માનો આવિષ્કાર.

૩

એમણે કહેલું એક વચન જ લોકોને યાદ છે; બાકીનાં બધાં ભુલાઈ ગયાં છે. એ વચન બહુ પ્રસિદ્ધ થઈ ગયું પણ તેનો અર્થ ખોટો જ સમજવામાં આવ્યો. એ વચન છે—

अजगर करे न चाकरी, पंखी करे न काम ।
दास मलूका कहि गया, सबके दाता राम ॥

આ સીધા-સાદા લાગતા વચનના બે અર્થ થઈ શકે છે. તમે તમારા અધિકાર મુજબ જે અર્થ પસંદ કરો તે કાં તો તમારો માર્ગદર્શક બને, અથવા તમને માર્ગભ્રષ્ટ કરનાર પણ બની શકે. તે વચનમાં એટલું જ કહ્યું છે કે, અજગર મજૂરી કરવા જતો નથી તથા પંખીઓ ખેતરો અને વાડીઓ ઉછેરવાનું કપરું કામ પણ કરતાં નથી, છતાં પોતાને રોજ ખાવાનું પામે છે. એનું કારણ એટલું જ છે કે, સૌને ખાવાનું આપનાર—જોગવનાર પ્રભુ રામ છે. તેનો ભંડાર ભરેલો જ રહે છે—કદી ખૂટતો નથી.

ઉપર જણાવ્યું તેમ સાદા શબ્દોમાં કહેવાયેલા આ દોહાના બે અર્થ થાય છે—અર્થ કરનારના અધિકાર પ્રમાણે.

પરમાત્મા જ સૃષ્ટિનું બધું તંત્ર ચલાવે છે, તેમણે વિવિધ પ્રાણીઓ સર્જ્યાં છે, તો તેમના નિર્વાહની—ખાન-પાનની જોગવાઈ પણ તેણે જ કરી રાખી છે. એટલે કશી ચિંતા કર્યા વિના તું ભગવાનના નામનું જ સ્મરણ કર્યા કર—એવો અર્થ મલૂકદાસ જેવા ભોળાભાલા ભક્તને સૂઝે.

ત્યારે આળસુ હરામખોર લોકો તેમાંથી એવો અર્થ કાઢે કે, જુઓ અજગર કશી મજૂરી કર્યા વિના ઝાડની તોતિંગ ડાળો ઉપર વીંટાઈને પડ્યો રહે છે, અને તેને ખાવા જોઈતાં પંખીઓ અને પ્રાણીઓ તેના મોંમાં આવીને પડ્યા કરે છે. બીજી બાજુ પંખીઓ ખેતરો ખેડવા—વાવવા તથા લણવાની મહેનત કરવા જતાં નથી, છતાં તેમને ખાવા જોઈતું અનાજ—તેના દાણા તેને ખેડૂતે પકવેલા ખેતરના પાકમાં તૈયાર મળે છે. માટે ખાવા-પીવા માટે કમાવાની ધમાલમાં પડ્યા વિના આરામથી પડી રહો, ભગવાન

રામ બધાંનું ખાવાનું પૂરું પાડે છે. તે માટે માણસે કશી ધમાલ કરવાની જરૂર નથી:

બંને અર્થોમાં ભગવાનની વાત છે; પરંતુ આળસુ હરામખોર માણસ બધું ભગવાન કરી આપશે માટે આપણે કશી મહેનત કરવાની જરૂર નથી એમ કહીને અજગર તથા પંખીના દાખલા ઊંધા અર્થમાં રજૂ કરે છે. અજગરને પ્રાણીઓ અને પંખીઓ પકડવા આખો વખત લાંબી ડાળ ઉપર વીંટાઈને પડી રહેવું પડે છે, જેથી પ્રાણીઓ અને પંખીઓ ત્યાં ઝાડની ડાળી જ છે એમ માની તેના શરીર ઉપર કૂદાકૂદ કરવા માંડે અને તેના ઉઘાડા રાખેલા મોંમાં ઝડપાઈ જાય. અજગરની પેઠે એમ આખો દિવસ સ્થિર પડી રહેવું એ સહેલી વાત નથી. પંખીઓ પણ જ્યાં ખેતરો કે વાડીઓ લહેરાઈ રહી હોય ત્યાં પોતાનાં નાનાં બચ્ચાંને માળામાં એકલાં છોડી માળાથી ઘણે દૂર જાય છે ત્યારે બચ્ચાંને જોઈતા કુમળા દાણા ચાંચમાં ભરી લાવી શકે છે. એ ઓછી મજૂરી કે ચિંતાની વાત નથી. પણ આળસુ માણસ તેને દાણા માટે ખેતર વાવવાની મહેનત કરવી પડતી નથી એમ કહીને ભગવાન જ બધી જોગવાઈ કરી આપે છે એવો ખોટો અર્થ લે છે, ત્યારે ભક્ત બચ્ચાંને ભગવાનને ભરોંસે એકલાં મૂકીને દૂર જાય છે. એકલાં મૂકી દૂર દાણા ભેગા કરવા જાય છે, તે દરમ્યાન ભગવાન તેનાં બચ્ચાંનું રક્ષણ કરે છે એવો ભગવાન ઉપર પ્રેમનો તથા વિશ્વાસનો અર્થ લે છે અને ભગવાનને વધુ યાદ કરે છે.

આમ એક જ હકીકતમાંથી આળસુ માણસ આળસુ થઈને પડયા રહેવાનો પાઠ શીખે છે, ત્યારે ભક્ત ભગવાનની કૃપા અને દયાળુતા ઉપર ભાર મૂકી ભગવાનને વધુ પ્રેમ કરતો થાય છે.

તા. ૨-૧૦-'૯૯ ગાંધી-જયંતી] પુ૦ છો૦ પટેલ

'કુવેન્ટિન ડરવાર્ડ'

યાને

હિંમતે મર્દા   કિં. ૧૦૦-૦૦

કેનિલવર્થ

યાને

પ્રીત કિયે દુઃખ હોય   કિં. ૨૦-૦૦

સર વૉલ્ટર સ્કૉટ
સંપાદક: ગોપાળદાસ પટેલ

[સંપાદકનું નિવેદન]

૧

વિશ્વ-સાહિત્યમાંથી વિક્ટર હ્યૂગો, અલેક્ઝાન્ડર ડૂમા, ચાર્લ્સ ડિકન્સ વગેરે વિખ્યાત લેખકોની જાણીતી નવલકથાઓ ગુજરાતીમાં બૃહત્ સંક્ષેપ રૂપે ઉતારવાનું કામ હાથ ધર્યું હતું તે વેળા સર વૉલ્ટર સ્કૉટની જાણીતી નવલકથાઓના સંક્ષેપો પણ ગુજરાતીમાં તૈયાર કરવાનો સંકલ્પ હતો. તે હવે આટલાં વર્ષ બાદ ફળીભૂત થાય છે તેથી આનંદ થાય છે.

આવી નવલકથાઓનો રસ ચિરંતન હોય છે. કદી વાસી થતો નથી કે ઊતરી જતો નથી. એ વસ્તુ ગુજરાતીમાં ઉપરોક્ત નવલકથાકારોના સંક્ષેપોને ગુજરાતી વાચકો દ્વારા મળેલા હાર્દિક આવકારથી અવગત થઈ જ હતી. તે જ પ્રમાણે સર વૉલ્ટર સ્કૉટની 'પ્રેમ-શૌર્ય-અંકિત' નવલકથાઓને પણ ગુજરાતમાં આવકાર મળશે જ એની ખાતરી છે. કારણ કે, ગુજરાતી વાચકનું હાર્દ પણ નર્મદ કવિએ ગાયું છે તેમ પ્રેમ-શૌર્ય-અંકિત જ છે. ભલે ઉપર ઉપરથી તે પ્રદેશ નર્યો વેપારી-વાણિયાના પ્રદેશ તરીકે જાણીતો હોય, પરંતુ વસ્તુતાએ ગુજરાત-કાઠિયાવાડના કેટલા મોટા પ્રદેશો કાઠીઓ-રજપૂતો-ઠાકોરો વગેરે પ્રાચીન કાળમાં શૂરવીર લડવૈયા તરીકે પંકાયેલી કોમોથી ભરેલા છે. તે કોમો પ્રેમ-શૌર્યના રંગથી કેટલી રંગાયેલી હતી તે તો તેમની પ્રકાશિત થયેલી થોડીઘણી લોક-સાહિત્યની 'રસ-ધાર'થી જ સાબિત થયું છે.

અને ગુજરાતના વાણિયા તથા ખેડૂતો પણ પ્રેમ-શૌર્યથી કેટલા છલકાતા હોય છે તે આઝાદીની લડત વખતે તે વર્ગોમાંથી આવેલા ગાંધીજી અને સરદાર પટેલથી સાબિત નથી થયું?

૨

પ્રસિદ્ધ નવલકથા-લેખક સ્કૉટ પણ ઇંગ્લૅન્ડ-સ્કૉટલૅન્ડને લગતી, અને મુખ્યત્વે પોતાના વતન સ્કૉટલૅન્ડને લગતી ઐતિહાસિક નવલ-કથાઓ વડે પ્રેમશૌર્યની કથાઓનો જ અદ્ભુત રસ રેલાવે છે. ૧૭૯૨માં બૅરિસ્ટર થયા પછી વૅકેશનો દરમ્યાન સ્કૉટ પોતે સરહદી વિસ્તારોમાં લોકગીતો અને લોકકથાઓ ભેગી કરવા ફર્યા કરતા. અને તેમાંથી તેમણે પોતે કેટલાક જાણીતા વીરરસની કથાઓવાળા રાસડાઓ ૧૮૦૫થી ૧૮૧૦માં રચ્યા. ત્યાર બાદ તેમણે રોમાંચક અદ્ભુત-કથાઓ લખવાનું શરૂ કર્યું. તેમનું 'વેવર્લી' ૧૮૧૪માં પ્રસિદ્ધ થયું. ત્યાર પછી ૧૮૧૯ સુધીમાં તેમની નવેક નવલ-કથાઓ પ્રસિદ્ધ થઈ. તે એવી લોકપ્રિય નીવડી કે ૧૮૨૦માં તેમને બૅરોનેટ બનાવવામાં આવ્યા.

૧૮૨૦માં તેમની 'આઈવનહો' નવલકથા પ્રસિદ્ધ થઈ. અને તે પછી તો ઐતિહાસિક નવલકથાઓની હારમાળા જ આરંભાઈ. તેમાંની 'કવેન્ટિન ડરવાર્ડ' ૧૮૨૩માં પ્રસિદ્ધ થઈ. ૧૮૨૫ સુધીમાં બારેક તેવી નવલકથાઓ પ્રસિદ્ધ થયા બાદ સ્કૉટ એક મોટી આર્થિક સંકડામણમાં અટવાઈ પડયા. બૅલેન્ટાઈન પ્રકાશન સંસ્થામાં તેમણે ખૂબ જ મૂડી-રોકાણ કર્યું હતું. તે કંપનીએ ૧૮૨૫માં દેવાળું કાઢયું, ત્યારે સ્કૉટે બહાદુરીભેર એ આખું દેવું પોતાની ઉપર ઓઢી લીધું. ત્યાર પછી તેમણે પોતાનું હીર નિચોવી-નિચોવીને સતત લેખનકાર્ય ચલાવ્યે રાખ્યું; અને તેમના મૃત્યુ સુધીમાં તેમનાં પુસ્તકોના વેચાણમાંથી એ બધું દેવું ભરપાઈ થઈ ગયું

સ્કૉટના જીવનમાં પરાક્રમ અને હિંમતના આવો અદ્ભુત-રસ ભારોભાર ભરેલો હતો.

તેમની નવલકથાઓમાંથી 'કવેન્ટિન ડરવાર્ડ' નવલકથા ગુજરાતી સંક્ષેપ માટે પહેલી પસંદ કરવાનું એક કારણ એ છે કે, અગાઉ સંપાદન કરેલ વિકટર હ્યૂગોની 'હંચબૅક ઑફ નોત્રદામ' ('ધર્માધ્યક્ષ') નવલકથાના સ્થળ-કાળને સ્પર્શતી જ એ નવલકથા છે. અર્થાત્ ફ્રાંસના રાજા લૂઈ-૧૧ના સમયની (૧૪૨૩-૮૩). તેમ જ આખી કથા ફ્રાંસની ભૂમિ ઉપર જ મંડાય છે અને પૂરી પણ થાય છે.

અલબત્ત, તેનો નાયક સ્કૉટલૅન્ડનો એક ઠાકોર ખાનદાનનો જુવાનિયો છે. તેનું આખું કુટુંબ એ ખાનદાનોની અંદરઅંદર ચાલતી લડાઈઓમાં ખતમ થઈ ગયા બાદ, તે એકલો બચી નીકળી પોતાના મામા કે જે ફ્રાંસમાં રાજા લૂઈ-૧૧ના સ્કૉટિશ સંરક્ષક-દળમાં નોકરી બજાવતા હોય છે, તેમની મદદથી તેવી જ નોકરી મેળવવાની ઇચ્છાથી ફ્રાંસ તરફ ચાલ્યો આવે છે. તે ફ્રાંસના રાજાના તુરમાં આવેલા રાજગઢ સામેની નદીને કિનારે વાર્તામાં પ્રવેશ કરે છે, ત્યારથી જ આ પ્રેમશૌર્યની કથાનો જે રસપ્રવાહ મંડાય છે, તે આ નવલકથાની છેલ્લી લીટી સુધી અસ્ખલિત વહ્યે જાય છે.

આપણે ત્યાં પણ રાજપૂતોની તથા કાઠીઓની એવી જ વીરરસભરી અનેક ચારણ-કથાઓ જાણીતી છે. રાજસ્થાન અને સૌરાષ્ટ્ર તો એવી કથાઓનાં ધામ છે. સ્કૉટલૅન્ડની વીરકથાઓના એક સુપ્રસિદ્ધ લેખકની આ કથાઓ ગુજરાતી વાચકોને પણ ગમશે તથા તેમને પ્રેમશૌર્યના રસથી તરબોળ કરશે, એવી આશા છે.

૩

પ્રેમ અને શૌર્ય એ કોઈના પણ જીવનમાં અદ્ભુત રસ પૂરવા માટે પૂરતાં સમર્થ બળો છે. અને માનવજીવન મુખ્યત્વે એ બેથી જ રસભર્યું બન્યું છે. પરંતુ એ બંનેયની ઊતરતી હીન કક્ષાઓ પણ હોઈ શકે છે; અને એમ બને ત્યારે તેમના જેવી માનવજીવનને ભ્રષ્ટ અને બરબાદ કરનારી ચીજો પણ બીજી કોઈ નથી. એટલે એ બે વસ્તુઓની કથાઓનું સેવન બહુ સાવધાનીથી કરવા જેવું છે. કોઈ પ્રતિભાશાળી વિરલ લેખક જ એ બે ભાવોને નિર્ભેળ શુદ્ધ સ્વરૂપમાં રજૂ કરી શકે. આ નવલકથા જ જુઓ — પહેલેથી છેલ્લે સુધી એમાં પશ્ચાદ્ભૂમિકામાં એક સુંદર સ્ત્રી જ વ્યાપી રહી છે, કવેન્ટિનની કથા મંડાય છે ત્યારથી જ — મલબેરી-મંડપ લૉજમાંથી જ — ઈસાબેલા તેના જીવનમાં દાખલ થાય છે, અને છેવટ સુધી રહે છે. છતાં તે એના પરાક્રમી જીવનના એક પ્રેરકબળ તરીકે જ રજૂ થાય છે — અને રહે છે. નવલકથાની લગભગ છેલ્લી લીટીમાં જ તેમના લગ્નની હકીકત નોંધાય છે; છતાં આખી નવલકથામાં તેમનો પ્રેમ-ભાવ જ તેના મુખ્ય સૂત્ર તરીકે આખી વાર્તાના રસ-પ્રવાહને ધારણ કરી રાખે છે. કોઈ પણ બીજા સામાન્ય લેખકના હાથમાં આ નવલકથા પ્રેમ-શૌર્યને બદલે સ્થૂલ ભોગ-રસમાં પણ પરિણત થઈ હોત. પ્રેમ-રસને ક્ષુલ્લક ભોગરસમાં સરકી જતાં વાર નથી લાગતી. પ્રેમી પાત્રોના ઉદાત્ત અને શૌર્યભર્યા સ્વચ્છ જીવન-કાર્યથી જ તે રસની પ્રેરક-બળ તરીકેની તાસીર જળવાઈ રહે છે.

અલબત્ત, સ્ત્રી-પુરુષના પ્રેમ-રસની વસ્તુ આજના જેવા સામાન્ય સુખેશી જમાનાઓમાં તેની હીનમાં હીન કોટીએ જ પ્રગટતી હોય છે. આપણા દેશમાં જેમકે અત્યારે એ વસ્તુ કુટુંબનિયોજનનાં પ્લાસ્ટિકો કે નસ્તરોમાં જ અટવાઈ ગઈ છે. અને તેથી જ પશ્ચિમ હિંદના એક અગ્રગણ્ય અંગ્રેજી છાપાના ફિલ્મ-પ્રકાશનમાં એક કટાર-લેખક, જ્યારે તેને પ્રશ્ન પૂછવામાં આવે છે કે તમને કેવી સ્ત્રી ગમે — વાંકા પોપટ-નાકવાળી (હૂકડ્) કે સીધા નાકવાળી? ત્યારે તે જવાબ આપે છે — મને તો 'લૂપ્ડ' — આંકડી નાખેલી નાખેલી સ્ત્રી ગમે!

ભારતસરકાર દેશના સાહિત્યકારો — નવલકથા-લેખકો — કવિતા-લેખકો — ચિત્રકારો — ફિલ્મ નિર્માતાઓ — એ સૌની પાસે કુટુંબ-નિયોજનના કામ માટે જ મદદ માગી રહી છે. તેને સમગ્ર સાહિત્ય-કળા દ્વારા માત્ર એ એક જ લક્ષ્ય સિદ્ધ કરવું છે.

અને તે માટે રૂપાળી દલીલ એવી કરાય છે કે, દેશની સંપત્તિ મર્યાદિત છે એટલે એને ભોગવનારાં અમર્યાદિત ન હોવાં જોઈએ. અર્થાત્ અત્યારની પેઢીના હાથમાં દેશની જે કંઈ ધનસંપત્તિ આવી છે, તેનો ઉપભોગ તેણે જ ઘરડા થઈ મરતા સુધી કર્યા કરવો — નવી સંતાનોત્પત્તિ દ્વારા જેટલા તેમાં હિસ્સેદારો વધશે, તેટલું તેનું જ સુખચેન ઓછું થશે!

આવી ભાવનાવાળા દેશમાં પ્રેમ-શૌર્ય-સ્વાર્પણ-બલિદાન વગેરે ઉદાત્ત ભાવો અને ભાવનાઓનુ પછી ઢબ જ થઈ રહે. મા પોતાના રોટલાના ટુકડાંમાંથીય પોતાના બાળકને મોટો ભાગ આપી દે, એ ભાવના તો માનવોચિત ભાવના કહેવાય. પરંતુ મા પોતાનું સુખચેન ઓછું ન થાય, તે માટે બાળકોને ગર્ભમાં આવતાંવેંત કે આવતા પહેલાં રોકી રાખવા ઇચ્છે, એ તો કઈ નીતિને યોગ્ય ભાવના કહેવાય એ કહેવું મુશ્કેલ છે.

દેશમાં અનાજ ઓછું છે માટે ખાનારાં મોઢાં ઓછાં કરો એવી રાષ્ટ્રીય હાકલ ન હોઈ શકે. રાષ્ટ્રીય હાકલ તો એવી હોય કે દરેક હાથને કામ મળવું જોઈએ, અને દરેક મોઢાને ખાવાનું. એ જાતની હાકલ નીચે બધી માનવોચિત ભાવનાઓને ખીલવાનો કે જન્મવાનો અવકાશ રહે છે. પણ 'તમારા સુખ-ચેનમાં ભાગ પડાવવા આવનાર તમારા બાળકને આવતું રોકો' એવી હાકલ મા-બાપને કરવી, એ તો બધી ઉદાત્ત ભાવનાઓને જન્મતાં વેંત જ મારી નાખવા જેવું છે. એ દેશ કે એવી આખી દુનિયા પછી એકબીજાને ભોગે સુખી થવા ઇચ્છતાં, અને અંદરોઅંદર લડીઝઘડીને ખતમ થતાં કાંગલાઓની જ દુનિયા બની રહે. એવા ભવિષ્યથી ભગવાન સૌને બચાવે.

એટલે સાચા પ્રેમ-શૌર્યનાં જીવન-ચિત્રો રજૂ કરતી આવી નવલકથાઓ જેટલી મળે તેટલી ઓછી. એવાં પ્રેમ-શૌર્ય અંકિત સ્ત્રી-પુરુષોનાં સંતાનો પણ એવાં તેજસ્વી પાકશે, જેઓ ધરતી ખૂંદીને ગમે ત્યાંથી ખાવાનું અને પીવાનું મેળવી લેશે. તેમ જ એકબીજાને વહેંચીને ખાવાનું જ ઇચ્છશે. લૂપોની ફેક્ટરીઓ અને નિરોધનાં પૉકેટો એ તો સૌ આદર્શોનું — સૌ ઉદાત્ત ભાવનાઓનું — અરે પ્રેમશૌર્યની જ ભાવનાનું કબ્રસ્તાન છે.

તા. ૧-૧૨-'૬૩ ગોપાળદાસ પટેલ

આશા અને ધીરજ

અલેક્ઝાન્ડર ડૂમા
સંપાદક : **ગોપાળદાસ પટેલ** કિં. ૩૦-૦૦

'કાઉન્ટ ઑફ મોન્ટેક્રિસ્ટો'

[બાળકો માટે]

પ્રકાશકનું નિવેદન

મશહૂર ફ્રેન્ચ નવલકથા-કાર તથા નાટ્ય-કાર અલેક્ઝાન્ડર ડૂમા (૧૮૦૨-૭૦)ની વિખ્યાત નવલકથા 'કાઉન્ટ ઑફ મોન્ટે-ક્રિસ્ટો'ના સંક્ષેપની આ બીજી આવૃત્તિ ગુજરાતી વાચક સમક્ષ રજૂ કરતાં આનંદ થાય છે. મૂળ નવલકથા તો ડૂમાએ ઈ.સ. ૧૮૪૪-૫ દરમ્યાન ૧૮ ભાગોમાં પ્રસિદ્ધ કરી હતી. તે બૃહત્કથાનો આખો અનુવાદ ગુજરાતીમાં પ્રસિદ્ધ કરવો, એ તો આર્થિક દૃષ્ટિએ કરતાં, વધુ તો, આજના ગુજરાતી વાચકની દૃષ્ટિએ મિથ્યા પ્રવૃત્તિ જ ગણાય. છતાં આ સંક્ષેપ એવી સફળ રીતે તૈયાર થયો છે કે, એ વાંચતાં — અને કેટલીક વાર તો વારંવાર વાંચતાં પણ — રસના ઘૂંટડા ઊતર્યા જ કરે છે.

આ નવલકથા અદ્ભુત રસની નવલકથા છે. પરંતુ એનો અદ્ભુત રસ અલાદીનના જાદુઈ દીવાની કથાના જેવો માત્ર મનોરંજન પૂરતો અદ્ભુત નથી. આ નવલકથામાં માનવના અંતરની સારી તથા ખોટી એમ બંને જાતની લાગણીઓને અદ્ભુત રસના રંગથી રંગીને એવી પરાકાષ્ઠાએ પહોંચાડીને રજૂ કરવામાં આવી છે કે, જેથી તે સંપૂર્ણ યથાતથતા ધારણ કરવા ઉપરાંત વધુ તો પૂરેપૂરી વેધક બની રહી છે. આપણી ઊંડી લાગણીઓને

જ્યારે લેખક પોતાની કસબી કલમથી ઝણઝણાવે છે, ત્યારે આપણે કોઈક અલૌકિક રસમાં તરબોળ થઈ જઈએ છીએ. તેવા પ્રસંગો વાંચતી વખત આપણી આંખોમાંથી એક પ્રકારની કૃતાર્થતાનાં આંસુ વહ્યા વિના રહેતાં નથી. આ નવલકથા પૂરી કરીને હેઠી મૂકયા બાદ આપણને આપણા જીવનનો અમૂલ્ય સમય વેડફી માર્યો એમ લાગવાને બદલે કૃતાર્થ કર્યો એમ જ લાગે છે. કોઈ પણ નવલકથાને માટે આમ કહી શકાવું, એ તેની ગુણવત્તા બાબત સર્વોત્તમ પ્રમાણપત્ર ગણાય.

ડૂમાએ પોતાની લેખક તરીકેની કારકિર્દીની શરૂઆત તો ઐતિહાસિક નાટ્યલેખનથી (ઈ.સ. ૧૮૨૯) કરી હતી. નવલકથાકાર તરીકેની તેની ખ્યાતિ ઈ.સ. ૧૮૪૪માં તેણે લખેલી નવલકથા 'થ્રી મસ્કેટિયર્સ'થી શરૂ થઈ. પછી તો તેણે પોતે તેમ જ તેણે આપેલા વાર્તાતંતુને આધારે વિસ્તારીને લખનારા બીજા સહાયક લેખકોએ મળીને લખેલી નવલકથાઓની કુલ સંખ્યા ૩૦૦ જેટલી થાય છે!

પરિવાર સંસ્થાએ ડૂમાની નવલકથાના આ સંક્ષેપ ઉપરાંત 'થ્રી મસ્કેટિયર્સ'ના પાંચ ભાગો રૂપે બીજી પાંચ નવલકથાઓના સચિત્ર સંક્ષેપો પણ પ્રસિદ્ધ કર્યા છે. તે પાંચેય મૂળે તો સ્વતંત્ર નવલકથાઓ જ છે.

પરિવાર સંસ્થાએ ડૂમા ઉપરાંત વિકટર હ્યૂગો, ટૉલ્સ્ટૉય, ડિકન્સ વગેરે બીજા વિખ્યાત લેખકોની મશહૂર નવલકથાઓના સંક્ષેપો પણ ગુજરાતી વાચકને આપ્યા છે. તેમાંની કેટલીકની પણ બીજી આવૃત્તિઓ બહાર પાડવાની થઈ છે. વિશ્વસાહિત્ય કહેવાય તેવી વિખ્યાત નવલકથાઓ, ગુજરાતી વાચકને માફક આવે તેવા સંક્ષેપો રૂપે, પ્રસિદ્ધ કરવાની પ્રવૃત્તિ સંસ્થાએ ઉપાડી કે તરત જ ગુજરાતી વાચકવર્ગ તરફથી તેને જે આવકાર મળ્યો, તેથી પ્રેરાઈને પરિવાર સંસ્થાએ એ મોટું કામ હોંશભેર વિસ્તાર્યું હતું. પણ એવી નિર્દોષ તથા રાષ્ટ્રસેવા કહી શકાય તેવી પ્રવૃત્તિ ઉપર પણ આસમાની-સુલતાનીના એવા ઓળા ફરી વળ્યા કે, સંસ્થાની તમામ પ્રવૃત્તિઓ સ્થગિત થઈ ગઈ. આમ બે-એક દાયકા સુધી નિષ્ક્રિયતામાં ગોંધાઈ રહ્યા બાદ, ઉપરવાળાની કોઈક અગમ્ય કળાથી, પરિવાર સંસ્થા જુદા કલેવર વડે પોતાની સેવા ફરીથી ગુજરાતને ચરણે રજૂ કરવા શક્તિમાન થઈ છે. અમને આશા છે કે, ગુજરાતી વાચક તરફથી અમને પહેલાંની પેઠે જ હાર્દિક અને વ્યાપક સહકાર પ્રાપ્ત થશે.

તા. ૨-૪-'૮૬ પુ૦ છો૦ પટેલ

આઈવન હો

યાને

પ્રેમ-વિજય

વૉલ્ટર સ્કૉટ કિં. ૧૨-૦૦
સંપાદક: **ગોપાળદાસ પટેલ**
પ્રસ્તાવના: **એસ. આર. ભટ્ટ**

સ્કૉટની બીજી રસિક કૃતિઓ આપો

[પ્રેમ-શૌર્ય અંકિત કથા : ઇવાન હો]

૧૫મી ઑગસ્ટ ૧૭૭૧ના વર્ષમાં જન્મ, અને ૧૮૩૨ની સાલમાં મૃત્યુ — આવડી જીવનઅવધમાં અંગ્રેજી સાહિત્યને રંગીન સ્પર્શ આપી જનાર વૉલ્ટર સ્કૉટ પશ્ચિમની ઐતિહાસિક કૌતુકકથાના પિતામહ ગણાયા છે. ગુજરાતમાં સાદૃશ્ય શોધવું હોય તો નર્મદ, મુનશી અને મેઘાણીનું ત્રિપુંડ રચવું પડે. લોકસાહિત્યનો કસૂંબી રંગ સ્કૉટે આકંઠ પીધો હતો. કલમના ખેલ રચીને એણે યોગક્ષેમ વાંછયું હતું. સ્કૉટિશ અસ્મિતાના એ આરાધકે વતનના જાહેર જીવનમાં અને સ્વપ્રદશા પૂજામાં ઈતિહાસના નવા રંગ સિદ્ધ કર્યા હતા. ફ્રેંચ સાહિત્યના લોકપ્રિય સર્જક એલેક્ઝાન્ડર ડૂમા, ઈંગ્લૅન્ડના ડિકન્સ અને થેકરે, રશિયાના ટૉલ્સ્ટૉય — આ સહુના તેઓ પૂર્વાચાર્ય હતા. એ સહુને માટે સ્કૉટનું સાહિત્ય ગંગોત્રીનું તીર્થસલીલ હતું.

સ્કૉટલૅન્ડની રાજધાની એડીનબર્ગમાં સૉલિસિટર પિતાને ત્યાં લેખકનો જન્મ થયો. સ્કૉટલૅન્ડ એટલે અંગ્રેજી ઈતિહાસની સોરઠ ભૂમિ. હૃદયના દ્રાવણ જેવાં લોકગીતોની એ ભૂમિ. બંડખોર બહારવટાની એની તવારીખ. વકીલ પિતાનો પુત્ર અને જાણીતા દાક્તરનો દૌહિત્ર વૉલ્ટર સ્કૉટ બાળવયે લકવાનો ભોગ બન્યો હતો, ત્યારથી જ અંગત ખોડની મર્યાદાને આંબી જવાનો એણે મનસૂબો ઘડયો હતો. શારીરિક કમજોરીનું સાટું એણે સંકલ્પ-બળ અને કલમની કરામતને પ્રયોજીને પૂરેપૂરું વાળ્યું હતું.

પરીકથાઓ, રોમ રોમને પુલકિત કરે તેવી લોકકથાઓ, વિસ્મરણનાં અંધારાં ઉલેચીને મેળવેલાં પ્રાચીન કવિતાના અવશેષો — કિશોર વૉલ્ટર સ્કૉટનું

મન આનાથી તરબતર હતું. નિર્બળ શરીરને અવગણીને સ્કૉટ રખડુ બન્યો, ડુંગરા ભમ્યો, એની રૂક્ષ ભયાવહ એવી મોંઘેરી માભોમ, લાખેણા એના દેશબંધુઓ, પ્રકૃતિસૌંદર્ય – નિસર્ગનું અને મનુજનું – આમાં સ્કૉટનું મન ઉમંગે મહોર્યું હતું.

૧૭૮૩માં શાળાંત પરીક્ષા આપીને એણે કાયદાનો અભ્યાસ શરૂ કર્યો – સૉલિસિટર તરીકેની તાલીમ એણે પિતાની પેઢીમાં મેળવી લીધી અને તે પછી પરીક્ષા આપી એડવોકેટ બન્યો. ત્યાં તો યુરોપના ઈતિહાસમાં ઝંઝાવાતના વાયરા ફૂંકાયા – ફ્રાન્સમાં ક્રાંતિનો વિસ્ફોટ થયો; ત્યારે સ્વેચ્છાથી યુવાન સ્કૉટ લશ્કરમાં ભરતી થયો. વતનનું લોકસાહિત્ય અને જર્મનીનું કૌતુકપ્રિય વાંગ્મય, ઉભયની ઊંડી અસર નીચે સ્કૉટની લેખનપ્રવૃત્તિનો પ્રારંભ થયો. સ્કૉટલૅન્ડના ચારણી સાહિત્યના ત્રણ ગ્રંથોનું તેણે સંપાદન કર્યું. પરિણામે વિસ્મરણમાં સરી પડેલી વતનની તવારીખ, જૂની પેઢીની દિલાવરી અને રીતરસમોનો પરિચય તાજો બન્યો. ધૂળધોયાનું કામ એની કલ્પનાને જગાડી ગયું – ૧૮૦૫ના વર્ષમાં 'લોકકવિનો લયબંધ' – 'Lay of the Last Minsrel', તે પછી શૌર્યકથા 'માર્મિઓન', અને 'સરવરની સુંદરી' – 'Lady of the Lake' – એમ ત્રણ કાવ્યકૃતિ એની કલમે રચાઈ.

તે સમયે જિલ્લાનું શેરીફપદ એને પ્રાપ્ત થયું એટલે સારો એવો સમય જાહેર કામકાજમાં છિનવાઈ જતો. છતાં એના લખાણનો વેગ અસ્ખલિત રહ્યો. અંગ્રેજ કવિ ડ્રાયડન, અને સામાજિક ચાબખાને લીધે વિખ્યાત ગદ્યસ્વામી સ્વિફ્ટનાં લખાણોનું સંપાદન એણે સાડત્રીસ ગ્રંથોમાં કર્યું. આ શોખ એને ભારે પડ્યો. બેલાન્ટ્રી નામના મુદ્રક જોડે એણે ભાગીદારી કરી. મુદ્રણ અને પ્રકાશનનું સાહસ માથે વહોર્યું. પરિણામે લાખોના કરજના ભારમાં એ ચગદાયો. દિલાવર દિલના આ લેખકે નાદારી ન વહોરી. એણે જીવનનાં પાછલાં વર્ષોમાં મારમાર ઝડપે સાહિત્ય રચીને મૃત્યુ પછી બધું જ દેવું ભરપાઈ કર્યું. કલમની આબરૂ એણે બાંધી જાણી. ગરીબીના ભયથી એણે કદી મનને કૃપણ ન થવા દીધું. વૈભવને એણે આજીવન સાચવી જાણ્યો; લાખ મેળવતાં આવડ્યું – તો સવા લાખ ખરચતાં પણ એ શીખ્યો.

ગરીબની જાસાચિઠ્ઠી અને લેણદારોની ધોંસ, એની વચ્ચે ઈતિહાસના પાનાને સ્કૉટે જીવનદાન આપ્યું. ૧૮૧૩માં 'વેવર્લી' – એ નામની સ્કૉટિશ કથાનું એણે અનામી પ્રકાશન કર્યું. સ્કૉટની અનન્ય સિદ્ધિ એ હતી કે ઈતિહાસની ઘેલછા, એની લગન એણે વાચકોમાં જાગૃત કરી. તે પછી એ ઘેલછાને

સંતોષવા એણે અવિરત પ્રયત્નો કર્યા અને અસંખ્ય કૃતિઓ અંગ્રેજી સાહિત્યને સમર્પિત કરી. પ્રત્યેક કૃતિ સાથે સ્કૉટનું આભાવર્તુળ વિસ્તૃત બન્યું.

જીવનનાં છેલ્લાં વર્ષોમાં લેખકનું સ્વાસ્થ્ય તૂટી રહ્યું હતું ત્યારે ઈંગ્લૅન્ડની સરકારે સ્કૉટ ભૂમધ્ય સમુદ્રની ખુશનુમા સફર કરી શકે અને તંદુરસ્તી પાછી મેળવી શકે તે હેતુથી રાષ્ટ્રીય નૌકાસૈન્યનું એક જહાજ એને સુપરત કર્યું.

ઈતિહાસમાં ખોવાઈ જવું, વર્તમાનને અવગણવો, આવી વૃત્તિ નિરાશ માણસનું લક્ષણ ગણાય છે; પરંતુ આ સિક્કાને બીજી બાજુ પણ છે — છે તેવા સંસારથી અકળામણ અનુભવવી, ક્ષુલ્લકથી વાજ આવીને શાશ્વતની ઝંખના કરવી, ભાવનામગ્ન સૃષ્ટિનું રટણ કરવું — વિકાસશીલ જીવનમાં આ લક્ષણો હોય છે. યથાર્થ અને ઈપ્સિત વચ્ચેના ગ્રજગ્રાહથી વૉલ્ટર સ્કૉટની કૃતિઓ મુક્ત નથી.

સ્કૉટ દેશના ભૂતકાળનો આશક હતો. મધ્યયુગનું જીવનદર્શન એની મુગ્ધાવસ્થા હતું — સાથે જ ભાવિદર્શન એને થતું હોવાથી જૂનું અનિવાર્ય રીતે નાશ પામે અને યુગપલટાની નવી ચેતના એનો સમાજ ઝીલી શકે તેવી એને વાંછના હતી. પરસ્પરનો છેદ ઉડાવે તેવી આ બેવડી વૃત્તિની ભીંસમાં એની શ્રેષ્ઠ કૃતિઓનું સર્જન થયું છે. એણે ઝંખ્યો છે પુરાણા સ્કૉટલૅન્ડ અને નવા ઇંગ્લૅન્ડની વિભિન્ન શક્તિનો સમાસ.

'ઈવાન હો' — જેનું ભાષાંતર આ પુસ્તકમાં સ્થાન પામ્યું છે, તે ઈંગ્લૅન્ડના, નહિ કે સ્કૉટલૅન્ડના, એક ઐતિહાસિક ત્રિભેટાનું દર્શન કરાવે છે. સ્કૉટ વિષે કહેણી છે કે એણે સ્કૉટિશ નવલકથા સર્જીને સ્કૉટલૅન્ડને દેશ-વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનાવ્યું છે. તેવી જ રીતે એણે ઈંગ્લૅન્ડના ઈતિહાસમાંથી ઉપસાવેલી કથાઓ દ્વારા નવલકથાને રંગભૂમિના સફળ અને પ્રબળ હરીફનું સ્થાન અપાવ્યું છે. કહે છે કે યુદ્ધની વાર્તા હમેશાં રમ્ય હોય છે, તો અફલાતૂની રંગીન પ્રેમની કથા કદી મ્લાન નથી હોતી. નાટકીય સંઘર્ષ, કટોકટી અને વિસ્મયકારી સ્નેહકથા — 'ઈવાન હો'નું હૃદ્ગત મનાયું છે. કવિસહજ છૂટ લઈને સ્કૉટે ઈતિહાસમાં જે સંઘર્ષ વિલીન બન્યો હતો તેને, એટલે કે બે વિભિન્ન પ્રજા, નૉર્મન અને સૅક્સન, શાસક અને પરાજિત વચ્ચેના વૈરભાવને સજીવન કરીને મનમેળની પુનઃસ્થાપના કરી આપી છે. નાટકીય પ્રસંગ-ગૂંથણી, કુતૂહલ સાચવે તેવા પ્રસંગ-પલટા, કાવ્યોચિત સ્નેહસંબંધો, વીરોચિત સાહસો, ન્યાયને ઉચિત તેવાં સમાપનો અને અંતે સહુને અતિક્રમીને જીવનની અગમ્ય કરુણાને વ્યક્ત કરે

તેવું, માનવશક્તિની મર્યાદાના મુદ્રણસમું, યહૂદી કન્યા રેબેકાનું નિષ્ક્રમણ — આ નવલકથાને નવી જ ગહરાઈ અર્પે છે, અને 'પ્રમાદી મનોરંજન' એવા ઉપાલંભથી દૂર રાખે છે. જેમાં બધું સમુસૂતરું ઊતરે છે અને નૉર્મન —સૅક્સન વચ્ચે સુમેળભર્યો વ્યવહાર સ્થાપિત થાય છે — તેવી 'ઈવાન હો' કથામાં, જાણે શેકસપિયરની દેણ હોય તેવું — ઈસાક અને રેબેકાનું હૈયાનું હીર નિરર્થક ઠરે છે — એ કેવું કઠિન દર્શન! જાતજાતના માનવસમૂહો વચ્ચે પ્રેમ-સંબંધ અને સુખમય વ્યવહાર હજુ અનાગત રહ્યાં છે તેનું આ એંધાણ બને છે.

...સ્કૉટની બીજી પસંદગીની કૃતિઓ પણ ગુજરાતી વાચકને આ પ્રકાશન મંદિર આપશે, તો એ એક સુંદર અને ઉપયોગી સેવા થશે. આ સંસ્થાને મારી શુભેચ્છા પાઠવી વિરમું છું.

તા. ૨૮-૩-'૭૬ એસ. આર. ભટ્ટ

રગે રગે ક્રાંતિકારી
આચાર્ય કૃપલાની

લેખક : બિપિન આઝાદ કિં. ૩-૦૦

પાગલ હો ગયે ક્યા?

"તમે અમને પગે શાના લાગો છો? અમે કાંઈ તમારાથી ઊંચા છીએ શું? અમે કોઈ very special માણસો નથી. અમે તો ડૅમ પોલિટિશ્યનો છીએ. તમે નેતા બનાવ્યા એમાં પગ શાનારપકડો છો? પાગલ હો ગયે કયા? હું તમને સાફ સાફ ચેતવું છું કે, આવું કરશો તો ગુલામી પાછી આવશે. અમે તો સાવ સામાન્ય માણસ છીએ, કદાચ તમારાથી વધુ સામાન્ય... સ્વતંત્રતાની કિંમત ચુકવવા જાગ્રત રહો, નહિ તો તમને સારી સરકાર કદાપિ મળશે નહિ. આ જયજયકાર શા માટે બોલાવો છો? ત્રીસ-ત્રીસ વર્ષો સુધી તમે આ જયજયકાર બોલાવ્યો. પરિણામ શું આવ્યું? આ શું કરો છો? કોઈ દિવસ પોલિટિશ્યનોના પગ પકડશો નહિ. કોઈ પોલિટિશ્યન પોતાના અંગત સ્વાર્થથી પર નથી...'મારી તમને નમ્ર વિનંતી છે. લગામ તમારે તમારા હાથમાં રાખવાની છે. ડરવાનું નથી કે ગભરાવાનું નથી. પોલિટિશ્યનો કાંઈ આધ્યાત્મિક માણસો છે કે પગે લાગો છો? એમને ભાઈ છે, પુત્ર છે, પત્ની છે. બધાંનો સ્વાર્થ છે. સગાં શું કરે એની ખબર

કેટલીક વાર આ લોકોને પડતી નથી. જાગ્રત તમારે રહેવાનું છે. કોઈ પોલિટિશ્યન દાનવીર નથી, યોગી નથી, સંન્યાસી નથી. કોઈ પોલિટિશ્યન પોતાને ભૂલ્યો નથી. એ પ્રામાણિક હશે તો એની પત્ની અપ્રામાણિક હશે. આ શું માંડયું છે? ખબરદાર રહો. રાજકારણીઓ દેશની સેવા કરે એ જ માત્ર જુઓ. સમજી લો; I tell you, take it from me કે પોલિટિશ્યનોના પગ માટીના છે. આપણે ગુલામી જોઈ, આઝાદી જોઈ, ને હાલમાં બરબાદી પણ જોઈ. આ બરબાદીમાંથી દેશને અમે નહિ તમે બચાવ્યો છે. અને એ માટે હું તમને ધન્યવાદ આપું છું. પણ મારી ચેતવણી સાંભળજો. બસ, મારે આ જ કહેવાનું છે."

–'પરિત્રાણ' સર્વન્ટ્સ ઑફ ધી પીપલ સોસાયટી,
(અમદાવાદ શાખાનું મુખપત્ર)માંથી, 'લોકસેવક મંડળ',
તંત્રી કૃષ્ણવદન જોષી, પૃ. ૨-૩.

ડૉન કિવક્સોટ!

[પ્રેમ-શૌર્યની એક અનોખી નર્મ-કથા]

સર્વાન્ટીસ કિં. ૮-૦૦
સંપાદક: ગોપાળદાસ પટેલ

"માનવતાનુ બાઇબલ"

"......આ નવલકથાએ, તે જન્મી તે જ દિવસથી, સ્પેનને જ નહીં, આખા યુરોપને ગાંડુંઘેલું કરી મૂકયું, તે આજ સુધી ચાલુ છે! અને ભલભલા કલા-વિવેચકોએ પોતાની શક્તિ એ પર ન્યોછાવર કરી છે. કેટલી બધી શાહી અને કાગળ એમાં જગતે ખરચ્યાં છે, તોય, ઈશ – ગુણગાન પેઠે – તેનો પ્રવાહ પૂરો નથી થતો."

–'આવકાર'માંથી — મગનભાઈ દેસાઈ

આત્મદર્શક અરીસો

"આપણા આઝાદી જંગના ઈતિહાસમાંથી આવા નમૂનાઓ સહેજે તારવી આપી શકાય. કેટલાય 'બાગી'ઓ (ક્રાંતિકારીઓ), 'વાદી'ઓ (સમાજવાદ ઈ૦ના પુરસ્કર્તાઓ), 'યોજના'કારો ઈ૦ ભારતવર્ષના ઈતિહાસ-

પટ ઉપર આવી કામગીરી બજાવી ગયા છે, અને બજાવી રહ્યા છે. મોટે ભાગે તેઓના પ્રયત્નોનું પરિણામ શૂન્ય અથવા વિપરીત આવ્યું હોય છે.

"દરેક દેશને આવી નવલકથાની જરૂર રહેવાની; અને તેથી જગતની ઘણી ભાષાઓમાં તેના અનુવાદો થતા જ આવ્યા છે, તથા તે વંચાતી જ રહી છે. એ ગ્રંથ સૌને માટે આત્મદર્શક અરીસો છે અને સાથે સાથે એક ભારે પડકાર પણ.

–'પ્રાસ્તાવિક'માંથી ગોપાળદાસ પટેલ

જીવનનાં સત્યોનું તારણ

"લેખકે મધ્યકાલીન 'નાઈટ'–સાહસવીરોની પ્રથાને આધારે આ ઠઠ્ઠા-કથામાં, સદાકાળને માટે રસ અને આનંદ પડે એવું રંગરંગીલું લખાણ કર્યું છે; એટલું જ નહિ પણ, જીવનનાં સત્યો તારવી એમની સાચી મુલવણી એક ફિલસૂફની અદાથી કરી છે.

"જગતની જુદી જુદી પંચાવન ભાષાઓમાં એના અનુવાદો થયા છે અને અત્યાર સુધીમાં તેની બે હજાર ઉપરાંત આવૃત્તિઓ બહાર પડી છે. આ જાણીતા પુસ્તક વિષે સ્પેનની પ્રજાનો એવો દાવો છે કે, બાઈબલ પછી બીજે નંબરે 'ડૉન કિવકસોટ' પુસ્તક દુનિયામાં રસપૂર્વક વંચાય છે."

–'પ્રકાશકના નિવેદન'માંથી કસુમબહેન પુ૦ છો૦ પટેલ

એક ઝલક –

ઇન્દુચાચાની આત્મકથા

સંપાદક : ધનવંત ઓઝા કિં. ૭૫-૦૦

"સામાન્ય રીતે લખાતી આત્મકથામાં લેખક જ તેનો નાયક હોય છે. પણ આ પુસ્તકના વાચક જોઈ શકશે કે આદિથી અંત સુધી તેમાં ઝળકતાં અને સુગંધીદાર અનેક માનવપુષ્પો નીચે હું તો એક સૂત્રરૂપે ઢંકાઈ જાઉં છું, અર્થાત્ આ જીવનકથાનો નાયક હું નથી પણ ગુજરાતની પ્રજા છે, કંઈક અંશે તેના સેવકો અને ઘડવૈયા છે." –ઇન્દુલાલ યાજ્ઞિક

[શ્રી. ધનવંત ઓઝાએ ભગવાન પાણિની કિં. ૩-૦૦ અને 'દાદા માવળંકર' કિં. ૩–૦૦. આ બે પુસ્તકો ગુજરાતી વાચકને ભેટ આપ્યાં છે.]

સંત ફ્રાન્સિસનું જીવનગાન

[સંત ફ્રાન્સિસના જીવન અને કાર્ય અંગે સમજ આપતું પુસ્તક.]

અનુ. ધનજીભાઈ ફકીરભાઈ
પ્રસ્તાવના : મગનભાઈ દેસાઈ

સંત ફ્રાન્સિસનું જીવનગાન ગુજરાતીમાં આપવા માટે

સ્વ. ધનજીભાઈને ધન્યવાદ

"સંત ફ્રાન્સિસનું જીવનગાન ગુજરાતીમાં ઉતારી આપવા માટે સ્વ૦ ધનજીભાઈને આપણે કૃતાંજલિ આપીએ. પ્રકાશક સંસ્થાએ તેને પ્રસિદ્ધ કરીને ગુજરાતી ધર્મ-સાહિત્યમાં કીમતી ઉમેરો કર્યો છે."

"......તેની ભાષા અનુરૂપ મોકળાશવાળી અને સંત પ્રત્યેના પ્રેમના ઉમળકા ભરેલી છે – તેમાં એક પ્રકારનું કાવ્ય છે, કે જે આ મહાન ઈશુ-ભક્ત સંતના સમગ્ર જીવનમાં રહેલું હતું. તેથી જ આના નામમાં એ ભાવ ઊતર્યો છે – સંતનું "જીવનગાન." સ્વ૦ ધનજીભાઈએ આ કથાના ગદ્યમાં ગાનના ભાવ ભર્યા છે. તે પોતે એને માટે સક્ષમ એવા ભક્તહૃદય હતા."

પ્રસ્તાવનામાંથી] મગનભાઈ દેસાઈ

તા. ૧૦–૧૧–'૬૭

ધુરંધરનાં પુસ્તકો

સમ્યક આહાર, સમ્યક શ્રમ અને સમ્યક નિદ્રા	૧૦.૦૦
આરોગ્ય સાચવવાની 'માસ્ટર કી'	૧૦.૦૦
જય સરદાર – જય સરદાર તથા બીજાં બાળકાવ્યો	૧૦.૦૦
મોત પર મનન	૧૫.૦૦
સુભાષિતોની પાંખે	૬૦.૦૦
'કામસે રામ'	૧૦.૦૦

ઉદ્યોગ-ધંધામાં સફળતાની વ્યૂહરચના

કિં. ૧૦-૦૦

उद्योग-धन्धेमें सफलताकी व्यूह-रचना

कि. १५-००

સંયોજક : ડૉ. વિહારી પટેલ

પ્રકાશકીય

ડૉ. વિહારી પટેલનું આ પુસ્તક પ્રકાશિત કરવા દ્વારા પરિવાર પ્રકાશન –સંસ્થા એક નવું પ્રયાણ આરંભે છે. અત્યાર સુધી આ સંસ્થા ધર્મ, તત્ત્વજ્ઞાન, સદ્વિચાર, આરોગ્ય અને સુરુચિપૂર્ણ વિશ્વ-સાહિત્યની નવલ-કથાઓનાં પુસ્તકો પ્રકાશિત કરતી આવી છે. આ પુસ્તકથી તે ઉદ્યોગ અને ધંધાકીય સંચાલનના ક્ષેત્રમાં પ્રવેશ કરે છે. ...... આ જાતનું આપણી ભાષામાં આ પ્રથમ પુસ્તક છે. (તેનો હિંદી અનુવાદ પણ પ્રસિદ્ધ થયો છે) પરદેશથી વિદ્યાઓ શીખીને આવેલાઓ ડૉ. વિહારી પટેલની રીતે પોતપોતાની માતૃ-ભાષામાં પુસ્તકો લખે અને પોતાના દેશબંધુઓને લાભ આપે, એ બહુ જરૂરી છે. એ દૃષ્ટિએ પણ આ પુસ્તકનું પ્રકાશન કરતાં પરિવાર સંસ્થા યશોચિત ગર્વ અને આનંદ અનુભવે છે.

પ્રકાશકના નિવેદનમાંથી]

પુ૦ છો૦ પટેલ
મંત્રી

દાંતના રોગો અને માવજત

કાન્તિલાલ ન. લંગાલિયા - ડૉ. પટ્ટણી		કિં. ૧-૦૦

દાંતનાં દર્દો

રમણલાલ એન્જિનિયર		કિં. ૧૦-૦૦

સુવર્ણ નિયમો – દાંત માટે

- એક હીરો પણ દાંત જેટલો કીમતી નથી.
- દાંતની માવજત આરોગ્યની ચાવી છે.
- સુંદર અને સ્વચ્છ દાંત શરીરની શોભા છે.
- નાના બાળકને કદી પણ દૂધ પાવા માટેની શીશી કે બીજી રબરની ટોટી રમવા ખાતર ચૂસવા ન આપવી.
- મોટપણે દરરોજ બે વખત સવાર-સાંજ સાફ કરવા.
- રાત્રે સૂતા પહેલાં નરમ બ્રશ અગર આંગળીથી દાંત ઘસીને સાફ કરવા.
- પેઢાં ઉપર દિવેલ અને કપૂરના મિશ્રણનું માલિશ બહુ લાભદાયક છે.
- દરેક વખતે કંઈ પણ ખાધા પછી પાણીના કોગળા કરી નાખવાથી મોં ચોખ્ખું રહે છે.
- દાંત ખોતરવાથી નુકસાન થાય છે.
- પાન, સોપારી, તમાકુ, ચૂનો, બીડી, સિગારેટ, દારૂ નુકસાનકર્તા છે.
- દાંત, પેઢાં અને જડબાંને કસરત મળે તેવો કઠણ ખોરાક લેવો.
- દાંતનું આરોગ્ય આખા જીવનના આરોગ્ય ઉપર આધાર રાખે છે.
- દાંત માટે સારો પૌષ્ટિક ખોરાક અને વિટામીનયુક્ત આહાર આવકારદાયક છે. ફળફળાદિ, દૂધ, દાંતને મજબૂત બનાવે છે.
- બે સમયના જમણની વચ્ચે મીઠાઈ અથવા ખાંડવાળો ખોરાક દાંત માટે હાનિકારક છે. બેકટેરીઆ ખાંડનો પૂરક છે. મીઠાઈવાળો ખોરાક જમ્યા પછી તરત જ ખાવાથી અને તરત જ દાંત સાફ કરવાથી બેકટેરીઆ માટે કંઈ પણ કરવાનું રહેતું નથી.

- o જમણ પછી બન્ને વખત બ્રશ કરવું જોઈએ.
- o પડી ગયેલા દાંત બનાવટી દાંતથી બને તેટલી ત્વરાથી બેસાડી દેવા જોઈએ.
- o બચ્ચાઓના દાંત મોડા ઊગતા હોય તો ડેન્ટીસ પાસે કાપ મૂકાવવો જરૂરી નથી. દાંત વગર સારવારે ઊગી નીકળશે.
- o સાવચેતી રાખી દૂધના દાંતમાં ફીલીંગ (ચાંદી કે સીમેન્ટ જેવું ફીલીંગ મટેરીઅલ) કરાવી લેવાથી કાયમી દાંતનું બંધારણ સરસ થાય છે.
- o અંગૂઠો ચૂસવાની ટેવ બાળકના પ્રથમ બે વર્ષ દરમિયાન કંઈ નુકસાન કરતી નથી. બાળક સમજણું થતાં જ એ ટેવ ઓછી કરે છે. પરંતુ પાંચ વર્ષનું બાળક થાય અને ટેવ ન છોડે તો તેને સમજાવીને આ ટેવ છોડાવવી જોઈએ.
- o દાંતનો સડો ખોરાકમાં પૂરતું ધ્યાન રાખવાથી બાળકોમાં અટકાવી શકાય છે. ફળફળાદિ, લીલાં શાકભાજી, સૂકો મેવો વિગેરે આપવાથી ચોકલેટ-પીપરમેન્ટ જેવા ખાંડવાળા પદાર્થો આપવાનું અટકાવી શકાય છે.

દાંતનું સંપૂર્ણ આરોગ્ય

"દાંતનું આરોગ્ય એ આખા શરીરના આરોગ્ય કે માવજત કરતાં જુદી – સ્વતંત્ર વસ્તુ નથી. આખા શરીરનું ખાન-પાન, રહેણી-કરણી વગેરે સંભાળીએ, તો જ દાંતનું પૂર્ણ આરોગ્ય સંભાળી શકાય. કોગળા, ટૂથ-પેસ્ટ વગેરે વસ્તુઓના ઉપયોગથી દાંતના બહારના ભાગની સ્વચ્છતા સંભાળી શકાતી હશે. પરંતુ દાંતનું સંપૂર્ણ આરોગ્ય તેટલામાત્રથી જાળવી શકાય નહીં. અમેરિકા વગેરે દેશોમાં જ્યાં ટૂથ-પેસ્ટો અને ટૂથબ્રશોને સજાવવા-બનાવવામાં આધુનિક વિજ્ઞાનનો અને પ્રચારનો ભારોભાર ઉપયોગ થાય છે, ત્યાં જ કુદરતી દાંત વિનાના લોકોનું પ્રમાણ સૌથી વિશેષ છે. એની સરખામણીમાં આપણા દેશમાં ગ્રામ-પ્રદેશના લોકોના દાંત વિશેષ સુદૃઢ – વિશેષ સારા છે. એનું કારણ એ લોકોનું મુખ્યત્વે સાદું લૂખું-સૂકું ખાન-પાન, ચોખ્ખી હવા, પૂરતો શારીરિક શ્રમ વગેરે જ કહી શકાય. પોચા રાંધેલા, તળેલા, ગળ્યા, મસાલાવાળા પદાર્થો જેઓ વધુ પ્રમાણમાં ખાય છે, તથા મોટેભાગે બેઠાડુ જીવન ગાળે છે, તે લોકોના દાંત, – ગામડામાં કે શહેરમાં, પૂર્વમાં કે પશ્ચિમમાં – ખરાબ જ હોય છે કે થાય છે."

'પ્રસ્તાવના'માંથી] ગોપાળદાસ પટેલ

મારી જીવનદૃષ્ટિ

સંપાદક: વિજયશંકર મંછારામ ભટ્ટ કિં. ૨-૦૦

આવકાર: મગનભાઈ દેસાઈ

જીવનની શોધમાં બીજાને મદદ કરો

આવો જીવનકર્મયોગ કે જ્ઞાનવિજ્ઞાનયોગ પોતાની સાધના બનાવનારા કેટલાક (આધુનિક વિજ્ઞાનયુગમાં પાકેલા) સાધકોને એમની એ સાધનામાંથી શું લાધ્યું, તે રજૂ કરતી આ ચોપડી આપણી ભાષાના સાહિત્યમાં ઉમેરાય છે, એ આનંદની વાત છે. આ બધા સાધકો પશ્ચિમની અર્વાચીન દુનિયાના નામાંકિત પુરુષો છે: પશ્ચિમના લોકજીવનમાં વિવિધ ક્ષેત્રોમાં પોતાના પુરુષાર્થથી અને સેવાથી તેમણે નામના મેળવી છે. એવી ૨૩ વ્યક્તિઓની જીવન વિષેની માન્યતા શી છે, તેનાં આત્મનિવેદનોના સંગ્રહ રૂપે પ્રસિદ્ધ થયેલ 'આઈ બિલીવ' નામે પુસ્તક ઈ૦માંથી, ૧૫ વ્યક્તિઓનાં આત્મ-નિવેદનોનો સાર આ પુસ્તકમાં આપણને મળે છે. એ સાર મારા મિત્ર ભાઈ વિજયશંકરે, એ વ્યક્તિઓ પેઠે જ ઉદાત્ત જીવનની સમજ પામવા માટેની પોતાની શોધના જ નમ્ર અભ્યાસ રૂપે, — કહો કે, પોતાના સ્વાધ્યાય રૂપે થાલતી પોતાની અક્ષર-સાધનાને પરિણામે — આત્મપ્રીત્યર્થે મેળવ્યો, અને ગુજરાતીમાં તે સૌ સામાન્ય વાચકોને અહીં આપ્યો છે. તે પુણ્યકર્મને માટે સૌએ એમનો આભાર માનવો જોઈએ.

તા. ૧૦-૪-'૬૪ મગનભાઈ દેસાઈ

વિશ્વવિખ્યાત વ્યક્તિઓની જીવનદૃષ્ટિ

૧

આ પુસ્તકમાં પંદર વિશ્વવિખ્યાત વ્યક્તિઓની જીવનદષ્ટિ મોટે ભાગે તેમના જ શબ્દોમાં સંપાદિત કરવામાં આવી છે. ઉપયોગી કાર્યરત જીવન જીવતાં પોતાને જે જીવનદર્શન લાધ્યું, તે અત્યંત સરળ ભાષામાં તેઓએ રજૂ કર્યું છે. ફિલસૂફીની કોઈ તાત્ત્વિક કે તાર્કિક આંટીઘૂંટીમાં ઊતર્યા સિવાય સામાન્ય તેમ જ અસામાન્ય વ્યક્તિને પણ ઉપયોગી નીવડે તેવા વિચાર, આ પુસ્તકમાં સંગ્રહવામાં આવ્યા છે.

મોટે ભાગે બધાયે એક વાત ઉપર સંમત જણાય છે તે એ છે કે, એમણે પુરાણી સ્વર્ગ-નરકની કલ્પના તથા પાપ-પુણ્યના વિચારોમાં આમૂલ ફેરફાર કરી દીધો છે; અને વિજ્ઞાનની ઉપાસના કરતાં એમને જે નવી દૃષ્ટિ લાધી છે, તેમાં આગળ વધી, નિસર્ગની સમજ વધારવા એમનો પ્રયાસ છે. એકાંગી દૃષ્ટિએ વિજ્ઞાનની ઉપાસના કરતા ડાર્વિનના વિચારોની ઊંડી છાપ આ બધાના ઉપર સારી પેઠે પડેલી જણાશે; અને છતાં આમાંના ઘણા બધા પોતાની જીવનદૃષ્ટિને ધર્મદૃષ્ટિ તરીકે ઓળખાવતા દેખા દે છે.

૨

"આ પરિસ્થિતિમાં તત્ત્વજ્ઞાનનું પીંજણ घृताधारं पात्रम् કે पात्राधारं घृतम् — મને જરાયે આકર્ષતું નથી. એને મુકાબલે મને વિજ્ઞાન ગમે છે. વિજ્ઞાન મારામાં જીવન-જિજ્ઞાસા જાગ્રત કરે છે; ધર્મ-જીવન પ્રત્યેની મારી આદરભાવના વિકસાવે છે; સાહિત્ય અને અજાયબીમાં ગરકાવ કરે છે; અને તત્ત્વજ્ઞાન અને મારી બૌદ્ધિક શક્તિની સીમામાં કંઈક જીવનદૃષ્ટિ આપે છે." [પૃ૦ ૩-૪] — लिन युटांग

...... મને લાગે છે કે, માનવીમાં મૂળભૂત જે ઈચ્છાશક્તિનું સ્વાતંત્ર્ય છે, તે જ તેની મહામૂલી મૂડી છે. પૂર્વનિર્મિત કોઈ પણ યોજનામાં ફેરફાર કરવા જેટલી પ્રબળ શક્તિ એમાં સમાયેલી છે. પ્રત્યેક માનવીની આજુબાજુ ભલેને વારસાગત વસ્તુઓની વાડ ઊભી હોય, ભલેને પરિસ્થિતિ એની સામે ઘૂરકતી હોય, ભલેને આ બધા અંતરાયો હોય, આમ છતાં આ બધાના મિશ્રણથી એક નવું તત્ત્વ ઊભું થાય છે અને તે અનોખું છે. આ નવું તત્ત્વ ગુણાતીત બનવાની પ્રબળ શક્તિ ધરાવે છે. ભલેને મૃત્યુ આપણી સામે મોં ફાડીને ઊભું હોય, પણ જેને આત્મજાગૃતિ સાથે જીવવું છે, તેને કોણ અટકાવી શકશે? [પૃ૦ ૧૦] — पर्ल बक

"જે ગૂઢ તત્ત્વ વિશ્વમાં વિલસી રહ્યું છે, તે જ કલા તથા વિજ્ઞાનનું પોષક તત્ત્વ છે. આ પ્રકારની ભાવના જેનામાં નથી, એ મારે મન મૃતપ્રાય છે. જીવન પાછળની અજાયબીની અને છતાં કંઈક ભયમિશ્રિત ભાવનાએ મારામાં ધર્મદૃષ્ટિ નિપજાવી છે. જે મૂળભૂત તત્ત્વ સચરાચરમાં વિલસી રહ્યું છે, તેનો પાર બુદ્ધિ પામી શકતી નથી. આમ છતાં કંઈક ડહાપણભર્યું સુંદર તત્ત્વ આપણી ઉપર છે, એ ભાવનાની દૃષ્ટિએ હું ભક્તહૃદયના ધાર્મિક પુરુષોની કોટિમાં મારી જાતને ગણું છું." [પૃ૦ ૧૩] — आइन्स्टाइन

"પણ સામાન્ય રીતે જેમ મનાય છે તેમ, મારી આ ધર્મદષ્ટિ યાને વિશ્વ નિહાળવાના દષ્ટિબિંદુને કોઈ પંથ કે ધર્મ સાથે નિસબત નહોતી. મારી સમજ પ્રમાણે મારા ચિત્તમાં બૌદ્ધિક અને ભાવનામય માન્યતાઓ વિષે જે ઘર્ષણ રહેતું તે શમી ગયું અને મને ઉપર જણાવેલી દષ્ટિ પ્રાપ્ત થઈ. આ જગત અને તિરસ્કરણીય લાગતું મટી ગયું. માનવ અને પ્રકૃતિની પાછળ વિલસતું ચૈતન્ય એક જ છે, એવું મને ભાન થયું અને એ ભાન થવાથી સચરાચર વિશ્વમાં મારું સ્થાન પણ નક્કી થયું. પરિણામે મને ઊંડી ચિત્તશાંતિ લાધી – મારો વિવાદ વીખરાઈ ગયો." [પૃ૦ ૧૬]

– हेवलॉक एलिस

"ગટેએ મને શીખવ્યું છે: 'દશ્ય વસ્તુની પેલી પાર જોવાનો પ્રયત્ન કરો ના; દશ્ય વસ્તુમાંથી જ માર્ગદર્શન મળશે.' આ વાક્ય આમ તો નીરસ લાગે છે; પણ એની ભીતરના ઊંડા વિચારે પ્રકૃતિનાં દ્વાર મારી સમક્ષ ખુલ્લાં કરી દીધાં છે અને આ પ્રકૃતિમાં ઓતપ્રોત છતાં એનાથી વિરાટ એવા વિભુની મને કંઈક ઝાંખી થવા પામે છે.

"ગટેના ઉપર જણાવેલા વિચારથી મને પ્રકૃતિ એક પ્રકારના સર્વવ્યાપી કે વિશ્વવ્યાપી ગુંજનથી વ્યાપ્ત થયેલી જણાય છે. જ્યારે જ્યારે હું ભૂસ્તરશાસ્ત્ર દ્વારા અવનિનાં પડની ભીતરમાં દષ્ટિક્ષેપ કરું છું, જ્યારે હું ફરતો ફરતો વિશાળ આકાશ તરફ દષ્ટિ નાંખું છું, ત્યારે ત્યારે આ વિશ્વસંગીતમાં લીન બની જાઉં છું.

"જીવંત પ્રકૃતિની આ પ્રકારની ઊંડી ભાવનાથી મને એક જ શક્તિનાં વિવિધ પ્રતિકોની સમજ પડે છે. પ્રત્યેક બનાવ પાછળ કંઈક હેતુલક્ષી સત્ત્વ કામ કરતું હોવાનું મને ભાન થાય છે. વૈયક્તિક આનંદ કે અવસાદની પાછળ પણ એક જીવંત સત્ત્વ પ્રગટ થાય છે; અને આ વિરાટ શક્તિમાં, જેમ નદીઓ સમુદ્રમાં સમાઈ જાય છે, તેમ બધુંયે ભળી જાય છે; અને જ્યારે ફરીથી પ્રકૃતિમાં હલચલ થવાની પ્રક્રિયા શરૂ થાય છે; એટલે વળી પાછી આ ઘટમાળ શરૂ થાય છે. આથી ભવિષ્ય વિષે મને કોઈ મૂંઝવણ પીડતી નથી." [પૃ૦ ૩૦]

– एमिल लुडविग

"હિંસામય, ક્રૂર જગતમાં, મારે મન સાચવી રાખવા જેવી ચીજ અંગત સંબંધો છે. પણ આજના યુગમાં જે વંટોળ જામી પડ્યો છે, તેમાં આપણે અંગત સંબંધોમાંયે વિશ્વાસ મૂકી શકીએ ખરા? મારો આ પ્રશ્નનો જવાબ 'હા' છે. ધ્યાનમાં રાખવાનું એટલું જ છે કે, આ કાંઈ ધંધાદારી

સોદો નથી. આ તો હૃદયના ઊંડાણમાંથી ઊગી આવતી બાબત છે. આ વિષે બંને પક્ષોને સ્પર્શતા કરાર નથી હોતા. આમાં તો આંતરિક ઉમળકો એ જ મોટામાં મોટો કરાર છે." [પૃ૦ ૨૧] — इ. एम. फॉर्स्टर

"સત્તા કે સંપત્તિ હું માગતો નથી. સહૃદયી મિત્રો મને મળે તો મારી એ સાચી સંપત્તિ છે. આ સંપત્તિ મને પૂરેપૂરી સાંપડી છે." [પૃ૦ ૬૪] — हेरल्ड लास्की

"આમ છતાં માનવી બુદ્ધિની મર્યાદા આપણે સમજવી જોઈએ. આ જગતમાં — એની નાનામાં નાની વસ્તુની પાછળ પણ કેટલી બધી યોજના-શક્તિ ઉપયોગમાં આવી છે, તેનો વિચાર કરતાં આપણે સ્તબ્ધ બની જઈએ છીએ. અને આની પાછળ કોઈ ચૈતન્યશક્તિ, ભીતરમાંથી કામ કરતી હોવા છતાં, એનાથી અતિ વિશાળ હોવાની પણ કંઈક ઝાંખી થાય છે. આ શક્તિને 'પ્રભુ' કહી શકાય; પણ સામાન્ય રીતે બહુજન-સમાજ જેને 'પ્રભુ, પ્રભુ' કહે છે, તે મારે ગળે ઊતરતું નથી.

"એટલે સરવાળે મારો મત કંઈક આ પ્રકારનો કહી શકાય: આ શક્તિ આપણી સાથે સંતાકૂકડીની રમત રમતી હોય એવું લાગે છે. આ જગત એક યોજનાબદ્ધ નવલકથા જેવું જણાય છે. આપણે એનાં પાનાં ફેરવીએ છીએ ખરા, પણ એની વસ્તુરચનાનો પૂરો પાર કદી પામી શકતા નથી. આમ છતાં આપણે આ નવલકથા રસપૂર્વક વાંચી રહ્યા છીએ. જેમ જેમ આપણે આગળ વધીએ છીએ, તેમ તેમ આપણો પંથ આઘો આઘો જતો દેખાય છે. 'વાધું હું ત્યાં વધે વનવાટ' એમાં જરા ફેરબદલી કરી વાંચીએ તો જણાશે કે, આ શોધનો અંત નથી. આમ મારી જીવનદૃષ્ટિ, જ્ઞાન અને સંશોધન વધતાં, સ્થગિત ન રહેતાં પરિવર્તનશીલ બની રહી છે." [પૃ૦ ૩૭] — सर आर्थर कीथ

"આ સામુદાયિક હિત સાધવાની વૃત્તિને ધાર્મિક વૃત્તિ તરીકે ઓળખવામાં આવે છે; અને એ વૃત્તિ તદ્દન 'ઈમ્પર્સનલ' અવૈયક્તિક છે એમ ધારવામાં આવે છે. પણ એમ માનવાની જરૂર મને જણાતી નથી. ધાર્મિક વલણ કે વૃત્તિ અને ઈશ્વરની ભાવના સંકળાયેલાં છે, એમ કેટલાક માને છે. પણ પરિસ્થિતિ તપાસી વિચારતાં જણાય છે કે, ઈશ્વરી તત્ત્વનો ઇન્કાર કરનાર વ્યક્તિઓએ પણ સામુદાયિક હિત કે ઉત્થાનમાં આગળપડતો ભાગ નિષ્ઠાપૂર્વક લીધેલો હોય છે."
[પૃ૦ ૫૩] — जॉन स्ट्रेची

"બેમાં બે ઉમેરીએ તો ચાર થાય, એ વાતનું પ્રમાણ આપવાની સામાન્ય રીતે જરૂર હોતી નથી. આમ છતાં આજકાલ સત્તા ઉપર આવતી સરકારો ઉપરનો સ્વતઃસિદ્ધ સરવાળો સ્વીકારતી નથી; એટલું જ નહિ પણ એવો સરવાળો કરનારને દેહાંતદંડ આપવામાં પાછી પડતી નથી. એટલે સામાન્ય લાગતી વાતો પણ ફરી ફરી ચિત્તમાં ઠસાવવી પડે છે. અમારા જમાનામાં અમને લાગતું કે, યહુદી અને ખ્રિસ્તીઓને એકસરખા સામાજિક તેમ જ રાજકીય હક્કો હોવા જોઈએ; કાયદાની સર્વોપરિતા બધાને માટે સરખી રીતે ન્યાયપૂર્ણ હોવી જોઈએ; અને વિચારસ્વાતંત્ર્ય અણીશુદ્ધ સર્વને માટે હોવું જોઈએ. માત્ર યુદ્ધકાળમાં જ અમુક નિયંત્રણો સ્વીકારી શકાય.

"આ પાયાના નિયમોનો ભંગ આજકાલ (કેટલાક) દેશો કરી રહ્યા છે. સામ્યવાદીઓ સત્તાવાદી (ફેસિસ્ટ) દેશોને વખોડે છે; પણ સ્ટાલિન પોતાના સાથીદારોને દેહાંતદંડ આપે તેમાં એ જરાયે દોષ દેખતા નથી. સત્તાવાદી દેશો માને છે કે, યહૂદીઓનો સંહાર કરવો જોઈએ; તેમના પ્રતિ દયા દાખવી શકાય નહિ. આમ દુનિયા ક્રૂરતામાં પગલાં માંડે છે અને પોતાના પક્ષે આચરેલી ક્રૂરતાઓને પોષણ મળી રહે છે.

"આ પરિસ્થિતિમાં એક દૃષ્ટિબિંદુ એવું છે, કે જે લોક ઉદારભાવી લોકશાહીમાં વિશ્વાસ ધરાવે છે, તેઓ પોતાની જાતનો પરાભવ વહોરી લે છે; કારણ કે, આ જગતમાં જીત તો સત્તાવાદી કે સામ્યવાદીની જ થવાની છે; આ દૃષ્ટિબિંદુને ઈતિહાસ સમર્થન આપતો નથી.

"આખરી જીત ઉગ્રતાવાદીઓની – ધોકાકૂટિયા ઝનૂનીની – ('ફેને-ટિક્સ'ની) થતી નથી; કારણ કે, માનવીને હમેશને માટે તંગ માનસિક વાતાવરણમાં રાખી શકાતો નથી. માનવીનો મોટો ભાગ તંગ હાલતની બરદાસ્ત કરી શકતો નથી. ઈતિહાસ ઉપરથી જણાય છે કે, ૧૭મી સદી સુધી જે ધર્મયુદ્ધ ચાલ્યાં, તેમાંથી મુક્તિ મેળવીને ૧૮મી સદીમાં બહુજન-સમાજે છુટકારાનો દમ ખેંચ્યો અને એ સદી – 'એજ ઑફ રીઝન' – બુદ્ધિના વર્ચસ નીચે આવી. ઈતિહાસના આ પાઠ ઉપરથી હું એવું અનુમાન કરું છું કે, આપણે બે વિશ્વયુદ્ધો જોયા બાદ હવે એવા કાળમાં જઈ રહ્યા છીએ, જયારે અગાઉની માફક ફરી પાછું બુદ્ધિનું વર્ચસ સ્વીકારાશે અને માનવી એકબીજાની માન્યતાઓની બાબતમાં ઉદારભાવે હકીકતો તપાસી નિર્ણયો લેશે – ઉગ્રમતવાદીની પેઠે પરપીડનપ્રિય નહિ રહે."

[પૃ૦ ૪૪–૪૫] — बर्ट्रान्ड रसेल

"માનવ, વ્યક્તિ કે સમૂહ તરીકે આત્મસંતોષ—આત્મતૃપ્તિ પ્રાપ્ત કરી શકે છે; જોકે દેખીતી રીતે જીવનમાં વ્યર્થતાની ભાવના, ધ્યેયહીનતા, આછકલાપણું, કંટાળો, આળસ, નાસીપાસી વગેરે વૃત્તિઓ ભલે વિહરતી હોય. એટલે જગતમાં કે જીવનમાં કોઈ હેતુ હોય એમ હું માનતો નથી. છતાં મને સમજાયું છે કે, માનવ પોતાને માટે કોઈ હેતુ શોધી શકે છે અને સંતોષી બની શકે છે. માનવ સમુદાય માટે પણ આવી કોઈ શોધ શક્ય છે ખરી. [પૃ૦ ૬૫]......

"એટલે સરવાળે હું વિવિધતામાં માનું છું. બહુવિધ અને સંકુલ જીવનને એકાદ સૂત્રથી સમજાવવા મથવું તે બરોબર નથી. આ બધા (કહેવાતા) મૂળભૂત નિયમોની પાછળ કંઈક આત્મવિશ્વાસ યા શ્રદ્ધાનું બળ જરૂરી છે; અને જેને આત્મવિશ્વાસ કે શ્રદ્ધા કહીએ છીએ તે શું છે?—જીવનમાં વિશ્વાસ મૂકી આગળ વધો. વિવિધ પ્રકારનું સભર અને પ્રગતિ-પોષક જીવનક્ષેત્ર તમારી આગળ પોતાનો વિસ્તૃત પટ દાખવી રહ્યું છે. મારી શ્રદ્ધા આખીયે જીવંત સૃષ્ટિમાં છે. [પૃ૦ ૭૪] —जुलियन हक्स्ले

સર ઑસ્લર બીજા એક ભાષણમાં ઑસ્કર વાઈલ્ડની એક ઉક્તિ ટાંકે છે: 'જીવનમાં બે મોટી કરુણતાઓ છે: એક તો આપણને જોઈતી ચીજવસ્તુ ના મળે તે; અને બીજી આપણને જોઈતી બધીયે ચીજવસ્તુ મળી જવી તે.' આ ઉક્ત ટાંકી પોતાની અનુભવવાણીમાં ઑસ્લર કહે છે: "આ વિચારની કટુતાનું દર્શન મને મારા કેટલાયે સાથીદારોમાં જોવા મળ્યું છે. પોતે આંકેલી સફળતા જીવનમાં સાંપડયા છતાં એ લોકોને નથી તૃપ્તિ કે શાંતિ. ચિંતા અને અશાંતિના ઊભરા એમના જીવનમાં આવ્યા જ કરે છે. અને આ જોતાં મને એક પાદરીના શબ્દો યાદ આવે છે: 'આત્મિક અશાંતિ અને વ્યથા સાથોસાથ આપણા બંને હાથમાં ચીજવસ્તુઓ ઠાંસીને ભરવામાં આવી હોય, તેના કરતાં શાંતિ સંતોષ સાથે થોડી આવશ્યક ચીજો મળી હોય તે વધુ પસંદ કરવા જેવું છે.'" [પૃ૦ ૮૯]

—सर विलियम ऑस्लर

તા. ૩૧-૧૨-'૬૩

એકવીસમી સદીમાં!

[ઑલ્વિન ટોફલરના 'ફ્યૂચર શૉક'નો સંક્ષેપ]

સંપાદક : **ગોપાળદાસ પટેલ** કિં. ૧૦–૦૦

'ચેતો, ચેતો', ઝટ પાછા ફરો

[સંપાદકની ચેતવણી]

પોતાનાં માતાજીએ નિરધારેલા ભારતના વડાપ્રધાન કૉમ્પ્યુટર-ગાંધીએ જ્યારથી 'એકવીસમી સદી' એવા બે શબ્દો ઉચ્ચાર્યા, ત્યારથી નાનું-મોટું સૌ કોઈ બગલમાં કાખલી વગાડતું વગાડતું, 'એકવીસમી સદી', 'એકવીસમી સદી' એવો પોકાર કરતું થઈ ગયું છે. જેઓને 'વીસમી સદી' એટલે જ શું એ નથી સમજાયું, તેઓ 'એકવીસમી સદી નાં વધુમાં વધુ ગીતો ગાતા થઈ ગયા છે.

કારણ, એકવીસમી સદી તો વીસમી સદીમાં આપણે જે કાંઈ કર્યું હશે, તેના ફળ રૂપે કે સજા રૂપે આવવાની છે. તે કંઈ આકાશમાંથી અધ્ધર ટપકવાની નથી. એટલે જગતના વિચારવંત પુરુષો, વીસમી સદીમાં આપણે આચરેલાં કરતૂતોથી કેવી એકવીસમી સદી આપણી રાહ જોઈને બેઠી છે, તેનું દર્શન કરવા લાગ્યા છે, અને તેને આછું દર્શન થતાં વેંત ચોંકી ઊઠી, 'ચેતો, ચેતો', 'ઝટ પાછા ફરો, નહીં તો આગળ ઊંડી વિકરાળ ખાઈ છે', –એવા પોકારો કરવા લાગી ગયા છે. એકવીસમી સદીના કંઈક વિકરાળ સ્વરૂપનું જ દર્શન તેમને થયું હોવાથી, 'એકવીસમી સદી'ને તેઓએ 'ફ્યૂચર શૉક'–અર્થાત્‌ સામો આવી રહેલો 'આઘાત' કહીને વર્ણવી છે. ત્યારે આપણે ભારતના લોકો કોઈ અભૂતપૂર્વ બાલિશતા દાખવીને એ એકવીસમી સદીને ભેટવા જાણે સામી દોટ મૂકી રહ્યા છીએ!

પરંતુ વીસમી સદી પૂરી થતાં સુધીમાં દુનિયાના લોકોએ શું હાંસલ કર્યું છે તે તપાસીએ તો જણાય છે કે, માત્ર બંદૂક અને તોપગોળાનાં શસ્ત્રોથી દુનિયાના ખૂણે ખૂણે ગોરાઓ ફરી વળ્યા છે; પ્રાચીન પ્રજાઓનો અને ધર્મસંસ્કૃતિઓનો નાશ કરી, તેઓએ પોતાની ભોગૈશ્વર્ય-મૂલક ભૌતિક

સંસ્કૃતિ – ગીતાની પરિભાષામાં કહીએ તો 'આસુરી સંપદા'ને પરાકાષ્ઠાએ પહોંચાડી છે; વળી ભૌતિક વિજ્ઞાન અને ટેકનોલૉજી વિકસાવતા વિકસાવતા તેઓએ, બબ્બે વિશ્વયુદ્ધો લડીને હવે ત્રીજા અણુયુદ્ધ માટે અને તેય અવકાશમાં દોટ મૂકી છે. આફ્રિકા – એશિયા – અમેરિકા – ઑસ્ટ્રેલિયા ખંડો ઉપર ફરી વળીને તેઓએ કેટલાય મૂળ વતનીઓને નામશેષ કરી નાખ્યા છે, તેમની સંપત્તિ અને જમીનો કબજે કરી છે, અને તેમના સંહારમાંથી બચી ગયેલી પ્રજાઓ ઉપર ગુલામી ઠોકી બેસાડીને તેમનું લોહી અને પરસેવો ચૂસ્યાં છે.

ગોરાઓના એ આસુરી-બળ સામે કોઈથી કોઈ પણ ભૌતિક શસ્ત્ર વડે લડાય એવું જ રહ્યું નહિ, અને ચોમેર સંસ્કૃતિનો – માનવતાનો – ધર્મનો નાશ જ મોં ફાડીને ઊભો રહ્યો, ત્યારે ભારતમાં મૂઠી હાડકાંનો એક માનવી એવો ઊભો થયો, જેણે ભારતની લુપ્ત થવા બેઠેલી પ્રાચીન સંસ્કૃતિમાંથી બળ મેળવી, ગોરાઓના એ આસુરી ભૌતિક એકચક્રી સામ્રાજ્યને મહદંશે ખતમ કર્યું – આફ્રિકા-એશિયાના સેંકડો દેશો ગોરાઓની ગુલામીમાંથી મુક્ત થયા.

પણ એ મૂઠી હાડકાંના ગાંધીનું બળ શામાં હતું? ગોરાઓ સામે ભૌતિક બળ તો ગુલામીથી સર્વાંગીણ રીતે પાયમાલ થયેલા લોકોમાં ઊભું કરી શકાય તેમ હતું જ નહિ. અને ગોરાઓએ ભૌતિક બળની તો એવી પરાકાષ્ઠા હાંસલ કરી હતી કે, તે બાબતમાં તેમનાથી આગળ વધવું એ તો કોઈને માટે અશક્ય હતું.

ગાંધીજીએ ગોરાઓના એ ભૌતિક બળ સામે સ્વદેશી, સ્વાશ્રય, ત્યાગ, જાતમહેનત વગેરેની આધ્યાત્મિક ભાવનાઓ જાગ્રત કરીને પ્રજામાં ફરીથી ધર્મ-બળ – કર્મબળ પ્રગટાવ્યું અને સીધા-સાદા રેંટિયા વડે ગોરાઓનાં યંત્રોને અને શસ્ત્રબળને મા'ત કરી દીધાં. કારણ કે, એ સીધો સાદો રેંટિયો તો ગોરાઓની આસુરી – ભૌક્તિક યાંત્રિક સંસ્કૃતિથી વિપરીત એવી 'દૈવી' ભાવનાઓ અને સંસ્કૃતિનું પ્રતીક હતો – જાત-મહેનત, સંયમ, ત્યાગ, સ્વાશ્રય, તપ, સ્વદેશી વગેરે આધ્યાત્મિક ભાવનાઓનું!

ગાંધીજીની હત્યા બાદ તેમણે જ નિયત કરેલા 'વારસદાર' પંડિત જવાહરલાલ નેહરુ રાજસત્તાના સિંહાસને આવ્યા. પણ તે કોઈ અર્થમાં ગાંધીજીની ભાવનાઓ – સ્વપ્નો કે આદર્શોના વારસદાર ન હતા. વારસદાર તે એક જ બાબતમાં હતા – ગાંધીજીએ આત્મશુદ્ધિને માર્ગે વાળેલી અને સ્વદેશપ્રેમથી ધમધમતી ભારતની પ્રજા તેમને વારસામાં મળી હતી!

જવાહરલાલ જુદી જ માટીના બનેલા માણસ હોઈ, તે અંગ્રેજી, દારૂ, સ્ત્રી-પુરુષ સંબંધમાં નિરંકુશતા, તથા ગોરાઓની યંત્રોદ્યોગમૂલક ભોગૈશ્વર્ય-સંસ્કૃતિના આશક હતા. અને તેમણે તરત જ ગાંધીજીએ "દૈવી" સંસ્કૃતિ તરફ આગળ ધપાવેલા પ્રગતિના કાંટાને થંભાવી દઈ, પાશ્ચાત્ય ભોગૈશ્વર્ય-સંસ્કૃતિ અને વિજ્ઞાન-ટેકનોલૉજીની તદ્દન ઊલટી દિશા તરફ ફેરવી નાખ્યો.

પછી તો તેમની પુત્રી ઈન્દિરા ગાંધીનો જમાનો આવતાં વેંત જવાહરલાલના વખતમાં ગળચવાં ખાતાં ખાતાં ટકી રહેલા લોકશાહીના આભાસને પણ ઉલટાવી દેવામાં આવ્યો; અને 'અર્ધ-માશલ લૉ' કે સર્વ-સત્તાધીશપણા તરફ જ વિપરીત પ્રયાણ આદરવામાં આવ્યું. ગાંધીજીએ ઊભી કરેલી અન્યાય – અત્યાચાર સામે લડત આપવાની ભાવના તો પ્રજામાંથી જવાહરલાલના વખતથી જ નાશ પામવા માંડી હતી; અને ભોગવિલાસ, સ્વાર્થપરાયણતા અને 'ઉપરથી નીચે સુધીના' ભ્રષ્ટાચારના કીચડમાં આખી પ્રજા સબડવા લાગી હતી. એટલે ઈન્દિરા ગાંધીને સત્તા એકહથ્થુ કરી લેવામાં કશી અડચણ જ ન નડી; અને પોતાની પછી પોતાનો પુત્ર જ ગાદીએ આવે – અરે પોતાનો વંશ દિલ્હીની ગાદી ઉપર કાયમ રહે, એની પેરવી પણ થઈ શકી.

ઈન્દિરા ગાંધી પછી ગાદીએ આવેલા રાજીવ ગાંધીએ તો પોતાના દાદાએ આરંભેલી વાત આગળ વધારવાની જાણે હોડ જ બકી છે : તે તો 'એકવીસમી સદી'માં પહોંચી જતા પહેલાં જ યંત્ર-વિજ્ઞાન ટેકનોલૉજીની બાબતમાં ભારતને યુરોપ-અમેરિકાના વિકસિત દેશોની હરોળમાં લાવી દેવા માગે છે,

પરંતુ અત્યારે યુરોપ-અમેરિકાના જ વિચારવંત લોકો વીસમી સદીમાં આગળ વધતા વધતા એકવીસમી સદીમાં પહોંચતાં સુધીમાં બધાની શી વલે થશે, એની કલ્પના કરી, ધ્રૂજવા લાગી ગયા છે. તેમણે કહેવા માંડયું છે કે, વેળાસર ચેતીને દુનિયાના લોકો એ જ માર્ગે આગળ વધવાને બદલે ગાંધીજીએ બતાવેલા – પ્રાચીન મહાપુરુષો કે તત્ત્વચિંતકોએ ચીંધેલા માર્ગ તરફ પાછા નહીં વળે, તો બધી બાબતોમાં સૌને ભયંકર હતાશાના અને અશાંતિ – અજંપાના દહાડા જોવા મળવાના છે.

આધુનિક, પાશ્ચાત્ય વિજ્ઞાન-ટેકનોલૉજી વડે સરજેલી ક્રાંતિનાં માનવનાં દષ્ટિએ સામાજિક અને માનસિક જે પરિણામો આવવાનાં છે, તેનો યથાતથ ચિતાર રજૂ કરનાર ઑલ્વિન ટોફ્લર જેવો કોઈ બીજો ચિત્રકાર નહિ મળે! 'ફ્યૂચર શૉક' નામે તેણે લખેલા પુસ્તકનું વસ્તુ પ્રથમ તો તેણે બે-ત્રણ

સામયિકોમાં છૂટક છૂટક લેખોરૂપે પ્રસિદ્ધ કરેલું; પરંતુ જુલાઈ, ૧૯૭૦માં સમગ્ર પુસ્તક તરીકે તેને પ્રસિદ્ધ કરવામાં આવ્યું કે તરત જ એપ્રિલ ૧૯૭૧ સુધીમાં તેનું ૧૪ વખત પુનર્મુદ્રણ કરવું પડયું. વળી ૧૯૭૦ના વર્ષમાં જ તે પુસ્તકની જુદી જુદી બીજી બે આવૃત્તિઓ પ્રસિદ્ધ થઈ. ૧૯૭૧ના ઑગસ્ટમાં તેની પેપર-બૅક આવૃત્તિ પ્રસિદ્ધ થઈ ત્યારે તેનું ૧૯૭૭ના ફેબ્રુઆરી સુધીમાં સાત વખત પુનર્મુદ્રણ કરવું પડયું. એ બધા ઈતિહાસમાં આપણે પડવાની જરૂર નથી. આપણે તો અત્યારની ટેકનોલૉજીકલ ક્રાંતિ વડે ઔદ્યોગિક ઉત્પાદન, સમાજ અને તેના વર્ગો, સંસ્થાઓ, સંગઠનો, અરે મિત્રાતા તેમ જ કૌટુંબિક સંબંધો બાબતમાં શું તૂટી રહ્યું છે અને શું નિપજી રહ્યું છે, તેના તેણે કરેલા વર્ણન સાથે જ લેવા-દેવા છે. કારણ કે, આધુનિક ભારતની નેતાગીરી ભારતને એ ટેકનોલૉજીના ઘમસાણમાં – વમળમાં – સીધુ ઉતારી દેવા માગે છે.

જોકે, ટોફ્લરે તો એકવીસમી સદીમાં શું નવું ઊભું કરવાનું છે કે જોવા મળવાનું છે તેની પણ કલ્પના રજૂ કરવા પ્રયત્ન કર્યો છે; પરંતુ ૨૦મી સદીનો જે ભંગાર તેણે વર્ણવ્યો છે, તેમાંથી આપોઆપ એ નવું ફૂલ ખીલશે કે નહિ, એ તો સૌ કોઈને માટે માનવા-ન-માનવાની બાબત છે. નક્કર – નિશ્ચિત – કહી શકાય એવું તો એટલું જ છે કે, આધુનિક ટેકનોલૉજીકલ ક્રાંતિ અત્યાર સુધી માનવે હાંસલ કરેલું બધું નામશેષ કરવા બેઠી છે. તેથી જુદું એવું કંઈક આધુનિક ક્રાંતિમાં જ આગળ વધ્યે મળવાનું છે કે, કોઈ બીજા ગાંધીની દોરવણી હેઠળ ઊલટા જ માર્ગે પાછા વળીને મેળવવાનું છે, – અને ત્રીજો વિકલ્પ સર્વતોમુખી વિનાશનો પણ છે જ – તે તો ટોફ્લર નહિ પણ તેનો અને આપણા સૌનો ભગવાન જાણતો હોય તો જાણે!

ગોપાળદાસ પટેલ

ગોપાળદાસ જીવાભાઈ પટેલ

ગો. – **ગોપાળદાસ જીવાભાઈ પટેલ** – આ નામ ગાંધીયુગના પ્રત્યેક ગુજરાતી વાચકના હૃદયમાં કોતરાઈ ગયું છે. વિશ્વ-સાહિત્ય, ગાંધી-સાહિત્ય, ધર્મ-સાહિત્ય અને ગુજરાતની નીડર પત્રકારત્વમાં તેમનું નામ મોટા ગજાનું હતું. સાચી વાત રજૂ કરવામાં તેમણે કદી પાછી પાની કરી નથી. તેઓ ગાંધીજીના સાચા સિપાઈ હતા. બધી લડતોમાં સક્રિય ભાગ લઈને અનેક વખત જેલમાં પણ ગયા હતા.

તેમનો જન્મ ખેડા જિલ્લાના કરમસદ ગામમાં ઈ.સ. ૧૯૦૫ની ૨૮મી એપ્રિલે થયો હતો. તેઓ સરદાર પટેલના નજીકના કુટુંબી હતા.

ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક થયા બાદ તેઓ શ્રી. મગનભાઈ પ્રભુભાઈ દેસાઈની સાથે મુખ્યત્વે ગૂજરાત વિદ્યાપીઠના કાર્યમાં સમર્પણ ભાવનાથી જોડાઈ ગયા. વિદ્યાપીઠ દ્વારા હિંદુ, જૈન, બૌદ્ધ ધર્મના ગ્રંથોનાં ગૂઢ રહસ્યો સરળ અને રોચક શૈલીમાં રજૂ કર્યાં છે. તથા '**વાચક**'ના નામે પણ તેજાબી ચાબખા સાહિત્ય-જગતમાં તેમણે લગાવ્યા છે.

૧૯૬૦ના અરસામાં વિકાસને બહાને શ્રી. મોરારજી દેસાઈએ, શ્રી. મગનભાઈ દેસાઈનું રાજીનામું માગી લઈને વિદ્યાપીઠને રાજકારણનો અખાડો બનાવવાની શરૂઆત કરી તેની સાથે ગોપાળદાસે વિદ્યાપીઠના ટ્રસ્ટી અને ખજાનચી તરીકે રાજીનામું ધરી દીધું. આખરી દમ સુધી જ્યારે અને જ્યાં જરૂર લાગી (પંડિત જવાહરલાલ નહેરુ અને મોરારજી દેસાઈ) ત્યાં ભલા-ભૂપની પણ પરવા કર્યા વિના '**સત્યાગ્રહ**' અને '**ટંકારવ**' જેવાં પત્રો દ્વારા અંગુલીનિર્દેશ કરવાનાં પોતાનાં કર્તવ્યોમાંથી બિલકુલ ચલિત થયા નથી. સગી મા કરતાં પણ માતૃ-સંસ્થા વિદ્યાપીઠ માટે તેમને ભારે લગાવ, પ્રેમ અને આદર હતાં. એટલો જ પ્રેમ ભારત-માતા માટે પણ તેમને હતો. તેઓ સાચા માતૃ-ભક્ત અને તેજીલા દેશભક્ત હતા.

છેલ્લાં પચ્ચીસ વર્ષથી તેઓ તદ્દન પથારીવશ હોવા છતાં ગુજરાતમાં વિશ્વ-સાહિત્યનો ધોધ વહેવડાવી ભાવિ પ્રજા માટે અદ્ભુત અને યશસ્વી કામગીરી બજાવી ગયા છે.

'ગાંધીજી'ના સત્સંગે તેમનો મુખ્ય રસ બાપુની રચનાત્મક પ્રવૃત્તિઓ, શિક્ષણ, ગ્રંથાલય, પત્રકારિત્વ, કોશની પ્રવૃત્તિ, સાહિત્યની પ્રવૃત્તિ – ખાસ

કરીને ધર્મ-સાહિત્ય અને વિશ્વ-સાહિત્યનાં પુસ્તકોના મુદ્રણ-પ્રકાશનનો રહ્યો હતો. તેમનાં ભાગવત, યોગવસિષ્ટ, 'લે-મિઝેરાબ્લ', અને 'થ્રી મસ્કેટિયર્સ' અને વિશ્વ-સાહિત્યનાં બીજાં પુસ્તકોની યુવાન પેઢીમાં આજે પણ જબરી માગ છે.

તા. ૨–૭–'૯૬ના રોજ તેમનું અવસાન થયું છે. તેમના જેવા 'મરદ-માણસો' જમાનાઓ સુધી કાયમ – અમર રહેતા હોય છે. ગાંધીજીની વાતો આપણા રાષ્ટ્ર સમક્ષ નીડરતાથી રજૂ કરનાર તેમનો તેજસ્વી અને તેજાબી કલમ-નાદ હવે બંધ થયો છે.

શ્રી. મોરારજી દેસાઈએ ગાંધીજીની વિદ્યાપીઠને નિષ્પ્રાણ, દીન-હીન અને રાજકીય અખાડો બનાવી દીધી તેનું તેમને મન ભારે દુઃખ હતું તથા નહેરુ-વંશીઓના દેશના કારભાર વિષે તેમનો પુણ્ય-પ્રકોપ બહુ ઉગ્ર અને જાણીતો હતો.

તેમનાં ધર્મ-પરાયણ પત્ની કમળાબહેન તેમના પહેલાં ચાલ્યાં ગયાં છે. તેમને એક દીકરો છે, વિહારીદાસ – ડૉ. વી. જી. પટેલ.

૧

ક્રાંતિ કે ઉત્ક્રાંતિ? રૂ. ૫–૦૦

યાને

નાઈન્ટી થ્રી

૨

'હંચબેક ઑફ નોત્રદામ' રૂ. ૧૦–૦૦

યાને

ધર્માધ્યક્ષ

૩

'ટોઈલર્સ ઑફ ધ સી' રૂ. ૧૨–૦૦

યાને

પ્રેમ-બલિદાન

વિક્ટર હ્યૂગો
સંપાદક : ગોપાળદાસ પટેલ

'નાઈન્ટી થ્રી' એ વિકટર હ્યૂગોની એક જોરદાર નવલકથા છે. ફ્રેન્ચ ક્રાંતિએ ઘણી જૂની સડેલી વસ્તુઓ મિટાવી દીધી; પણ વેર ઈર્ષ્યામાંથી પ્રગટેલા તેના જુવાળમાં સામાન્ય માનવતાના કેટલાક સામાજિક સદ્અંશોનો પણ ધ્વંસ થશે કે શું, એવો ભય સમકાલીનોને તેમ જ પછીના વિચારકોને લાગ્યો હતો. વિકટર હ્યૂગોએ 'ક્રાંતિ બસ નથી, તેનું લક્ષ ઉત્ક્રાંતિ હોવું જોઈએ' – એ મુદ્દા ઉપર જ આ રોમાંચક નવલકથા લખી છે.

તા. ૩૧-૧૦-'૬૩ મણિભાઈ વાઘજીભાઈ પટેલ

'હંચબેક ઑફ નોત્રદામ'

"વિકટર હ્યૂગોની નવલકથાઓ જમાનાઓ સુધી ચોમેર રોશની ફેલાવવા સરજાયેલી છે. …… આજના જમાનામાં અમને પોતાને નવી પેઢીનું ચારિત્ર ઘડવાનો રામબાણ ઈલાજ આવા વિચારકોનો કાયમી સત્સંગ જ લાગે છે …… આવી મહાન અને જુસ્સાદાર નવલકથા વાંચીને પૂરી કરીએ, ત્યારે માણસ તરીકે જન્મવા બદલ આપણી જાતને અભિનંદન આપવાનું મન થઈ જાય છે, – આવી સારી નવલકથા વાંચવા મળી એટલા ખાતર નહીં, પણ પોતાના દેશના ઐતિહાસિક જમાનાને આટલો સારી રીતે રજૂ કરી શકનાર એક મહાન સાહિત્યકારના જાતભાઈ હોવા બદલ."

પ્રકાશકના નિવેદનમાંથી] – કુસુમબહેન પુ૦ છો૦ પટેલ

૩૧-૧૨-'૭૪

રોમાંચ-રસનો પુરસ્કર્તા

"વિકટર હ્યૂગોની આ નવલકથા 'હંચબેક ઑફ નોત્રદામ' અપૂર્ણ માનવજીવનની કથા છે. અલબત્ત, અપૂર્ણતાને પણ પૂર્ણપણે રજૂ કરીને લેખક પૂર્ણતાનો જ પુરસ્કાર કરવા માગે છે; અને તેથી કરીને જ, કદાચ, પોતાના હેતુમાં તે વધુ સફળ નીવડે છે ……

જે મહાન ભાવનાઓ, જે મહાન સત્યો આપણે આપણા જીવનમાં કદી અવગત ન કરી શકીએ, તે, મહાન લેખકો, તેમની અદ્ભુત કલમને બળે આપણને અવગત કરાવે છે. અને તેટલા પ્રમાણમાં આપણે ઉત્ક્રાંત થઈએ છીએ.

વિકટર હ્યૂગો સાહિત્યમાં રોમાંચ-રસનો પુરસ્કર્તા છે. અને તેની નવલકથાઓ રોમાંચ-રસથી છલકાતી હોય છે. અલબત્ત, જેમ સૃષ્ટિનું

રોમાંચકારી દર્શન કરવા એવરેસ્ટ જેવા ઊંચા શિખરે ચડવું જરૂરી છે, તેમ જ હ્યૂગોની વાર્તાઓનો અદ્‌ભુત રોમાંચ રસ અનુભવવા માટે વાચકે નવલ-કથાકારની સાથે અમુક ચડાણ ચડવું જ પડે છે. વિના પરિશ્રમ મળતો રસ કે આનંદ જમીન ઉપર આળોટવાનો જ હોઈ શકે..."

–પ્રાસ્તાવિક બે બોલમાંથી] –ગોપાળદાસ પટેલ

તા. ૧૫-૧૨-'૭૪

'ટોઇલિર્સ ઑફ ધ સી'

"કોઈ મહાન લેખકનાં પુસ્તકો જેમ જેમ વાંચતા જઈએ છીએ, તેમ તેમ દરેક નવું પુસ્તક આગળ વાંચેલા પુસ્તક કરતાં વધુ સારું લાગે છે. એવું જ વિકટર હ્યૂગોનાં પુસ્તકોની બાબતમાં પણ બને છે...

"આપણા ક્ષત્રિય-રાજપૂત ઇતિહાસમાં પ્રેમ-શૌર્યની અનોખી વાર્તાઓ સંઘરાયેલી પડી છે. પરંતુ હ્યૂગોએ આલેખેલા પ્રેમ-શૌર્યની આવી સુંદર વાર્તાની કલ્પના તો આપણે આ વાર્તા વાંચીએ ત્યારે જ આવી શકે છે."

–પ્રકાશકના નિવેદનમાંથી] –કમુબહેન પુ૦ છો૦ પટેલ

તા. ૧૬-૨-'૭૫

પ્રેમ-શૌર્યની ચરમ કોટી

"માણસની બદમાશીની પરમ કોટીનું અને માણસની વીરતાની પરમ કોટીનું આ નવલકથામાં જેવું દર્શન કરાવવામાં આવ્યું છે, તેવું ઝટ આજે પ્રાપ્ત થવું મુશ્કેલ છે.

"જગતના તંત્રમાં માણસની બદમાશીને સફળ નીવડવાનો કેટલો અવકાશ છે, તે પ્રશ્નનું લગભગ આધ્યાત્મિક કહી શકાય તેવું નિરૂપણ, નવી જાસૂસી-કથાઓનો રસ ઊભો થાય તેવી રીતે, આ નવલકથામાં છે; પરંતુ તેથી વધુ તો માનવ-હૃદયના પ્રેમ-શૌર્યને સફળ નીવડવાનો કયો અને કેટલો અવકાશ છે, તેનું નિરૂપણ તેમાં છે. પ્રેમ-શૌર્યની ચરમ કોટી એટલે આત્મ-બલિદાન. અને એ જ એની પરમ સફળતા છે, એ દર્શન જીવન-તત્ત્વને સ્પર્શી શકનારા આવા વિરલ કલાકારો જ કરી શકે કે કરાવી શકે. એ દર્શન આવા રસભરી રીતે કરાવવા બદલ આધુનિક યુગ વિકટર હ્યૂગોનો ચિરકાળ ઋણી રહેશે."

–સંપાદકના બે બોલમાંથી] –ગોપાળદાસ પટેલ

તા. ૧-૨-'૭૫

વિકટર હ્યૂગો

[૧૮૦૨ - ૧૮૮૫]

વિશ્વ-સાહિત્યમાં ફ્રાંસનું નામ રોશન કરનાર હ્યૂગોનો જન્મ ઓગણીસમી સદીના પ્રારંભે ઈ.સ. ૧૮૦૨માં થયો હતો. તે વખતે નેપોલિયન બોનાપાર્ટની સરદારી નીચે, ફ્રાંસનો વિજયડંકો, યુરોપ અને આફ્રિકામાં વાગતો હતો.

તેના પિતા, ફ્રાંસની તે વખતની અજેય ગણાતી સેનામાં મોટા અફસર હતા. નેપોલિયનના પતન સાથે પિતા અટકાયતમાં ગયા. અને ૧૮૨૧માં માતાનું મૃત્યુ થયું. આથી હ્યૂગો એકદમ નિર્ધન સ્થિતિમાં મુકાઈ ગયો. આ સમયે મહિનાઓ સુધી ખંત અને આત્મશ્રદ્ધાથી તેણે લેખન-પ્રવૃત્તિ કરી.

૧૮૨૭ના અરસામાં સાહિત્યક્ષેત્રે ક્રાંતિકારી વિચારો ધરાવનાર સાહિત્યકારોની કલબ સ્થપાઈ તેનો હ્યૂગો નેતા બન્યો. તેણે ઘોષણા કરી કે, કલાને જરીપુરાણી પ્રણાલિકામાં સ્થગિત અને જડ ન થઈ જવા દેતાં, તેને વિકાસલક્ષી અને ગતિવંત રાખવી જોઈએ. કળાનું લક્ષ સૌંદર્ય નહિ પણ જીવન હોય.

વિકટર હ્યૂગો 'લે-મિઝેરાબ્લ' પુસ્તકના પોતાના ટૂંકા નિવેદનમાં (ઈ.સ. ૧૮૬૨) જણાવે છે :

"જ્યાં લગી કાયદો અને રૂઢિને કારણે એવી સામાજિક સ્થિતિ પ્રવર્તતી રહેશે કે જેને કારણે સંસ્કૃતિની સાથોસાથ જગત ઉપર કૃત્રિમ રીતે નરકો ઊભાં થતાં રહે, તથા દૈવી કહી શકાય તેવું ભાવી માનવતાની જ હત્યા સાથે અટવાઈ જાય; જ્યાં લગી આ યુગની ત્રણ વિકટ સમસ્યાઓ – દારિદ્ર્યને કારણે પુરુષની અધોગતિ, ભૂખમરાને કારણે સ્ત્રીની બરબાદી, તથા ભૌતિક અને આધ્યાત્મિક અંધાર હેઠળ ઊગતાં બાળકોનું ઠીંગરાવું – એમનો ઉકેલ નહિ આવે; જ્યાં લગી અમુક ક્ષેત્રોમાં સામાજિક રૂંધામણ શકય રહેશે : બીજા શબ્દોમાં, તથા વધુ વિશાળ દષ્ટિબિંદુથી જોતાં, અજ્ઞાન અને દારિદ્ર્ય આ પૃથ્વી ઉપર જ્યાં લગી કાયમ હશે, ત્યાં લગી આ જાતનાં પુસ્તકો હરગિજ નિરુપયોગી નહિ બને."

હ્યૂગોએ મુખ્યત્વે કાવ્ય, નાટક અને નવલકથાઓ લખી છે. ફ્રાંસનો તે શ્રેષ્ઠ કવિ છે અને નાટયકાર પણ છે. આજે પણ તે રસપૂર્વક વંચાય છે. તેની લોકપ્રિયતા અપ્રતિમ હતી. તેનું મૃત્યુ ઈ.સ. ૧૮૮૫માં થયું.

'પુસ્તકો – જે મને ગમ્યાં છે'

['BOOKS I HAVE LOVED']

ઓશો રજનીશજી કિં. ૬૦ રૂપિયા
સંપાદક : ગોપાળદાસ પટેલ

ઓશોની જપમાળા

ઓશો રજનીશજીને ગમતાં પુસ્તકોની આ 'જપમાળા'ની મહેક જ એવી જબરી છે કે, તેને કોઈ પ્રસ્તાવનાની જરૂર ખરી?

બીજા સિદ્ધાંતો કે વિચારસરણીઓ તો અમુક એક સમયને જ લાગુ પડતાં હોય છે, હરકોઈ સમયને નહિ પરંતુ જગતના મહાન સાહિત્ય સમ્રાટોનાં પુસ્તકો તો આપણો અમર વારસો છે.

આપણે સૌ ઓશો રજનીશજીના જીવનકાળ દરમ્યાન ભલે તેમને લાયક ન નીવડ્યા; પણ તેમના શાશ્વતકાળ માટેના ઉપદેશોને અનુસરીને તેમના મૃત્યુ બાદ તો તેમને લાયક બનીએ! તેમની આ 'જપમાળા'નો ભરપટ્ટે ઉપયોગ કરીને કૃતકૃત્ય થઈએ.

આ પુસ્તક ગુજરાતી વાચક સમક્ષ રજૂ કરતાં આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ, મન કૂદકો મારીને ઝડપી લે એવી ઓશોની આ કીમતી ભેટ છે. તે માટે તેમને લાખો પ્રણામ.

તા. ૧-૪-૨૦૦૨ પુ૦ છો૦ પટેલ
મંત્રી

ઓશો રજનીશજીની કીમતી ભેટ

"મનુષ્યોના જીવનને ક્ષણવારમાં પલટી નાખે એવા સંતો અને મહાન સાહિત્ય સમ્રાટોનો સંગ તો કોઈ લાયક બડભાગીને જ મળે. પરંતુ મહાન સાહિત્ય સ્વામીઓનાં પુસ્તકો તો સદાકાળ સૌને ઉપલબ્ધ રહેવાનાં જ. ઓશો રજનીશજીએ ઉત્તમ પુસ્તકો સુંદર રીતે ચૂંટીને આપણને કીમતી ભેટ આપી છે. તેનો સૌએ ભરપટ્ટે ઉપયોગ કરવો જોઈએ."

ગોપાળદાસ જીવાભાઈ પટેલ

અન્ય પ્રકાશનો

માતૃભાષાના હિમાયતી મગનભાઈ દેસાઈ ૧૦.૦૦
સંપા૦ બિપિન આઝાદ

સત્યાગ્રહની મીમાંસા [વિક્રમ સંક્ષેપ] ૧૦.૦૦
સંપા૦ રજનીકાન્ત જોશી

મનનિકા સંપા૦ વિજયશંકર ભટ્ટ ૩.૦૦

હિંદની અંગ્રેજ વેપારશાહી [વિક્રમ સંક્ષેપ] ૧૦.૦૦
સંપા૦ વિદુલા જોશી

ડોશીમાના –
ઘરગથ્થુ વૈદાની એક ઝલક ડૉ. પ્રજ્ઞા પટેલ ૧૫.૦૦

વરસાદ કેમ ન વરસ્યો? કમુબહેન પુ૦ છો૦ પટેલ ૧૫.૦૦

વૃક્ષોની નગરીઓ ખડી કરીએ સંપા૦ દિલીપ નાયક ૧૦.૦૦

ચિંતા – ટેન્શન કમુબહેન પુ૦ છો૦ પટેલ ૧૦.૦૦

ધરતીમાતા સંપા૦ ગોપાળદાસ પટેલ ૨૦.૦૦
[આલ્બર્ટ હાવર્ડના 'સૉઇલ ઍન્ડ હેલ્થ'નો સંક્ષેપ]

કુદરતની કિતાબ ૧૦.૦૦

માનવીના આરોગ્ય સામે આફત સંપા૦ ગોપાળદાસ પટેલ ૧૦.૦૦

બ્લીક હાઉસ યાને અદાલતી ન્યાય ડિકન્સ ૧૨.૦૦

ગમાર!! ૫.૦૦
[ટૉલ્સ્ટૉય કૃત પરીકથા 'ઇવાન ધ ફૂલ']

આંધળાઓના દેશમાં સંપા૦ ગોપાળદાસ પટેલ ૧૦.૦૦
[એચ. જી. વેલ્સ કૃત રસિક લઘુકથાનો અનુવાદ.]

મોતીની માયા ૧.૫૦
[નોબેલ-પ્રાઇઝ વિજેતા જોન સ્ટાઇનબેકની લોકકથા 'પર્લ'નો સંક્ષિપ્ત અનુવાદ.]

સંત કબીરની વાણી ૬૦.૦૦

ગુરુ નાનકનાં ભક્તિપદો ૪૦.૦૦

દરિયા ભગતની વાણી ૧૫.૦૦

ગુરુ નાનકની વાણી ૫૦.૦૦

જેનું છેવટ રૂડું, તેનું આખું રૂડું

[જન્મ્યોનું નિશ્ચયે મૃત્યુ]

આજકાલ માનવીથી મરણ શબ્દ સુધ્ધાં સંભળાતો નથી. પરંતુ દરેક મિનિટે મરણ તરફની મજલ અચૂક કપાતી જાય છે. મરણની ટિકિટ કપાવીને એક વાર જીવનની રેલગાડીમાં ચડી બેઠા પછી તમે ગમે તે કરશો તો પણ ગાડી તમને મૃત્યુના અંતિમ સ્ટેશને લઈ જઈને ઉતારશે. આપણે જન્મ્યા તે જ ઘડીથી મરણની ટિકિટ કપાયેલી છે. જીવનમાં બીજું બધું કદાચ અનિશ્ચિત હોય, પણ મરણ નિશ્ચિત છે. છાતી પર સાક્ષાત્ મૃત્યુ નાચતું હોવા છતાં તેને વિસારે પાડવાની કોશિશમાં આપણે સૌ વાજતે-ગાજતે ફોગટ પ્રવૃત્તિઓમાં મંડયા રહીએ છીએ. પણ મૃત્યુ ટળે છે ખરું? કાલે મા મરી ગઈ એટલે મૃત્યુ સામું ડોળા ધુરકાવતું ઊભું જાણો. નિર્ભયપણે મરણનો વિચાર કરી તેનો તોડ કાઢવાની દરેક માણસે હિંમત કેળવવી જોઈએ.

મરણ અંગે શ્રવણ, મનન, ચિંતન અને સ્વાધ્યાયમાંથી પોતે જે કાંઈ પામ્યા, તેનો ટૂંકો સાર શ્રી. ધુરંધરે આ નાનકડી પુસ્તિકામાં આપીને મરણનું સ્મરણ નિરંતર કરવાની કીમતી સામગ્રી પીરસી છે, તે માટે સંકલનકાર અને પ્રકાશકને ધન્યવાદ ઘટે છે. આપણા ધર્મગ્રંથો અને બુદ્ધપુરુષોની આવી સુંદર સામગ્રીનો ઉપયોગ કરીને આપણે સૌ એ છેવટની ઘડી મધુર બનાવીએ એ જ અનંત પ્રાર્થના.

માનવી માત્રની એ છેવટની ઘડી રૂડી રૂપાળી નીવડે તેટલા માટે આખા જીવનની બધી મહેનત હોવી જોઈએ. **જેનું છેવટ રૂડું તેનું આખું રૂડું** એ છેવટના જવાબ પર ધ્યાન આપીને દરેકે જીવનનો દાખલો કરવો જોઈએ. મરણ વખતે જે સંસ્કાર ઉપર તરી આવે એવી ઇચ્છા હોય તેને અનુસરીને જીવનનું વહેણ અને પ્રવાહ વાળો અને મરણનું નિરંતર સ્મરણ રાખો.

'રાતરાણી સાંસ્કૃતિક ટ્રસ્ટે' તાજેતરમાં ધુરંધરનાં ત્રણ નાનકડાં બત્રીસ પાનનાં પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં છે. તેને ગુજરાતી વાચકે સુંદર આવકાર આપ્યો છે. જીવન-ઘડતરની આવી લોકપ્રિય ગ્રંથમાળા શરૂ કરીને રાતરાણી સાંસ્કૃતિક ટ્રસ્ટે જીવો ઉપર મોટો ઉપકાર કર્યો છે.

તા. ૨૨-૧૧-૨૦૦૨ — પુ૦ છો૦ પટેલ

'મોત પર મનનમાંથી]

ચાર્લ્સ ડિકન્સ

ગોવર્ધનરામ
ત્રિપાઠી

અલેકઝાન્ડર ડૂમા

લિયો ટૉલ્સટૉય

વિક્ટર હ્યૂગો

રાતરાણી સાંસ્કૃતિક ટ્રસ્ટ